**ESCROW COLLECTION BANKS:** ICICI Bank Limited and HDFC Bank Limited. | **PUBLIC OFFER ACCOUNT BANK:** Axis Bank Limited.

**REFUND BANKS:** ICICI Bank Limited and HDFC Bank Limited.

**SPONSOR BANK(s):** Axis Bank Limited, HDFC Bank Limited and ICICI Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **LG ELECTRONICS INDIA LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Anuj Goyal
Company Secretary and Compliance Officer

**Place:** New Delhi, Delhi
**Date:** October 7, 2025

**LG ELECTRONICS INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed a RHP dated September 30, 2025 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Axis Capital Limited at www.axiscapital.co.in, Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/global-presence/india/disclaimer, Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com, J.P. Morgan India Private Limited at www.jpmipl.com and BofA Securities India Limited at https://business.bofa.com/bofas-india, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.lg.com/in/. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section ***"Risk Factors"*** beginning on page 38 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision and must rely on their own examination of our Company and the Offer.

This public announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This public announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States solely to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act, and (b) outside the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

CONCEPT

૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 238 ■ વિક્રમ સંવત ૨૦૮૧

આશ્વિન વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 October 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૮ ઓક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



सिडको WE MAKE CITIES | Government of India | Government of Maharashtra | Navi Mumbai International Airport

A New Era Of National Development, A Fulfilment Of Aspirations

Inauguration of

NAVI MUMBAI INTERNATIONAL AIRPORT

A New Greenfield Airport Worth About ₹ 19,650 Cr For Maha-Mumbai





by

Narendra Modi

Prime Minister



- Wednesday, 8th October, 2025 at 15:00 hrs
- Venue: Navi Mumbai International Airport Project Site, Navi Mumbai, Maharashtra

- Catalyst for Growth: NMIA will boost revenue, jobs, real estate and business opportunities across MMR
- Multi-Modal Hub: India's first true multi-modal aviation hub, driving growth in logistics, e-commerce, hospitality and tourism
- Annual passenger handling capacity - 20 Million (Phase I) & 90 Million (Final Phase)
- Annual cargo handling capacity - 0.8 Million Metric Tonnes (Phase I) & 3.25 Million Metric Tonnes (Final Phase)
- Digital and Physical Art exhibiting vivid experience of local & regional cultural heritage of Maharashtra & India
- Inspired by the 'Lotus', the passenger terminal building is an unique fusion of traditional Indian ambience with futuristic elegance & functionality
- Independent dual runways with two parallel taxiways for each runway
- Total Area - 1160 hectares
- India's first truly multi-modal airport, seamlessly connected by expressways, metro, suburban railway and water taxis
- Integration of adaptive and future-ready technologies enabling convenient access to digital services for Retail, Food & Beverage, duty-free shopping, baggage handling and lounge check-ins with ease



Navi Mumbai International Airport - Transforming Maha-Mumbai into a Global Gateway

Devendra Fadnavis, Chief Minister | Eknath Shinde, Deputy Chief Minister | Ajit Pawar, Deputy Chief Minister

DD NEWS Watch the event Live on DD News

(ROC-2982)

## ગાંધીધામની મુખ્ય બજારની કાયાપલટ કરાશે

### નવીનીકરણ માટે પાંચ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ શહેરની મુખ્ય બજારનું ટૂંક સમયમાં નવેસરથી પ્લાનિંગ કરીને તેને વધુ સુસજજીત કરવામાં આવશે. આ અંગે ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાણીએ જણાવ્યું હતું કે, ગાંધીધામમાં સરદાર પટેલ પ્રતિમાથી લઇ, ગાંધી માર્કેટ સુધી એક ઈન્ટરગ્રેટેડ રોડ ડેવલોપમેન્ટનું તબક્કાવાર કામ હાથ ધરવામાં આવશે જેમાં મુખ્યત્વે રોડ બ્યુટીફીકેશન, પગપાળા ચાલવા માટેનો અલાયદો રસ્તો, વાહનો માટેનું વિશાળ પાર્કિંગ, સ્ટ્રીટ લાઈટીંગ, સુવ્યવસ્થિત ગ્રીન સ્પેસ ડેવલોપમેન્ટ વગેરે જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ પ્રકલ્પ દ્વારા અર્બન મોબિલિટી સુદ્રઢ બનશે, ચોખ્ખા પેડેસ્ટ્રીયન કોરીડોરના કારણે મુખ્ય બજારમાં આવતા રાહદારીઓને સુવિધા મળશે.પાર્કિંગ સ્પેસ ડેવલોપ થતા ટ્રાફિકનું આવાગમન સરળ બનશે. હાલમાં આ પ્રકલ્પની પ્રાથમિક ડીઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં, ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને આ નવીનીકરણનું ભગીરથ કાર્ય મનપા દ્વારા શરૂ કરી દેવામાં આવશે.આ પ્રકલ્પ માટે રાજ્ય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પ્રથમ તબક્કે પાંચ કરોડ મંજુર કરવામાં આવ્યા હોવાનું મનીષ ગુરવાણીએ ઉમેર્યું હતું. દરમ્યાન, ગાંધીધામ વેપારી એસોસીએશનના પ્રમુખ રાજુ ચંદનાનીએ જણાવ્યું હતું કે, બજારના વર્ષો જૂનાં પ્રશ્નોને લઈને વેપારીઓ અને મનપા સાથે મેરેથોન બેઠકોનો દોર જારી રહેવા પામ્યો છે.

## અબડાસાના મોટા પીર ટાપુ પાસેથી સીમા સુરક્ષા દળના જવાનોને બિનવારસુ અફઘાની ચરસના બે પડીકાં મળી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સમુદ્ર કાંઠાઓ પર મોટાભાગે વર્ષાઋતુ દરમ્યાન સામેપારથી તણાઈને આવતાં રહેતાં કરોડોની કિંમતના કેફી પદાર્થોના બિનવારસુ પડીકાઓના ઢગલા મળી આવવાનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહ્યો છે. અબડાસા તાલુકાના ગુનાઉ નજીકના દરિયા કિનારેથી અફઘાની ચરસનાં બે બિનવારસુ પડીકાં સરહદી સલામતી દળની ટુકડીને મળી આવ્યાં હતાં. આ અંગે વાયોર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, ઈન્ડો-પાક વચ્ચે વર્તાઈ રહેલા ભારે તણાવ વચ્ચે હાઈ અલર્ટ પર રહેલા કચ્છના સમુદ્રી કાંઠાના વધારી દેવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન ગત મોડી સાંજના અરસામાં બીએસએફના જવાનો ગુનાઉ પાસે આવેલા મોટાપીર ટાપુ સંવેદનશીલ લેન્ડિંગ પોઇન્ટ પાસે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે કેફી પદાર્થના સામેપારથી તણાઈને આવી ચડેલા બે જેટલા ચરસના બિનવારસુ પેકેટ તેઓને મળી આવ્યાં હતાં. દરિયામાં કરંટ વધુ હોઈ, હજુ વધારે માત્રામાં આ પ્રકારના કેફી દ્રવ્યના પડીકાં કચ્છના કાંઠે હોવાની આશંકાને પગલે સર્ચ વધારી દેવામાં આવ્યું હોવાનું તપાસકર્તાએ ઉમેર્યું હતું.

## ભુજના નાગીયારી પાસે નશામાં ધૂત રાજ્ય પરિવહનની બસના ડ્રાઈવરે કાર સાથે અકસ્માત સર્જ્યો:

### મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નશો કરેલી હાલતમાં રાજ્ય પરિવહનની બસના ચાલકોએ સેંકડોના જીવને જોખમમાં મુક્યા હોવાના અગાઉ પણ સેંકડો બનાવો બહાર આવી ચુક્યા છે. ત્યારે ફરી એકવાર નલિયા ડેપો હસ્તકની નલિયા-કૃષ્ણનગર રૂટની એસ.ટી બસના શરાબના નશામાં ધૂત બનેલા ચાલકે ભુજ તાલુકાના નાગીયારી ગામ નજીક એક કાર સાથે અકસ્માત સર્જાયો ત્યારે મુસાફરોના જીવ તાળવે ચોટ્યા હતા. અકસ્માત વખતે પેટ્રોલિંગ કરી રહેલી માનકુવા પોલીસે બસની તપાસ કરતા ચાલક અને તેની બાજુમાં બેઠેલો નલિયા ડેપોનો અન્ય એક ડ્રાઈવર પણ નશાની હાલતમાં ઝડપાતાં એસ.ટી તંત્ર સામે ગંભીર પ્રશ્નાર્થ સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, માનકુવા પોલીસની એક ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે ભુજ તાલુકાના નાગિયારી ગામ નજીક નલિયા ડેપોની એસ.ટી બસ અને એક મારુતિ કાર અકસ્માતગ્રસ્ત હાલતમાં નજરે પડ્યાં હતા. તપાસ કરતા આ બસનો ચાલક એવો નલિયા ડેપોનો પ્રકાશ કમજી અસારી શરાબ પીધેલી હાલતમાં દેખાયો હતો અને તેની બાજુમાં બેઠેલો નલિયા ડેપોનો અન્ય એક ડ્રાઈવર સૂર્યસિંહ ચતરસિંહ સોલંકી પણ નશામાં ધૂત થઇ લથડિયાં ખાતો જોવા મળ્યો હતો. નલિયાથી કૃષ્ણનગર રૂટની આ બસમાં ૬૦ જેટલા મુસાફરો સવાર હતા.

સદ્ભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઇજા પહોંચી ન હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ આ સમગ્ર ઘટના અંગે માનકુવા પોલીસ મથકે નલિયા એસ.ટી ડેપોના આરોપી ચાલક પ્રકાશ કમજી અસારી અને તેની સાથે બેઠેલા સૂર્યસિંહ ચતુરસિંહ સોલંકી વિરુદ્ધ ગુનો નોધાયો હતો.

## ભાવનગરમાં સોની વેપારીએ ગ્રાહકો સાથે રૂ.૨૦.૪૮ લાખની ઠગાઈ આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની ગોળ બજારમાં આવેલ ખોડિયાર જ્વેલર્સનો માલિક ૧૦ જેટલા ગ્રાહકો પાસેથી ઘરેણાં બનાવવા માટે રૂ.૨૦ લાખ ઉપરાંતની રકમ મેળવી પોતાની દુકાન બંધ કરી દઈ ગ્રાહકો સાથે છેતરપિંડી અને વિશ્ર્વાસઘાત કરતા વેપારી વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના તરસમીયા રોડ,શેરી નં ૦૪,માધવ રેસીડેન્સીમાં રહેતા અને ટોટલ ઓઈલ કંપનીમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા પ્રવીણભાઈ મગનભાઈ ગોહિલ શહેરની ગોળબજારમાં આવેલ ભાવેશભાઈ કનૈયાલાલ લુંભાણીની ખોડિયાર જ્વેલર્સ નામની દુકાનમાં પોતાના પરિવાર માટેના ઘરેણાં બનાવડાવતા હતા અને ભાવેશભાઈ સાથે પરિચયમાં હતા.પ્રવીણભાઈના દીકરા મહાદીપના પત્ની ચેતનાબેન ગુજરી ગયા હોવાથી તેમનો જુનો સોનાનો હાર નવો બનાવવાનો હોવાથી પ્રવીણભાઈ અને તેનો પુત્ર મહાદીપ ગત તા.૨૫ જૂનના રોજ ખોડિયાર જ્વેલર્સના ગયા હતા અને જૂનો હાર વેચીને નવો હાર બનાવવાની વાત કરી હતી.જુના હારની બજાર કિંમત રૂ.૧,૭૩,૦૦૦/- થતી હોય,પ્રવીણભાઈ એ હાલ નાણાંની જરૂર હોવાથી રૂ.૯૩,૦૦૦/- રોકડા લીધા હતા અને રૂ.૮૦,૦૦૦/- નવો હાર બનાવવા માટે જમા રાખ્યા હતા.

ગત તા.૨૯ સપ્ટેમ્બરના રોજ નવો હાર બનાવવા માટે ભાવેશભાઈની દુકાને ગયા હતા ત્યારે દુકાન બંધ હતી અને તેમનો મોબાઇલ ફોન પણ બંધ આવતો હતો.બે દિવસ બાદ ફરી તપાસ કરતા દુકાન બંધ હતી.આ વેપારી અંગે આજુબાજુમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે,ભાવેશ લુંભાણી ઘણા ગ્રાહકોના ઘરેણા પોતાની પાસે રાખીને પૈસા લઈને ફરાર થઈ ગયો છે.પ્રવીણભાઈ ગોહિલે તપાસ કરતા વેપારી અન્ય ૦૯ જેટલા ગ્રાહકોના રૂપિયા મેળવી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળતા તેમણે ખોડિયાર જ્વેલર્સના માલિક વિરુદ્ધ ગ્રાહકો સાથે રૂ. ૨૦,૪૮,૮૦૦/- ની છેતરપિંડી અને વિશ્ર્વાસઘાત કર્યાની ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## બે વર્ષથી બંધ કરી દેવાયેલી ભુજ-પાલનપુર ટ્રેન વધુ એક વખત ‘ટેક્નિકલ’ કારણોસર રદ: મુસાફરોમાં નારાજગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ રેલવે દ્વારા છેલ્લા બે વર્ષથી બંધ કરી દેવામાં આવેલી ભુજ-પાલનપુર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનને ટેક્નિકલ કારણોને આગળ ધરીને લાંબા ગાળા સુધી બંને દિશામાં રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવેના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ટેકનિકલ કારણોસર ભુજ-પાલનપુર-ભુજ ઈન્ટરસિટી એક્સપ્રેસને હંગામી ધોરણે આગામી એપ્રિલ-૨૦૨૬ સુધી રદ કરી દેવામાં આવી છે,જયારે ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ ટ્રેનને યથાવત રાખવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ભુજ-પાલનપુર ટ્રેનને ગત ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૮થી દોડતી હતી અને રેલવે દ્વારા પાલનપુરથી રાજધાની અને આશ્રમ એક્સપ્રેસ સહિતની ટ્રેનોની કનેક્ટિવિટી મળે તે રીતે સમયપત્રક ગોઠવવામાં આવ્યું હતું અને એસી ચેરકાર તેમજ રિઝર્વેશન કોચ પણ રાખવામા જોડવામાં આવ્યા હતા, પરંતુ વર્ષ ૨૦૨૩થી ટેકનિકલ કારણોસરના આ ટ્રેનને રદ કરવામાં આવી રહી છે. કચ્છમાં પાલનપુર અને બનાસકાંઠા ખાતે વસવાટ કરતા લોકોની અને ખાસ કરીને શ્રમિક વર્ગની વસ્તી વ્યાપક છે. વાગડ વિસ્તારમાં રહેતા આ વિસ્તારના શ્રમિક વર્ગ માટે આ ટ્રેન ઉપયોગી હતી, પરંતુ એક ટ્રેન લાંબા સમયથી બંધ હોવાના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને નાછૂટકે બસ અને ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી રહી છે. આ ટ્રેન રદ કરવાના બદલે સમયપત્રકમાં સુધારા કરીને ફરી શરૂ કરવામાં આવે તેવી મુસાફરો માંગણી કરી રહ્યા છે.

## ભાવનગરના મહુવાના બે વેપારી રોકાણના નામે ખેડૂતના રૂ.૬૪ લાખ ઓળવી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવામાં રહેતા અને શિવશક્તિ એન્ટરપ્રાઇઝ નામથી કમિશન એજન્ટનો ધંધો કરતા બે વેપારીએ બગસરાના મુંજિયાસર ગામના ખેડૂતને નફાની લાલચ આપી ખેડૂતે રોકેલી રકમ પરત નહીં આપી વિશ્ર્વાસઘાત કરતા ખેડૂતે બંને વેપારી વિરુદ્ધ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર બગસરા તાલુકાના મુંજિયાસર ગામમાં રહેતા અને ખેડીવાડી કરતા ઘનશ્યામભાઈ મધુભાઈ વઘાસિયા અલગ અલગ માર્કેટિંગ યાર્ડમાં પોતાની ખેતીની ઉપજનું વેચાણ કરતા હોવાથી મહુવામાં આવેલ શિવશક્તિ એન્ટરપ્રાઇઝ નામથી કમિશન એજન્ટ તરીકે ધંધો કરતા મહુવાના તુષારભાઇ જગદીશભાઈ જોશી અને અલ્પેશભાઈ શશીકાંતભાઈ જોશી સાથે પરિચયમાં આવ્યા હતા. આ બંને વેપારીઓએ ઘનશ્યામભાઈને અલગ અલગ તારીખે આદુ,ગાજર અને ડુંગળીમાં રોકાણ કરો તો સારા પૈસા મળશે તેવો વિશ્ર્વાસ આપી રોકડ રકમ,બેંક તેમજ આંગડિયા મારફત અલગ અલગ તારીખે રૂ.૭૬,૨૭,૪૨૩/- નું રોકાણ કરાવ્યું હતું અને તેમાંથી રૂ.૧૨,૦૦,૦૦૦/- પરત આપ્યા હતા. ત્યાર બાદ ઘનશ્યામભાઈએ અવર નવાર બાકી રકમ રૂ.૬૪.૨૭ લાખની ઉઘરાણી કરતા બાકીની રકમ નહીં ચૂકવી પ્રોમિસરી નોટ,નોટરીનું લખાણ તેમજ ચેક ફાડી નાંખી પુરાવાનો નાશ કરી વિશ્ર્વાસઘાત કરતા ખેડૂતે બંને વેપારી વિરુદ્ધ મહુવા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## રાજકોટમાં કરદાતાનો ધસારો: છ મહિનામાં ઓનલાઇન ટેક્સથી ₹ ૧૮૬.૩૩ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગર પાલિકા દ્વારા મિલકતવેરાની વસૂલાત માટે ઓનલાઈન પેમેન્ટની સુવિધા શરૂ કરવામાં આવ્યા બાદ કરદાતાની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં જ પોણા ત્રણ લાખથી વધારે કરદાતાએ કુલ ૧૮૬.૩૩ કરોડનો વેરો ઓનલાઇન ભર્યો છે. જેના કારણે ચાલુ વર્ષે ઓનલાઇન વેરો ભરવાનો રેકોર્ડ સર્જાઈ શકે છે.

ગુજરાતમાં માત્ર રાજકોટ મહાનગરપાલિકા સર્વિસ ચાર્જના બદલે ઉલટું વળતર આપે છે. જેના કારણે ઓનલાઈન વેરો ભરતા લોકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. એટલું જ નહીં પણ, મહાનગરપાલિકાએ બેંકો સાથે સંકલન કરીને કરદાતાઓને વધારોનો કોઈ ચાર્જ ન લાગે તે માટે પણ આયોજન કર્યું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવા નાણાંકિય વર્ષ દરમિયાન એપ્રિલથી જૂન માસ સુધી એડવાન્સ વેરો ભરનારા કરદાતાઓને વળતર આપવામાં આવે છે. ડિજીટલ ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે ઑનલાઇન વેરો ભરનારાને નિયત વળતર કરતા એક ટકાનું વધારાનું વળતર મળે છે. સળંગ ત્રણ વર્ષ સુધી ઓનલાઈન વેરો ભરનારાને વધુ એક ટકા લેખે વળતર આપીને પુરુષ કરદાતાઓને ૧૨ ટકા તેમજ મહિલા કરદાતાઓને ૧૫થી ૧૬ ટકા વળતર આપવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન મિલકત વેરો ભરનારા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૧,૦૦૦ જેટલા કરદાતાઓ દ્વારા રૂ. ૪૦.૩૮ કરોડની રકમ ભરવામાં આવી હતી. જે વધીને વર્ષ ૨૦૨૩-૨૪ માં ૨.૩૩ લાખ કરદાતાઓ દ્વારા રૂ.૧૬૧.૩૮ કરોડ થઈ હતી. અને ચાલુ નાણાકીય વર્ષ પણ અત્યાર સુધીમાં ૨.૭૦ લાખ કરદાતાઓ દ્વારા રૂ. ૧૮૬.૩૩ કરોડની રકમ ભરપાઈ કરવામાં આવ છે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે ઓનલાઈન પેમેન્ટની સાથે સર્વિસ ચાર્જ કે અન્ય નામે વધારાનો ચાર્જ લેવામાં આવતો હોય છે. પણ, રાજકોટ મનપા આખા રાજયમાં એક જ એવી મહાનગરપાલિકા છે કે જે ઓનલાઈન પેમેન્ટ સાથે સર્વિસ ચાર્જ લેવાને બદલે ઊલટું વળતર આપે છે.

## ઉના નજીક છકડો રિક્ષાના ‘ચોરખાના’માંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉના નજીકથી દારૂની હેરાફેરીના વધુ એક પ્રયાસને પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. જિલ્લા ક્રાઇમ બ્રાન્ચે બાતમીના આધારે અંજાર ગામ તરફ જતા રસ્તા પરથી એક શંકાસ્પદ છકડો રિક્ષાને ઝડપી પાડી હતી. રિક્ષાના ગુપ્ત (ચોર) ખાનામાંથી વિદેશી દારૂની ૧૨૦ બોટલો મળી આવતાં એક શખ્સની અટકાયત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉના શહેરથી લગભગ ૨ કિલોમીટર દૂર આવેલા અંજાર ગામ તરફના રસ્તા પર છકડો રિક્ષામાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી જિલ્લા ક્રાઇમ બ્રાન્ચને મળી હતી. બાતમીના આધારે પોલીસે સવારના સમયે આ વિસ્તારમાં આવેલા ભંગારના ડેલા પાસે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન જીજે. ૧૧. ટીટી. ૧૦૭૪ નંબરની એક શંકાસ્પદ છકડો રિક્ષા ત્યાંથી પસાર થતાં પોલીસે તેને રોકાવી તલાશી લીધી હતી. રિક્ષાની ઝીણવટભરી તલાશી લેતા તેના ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની કુલ ૧૨૦ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી છકડો રિક્ષા સહિત કુલ ₹૪૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે આ મામલે સકીલ હનીફ ચૌહાણની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, જ્યારે ગુનામાં સંડોવાયેલા અન્ય એક શખ્સ મહેબૂદશા ઇકબાલશા શામદાર સામે પણ કાર્યવાહી શરૂ કરી હતી.

## ખંભાળિયાના કંડોરણા ગામના યુવકે ૫૯ શ્રદ્ધાળુઓ સાથે ચારધામ યાત્રાના નામે ₹ ૨.૩૬ લાખની છેતરપિંડી આચરી

અમદાવાદ: દ્વારકાના ખંભાળિયા તાલુકાના કંડોરણા ગામના ૫૯ શ્રદ્ધાળુઓ સાથે ચારધામ યાત્રાના નામે રૂ. ૨.૩૬ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. કંડોરણા ગામના યુવકે પ્રયાગરાજ યાત્રાનો ઉલ્લેખ કરીને ભાઈબીજની યાત્રા કાઢવાની વાત કરી હતી. તેણે ગ્રામ્ય વિસ્તારના લોકોને માત્ર ૪૦૦૦ રૂપિયા ભરીને યાત્રાનો લાભ લેવા જણાવ્યું હતું. સખીમંડળની સહાયમાંથી આવતી હોવાનું કહીને તેણે ધરમપુર ગ્રામ પંચાયત સહિતના વિસ્તારના ૫૯ લોકો પાસેથી રોકડ રકમ મેળવી હતી.

શરૂઆતમાં યાત્રા ૩ ઓક્ટોબરે નીકળવાની હતી, પરંતુ પરિવારમાં મરણ થવાનું બહાનું આપીને તેને ૫ ઓક્ટોબરના રોજ રાત્રે ૧૦ વાગ્યે ખંભાળિયા નજીકના એક પેટ્રોલ પંપ પાસે એકત્ર થવા જણાવ્યું હતું. યાત્રાળુઓને વિદાય આપવા મોટી સંખ્યામાં લોકો ત્યાં એકઠા થયા હતા.

જોકે, નિર્ધારિત સમયે ન તો બસ આવી કે ન તો યાત્રા બુક કરનાર શખ્સ હાજર થયો. પૈસા મેળવનાર આ શખ્સ પોતાનો મોબાઈલ બંધ કરીને ફરાર થઈ ગયો હતો. આ બનાવ બાદ મોડી રાત્રે લોકો પોતાના ઘરે પરત ફર્યા હતા. બીજા દિવસે સવારે ૧૧ વાગ્યે સતવારા સમાજની વાડી (બજાણા રોડ) ખાતે તમામ ભોગ બનનાર લોકો અને તેમના પરિવારજનો એકત્ર થયા હતા. અહીં સતવારા સમાજના અગ્રણીઓ રસિકભાઈ નકુમ અને બાબાભાઈ સરપંચ સહિતના લોકોએ આ મુદ્દે ચર્ચા-વિચારણા કરી હતી.

## પોરબંદરમાં ઉદ્યોગનગર ફાટક બંધ થતા સ્થાનિકોએ રેલવે ટ્રેક પર બેસીને ધૂન બોલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરમાં ઉદ્યોગનગર રેલવે ફાટક બંધ કરી દેવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકો ત્રીજી વખત રસ્તા પર ઉતરી આવ્યા હતો. ફાટક બંધ થવાને કારણે મીરા, પારસનગર અને ઉદ્યોગનગરના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે તેમણે રેલવે ટ્રેક પર બેસીને ધૂન બોલાવી હતી. વારંવારની રજૂઆત બાદ પણ ફાટક ન ખોલાતા આજે ૫૦૦થી વધુ મહિલાઓ સહિતના લોકો ઉદ્યોગનગર ફાટક ખાતે એકત્ર થયા હતા.

મહિલાઓએ રેલવે ટ્રેક પર બેસીને ‘ફાટક ખોલો’ની ધૂન બોલાવી હતી. કેટલાક લોકો રેલવે ટ્રેક પર દોડી જતા રેલવે પોલીસ અને ઉદ્યોગનગર પોલીસે તેમને સમજાવીને ટ્રેક પરથી દૂર કર્યા હતા. સ્થાનિક મહિલાઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, અમે ખોબે ખોબે મત આપ્યા, તેનો અમને આ બદલો આપવામાં આવ્યો છે. આ મુદ્દે સ્થાનિક રાજકીય આગેવાનો, રેલવે વિભાગ અને કલેક્ટરને રજૂઆતો કરવા છતાં ફાટક ખોલવામાં આવ્યું નહોતું. જેના પગલે મંગળવારે ફરી સ્થાનિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## તહેવારોની સિઝન દરમિયાન રાજ્યમાં સેકન્ડ હેન્ડ કારનું વેચાણ ૬૫ ટકા ઘટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકારે નવરાત્રીથી ઘટાડેલા જીએસટીની અસર રાજ્યમાં સેકન્ડ હેન્ડ કાર માર્કેટ પર જોવા મળી હતી. રાજ્યમાં સેકન્ડ હેન્ડ કારનું વેચાણ ૬૫ ટકા ઘટ્યું હતું. જીએસટીમાં થયેલા તીવ્ર ઘટાડાએ આ તહેવારોની સિઝનમાં ગ્રાહકોને પ્રી-ઓન્ડ (સેકન્ડ-હેન્ડ) બજારથી દૂર કર્યા હતા, જેના કારણે નવરાત્રી અને દશેરા દરમિયાન વેચાણમાં ૬૦-૬૫ ટકાનો ઘટાડો જોવા મલ્યો હતો.

સરકારે તાજેતરમાં નવી કાર પરનો જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યો છે, જેનાથી નાની અને મિડ-સેગમેન્ટના વાહનોની કિંમતોમાં ₹૫૦,૦૦૦ થી ₹ ૧.૫૦ લાખ સુધીનો ઘટાડો થયો છે.

ડીલરોએ તહેવારો દરમિયાન ડિસ્કાઉન્ટ પણ આપ્યું હતું. જેના કારણે કિંમતો વધુ ઘટી હતી અને નવી તથા સેકન્ડ હેન્ડ કાર વચ્ચેનો ભાવ તફાવત ઓછો થયો હતો, જેના કારણે ઓછું બજેટ ધરાવતા ગ્રાહકોને પણ બિલકુલ નવી કાર પોસાય તેવી બની છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, અગાઉ, લક્ઝરી કાર સિવાયની નવી કાર પર જીએસટી ૨૮ ટકા હતો, પરંતુ હવે તે ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, જે ખરીદદારોને ૧૦ ટકા કિંમતનો લાભ આપે છે.

આ ઘટાડાથી ગ્રાહકોને સીધો ફાયદો થાય છે અને તહેવારોના ઓફરો સાથે જોડાતા નવી કાર નોંધપાત્ર રીતે વધુ સસ્તું બની જાય છે. આ ઉપરાંત દર વર્ષે નવરાત્રિ અને દશેરા પર સારું વેચાણ થાય છે, પરંતુ આ વખતે જીએસટી દરમાં ઘટાડો અને ઉત્પાદકોની છૂટછાટને કારણે વેચાણમાં ૬૦-૬૫ ટકાનો ઘટાડો થયો છે.

આ ઉપરાંત સૂત્રોએ કહ્યું, કારના ડીલરો નવી કાર પરની છૂટછાટ સાથે તાલમેલ સાધી શકે તેમ નથી. કિંમતનો તફાવત એટલો ઘટી ગયો છે કે મોટાભાગના ખરીદદારો હવે નવી કાર પસંદ કરી રહ્યા છે. આ નવરાત્રિ-દશેરાની સિઝન સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. ડિસેમ્બરમાં પણ મોટું નુકસાન પહોંચશે.

## અમદાવાદમાં વાસણા બેરેજના પાંચ દરવાજા ખોલાયા

### નીચાણવાળા વિસ્તારોને કરાયા અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વરસાદી માહોલ અને આગાહીને પગલે ફરી એક વખત વાસણા બેરેજના દરવાજા ખોલવામાં આવ્યા હતા. નર્મદા કેનાલ અને સંત સરોવરમાંથી પાણીની આવક વધતા વાસણા બેરેજના પાંચ દરવાજા ખોલવાનો નિર્ણય લેવાયો હતો. વરસાદની આગાહીના પગલે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે નીચાણવાળા વિસ્તારોને અલર્ટ કરવામાં આવ્યા હતા. વાસણા બેરેજમાંથી નદીમાં ૧૦ હજાર ક્યુસેક પાણી છોડાયું હતું. વરસાદની આગાહીના પગલે આગોતરું આયોજન કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસાની સિઝન દરમિયાન લગભગ બે વખત સાબરમતી નદીમાં પૂર જેવી સ્થિતિ ઊભી થઈ હતી. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સાબરમતી નદીમાં પાણીની ભરપૂર આવક થતાં વાસણા બેરેજના દરવાજા ખોલાયા હતા. જેના પગલે રિવરફ્રન્ટ વોક વે પર પણ પાણી ફરી વળ્યા હતા. જ્યારે સૌથી વધુ અસર ખેડાના ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી હતી.

## ગુરુ દત્તાત્રેયની પ્રતિમા તોડનાર નહીં પકડાય તો લીલી પરિક્રમાનો બહિષ્કાર કરાશે: સંતોનો રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગિરનાર પર્વત પર આવેલી ટુંક પર ગુરુ દત્તાત્રેયની પ્રતિમાને ખંડિત કરવાના પ્રકરણમાં હજુ સુધી પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નથી ત્યારે પંચ દશનામ અખાડાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને જૂનાગઢ ગિરનાર મંડળના પ્રમુખ ઈન્દ્રભારતી બાપુએ જણાવ્યા મુજબ આ ગુરુ ગોરખનાથની જ ઘટના નથી દેશ વિદેશમાં વસતા સનાતની સંતો માટે આઘાતજનક ઘટના છે. તાત્કાલિક રીતે આરોપીઓને પકડવામાં નહીં આવે તો ‘ગિરનારની લીલી પરિક્રમા’નો સાધુ સમાજ દ્વારા બહિષ્કાર કરાશે અને દત્ત ચોકમાં ઉપવાસ આંદોલન કરશે. આ ઘટનાને પગલે હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા જૂનાગઢ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

સંગઠનોએ આક્ષેપ કર્યો કે આ કૃત્યથી સમગ્ર હિન્દુ સમાજની આસ્થાને ઊંડી ઠેસ પહોંચી છે, તેમ છતાં ઘટનાને ૪૮ કલાકથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં આવા અધર્મીઓની કોઈ ભાળ મળી નથી કે કોઈની ધરપકડ થઈ નથી. સૂત્રોએ જણાવ્યું કે, ગિરનારના પવિત્ર તીર્થ ક્ષેત્રોમાં દર વર્ષે આવી ઘટનાઓ બને છે. ગયા વર્ષે પણ આ જ મહિનામાં આવું બન્યું હતું, જેનાથી હિન્દુ સમાજમાં ગુસ્સો છે. દુ:ખની વાત એ છે કે વારંવાર ગુનેગારોને પકડવામાં આવતા નથી કે સજા થતી નથી.

યુપીમાં પણ ગોરખપુર, ગીર સોમનાથનું મંદિર આવેલુ છે. આ ત્રણેય જગ્યામાં નાથ સંપ્રદાય શ્રદ્ધા ધરાવે છે. તાત્કાલિક આ નરાધમોની ધરપકડ કરી કોના કહેવાથી આ અધમ કૃત્ય કર્યું તેની તપાસ થવી જોઈએ. આ ઘટનાની સીસીટીવી કેમેરાથી તપાસ થઈ રહી છે. ગિરનાર ગોરખનાથ શિખર પર રવિવારની મોડી રાત્રીના (વહેલી સવારે) મૂર્તિની તોડફોડના હીન કૃત્યમાં રાજયના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ કલેક્ટરને ફોન કરી તાકીદે કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

ઉતર પ્રદેશના મુખ્ય પ્રધાન અને નાથ સંપ્રદાયના યોગી આદિત્યનાથ પોતે નાથ સંપ્રદાયના હોવાથી તેમણે સમગ્ર પ્રકરણની જાણકારી મેળવી હતી તેમજ તાકીદે આરોપીઓને પકડી કડક કાર્યવાહી કરવાની તાકીદ કરી છે. કોઈ જ સીસીત્તીવી કેમેરા કે અન્યમાં સગડ મળતા ન હોય જેથી સેવકો સાધુ સંતોમાં રોષ-નારાજગી ઉઠવા પામી છે. આરોપીઓને પકડી કડક કાર્યવાહી કરવાની તાકીદ કરવામાં આવી છે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 238 ■ વિક્રમ સંવત ૨૦૮૧

આશ્વિન વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 October 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૮ ઑક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u











ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,106/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


# નવી મુંબઈ ઍરપોર્ટ, મુંબઈ મેટ્રો થ્રીનું આજે ઉદ્ઘાટન

## રેલવે, મેટ્રો, મોનોરેલ, બસસેવાને જોડતી 'મુંબઈ વન' ઍપ શરૂ કરાશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે નવી મુંબઈ ઍરપોર્ટ, મુંબઈ મેટ્રો થ્રીનું ઉદ્ઘાટન કરશે અને મુંબઈ, થાણે, મીરા-ભાઈંદર, કલ્યાણ-ડોંબિવલી, નવી મુંબઈ રેલવે, મેટ્રો, મોનોરેલ, બસસેવા સહિત ૧૧ જાહેર પરિવહન સેવાને જોડતી 'મુંબઈ વન' ઍપ શરૂ કરાવશે. આ નવી ઍપને કારણે મુંબઈની પરિવહન સેવામાં ધરખમ પરિવર્તન આવશે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (પીપીપી) અંતર્ગત રૂ. ૧૯,૬૫૦ કરોડને ખર્ચે વિકસાવવામાં આવેલું નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ પ્રોજેક્ટ છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનના બીજા આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ તરીકે નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ (એનએમઆઈએ) છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ (સીએસએમઆઈએ) સાથે મળીને ટ્રાફિકની ગીચતા ઘટાડવા એકમેકને અનુરૂપ રહી સંયુક્ત રીતે કામ કરશે. ૧૧૬૦ હેક્ટર વિસ્તારમાં વિકસાવવામાં આવેલું આ ઍરપોર્ટ વિશ્વનું સૌથી સક્ષમ અને કાર્યરત ઍરપોર્ટ હશે તેમ જ વરસે નવ કરોડ પ્રવાસીઓ અને ૩૨૫ લાખ મેટ્રિક ટન કાર્ગોનું વહન કરશે. ઑટોમેટેડ પીપલ મૂવર (એપીએમ), ઈન્ટરટર્મિનલ ટ્રાન્સફર સરળ બનાવવા ચારે પેસેન્જર ટર્મિનલ અને શહેરી માળખાને સુનિયોજિત ટ્રાન્ઝિટ સિસ્ટમ સાથે (જુઓ પાનું ૨) ▶▶

# મોદી મુંબઈમાં યુકેના વડા પ્રધાનને મળશે




**દ્વિપક્ષી સંબંધઃ** મુંબઈમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરની દ્વિપક્ષી મંત્રણા પહેલાં ગ્લૉબલ ફિનટેક ફૅસ્ટ ૨૦૨૫ અગાઉ બીકેસીમાં ભારત-યુકે પાર્ટનરશિપ પર પ્રકાશ પાડતાં બૅનરોની સામે પહેરો ભરી રહેલા પોલીસ અધિકારીઓ. (એજન્સી)

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુંબઈની બે દિવસની મુલાકાત દરમિયાન યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરને મળશે. આ મુલાકાત દરમિયાન મોદી ભારત-યુકેની વ્યાપક ભાગીદારી, ટ્રેડ અને ઈન્વેસ્ટમેન્ટ જેવી ચાવીરૂપ બાબતો સહિતના મામલે સધાયેલી વ્યાપક પ્રગતિની માહિતી મેળવશે.

આજથી શરૂ થતી મુંબઈની બે દિવસની મુલાકાત દરમિયાન મોદી શહેરના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે.

યુકેના વડા પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા બાદ સ્ટાર્મરની ભારતની આ પ્રથમ મુલાકાત છે. ગુરુવારે બંને નેતા વેપારી ગૃહો અને ઉદ્યોગજગતના અગ્રણીઓને મળશે. (એજન્સી) ■

## મોદી શાસનની રજત જયંતીનો પ્રારંભ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સરકારના વડા તરીકે પચીસમા વર્ષની શરૂઆત કરી હતી અને આ પ્રસંગે ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકોના જીવનમાં સુધારો કરવો અને આ મહાન રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવું એ તેમનો સતત પ્રયાસ રહ્યો છે.

તેમણે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું કે તેમણે ૨૦૦૧માં આ દિવસે પહેલીવાર ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા.

''મારા સાથી ભારતીયોના સતત આશીર્વાદને કારણે, હું સરકારના વડા તરીકે સેવા આપવાના મારા પચીસમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છું. ભારતના લોકો પ્રત્યે મારી કૃતજ્ઞતા,'' એમ (જુઓ પાનું ૨) ▶▶

# ગુજરાત, મહારાષ્ટ્રના નવા રેલવે પ્રોજેક્ટ્સને મંજૂરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી કેબિનેટ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર સહિત ચાર રાજયના ૨૪,૬૩૪ કરોડ રૂપિયાના ચાર મોટા રેલવે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. મંજૂર કરાયેલા રેલવે પ્રોજેક્ટ્સમાં મધ્ય ભારતમાં ક્ષમતા અને કનેક્ટિવિટી વધારવા માટે મુખ્ય રૂટ પર ત્રીજી અને ચોથી લાઇનના નિર્માણનું કામ સામેલ છે. મંજૂર કરાયેલા રેલવે પ્રોજેક્ટ્સમાં મહારાષ્ટ્રમાં ૩૧૪ કિલોમીટરનો વર્ધા-ભુસાવલ સેક્શન, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં ફેલાયેલો ૮૪ કિલોમીટરનો ગોંદિયા-ડોંગરગઢ સેક્શન, ગુજરાત અને મધ્ય પ્રદેશને આવરી લેતો ૨૫૯ કિલોમીટરનો વડોદરા-રતલામ કોરિડોર અને મધ્યપ્રદેશમાં ૨૩૭ કિલોમીટરનો ઇટારસી-ભોપાલ-બીના સેક્શનનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત અને છત્તીસગઢ રાજ્યોના ૧૮ જિલ્લાઓને આવરી લેતા આ ચાર પ્રોજેક્ટ્સ હાલના ભારતીય રેલવે નેટવર્કમાં આશરે ૮૯૪ કિલોમીટરનો વધારો થશે.

મંજૂર કરાયેલા મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટથી આશરે ૮૫.૮૪ લાખની વસ્તી ધરાવતા આશરે ૩,૬૩૩ ગામડાઓ અને બે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ (વિદિશા અને રાજનાંદગાંવ) સાથે કનેક્ટિવિટી વધશે. વધેલી લાઇન ક્ષમતા ગતિશીલતામાં (જુઓ પાનું ૨) ▶▶

# ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક ત્રણ વિજ્ઞાનીને

સ્ટૉકહૉમઃ ક્વાન્ટમ મૅકેનિકલ ટનલિંગ અંગે કરેલા સંશોધન બદલ જૉન ક્લાર્ક, માઈકલ એચ. ડિવૉરેટ અને જૉન એમ. માર્ટિનિસને મંગળવારે ફિઝિક્સ માટેનું નૉબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

૧૦ ડિસેમ્બરે નોબેલ પારિતોષિકના સ્થાપક આલ્ફ્રેડ નોબેલની મૃત્યુતિથિએ યોજાનારા સમારોહમાં ત્રણેને ઔપચારિક રીતે આ એવૉર્ડ આપવામાં આવશે.

વર્ષ ૧૯૦૧થી વર્ષ ૨૦૨૪ દરમિયાન ૧૧૮ વખત ફિઝિક્સ માટેનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન ૨૨૬ જણને આ એવૉર્ડથી નવાજવામાં આવ્યા છે. મશીન લર્નિંગના બિલ્ડિંગ બ્લૉકનું નિર્માણ કરવામાં (જુઓ પાનું ૨) ▶▶

# વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના ઊંચાઈ ધરાવતા ક્ષેત્રોમાં મંગળવારે ફરીથી બરફવર્ષા અને મેદાની વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જમ્મુ-શ્રીનગર અને શ્રીનગર-લેહ નેશનલ હાઈવે તેમ જ મુઘલ રોડ અને સિંથન ટોપ રોડ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. અચાનક હવામાન ખરાબ થવાના કારણે અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું હતું જ્યારે ખડકો પડ્યા હતા, જેના કારણે રસ્તાઓ પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. જેના કારણે તાપમાનમાં પણ ઝડપથી ઘટાડો થયો હતો.

ટ્રાફિક વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ૨૭૦ કિલોમીટર લાંબો જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે મંગળવારે સવારે ઉધમપુરથી બનિહાલ વચ્ચે અનેક સ્થળોએ ભૂસ્ખલન અને પથ્થરો પડવાને કારણે બંધ થઈ ગયો હતો. આ હાઈવે કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડતો (જુઓ પાનું ૨) ▶▶

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીએ અનેક કાર્યક્રમો યોજશે દિલ્હી સરકાર

નવી દિલ્હી : દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે મંગળવારે જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અનેક કાર્યક્રમોનું આયોજન કરશે, જેમાં તેમના એકતા અને રાષ્ટ્રનિર્માણના સંદેશને પ્રકાશિત કરવામાં આવશે. એક પત્રકાર પરિષદમાં સૂદે જણાવ્યું હતું કે ઉજવણીના ભાગ રૂપે દિલ્હીના ૧૫૦ વિદ્યાર્થીઓ યમુના નદીનું પાણી લઈને દેશભરનાં ૨૫ રાજ્યોમાં પ્રવાસ કરશે અને જમ્મુ અને કાશ્મીરની જેલમ સહિત ત્યાંની મુખ્ય નદીઓનું પાણી એકઠું કરશે.

સૂદે દિલ્હી સચિવાલયમાં પત્રકારોને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ એકત્રિત પાણી દિલ્હી પાછું લાવશે જ્યાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા ૩૧ ઓક્ટોબરે સંસદ માર્ગ નજીક સરદાર પટેલની પ્રતિમા પર જળાભિષેક (જુઓ પાનું ૨) ▶▶

# ગો ફેશન પર ઈન્કમ ટૅક્સના દરોડા

નવી દિલ્હીઃ આવકવેરા વિભાગે મહિલાના કપડાની લોકપ્રિય બ્રાન્ડ 'ગો કલર્સ'ની માલિકી ધરાવતી ગો ફેશન (ઇન્ડિયા) લિમિટેડની પરિસરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ગો ફેશન (ઇન્ડિયા) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''આવકવેરા વિભાગે ૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ કંપનીની ઓફિસો, વેરહાઉસ અને સ્ટોર્સમાં સર્ચ ઓપરેશન શરૂ (જુઓ પાનું ૨) ▶▶

# હિમાચલમાં ભૂસ્ખલનઃ ૧૫ મોત

બિલાસપુરઃ હિમાચલ પ્રદેશના બિલાસપુરના મહોતનથી ઘુમારવી જઈ રહેલી એક ખાનગી બસ ભૂસ્ખલનનો ભોગ બની. ભૂસ્ખલન પછી પથ્થરો બસ પર તૂટી પડવાને કારણે ૧૫ પ્રવાસીનાં મોત થયા છે.બિલાસપુરના બલ્લુ પુલ નજીક પહાડોમાંથી પસાર થઈ રહેલી બસ પર ભેખડો તૂટી પડી હતી. બસમાં આશરે ૩૦થી ૩૫ પ્રવાસી મુસાફરી કરી રહ્યા હતા. આજે સાંજના લગભગ છ વાગ્યે આ દુર્ઘટના ઘટી હોવાનું કહેવાય છે. બસમાં મુસાફરી કરી રહેલા સ્થાનિક મરોતન બરઠીં, ઘુમારવી અને અન્ય જગ્યાના રહેવાસીઓ ભોગ બન્યા છે. ■

# ઓડિશામાં ભાજપના નેતાની હત્યા

ગંજામ (ઓડિશા): ઓડિશાના બહેરામપુરમાં એક વરિષ્ઠ વકીલ અને ભાજપ નેતા પિતાબાસ પાંડાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.સૂત્રોના જણાવ્યા અનુસાર, બ્રહ્મનગરમાં પોતાના ઘરે પરત ફરી રહેલા પાંડા પર બે બાઇકસવાર હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો.

લોહીથી લથપથ અને પીડાથી કણસતા પાંડાને તાત્કાલિક એમકેસીજી મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને હુમલાખોરોનો પીછો કર્યો હતો, પરંતુ (જુઓ પાનું ૨) ▶▶

# પાકિસ્તાનનું લશ્કર પોતાના લોકો પર બૉમ્બ ફેંકે છેઃ ભારત

યુનોઃ ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર (યુનો)માં પાકિસ્તાનને ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે અપમાનિત કરતા જણાવ્યું હતું કે જેની સેના પોતાના જ લોકો પર બૉમ્બ ફેંકે છે અને ચાર લાખ મહિલા પર બળાત્કાર કરે છે, તેણે બીજાને શીખવવાનો કોઈ અધિકાર નથી.

પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારત વિરુદ્ધ નિવેદનો આપી રહ્યું હતું અને અનેક ખુલ્લેઆમ જુઠ્ઠાણા બોલ્યું હતું. આ દરમિયાન ભારતના કાયમી પ્રતિનિધિ, પર્વતાનેની હરીશે, જમ્મુ અને કાશ્મીર મુદ્દા પર દેશનું વલણ રજૂ કરતા આતંકવાદ માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવ્યું હતું અને (જુઓ પાનું ૨) ▶▶

# યુપીઆઈથી કતારમાં પણ ચુકવણી થઇ શકશે

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે રાજધાની દોહાના લુલુ મોલમાં યુપીઆઈ સિસ્ટમ લોન્ચ કરતા જણાવ્યું હતું કે યુપીઆઈથી હવે તમે કતારમાં પણ ચુકવણી કરી શકશો.

ભારતનું યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઈ) સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી રહ્યું છે. કતાર હવે તેનો ઉપયોગ કરતા દેશોની યાદીમાં જોડાઈ ગયું છે, આનો અર્થ એ થયો કે હવે ક્યુઆર કોડ દ્વારા ત્યાં સરળતાથી ચુકવણી કરી શકાશે. લોન્ચ સમયે તેમણે કહ્યું કે યુપીઆઈ માત્ર ડિજિટલ ચુકવણીની પદ્ધતિ નથી, પરંતુ તે ભારતીય નવીનતા અને ટેકનોલોજીની શક્તિનું પણ પ્રતીક છે.

કતારની બે દિવસીય મુલાકાત દરમિયાન, કેન્દ્રીય વાણિજ્ય (જુઓ પાનું ૨) ▶▶

# પટેલ પાવરઃ ઑસ્ટ્રેલિયા સામેની અન્ડર-૧૯ મૅચમાં બે ગુજરાતી ઝળક્યા

## વલસાડના હેનિલ પટેલ અને મોડાસાના ખિલન પટેલે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી ઑસ્ટ્રેલિયન ટીમને કાબૂમાં રાખી

મકાય (ઑસ્ટ્રેલિયા): અન્ડર-૧૯ ક્રિકેટમાં ભારતીય ટીમનો ઑસ્ટ્રેલિયા પ્રવાસ સફળ થઈ રહ્યો છે અને એમાં ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમે વન-ડે સિરીઝ ૩-૦થી જીતી લીધી ત્યાર બાદ હવે ચાર દિવસની યુથ ટેસ્ટની શ્રેણીમાં પણ ભારતીયો ૧-૦થી આગળ રહ્યા બાદ બીજી મૅચમાં સારું પર્ફોર્મ કરી રહ્યા છે. મંગળવારે બીજી ટેસ્ટના પ્રથમ દિવસે પટેલ અટકવાળા બે ખેલાડી (હેનિલ પટેલ અને ખિલાન પટેલ)એ યજમાન ટીમને ૧૩૫ રનના સ્કોર સુધી સીમિત રખાવવામાં સૌથી મોટું યોગદાન આપ્યું હતું.

વિલ મૅલઝુકના સુકાનમાં ઑસ્ટ્રેલિયા-એ ટીમ માત્ર ૧૩૫ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં વિકેટકીપર ઍલેક્સ લી યંગના ૬૬ રન હાઇએસ્ટ હતા. વલસાડના ૧૮ વર્ષીય પેસ બોલર હેનિલ પટેલે ૨૧ રનમાં ત્રણ અને મોડાસાના ૧૮ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર ખિલાન પટેલે ૨૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. દિલ્હીના લેફ્ટ-આર્મ પેસ બોલર ઉધવ મોહને બે વિકેટ અને અન્ય પેસ બોલર દીપેશ દેવેન્દ્રને એક (જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન-અમેરિકાની દોસ્તી ખનિજો પૂરતી મર્યાદિત નથી

**ડોનલ્ડ** ટ્રમ્પ એક તરફ ભારતને ભીંસમાં લેવા માટે જાત જાતના ફતવા બહાર પાડી રહ્યા છે ત્યારે બીજી તરફ પાકિસ્તાનને પડખામાં લઈને ફરી પાકિસ્તાન સાથેના સંબંધો ગાઢ કરવા પણ મથી રહ્યા છે. પાકિસ્તાનને માટે તો અમેરિકાની પંગતમાં બેસવા મળે તેનાથી રૂડું કંઈ નથી, તેથી પાકિસ્તાન અમેરિકાને રાજી રાખવા જે કંઈ થાય એ બધું કરી છૂટી રહ્યું છે. તેના ભાગરૂપે પાકિસ્તાને દુર્લભ ખનિજોનો એટલે કે રેર અર્થ મિનરલ્સનો નાનો જથ્થો અમેરિકાને મોકલી આપ્યો છે.

ગયા મહિને અમેરિકન કંપની યુએસ સ્ટ્રેટેજિક મેટલ્સ (યુએસએસએમ) સાથે પાકિસ્તાને ૫૦ કરોડ ડૉલરનો સોદો કર્યો હતો. આ કરાર હેઠળ અમેરિકાની કંપની પાકિસ્તાનમાં ખનિજોના સંશોધન અને પ્રક્રિયા માટે લેબોરેટરીઓ બાનવશે અને ખનિજોને બહાર કાઢીને શુદ્ધ કરવા માટેની સવલતો ઊભી કરશે. પાકિસ્તાને આ કરારના અમલની શરૂઆત કરીને રેર અર્થ મિનરલ્સ અમેરિકા મોકલ્યું છે પણ શું મોકલ્યું અને કેટલા પ્રમાણમાં મોકલ્યું તેનો ફોડ નથી પાડ્યો.

રસપ્રદ વાત પાછી એ છે કે, રેર અર્થ મિનરલ્સ સાથે લશ્કરને કોઈ લેવાદેવા નથી પણ અમેરિકાની કંપનીને પાકિસ્તાની આર્મીની એક શાખા એવી ફ્રન્ટિયર વર્ક્સ ઓર્ગેનાઇઝેશન (એફડબલ્યુઓ) મદદ કરી રહ્યું છે. તેની મદદથી રેર અર્થ મિનરલ્સના નમૂના તૈયાર કરવામાં આવ્યા છે અને અમેરિકા મોકલાયા છે. પાકિસ્તાન આર્મીની સંડોવણીના કારણે ખરેખર ખનિજો મોકલાયા કે બીજું કશું મોકલાયું એ રામ જાણે પણ આ ઘટનાક્રમ ભારત માટે ખુશ થવા જેવો નથી તેમાં કોઈ શંકા નથી.

પાકિસ્તાન આર્મીની સંડોવણીથી સ્પષ્ટ છે કે, પાકિસ્તાન અને અમેરિકાની દોસ્તી માત્ર રેર અર્થ મિનરલ્સ પૂરતી મર્યાદિત નથી પણ તેનાથી ઉપર છે. આમ પણ પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકાર પાકિસ્તાનમાં અમેરિકાને જે કરવું હોય એ કરવા માટે લાલ જાજમ પાથરીને બેસી ગઈ છે. પાકિસ્તાનની આર્મી અમેરિકન આર્મી સાથે હાથ મિલાવવા માટે ઊંચીનીચી થઈ રહી છે અને શાહબાઝ શરીફ સરકાર રેર અર્થ મિનરલ્સ જ નહીં પણ અમેરિકા જ્યાં આંગળી મૂકે એ બધું પાકિસ્તાન સરકારને હવાલે કરવા તૈયાર છે. તેના ભાગરૂપે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરના સલાહકારોએ ગયા અઠવાડિયે બલુચિસ્તાનમાં પાસની શહેરમાં નવું પોર્ટ વિકસાવવા માટે અમેરિકાને અરજ કરી છે.

મુનિરના માણસોએ દરખાસ્ત મૂકી છે કે, પાકિસ્તાન ઇચ્છે છે કે અમેરિકન રોકાણકારો બલુચિસ્તાનના પાસની શહેરમાં નવું પોર્ટ ડેવલપ વિકસાવે અને તેનું સંચાલન પણ કરે. પાસની શહેર અરબી સમુદ્રના તટ પર આવેલું છે તેથી અમેરિકા ત્યાં બંદર વિકસાવે તેના કારણે ભારત ભીંસમાં આવે એ કહેવાની જરૂર નથી.

પાકિસ્તાને છાસ લેવા જવું ને દોણી સંતાડવા જેવો ઘાટ કરીને એવો દાવો કર્યો છે કે, અમેરિકા માત્ર વેપાર અને ખનિજ સંશોધન માટે બંદર વિકસાવે એવું પાકિસ્તાન ઈચ્છે છે. બાકી અમેરિકાને પાસની શહેરમાં લશ્કરી થાણું સ્થાપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ વાત ગળે ઉતરે એવી નથી કેમ કે અમેરિકાએ ખાલી વેપાર કરવો હોય તો ભારત અને યુરોપના દેશો છે જ. બાકી પાકિસ્તાનમાં વેપાર કરીને કશું કમાવાનું નથી. પાકિસ્તાન ભૂખડી બારસ દેશ છે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ની ખેરાત પર તો દાડા કાઢે છે ત્યારે અમેરિકા ત્યાં રોકાણ કરીને લાખના બાર હજાર કરવાનો ધંધો કરે એ વાતમાં માલ નથી. બીજું એ કે, અમેરિકા લોકશાહી ના હોય એ સિવાયના દુનિયાના કોઈ દેશમાં ખાલી વેપાર કરવા જતું જ નથી. આ દેશોમાં અમેરિકાને લશ્કર મોકલીને પોતાનો કંટ્રોલ કરવામાં જ રસ હોય છે કે જેથી દુનિયાને પોતાના ઈશારે નચાવી શકાય. પાકિસ્તાનને પાસની શહેરમાં અમેરિકા બંદર વિકસાવે તેમાં એટલા માટે રસ છે કે, ભારતની મેથી મારી શકાય. ભારત અને અફઘાનિસ્તાનના સંબંધો મજબૂત બની રહ્યા છે અને ઈરાનના ચાબહાર બંદરના સંચાલનનો કોન્ટ્રાક્ટ ભારતને મળ્યો છે. તેના કારણે ભારતને આર્થિક રીતે મોટો ફાયદો થશે. અમેરિકા બંદર વિકસાવે તો સ્વાભાવિક રીતે જ એ બંદર જોરદાર જ હોય. તેના કારણે ચાબહાર બંદરની ચમક ઝાંખી પડે ને ભારતને ફટકો પડે. અમેરિકા તેનું સંચાલન પણ કરે તેનો અર્થ એ થયો કે, અમેરિકા સાથેનો બધો વ્યાપાર આ બંદરેથી થશે તેથી પાકિસ્તાનમાં જંગી પ્રમાણમાં રોજગારી પેદા થાય.

અમેરિકાને પાસની બંદર વિકસાવવામાં રસ પડી શકે છે કેમ કે પાસની ચીને વિકસાવેલા ગ્વાદર બંદરથી માત્ર ૧૧૨ કિમી દૂર છે. અમેરિકાને પાકિસ્તાનના તાંબુ અને એન્ટિમની સહિતની ખનિજો સરળતાથી પહોંચે એ માટે તો પાસની બંદર મહત્ત્વનું છે જ પણ ચીનને ફટકો મારી શકાય એ માટે પણ પાસની બંદર મહત્ત્વનું સાબિત થાય. અમેરિકાની સ્પર્ધા અત્યારે ચીન સાથે છે તેથી આર્થિક રીતે ચીનને પાછળ પાડી શકાય એવી કોઈ પણ દરખાસ્તમાં અમેરિકાને રસ પડે જ છે. અલબત્ત અમેરિકાના રસ સાથે તેનાં લશ્કરી હિતો પણ જોડાયેલાં હોય છે કેમ કે અમેરિકા કોઈના પર ભરોસો કરતું નથી.

અમેરિકા પોતાના રોકાણની સુરક્ષા માટેની બંદોબસ્ત પોતે જ કરે છે. આ બંદોબસ્તના ભાગરૂપે અમેરિકન લશ્કર પણ પાકિસ્તાનમાં આવશે જ. અમેરિકાને રેર અર્થ મિનરલ્સ બલુચિસ્તાનમાંથી મળી રહ્યાં છે અને બલુચિસ્તાનમાં તો પહેલેથી પાકિસ્તાન સામે હથિયારો ઉઠાવીને લોકો લડી રહ્યાં છે. પાકિસ્તાને ચીનને બલુચિસ્તાનમાં ઘુસાડ્યું તેની સામે તેમને વાંધો છે તો અમેરિકાને ઘુસાડવા સામે એ લોકો ચૂપ રહેશે એ વાતમાં માલ નથી. આ સંજોગોમાં પોતાની રક્ષા માટે અમેરિકાનું લશ્કર પાકિસ્તાનમાં આવશે ને અમેરિકાનાં જહાજ અરબી સમુદ્રમાં ફરતાં થઈ જશે.

ભારત માટે આ બંને સ્થિતિ સારી નથી. ભૂતકાળમાં અમેરિકાના લશ્કરે પાકિસ્તાનમાં ધામા નાંખ્યા તેના કારણે ભારતમાં આતંકવાદ વકર્યો હતો. અમેરિકનો પણ દૂધે ધોયેલા નથી અને હથિયારોની હેરફેર કરે જ છે. અમેરિકાનું લશ્કર પાકિસ્તાનમાં હશે તો ભારતમાં આતંકવાદ ફેલાવતાં સંગઠનો સુધી તેમનાં હથિયારો પહોંચશે જ ને ભારતની તકલીફ વધશે.

અમેરિકાનાં જહાજો મારફતે આતંકવાદીઓની ભારતમાં ઘૂસણખોરીનો ખતરો પણ છે તેથી અમેરિકાની પાકિસ્તાન સાથેની દોસ્તી ભારત માટે સારા સંકેત નથી પણ ટ્રમ્પને રોકી શકાય તેમ નથી. ટ્રમ્પ ગમે તે રીતે પોતાનું ધાર્યું કરાવવા માગે છે પણ ભારત તેમની શરણાગતિ સ્વીકારવા તૈયાર નથી તેથી પાકિસ્તાનને પડખામાં લઈને ભારતની મેથી મારવા ઉતાવળા થયા છે. ભારતે તેની સામે સતર્ક થવું પડે કેમ કે ભૂતકાળમાં અમેરિકાની પાકિસ્તાન સાથેની દોસ્તી ભારતને બહુ ભારે પડેલી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, બુધવાર, તા. ૮-૧૦-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૬, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૨-૪૪ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૦ (તા. ૯)
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – દ્વિતીયા. સૂર્ય મહાનક્ષત્ર હસ્તમાં, વાહન મોર
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, બુધ-કેતુ દેવતાનું પૂજન, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, અશ્વપૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ઉપનયન, વસ્રો, વાહન, પ્રયાણ, ખેતર ખેડવું, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ શુભ, વિદ્યારંભ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકારંભ, ચંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું., સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ ગપ્પા મારવાની આદત, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ માથા ફરેલ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પાકમાં રેલવે ટ્રેક પર વિસ્ફોટ, અનેક ઘાયલ

પેશાવરઃ પાકિસ્તાનના દક્ષિણપશ્ચિમ સિંધ પ્રાંતમાં મંગળવારે રેલવે ટ્રેક પર થયેલા વિસ્ફોટમાં અનેક લોકો ઘાયલ થયા છે, એમ રેલવે પોલીસે જણાવ્યું હતું.

પેશાવર જતી જાફર એક્સપ્રેસ, જેના પર આ વર્ષે અનેક વખત હુમલો કરવામાં આવ્યો છે, તેના ઘાયલ મુસાફરોને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સિંધના શિકારપુર જિલ્લામાં સુલતાન કોટ નજીક સોમરવાહ નજીક વિસ્ફોટ થયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ઘટનાસ્થળે બચાવ કામગીરી ચાલી રહી છે.

પોલીસ અને અર્ધલશ્કરી દળોની ભારે ટુકડીઓએ વિસ્તારને ઘેરી લીધો છે અને વિસ્ફોટની પ્રકૃતિ નક્કી કરવા માટે પુરાવા એકત્રિત કરવાનું શરૂ કર્યું છે.

પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે રેલવે ટ્રેકને નોંધપાત્ર નુકસાન થયું છે.

ક્વેટા અને પેશાવર વચ્ચે દોડતી જાફર એક્સપ્રેસને તાજેતરના મહિનાઓમાં વારંવાર નિશાન બનાવવામાં આવી છે, જેમાં માર્ચમાં થયેલો હુમલો સૌથી મોટો હતો.

આ વર્ષે સપ્ટેમ્બરમાં, બલુચિસ્તાનના માસ્તુંગના દશ્ત વિસ્તારમાં રેલવે ટ્રેક પર થયેલા વિસ્ફોટમાં જાફર એક્સપ્રેસનો એક કોચ નાશ પામ્યો હતો અને છ અન્ય પાટા પરથી ઉતરી ગયા હતા, જેમાં ૧૨ મુસાફર ઘાયલ થયા હતા.

# ફિનટેક કંપનીઓ એઆઈનો દુરુપયોગ રોકેઃ નિર્મલા સીતારમણ

મુંબઈઃ નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે ફિનટેક કંપનીઓને રિસ્ક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું છે. હાલના સમયમાં જ્યારે ગુનેગારો અવાજોની નકલ કરવા, ઓળખની ક્લોન બનાવવા અને લોકોને હેરાન કરવા માટે વાસ્તવિક વીડિયો બનાવવા માટે એઆઈનો દુરુપયોગ કરી રહ્યા છે. ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૫ના છઠ્ઠા એડિશનમાં બોલતા નાણાપ્રધાને એમ પણ કહ્યું હતું કે ભારતમાં વિવિધ એઆઈ પ્રોડક્ટ્સ અને સર્વિસ બનાવવા માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની ક્ષમતા છે. આ કાર્યક્રમ દરમિયાન સીતારમણે ગિફ્ટ આઈએફએસસીની ફોરેન કરન્સી સેટલમેન્ટ સિસ્ટમ (એફસીએસએસ) લોન્ચ કરી હતી જે વાસ્તવિક સમય અથવા નજીકના વાસ્તવિક સમયના આધારે વિદેશી ચલણમાં ટ્રાન્જેક્શન સેટલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. એફસીએસએસના કાર્યરત થવા સાથે ગિફ્ટ આઈએફએસસી હોંગકોંગ, ટોક્યો અને મનીલા સહિત વૈશ્વિક નાણાકીય કેન્દ્રોના પસંદગીના જૂથમાં સામેલ થઈ જશે જેમની પાસે સ્થાનિક રીતે વિદેશી ચલણના ટ્રાન્ઝેક્શન સેટલ કરવા માટે માળખાગત સુવિધા છે.

મંત્રીએ કહ્યું કે ભારત એવા એઆઈ પ્રોડક્ટ્સ બનાવી શકે છે જે વિશ્વભરમાં વિવિધ ઉપયોગ માટે યોગ્ય હોય. આ એઆઈ વિચારો વિકસાવવા અને પરીક્ષણ કરવા માટે એક પ્રયોગશાળા બની શકે છે. આપણા એઆઈ સ્ટેક ભારતીય ભાષાઓ, સ્થાનિક સંદર્ભો અને મલ્ટીમોડલ ઇન્ટરફેસ પર આધારિત હોવા જોઈએ, જેથી તે આપણા નાગરિકો દ્વારા વ્યાપકપણે સ્વીકારી શકાય અને ઉપયોગ કરી શકાય.

પહેલા પાનાનું ચાલુ

## યુપીઆઈથી

પ્રધાન પીયૂષ ગોયલે ત્યાં યુપીઆઈ સિસ્ટમ લોન્ચ કરી હતી. સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ પર એક પોસ્ટ દ્વારા વિગતો શેર કરતા, ગોયલે કહ્યું કે, ''બંને પક્ષોએ મજબૂત દ્વિપક્ષીય વેપાર પર વિશ્વાસ નિર્માણ કરીને ભારત-કતાર ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.તેમણે જણાવ્યું હતું કે કતારમાં યુપીઆઈ ચુકવણીઓ ભારતની ટેકનોલોજી અને બંને દેશ વચ્ચે વધતી ભાગીદારીનું ઉદાહરણ છે. તે બંને દેશ વચ્ચેના વિશ્વાસને પણ દર્શાવે છે. યુપીઆઈની વધતી પહોંચ વિશે બોલતા, તેમણે કહ્યું કે જ્યારે ભારતમાં ૮૫% ડિજિટલ ચુકવણીઓ આ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે, ત્યારે વિશ્વભરમાં લગભગ ૫૦% ડિજિટલ ચુકવણીઓ પણ યુપીઆઈ દ્વારા કરવામાં આવે છે.કતાર નેશનલ બેંક (ક્યુએનબી) એ નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે ભાગીદારીમાં, તેના વેપારી ગ્રાહકો માટે પોઈન્ટ-ઓફ-સેલ ટર્મિનલ્સ પર ક્યુઆર કોડ-આધારિત યુપીઆઈ ચુકવણીઓ શરૂ કરી છે. કતારમાં લુલુ આઉટલેટ્સ હવે ભારતીય ચુકવણી પ્રણાલી દ્વારા વ્યવહારો સ્વીકારી રહ્યા છે, તેથી ભારતના પ્રવાસીઓ કતારમાં સરળ અને વધુ અનુકૂળ ડિજિટલ ચુકવણીનો આનંદ માણી શકશે, જેનાથી રોકડ વહન કરવાની અથવા ચલણ વિનિમયનું સંચાલન કરવાની જરૂરિયાત ઓછી થઇ છે. લુલુ રિટેલના ગ્રૂપ ડિરેક્ટર મોહમ્મદ અલ્તાફે જણાવ્યું હતું કે વિશ્વની વર્તમાન ભૂ-રાજકીય અને આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કતાર અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ જ ખાસ છે. કતારે વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે, વિશ્વ કક્ષાનું એરપોર્ટ ધરાવે છે અને ભારતીય કંપનીઓનું સ્વાગત કરતું ખુલ્લું બજાર છે. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે, અને ભારત-કતાર સંબંધો મજબૂત તાલમેલ ધરાવે છે. આ એક પરંપરાગત, આપવા-લેવાનો વ્યવસાય સંબંધ છે, અને બંને દેશો તેને આગળ લઈ જવા માંગે છે. દોહામાં યુપીઆઈ લોન્ચ કરવા ઉપરાંત, ગોયલે સોમવારે કતારના વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન, મહામહિમ શેખ ફૈઝલ બિન થાની બિન ફૈઝલ અલ થાની સાથે આર્થિક અને વાણિજ્યિક સહયોગ અંગે ચર્ચા કરવા માટે બેઠક યોજી હતી. ■

## ઓડિશામાં

એમને પકડવામાં સફળતા મળી નહીં. પાંડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. આ સંદર્ભે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપીઓની શોધ ચાલુ છે. પ્રાથમિક તપાસમાં એવું સૂચવવામાં આવ્યું છે કે રાજકીય હેતુઓ અથવા વ્યક્તિગત દુશ્મનાવટનું કારણ હોઈ શકે છે.મીડિયા સાથે વાત કરતા ગંજમના પોલીસ અધિક્ષક સુવેન્દુ કુમાર પાત્રાએ જણાવ્યું હતું કે, ''વરિષ્ઠ વકીલ પિતાબાસ પાંડાની કેટલાંક વ્યક્તિઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. ■

## નવી મુંબઈ

જોડવામાં આવ્યા છે.

એનઆઈએમએ વૉટર ટેક્સી સાથે જોડાનારું દેશનું પ્રથમ ઍરપોર્ટ હશે.

વડા પ્રધાન મુંબઈ મેટ્રો-થ્રીના બીજા તબક્કાનું પણ ઉદ્ઘાટન કરશે. રૂ. ૧૨,૨૦૦ કરોડને ખર્ચે તૈયાર કરવામાં આવનારી આ મેટ્રોલાઈન આચાર્ય અત્રે ચોકથી કફ પરેડ સુધીની હશે.

મેટ્રો થ્રીના બીજા તબક્કાના ઉદ્ઘાટન સાથે મોદી રૂ. ૩૭,૨૭૦ કરોડને ખર્ચે તૈયાર થનારી સંપૂણ મુંબઈ મેટ્રો થ્રી લાઈન (એક્વા લાઈન)નું લોકાર્પણ કરશે જે શહેરની પરિવહન સેવામાં ક્રાન્તિ લાવશે.

મુંબઈની પ્રથમ અને સંપૂર્ણપણે અન્ડરગ્રાઉન્ડ મેટ્રો લાઈનનો આ પ્રોજેક્ટ એમએમઆર વિસ્તારમાં પરિવહનની નવી વ્યાખ્યા કરશે. મુંબઈ મેટ્રો થ્રીની કુલ લંબાઈ ૩૩.૫ કિ.મી. હશે અને આ લાઈન પર કફ પરેડથી આરે જેવીએલઆર વચ્ચે ૨૭ સ્ટેશન હશે. દૈનિક ૧૩ લાખ પ્રવાસીઓ આ લાઈન પર સફર કરશે. પ્રોજેક્ટનો અંતિમ ટૂ-બી તબક્કો દક્ષિણ મુંબઈના ફોર્ટ, કાલા ઘોડા, મરીન ડ્રાઈવ, મુંબઈ હાઈ કોર્ટ, મંત્રાલય, આરબીઆઈ, બીએસઈ અને નરીમાન પૉઈન્ટ જેવા વિસ્તારોને સિમલેસ કનેક્ટિવિટી પૂરી પાડશે.

વડા પ્રધાન મેટ્રો, મોનોરેલ, સબર્બન રેલ અને બસસેવા સહિત વિવિધ ૧૧ પબ્લિક ટ્રાન્સપોર્ટ ઑપરેટર (પીટીઓ) માટે 'મુંબઈ વન' ઈન્ટિગ્રેટેડ કોમન મોબિલિટી ઍપ લૉન્ચ કરશે જેમાં મુંબઈ મેટ્રો-ટૂએ, મુંબઈ મેટ્રો-થ્રી, મુંબઈ મેટ્રો-વન, મુંબઈ મોનોરેલ, નવી મુંબઈ મેટ્રો, મુંબઈ સબર્બન રેલવે, બૃહદમુંબઈ ઈલેક્ટ્રીક સપ્લાય (બીઈએસ), થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (ટીએમટી), મીરા-ભાઈંદર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ, કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ અને નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટનો સમવેશ થાય છે.

મુંબઈ વન ઍપની મદદથી પ્રવાસીઓ મલ્ટિપલ પબ્લિક ટ્રાન્સપોર્ટ ઑપરેટરની સેવા મેળવી શકશે જેને કારણે તેમણે લાઈનમાં ઊભા રહેવું નહીં પડે અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન મળશે. આ ઍપને કારણે પ્રવાસીઓ સિંગલ ડાયનેમિક ટિકિટની મદદથી મલ્ટિપલ ટ્રાન્સપોર્ટ સેવા મેળવી શકશે.

વડા પ્રધાન શોર્ટ ટર્મ ઍમ્પ્લોયેબિલિટી પ્રોગ્રામ (એસટીઈપી)નું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રોગ્રામ દેશની ૪૦૦ સરકારી આઈઆઈટી અને ૧૫૦ ગવર્નમેન્ટ ટૅક્નિકલ હાઈસ્કૂલમાં શરૂ કરવામાં આવશે. (એજન્સી)

## મોદી શાસનની

મોદીએ કહ્યું. તેમણે ઉમેર્યું હતું કે, ''આટલા વર્ષો દરમિયાન, આપણા લોકોના જીવનને સુધારવા અને આ મહાન રાષ્ટ્રની પ્રગતિમાં ફાળો આપવાનો મારો સતત પ્રયાસ રહ્યો છે જેણે આપણને બધાને પોષ્યા છે.''ગુજરાતમાં સતત ત્રણ વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપને વિજય અપાવ્યા પછી, તેમણે ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ)ને સતત ત્રણ રાષ્ટ્રીય ચૂંટણીમાં જીત અપાવી છે. વર્તમાન વડા પ્રધાન તરીકે મોદીએ ક્યારેય ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો નથી અને બધા વડા પ્રધાનોમાં સૌથી લાંબા સમય સુધી સરકારના વડા તરીકે, જેમાં સાડા ૧૨ વર્ષથી વધુ સમય સુધી મુખ્ય પ્રધાન તરીકેનો સમાવેશ થાય છે, રેકોર્ડ ધરાવે છે. ■

## ગુજરાત, મહારાષ્ટ્રના

નોંધપાત્ર વધારો કરશે, જેના પરિણામે ભારતીય રેલવેની કાર્યક્ષમતા અને સેવા વિશ્વસનીયતામાં સુધારો થશે. આ મલ્ટી-ટ્રેકિંગ દરખાસ્તો કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને ભીડ ઘટાડવા માટે તૈયાર છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મીડિયાને જણાવ્યું હતું કે રેલવે લાઇનની ક્ષમતામાં વધારો થવાથી ગતિશીલતામાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે ભારતીય રેલવેની કાર્યક્ષમતા અને સેવા વિશ્વસનીયતામાં સુધારો થશે. તેમણે કહ્યું હતું કે આ મલ્ટી-ટ્રેકિંગ દરખાસ્તો કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને ભીડ ઘટાડવા માટે તૈયાર છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ''આ પ્રોજેક્ટ્સ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નવા ભારતના વિઝન સાથે સુસંગત છે જે પ્રદેશના લોકોને 'આત્મનિર્ભર' બનાવશે, જે વિસ્તારમાં વ્યાપક વિકાસ દ્વારા તેમના રોજગાર/સ્વરોજગારની તકોમાં વધારો કરશે.''

વધુમાં કહેવામાં આવ્યું છે કે ''આ પ્રોજેક્ટ્સ પીએમ-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન પર આયોજન કરવામાં આવ્યા છે, જેમાં સંકલિત આયોજન અને હિસ્સેદારોના પરામર્શ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સ લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે કનેક્ટિવિટી પ્રદાન કરશે. પર્યટન ક્ષેત્ર માટેના તેમના ફાયદાઓ પર પ્રકાશ પાડતા વૈષ્ણવે જણાવ્યું હતું કે આ આગામી પ્રોજેક્ટ્સ સાંચી, સતપુરા ટાઇગર રિઝર્વ, ભીમબેટકાની રોક શેલ્ટર, હજારા ધોધ અને નવેગાંવ રાષ્ટ્રીય ઉદ્યાન જેવાં અગ્રણી સ્થળોને કનેક્ટિવિટી પ્રદાન કરશે, જે દેશભરના પ્રવાસીઓને આકર્ષશે. તે સિવાય કોલસો, કન્ટેનર, સિમેન્ટ, ખાદ્યાન્ન, સ્ટીલ વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે આ એક આવશ્યક માર્ગ છે. ■

## ભૌતિકશાસ્ત્રનું

મદદરૂપ થવા બદલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પાયોનિયર જૉન હૉપફિલ્ડ અને જ્યૉફ્રી હિન્ટનને ગયા વરસે ફિઝિક્સનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. આપણી ઈમ્યુન સિસ્ટમ (રોગપ્રતિકારકશક્તિ યંત્રણા) આપણા શરીરને બદલે જંતુઓ પર હુમલો કરવાનું કઈ રીતે જાણી લે છે તે અંગે કરેલા સંશોધન બદલ મૅરી ઈ. બ્રન્કૉવ, ડૉ. શિમૉન શાકાગુચીને સોમવારે મૅડિસિન માટેનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

અર્થશાસ્ત્ર માટેના નોબેલ મૅમોરિયલ પ્રાઈસની ૧૩, ઑક્ટોબરે જાહેરાત કરવામાં આવશે.

નૉબલ પારિતોષિક વિજેતાને ઈનામ તરીકે અમૂલ્ય પ્રતિષ્ઠા મળવા ઉપરાંત ૧૨ લાખ ડૉલરની રોકડ રકમ આપવામાં આવે છે. (એજન્સી) ■

## વૈષ્ણોદેવી યાત્રા

એકમાત્ર રોડ છે. રસ્તો સાફ કરવા માટે મશીનો અને ટીમો સ્થળ પર મોકલવામાં આવી છે. જમ્મુના નગરોટામાં વાહનો રોકી દેવામાં આવ્યા હતા.

તે સિવાય ૪૩૪ કિલોમીટર લાંબા શ્રીનગર-લેહ હાઇવે અને મુગલ રોડ અને સિંથન ટોપ જેવા વૈકલ્પિક માર્ગો બરફવર્ષાને કારણે બંધ કરવામાં આવ્યા છે. જોઝીલા પાસ પર છ ઇંચ સુધી બરફ પડ્યો હતો જ્યારે મુગલ રોડ પર પીર કી ગલી અને કિશ્તવાડમાં સિંથન ટોપ પર ત્રણથી ચાર ઇંચ બરફ પડ્યો હતો. ડોડા, રામબન, કિશ્તવાડ, કઠુઆ, રાજૌરી અને પૂંછ જિલ્લાના ઉપરના ભાગોમાં પણ બરફ પડ્યો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે બુધવારથી હવામાનમાં સુધારો થવાની ધારણા છે. આગામી પંદર દિવસ સુધી વરસાદ કે હિમવર્ષાની કોઈ શક્યતા નથી.

ખરાબ હવામાનને કારણે માતા વૈષ્ણો દેવી અને મચૈલ માતા (કિશ્તવાડ) ની યાત્રાઓ ત્રીજા દિવસે પણ સ્થગિત રહી હતી. આ યાત્રાઓ બુધવારે ફરી શરૂ થવાની ધારણા છે. મંગળવારે સતત બીજા દિવસે જમ્મુ વિભાગની તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ રહી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉધમપુરમાં મંગળવારે સવારે સાડા આઠ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૦૦.૨ મિમી વરસાદ નોંધાયો હતો. બટોટમાં ૯૮.૨ મીમી, બનિહાલમાં ૭૫.૮ મિમી, કટરામાં ૪૪ મિમી અને જમ્મુ શહેરમાં ૩૮.૬ મિમી વરસાદ નોંધાયો હતો. જમ્મુ શહેરમાં મહત્તમ તાપમાન ૨૧.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમના સામાન્ય તાપમાન કરતા ૧૧.૧ ડિગ્રી ઓછું હતું, જ્યારે લઘુતમ તાપમાન પણ છ ડિગ્રી ઘટીને ૧૫ ડિગ્રી સેલ્સિયસ થયું હતું.

## સરદાર પટેલની

કરશે. તેમણે કહ્યું હતું કે સમારોહ ૩૧ ઓક્ટોબરે એકતા કૂચથી શરૂ થશે, જે સરદાર પટેલ પ્રતિમાથી શરૂ થશે અને રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર સમાપ્ત થશે. મુખ્ય પ્રધાનના નેતૃત્વ હેઠળની આ કૂચ પછી ૩૧ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર દરમિયાન દિલ્હીના ૧૦ જિલ્લાઓમાં ૧૫૦ આવી જ કૂચ યોજાશે. તેમણે કહ્યું હતું કે વિવિધ મંત્રીઓ, ન્યાયાધીશો, પદ્મશ્રી પુરસ્કાર વિજેતાઓ અને અન્ય મહાનુભાવો પટેલના એકતા અને રાષ્ટ્રીય અખંડિતતાના સંદેશને ફેલાવવા માટે આ કૂચમાં ભાગ લેશે.

સૂદે કહ્યું હતું કે ૧ નવેમ્બરના રોજ દિલ્હીના સ્થાપના દિવસના અવસર પર લાલ કિલ્લા ખાતે એક ખાસ કાર્યક્રમ યોજાશે, જેમાં નદીના પાણીનું યોગદાન આપનારાઓના પ્રતિનિધિઓ ભાગ લેશે.

તેમણે કહ્યું હતું કે તમામ કાર્યક્રમો વિદ્યાર્થીઓ અને યુવા સ્વયંસેવકો દ્વારા આયોજિત કરવામાં આવશે અને તેમાં વ્યાવસાયિક કલાકારોની કોઈ સંડોવણી રહેશે નહીં. મંત્રીએ કહ્યું હતું કે ૧૫ જિલ્લાઓમાં પોસ્ટર બનાવવાની સ્પર્ધાઓ પણ યોજાશે અને ૧૫૦ પસંદ કરાયેલા વિજેતાઓને ગુજરાતમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેવાની તક મળશે. ■

## પાકિસ્તાનનું

પાકિસ્તાની સેનાના કાળા કામોનો પર્દાફાશ કર્યો હતો. ભારતે જડબાતોડ જવાબ આપતા દાવો કર્યો કે પાકિસ્તાન એ દેશ છે જેણે ૧૯૭૧ માં ઓપરેશન સર્ચલાઇટ શરૂ કર્યું હતું, જે દરમિયાન તેની પોતાની સેનાએ ૪૦૦,૦૦૦ મહિલાઓ પર બળાત્કાર કર્યો હતો. ભારતે આતંકવાદના મુદ્દા પર પણ પાકિસ્તાનને ઘેરી લીધું હતું. પાકિસ્તાને કહ્યું હતું કે કાશ્મીરી મહિલાઓ દાયકાઓથી જાતીય હિંસાનો સામનો કરી રહી છે. તેના જવાબમાં હરીશે કહ્યું, ''દુર્ભાગ્યવશ, અમે દર વર્ષે અમારા દેશ વિરુદ્ધ ભ્રામક ભાષણો સાંભળવા મજબૂર છીએ, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર પર, જે ભારતનો અભિન્ન ભાગ છે.'' પાકિસ્તાનનો પર્દાફાશ કરતા તેમણે કહ્યું કે, ''એક દેશ જે પોતાના લોકો પર બોમ્બમારો કરે છે અને વ્યવસ્થિત રીતે નરસંહાર કરે છે તે ફક્ત દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે ખોટા નિવેદનોનો ઉપયોગ કરે છે. પાકિસ્તાન એ દેશ છે જેણે ૧૯૭૧માં ઓપરેશન સર્ચલાઇટ શરૂ કર્યું હતું અને તેની પોતાની સેનાએ ચાર લાખ મહિલાની જાતીય સતામણી કરી હતી.'' આ પહેલી વાર નથી જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો છે; પાકિસ્તાને પહેલા પણ આવું અપમાન સહન કર્યું છે. ■

## ગો ફેશન પર

કર્યું છે.'' કંપની દ્વારા કરવામાં આવેલા કથિત ઉલ્લંઘનોની વિગતો અંગે ગો ફેશન (ઇન્ડિયા) એ કહ્યું હતું કે, ''આ સમયે આની શોધ કરી શકાતી નથી.'' કંપનીએ જણાવ્યું હતું કે તેના વ્યવસાયિક કાર્યો પર કોઈ અસર પડી નથી અને તે સામાન્ય રીતે ચાલુ રહેશે. તેણે ઉમેર્યું હતું કે, આ સમયે નાણાકીય દૃષ્ટિએ નાણાકીય અસરનું મૂલ્યાંકન કરી શકાતું નથી. કંપનીના નિયમનકારી ફાઇલિંગ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫માં કંપનીની આવક ૮૪૮.૧૭ કરોડ રૂપિયા હતી. ગયા મહિને આવકવેરા વિભાગે કરચોરીના આરોપસર વિવિધ શહેરોમાં સ્થિત મેરિકો ગ્રૂપના વ્યવસાયિક પરિસરમાં સર્વે ઓપરેશન હાથ ધર્યું હતું. ■

## પટેલ પાવર

વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયા-એ ટીમના બે પ્લેયર ઝીરોમાં આઉટ થઈ ગયા હતા અને પાંચ પ્લેયરે સિંગલ ડિજિટમાં રન કરીને વિકેટ ગુમાવી હતી.

મુંબઈના આયુષ મ્હાત્રેના સુકાનમાં રમી રહેલી ભારતીય ટીમે જવાબમાં રમતના અંત સુધીમાં સાત વિકેટે ૧૪૪ રન કર્યા હતા અને નવ રનની સરસાઈ લીધી હતી. ખિલાન પટેલે ૨૬ રન, અમદાવાદના વેદાંત ત્રિવેદીએ પચીસ રન કર્યા હતા, જ્યારે હેનિલ પટેલ બાવીસ રને નૉટઆઉટ હતો. ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી ફક્ત ૨૦ રન કરીને આઉટ થઈ ગયો હતો. ■

# સુધરાઈની હૉસ્પિટલોમાં હવે જેનેરિક દવા મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત હૉસ્પિટલોમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને અનેક વખત બહારથી લખી આપવામાં આવતી મોંઘી દવાઓ પરવડતી નથી અને એવા સંજોગોમાં દર્દી યોગ્ય સારવારથી વંચિત રહી જતો હોય છે. તેથી હવે આર્થિક વર્ગના લોકોને પણ પરવડી શકે એવા દરમાં દવા મળી રહે તે માટે પાલિકાની હૉસ્પિટલમાં જ જેનેરિક દવાની દુકાનો ઉપલબ્ધ કરી આપવાની પ્રશાસને યોજના બનાવી છે.

પાલિકાના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ગરીબ દર્દીઓને સસ્તા દરે પાલિકાની હૉસ્પિટલની અંદર જ દવા મળી રહે તે માટે યોજના બનાવી છે, જે અંતર્ગત હૉસ્પિટલના પરિસરમાં જેનેરિક દવાની દુકાન ખોલવામાં આવશે. હૉસ્પિટલના પરિસરમાં ૧૫૦ ચોરસ ફૂટની જગ્યા ભાડાપર નેકૉફ ઈંડિયા લિમિટેડને ભાડા પર આપવામાં આવશે. કેન્દ્ર સરકારના નગર વિકાસ મારફત સ્થાનિક નાગરી સ્વરાજ્ય સંસ્થા મારફત ચલાવવામાં આવતી હૉસ્પિટલના પરિસરમાં 'અમૃત ફાર્મસી' હેઠળ જેનેરિક દવાની દુકાન ચાલુ કરવાની મંજૂરી પાલિકાએ પોતાની શરત અને નિયમને આધારે આપી છે.

નેકૉફ ઈંડિયા લિમિટેડ દ્વારા પાલિકાની હૉસ્પિટલમાં જેનેરિક દવાની દુકાન ચાલુ કરવા માટે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં પાલિકાની હૉસ્પિટલમાં ૧૨૦ જગ્યામાંથી ૫૦ જગ્યાએ જેનેરિક દવાની દુકાન ચાલુ કરવાની માગણી હતી. પાલિકા ૫૦ જગ્યાએ જેનેરિક દવાની દુકાન માટે ૧૫૦ ચોરસ ફૂટની જગ્યા આપશે. પાલિકા તે માટે દર મહિને પાંચ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ દરથી જગ્યા આપશે. જેનેરિક દવાની દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખવામાં આવશે એવી શરત પાલિકાએ રાખી હોવાનું કહેવાય છે. ■

# યુવા મતદારો મતદાનથી વંચિત રહેશે?

મુંબઈ: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે પહેલી જુલાઈ, ૨૦૨૫ સુધીની મતદાર યાદી સ્વીકારવામાં આવી રહી હોવા છતાં ઓક્ટોબર ૨૦૨૪ પછી નવા મતદારો નોંધાયા નથી. તેથી ગયા વર્ષે ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરનારા યુવાનો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે નહીં. ચૂંટણી પંચે મતદાર યાદીમાં નવા મતદારોનાં નામ ઉમેરવા માટે ફોર્મ નંબર ૬ (અરજી પત્રક ક્રમાંક ૬) માટે જન્મતારીખની ૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીની મર્યાદા નક્કી કરી છે. એટલે કે, ૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં અઢાર વર્ષની ઉંમર પૂર્ણ કરનાર વ્યક્તિ જ નોંધણી કરાવી શકશે. વિધાનસભા ચૂંટણી પછી આ મર્યાદા અપડેટ કરવામાં આવી નથી. તેથી, એવું જાણવા મળ્યું છે કે ૧ ઓક્ટોબર, ૨૦૨૪ પછી ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરનારા યુવાનોના નામ નોંધણી કરવામાં આવી રહ્યા નથી. પ્રભાદેવીની રહેવાસી રૂપિકા અનિલ સિંહ એપ્રિલ ૨૦૨૪માં ૧૮ વર્ષની થઈ ત્યારે તેણે મતદાર યાદીમાં નવી નોંધણી માટે અરજી ૬ ભરી, પરંતુ તેની નોંધણી થઈ નહીં. ત્યારબાદ તેને આ વાતની જાણ થતા તેણે આ બાબતે ભારતના ચૂંટણી પંચને પત્ર મોકલ્યો હતો. ■

# બળજબરીથી લગ્ન, જાતીય શોષણ અને ગર્ભપાતની સગીરાની ફરિયાદઃ છ સામે ગુનો

પાલઘરઃ સગીર વયમાં જ બળજબરીથી લગ્ન પછી જાતીય શોષણ અને ગર્ભપાત કરાવ્યાનો આક્ષેપ પાલઘર જિલ્લાના જવ્હાર ખાતે રહેતી ૧૪ વર્ષની સગીરાએ કરતાં પોલીસે જળગાંવ જિલ્લાના છ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપીઓમાંનો એક તેના મિત્ર સાથે સગીરાના જવ્હાર તાલુકામાંના ઘરે આવ્યો હતો. તે સમયે સગીરા સાથે લગ્ન કરવાની વાતચીત કરાઈ હતી, એમ જવ્હાર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આ જ વર્ષની ૧૦ એપ્રિલે સગીરાનાં લગ્ન કરાવાયાં હતાં. સગીરાના વડીલોને ૮૫ હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા અને લગ્ન પછી સગીરાને જળગાંવ જિલ્લાના પચોરા ખાતે લઈ જવાઈ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે વારંવાર દુષ્કર્મને કારણે સગીરા ગર્ભવતી બની હતી. આ વાતની જાણ થતાં આરોપીની માતાએ સગીરાને અમુક દવા આપી હતી, જેને પગલે તેનો ગર્ભપાત થયો હતો. ■

# મરાઠા અનામતઃ સરકારના નિર્ણય પર વચગાળાનો સ્ટે આપવાનો હાઈ કોર્ટનો ઇનકાર

મુંબઈઃ અન્ય પછાત જાતિ (ઓબીસી) વિભાગમાં મરાઠા સમાજને અનામત મળે એ માટે રાજ્ય સરકારે બીજી સપ્ટેમ્બરે આપેલા આદેશને વચગાળાનો સ્ટે આપવા મંગળવારે હાઈ કોર્ટે ના પાડી હતી. આ નિર્ણયને પગલે સરકારી ધોરણ અનુસાર કુણબી તરીકે નોંધ ધરાવતા મરાઠાઓને હાલ તો અનામતનો લાભ મળી જશે.

મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠે સરકારને બીજી સપ્ટેમ્બરના વટહુકમના કેટલાક પાસાઓ અંગે સોગંદનામામાં ખુલાસો કરવા જણાવ્યું હતું. કોઈ વચગાળાની રાહત મહીં આપવામાં આવે અને સરકાર જવાબ દાખલ કરશે એ પછી જ આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી.

અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી નહીં આપવામાં આવે અને એટલે હાલમાં કોઈ વચગાળાની રાહત આપવા તૈયાર નહીં હોવાની સ્પષ્ટતા હાઈ કોર્ટે કરી હતી. રાજ્ય સરકાર તરફથી હાજર રહેલા એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે અરજદારોની અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે તે અરજદારો પર નિર્ણયની કોઈ અસર નહીં પડે. ત્યારબાદ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે સરકાર જવાબ નહીં આપે ત્યાં સુધી અરજદારોને વચગાળાની રાહત નહીં મળે. ■

# કોહિનૂર ઈન્ટરનેશનલ સ્કૂલ : જયાં વર્ગ બહારનું પણ શિક્ષણ અપાય છે એવી મુંબઈની પહેલી ચિન્મય વિઝન સ્કૂલ

એવા યુગમાં જ્યાં શિક્ષણ ઘણીવાર ગ્રેડ અને પરીક્ષાઓની આસપાસ ફરતું હોય છે, **મુંબઇમાં કોહિનુર ઇન્ટરનેશનલ સ્કૂલ (KIS)** એક અલગ માર્ગ બનાવી રહી છે જે શૈક્ષણિક શ્રેષ્ઠતાને જીવન કૌશલ્ય, મૂલ્યો અને નેતૃત્વ સાથે મિશ્રિત કરે છે.

(KIS) માં, બાળકના જીવનમાં રચનાત્મક વર્ષોને પરિવર્તનશીલ તબક્કા તરીકે જોવામાં આવે છે. અમારો અભિગમ **ચિન્મય વિઝન પ્રોગ્રામ (CVP)**માં મૂળ ધરાવે છે, જે ચાર સ્તંભો પર બનેલ છે : **સંકલિત વિકાસ, ભારતીય સંસ્કૃતિ, દેશભક્તિ અને સાર્વત્રિક દષ્ટિકોણ.** આ સિદ્ધાંતો ખાતરી કરે છે કે દરેક શીખનાર શરીર, મન, બુદ્ધિ અને ભાવનામાં વિકાસ પામે.

અમારું માનવું છે કે ''શિક્ષણ બાળકોને ફક્ત પરીક્ષામાં જ નહીં, પણ જીવનમાં પણ વિકાસ માટે સશક્ત બનાવવું જોઇએ, તેથી જ અમે શૈક્ષણિક, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, સર્જનાત્મકતા અને વ્યક્તિગત વિકાસના મિશ્રણ દ્વારા સર્વાંગી વિકાસ પર ભાર મૂકીએ છીએ.''

**▸ ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિનું સન્માન :** KIS ખાતે જીવનના દરેક પાસામાં **ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ** પ્રત્યે ઊંડો આદર વહે છે. વિદ્યાર્થીઓ પરંપરાગત તહેવારો ઉજવે છે, શાસ્ત્રીય સંગીત અને નૃત્ય શીખે છે અને ભારતના સમૃદ્ધ વારસાનું અન્વેષણ કરે છે, ગર્વ અને સ્વાવલંબી ભાવનાને પોષે છે. **ભગવદ્ ગીતાના પાઠ** આધ્યાત્મિકતાને એક સાર્વત્રિક માર્ગ તરીકે સ્વીકારે છે જે આંતરિક શક્તિ, વિચારની સ્પષ્ટતા અને નૈતિક જીવનને પ્રેરણા આપે છે, જયારે આપણે **ધર્મ કરતા** આધ્યાત્મિકતા પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જે તમામ ધર્મો માટે સમાવિષ્ટ વાતાવરણ સુનિશ્ચિત કરે છે.



સાંસ્કૃતિક સંવેદનશીલતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા રોજિંદા જીવન સુધી પણ વિસ્તરે છે. **શાળાના કાફેટેરિયા જૈન ભોજનના વિકલ્પો પ્રદાન** કરે છે, જે વિવિધ આહાર પસંદગીઓ અને પ્રથાઓ પ્રત્યેના અમારા આદરને પ્રતિબિંબિત કરે છે.

**▸ સક્રિય શિક્ષણઃ** અમારા વર્ગખંડો ચાર દિવાલોથી ઘણા આગળ ફેલાયેલા છે. સતત મૂલ્યાંકનને વ્યવહારુ પ્રોજેક્ટ દિવસો સાથે પૂરક બનાવવામાં આવે છે. જયાં વિદ્યાર્થીઓ મૉડેલ, ચાર્ટ, પ્રસ્તુતિઓ અને નાટકો બનાવવા માટે સહયોગ કરે છે. ક્ષેત્ર યાત્રાઓ, પર્યટન અને મહેમાનોની વાતચીત સિદ્ધાંત અને વાસ્તવિક દુનિયાના ઉપયોગ વચ્ચેના અંતરને વધુ પૂરો કરે છે. અમારું માનવું છે કે આ અનુભવો માત્ર જિજ્ઞાસા જ નહીં, પરંતુ સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનક્ષમતા પણ બનાવે છે.

**▸ અભ્યાસક્રમ સાથે ઈતર પ્રવૃત્તિઓ : વ્યક્તિગત રીતે સાચામાં ઢાળવા**

KIS માં સંગીત, નૃત્ય, કલા, શારીરિક શિક્ષણ, રમતગમત અને માર્શલ આર્ટ્સ જેવી અભ્યાસક્રમ સાથે ઈતર પ્રવૃત્તિઓ બાળકના સર્વાંગી વિકાસનો એક અભિન્ન ભાગ છે. આ માર્ગે તેઓ શોખ મુજબ ઘણા આગળ વધે છે-તે બાળકોને તેમના જુસ્સાને શોધવા, સર્જનાત્મક રીતે પોતાને વ્યક્ત કરવા અને તેમની અનન્ય શક્તિઓ શોધવા માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડે છે.

સંગીતની લય, નૃત્યની સુંદરતા, કલાના રંગો, રમતગમતની શિસ્ત અને માર્શલ આર્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી આપણા બાળકો ફક્ત તેમની પ્રતિભાને જ ખીલવતા નથી પરંતુ આવશ્યક જીવન કૌશલ્યોનું નિર્માણ પણ કરે છે. તેઓ વિકાસ પામે છે. પડકારોનો સામનો કરીને સ્થિતિસ્થાપકતા તેમજ સતત અભ્યાસ દ્વારા શિસ્ત શીખી ધીરજ કેળવી તેઓ નિપુણતા માટે પ્રયત્નશીલ રહે છે.

આ બધી પ્રવૃત્તિઓ વ્યક્તિત્વને મજબૂત બનાવે છે અને આદર, જવાબદારી અને દ્રઢતા જેવા મૂલ્યોની પ્રેરણા આપે છે. તેઓ બાળકોને સામાજસાથે મજબૂતીથી જોડાવામાં મદદ કરે છે, જેમાં પોતાનું અને સમુદાયની ભાવનાનો વિકાસ થાય છે. ટીમ-આધારિત પ્રવૃત્તિઓ સહકાર અને સંદેશાવ્યવહારનું મહત્ત્વ શીખવે છે, જયારે વ્યક્તિગત પ્રવૃત્તિઓ સ્વ-પ્રેરણા અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે છે.

વધુમાં સહ-અભ્યાસક્રમ સાથે સંકળાયેલા રહેવાથી તણાવ અને સ્વ-અભિવ્યક્તિ માટે સ્વસ્થ માર્ગ પૂરો પાડીને ભાવનાત્મક સુખાકારીમાં વધારો થાય છે. તેમજ આત્મવિશ્વાસમાં પણ વધારો કરે છે, સમય વ્યવસ્થાપન કૌશલ્યમાં સુધારો કરે છે અને વિદ્યાર્થીઓને વર્ગની બહારના જીવન માટે નેતૃત્વના ગુણ આપે છે.

મૂળમાં, આ પ્રવૃત્તિઓ 'વધારાની' નથી, શૈક્ષણિક શિક્ષણ એક મહત્ત્વપૂર્ણ પૂરક છે, શિક્ષણના ભાગ રૂપે આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને વિશાળ વિશ્વમાં વિકાસ,સંતુલન, સક્ષમ અને દયાળુ બનવા માટેનું વ્યક્તિત્ત્વ પ્રદાન છે.

(KIS) શિક્ષણ મંત્રાલયના **બેગલેસ ડે પ્રોગ્રામ**ને પણ અનુસરે છે, જયાં શીખનારાઓ જીવન કૌશલ્ય, વ્યાવસાયિક પ્રવૃત્તિઓ અને સર્જનાત્મક કળાઓમાં ગહન વિચારણા કરે છે-પછી ભલે તે કઠપૂતળી બનાવવી હોય, આગ વગર રસોઇ બનાવવી હોય, અથવા નકામી વસ્તુઓમાંથી શ્રેષ્ઠ હસ્તકલા બનાવવાની હોય.

**▸ ભવિષ્યના નેતાઓને ઘડવાઃ KIS**માં, નેતૃત્વ ફક્ત પદવીઓ વિશે નહીં, પરંતુ ક્રિયા વિશે છે. લોકશાહી રીતે ચૂંટાયેલી વિદ્યાર્થી પરિષદ વ્યવહારુ ભૂમિકા-કાર્યક્રમોનું આયોજન , પહેલનું નેતૃત્વ અને શાળા શાસનને સક્રિય રીતે પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત કેમ્પસ અમારા વિદ્યાર્થીઓ આંતરશાળા સ્પર્ધાઓ, મોડલ યુનાઇટેડ નેશન્સ, વિજ્ઞાન મેળાઓ, રમતગમત ટૂર્નામેન્ટસ અને સાંસ્કૃતિક ઉત્સવોમાં શ્રેષ્ઠત પ્રદર્શન કરે છે, આત્મવિશ્વાસ કેળવવા, ટીમવર્કમાં નિપુણતા મેળવવો અને વ્યાપક તેમજ વૈશ્વિક દષ્ટિકોણ વિકસાવે છે.

**▸ કાર્યમાં મૂલ્યો :** KISના સિદ્ધાંતો ટકાઉપણું અને સર્વાંગી વિકાસ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે. રિસાઈક્લિંગ ડ્રાઇવ, ખાતર બનાવવાના પ્રોજેક્ટસ અને કચરાને અલગ પાડવા એ રોજિંદા જીવનનો એક ભાગ છે, જે વિદ્યાર્થી માં નાનપણથી જ પર્યાવરણીય જવાબદારીનું સિંચન કરે છે. રાષ્ટ્રીય તહેવારોને અને પરંપરાગત કળાઓની ઉજવણી સાંસ્કૃતિક ગૌરવને મજબૂત બનાવે છે અને સાથા સાથે સમાવેશકતા અને વિવિધતા માટે આદરને પ્રોત્સાહન આપે છે.

કોહિનૂર ઇન્ટરનેશનલ સ્કૂલમાં, દરેક ભોજન દયાનો સૌમ્ય પાઠ છે. અમારો ફક્ત શાકાહારી અભિગમ સ્વસ્થ ખોરાકનો સ્વાદિષ્ટ આનંદ માણતી વખતે બાળકોને એ શીખડાવે છે કે નાના હોય કે શક્તિશાળી બધા જીવંત પ્રાણીઓની સંભાળ રાખવી. અમે સમજી વિચારીને તૈયાર કરેલા જૈન વિકલ્પો પણ પ્રદાન કરીએ છીએ, જેથી તે પરંપરાનું પાલન કરતા પરિવારો ઘરે હોય તેવું અનુભવે અને દરેક બાળક આરામ અને આનંદથી ખાઇ શકે.

માનસિક અને ભાવનાત્મક સુખાકારીને સમાન રીતે પ્રાથમિકતા આપવામાં આવે છે. શિક્ષકો, સલાહકારો અને સાથીદારોના મજબૂત નેટવર્ક સાથે, KIS ખાતરી કરે છે કે દરેક બાળક મૂલ્યવાન અને સમર્થિત અનુભવે છે.

**▸ એક સંતુલિત દૃષ્ટિ :** કઠોર શૈક્ષણિક, નવીન શિક્ષણ પદ્ધતિઓ, સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ અને ચારિત્ર્ય શિક્ષણનું સંયોજન કરીને, કોહિનૂર ઇન્ટરનેશનલ સ્કૂલ વિદ્યાર્થીઓને અણધારી, ઝડપથી બદલાતી દુનિયા માટે તૈયાર કરે છે. અમારું લક્ષ્ય દયાળુ, આત્મવિશ્વાસુ અને ભવિષ્ય માટે તૈયાર નાગરિકોનો ઉછેર કરવાનો છે.

કોહિનૂર ઇન્ટરનેશનલ સ્કૂલ એ માન્યતાનો પુરાવો છે કે સાચું શિક્ષણ એ સંભાવનાઓને ઉજાગર કરવા, જિજ્ઞાસાને પ્રેરણા આપવા અને જીવનભર ટકી રહે તેવા શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોને કેળવવા વિશે છે.

**સરનામુંઃ કોહિનૂર ઇન્ટરનેશનલ સ્કૂલ, કોહિનૂર સિટી, વિદ્યાવિહાર (વેસ્ટ),** મુંબઇ - ૪૦૦૦૯૨.

વધુ વિગતો માટે કોલ કરો :

**Call: +91- 8657523572.**
**www.kohinoorschool.ac.in**




# કોસ્ટલ રોડ પર રેલિંગ તોડીને કાર દરિયામાં પડી: ડ્રાઈવરને બચાવી લેવાયો

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડ પર પૂરપાટ વેગે જતી કાર રેલિંગ તોડી દરિયામાં પડી હોવાની ઘટના સોમવારે રાતે બની હતી. કોસ્ટલ રોડ પર તહેનાત મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સના જવાનો અને પોલીસ કોન્સ્ટેબલ દરિયામાં કૂદી પડ્યા હતા અને ૨૮ વર્ષના ડ્રાઇવરને બચાવી લીધો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

વરલી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અરવિંદ પાટીલે કહ્યું હતું કે સોમવારે રાતના ૧૦.૫૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. દરિયામાં ખાબકેલી કારમાં હાજર ડ્રાઇવરને બચાવી લેવામાં આવ્યો હતો અને તેને બાદમાં સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવાયો હતો. તેની ઓળખ ફ્શોગર બત્તીવાલા (૨૮) તરીકે થઇ હતી, જે તાડદેવ વિસ્તારમાં રહે છે.

સોમવારે રાતના બત્તીવાલા અર્ટિગા કારમાં મહાલક્ષ્મીથી વરલી તરફ જઇ રહ્યો હતો. કોસ્ટલ રોડ પર નમન બિલ્ડિંગ સામે પહોંચ્યા બાદ તેણે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર રેલિંગ તોડીને ૩૦ ફૂટની ઊંચાઇથી દરિયામાં ખાબકી હતી.

કારને દરિયામાં ખાબકતી જોઇને મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સના બે જવાન તથા પોલીસ કોન્સ્ટેબલ પોતાના જીવની પરવા કર્યા વિના દરિયામાં કૂદી પડ્યા હતા અને બત્તીવાલાને બચાવી લીધો હતો. જવાન કાર તરફ ગયો હતો અને દોરડાની મદદથી તેને પાણીમાંથી બહાર ખેંચી કાઢ્યો હતો. આ ઘટનામાં બત્તીવાલાને ઇજા પહોંચી હતી અને તેને બાદમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

વરલી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કારચાલક દારૂના નશામાં હતો કે કેમ તે જાણવા માટે તેના લોહીના નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

# પાલિકાની એસઆરએ યોજના સામે બિલ્ડરો ઉદાસીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા શહેરમાં જુદા જુદા ઠેકાણે આવેલી પોતાની માલિકી જમીન પર વર્ષોથી ઊભા થઈ ગયેલા ઝૂંપડાઓને હટાવી એસઆરએ અંતર્ગત જમીનનો વિકાસ કરવાની છે. પાલિકાએ તે માટે ઈચ્છુક સંસ્થાઓને આંમત્રણ આપીને બે અઠવાડિયાનો સમય લંબાવી આપ્યો છે. જોકે મોટાભાગના પ્લોટ માનખુર્દ અને ગોવંડીમાં આવેલા હોવાથી અહીં થયેલા અતિક્રમણને જોતા કોઈ કંપનીએ અત્યાર સુધી આ પ્રોજેક્ટમાં રસ બતાવ્યો ન હોવાનું જણાઈ આવ્યું છે.

પાલિકા ૨૬ ઝૂંપડપટ્ટીઓનો એસઆરએ અંતર્ગત વિકાસ કરવા માગે છે. મોટાભાગના પ્લોટ એમ-પૂર્વ વોર્ડમાં આવેલા છે, જેમાં મુખ્યત્વે દેવનાર, માનખુર્દ અને ગોવંડીનો સમાવેશ થાય છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બીડ લંબાવવામાં આવી છે, છતાં કોઈ ડેવલપરે આ કામમાં રસ દર્શાવ્યો નથી, કારણકે મોટાભાગના પ્લોટ પર અતિક્રમણ થઈ ગયું છે. ગેરકાયદે રીતે ઝૂંપડા ઊભા કરી દેનારાઓને ત્યાંથી હટાવીને પ્લોટ હાથમાં રિડેવલપમેન્ટ માટે લેવો એ લોઢાના ચણા ખાવા સમાન છે. આ પ્લોટ પર રીડેવલપમેન્ટ કરવું અત્યંત પડકારજનક હોવાનું ડેવલપરો માને છે. તેથી તેઓ આ કામ માટે આગળ આવતા અચકાઈ રહ્યા છે. સામાન્ય રીતે કોઈ પણ પ્લોટ પર ઝૂંપડા હોય તો તે પ્લોટ પર સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી દ્વારા રિડેવલપમેન્ટનું કામ હાથ ધરવામાં આવતું હોય છે પણ આ પ્લોટ પાલિકાની માલિકીના હોવાથી તેઓ એસઆરએ પાસેથી રીડેવલપમેન્ટ કરાવવાને બદલે જાતે જ કરવા માગે છે.

પાલિકા આ પ્રોજેક્ટ ડીસીપીઆર-૨૦૩૪ રેગ્યુલેશન ૩૩(૧૦) અંતર્ગત આવે છે અને શહેર અને ઉપનગરમાં ૬૪ રિઝર્વ મ્યુનિસિપલ પ્લોટ ઉપર ૪૯,૦૦૦ ઝૂંપડાઓને આવરી લેતા લગભગ ૮.૩૭ લાખ ચોરસ મીટર જગ્યાનો પુનર્વિકાસનનો તેમાં સમાવેશ થાય છે. જોકે તેમાંથી ૨૬ જમીનના પ્લોટ પર રિડેવલપમેન્ટ કરવા માટે અપેક્ષા મુજબ ડેવલપર આગળ આવ્યા નથી, તેમાં પણ આઠ પ્લોટ માટે તો ફક્ત એક જ બિડર આગળ આવ્યો હતો. તેથી પાલિકાએ ગયા મહિને ફરી કંપનીઓને આકર્ષવા માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) બહાર પાડયા હતા. જોકે પાલિકાએ હવે ફરી તેની ડેડલાઈન લંબાવીને ૨૭ ઑક્ટોબર, ૨૦૨૫ કરી નાંખી છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ મોટાભાગના પ્લોટ ગોવંડી અને માનખુર્દ જેવા વિસ્તારોમાં આવેલા છે. અહીં મુખ્યત્વે ઓછી આવક ધરાવતા લોકોના ઘર આવેલા છે. તેથી હાયર ઈન્કમ ધરાવતા લોકો આ વિસ્તાર તરફ આવવાનું ટાળે છે. પ્લોટ પર મોટા પ્રમાણમાં થયેલા અતિક્રમણને કારણે તે લોકોને હટાવવા સહિત ઝૂંપડાવાસીઓની કાયદેસરતા જેવા પડકારોને કારણે બિલ્ડરો આગળ આવતા ખચકાઈ રહ્યા છે.

## સંસ્થા સમાચાર

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા પ્રતિવર્ષ મુજબ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી શુદ્ધ મીઠાઈ તથા ફરસાણ તેમ જ સૂકામેવાનું કિફાયત દરે વિતરણ સમાજ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. અગાઉથી બુકિંગ કરાવવું આવશ્યક રહેશે જે તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ પહેલા સમાજ ભવન કાર્યાલયમાં સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ અને સાંજે ૫.૦૦ થી ૭.૩૦ સુધીમાં બુકિંગ કરાવી શકાશે. બુકિંગ કરેલ વસ્તુઓની ડિલિવરી ૧૬ ઓક્ટોબરથી ૧૮ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન મળી શકશે. જાહેર જનતા આનો લાભ લઈ શકશે.

છેલ્લા પાનાનું ચાલુ

### એપ ટેક્સી

ટેક્સીઓ માટે નવી 'એગ્રીગેટર પોલિસી' માત્ર બે દિવસમાં જાહેર કરવામાં આવશે. આ નીતિ મુસાફરો અને ડ્રાઇવરોના હિતોને પ્રાથમિકતા આપે છે અને કંપનીઓ માટે વાજબી ભાડા વસૂલવાની અને ડ્રાઇવરો દ્વારા પ્રાપ્ત થતી આવકના ઓછામાં ઓછા ૮૦ ટકા પરત કરવાની શરત રહેશે. પરિવહન ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળ, પરિવહન કમિશનર વિવેક ભીમનવર, સંયુક્ત સચિવ કિરણ હોલકર અને આઈએફએટીના પ્રમુખ પ્રશાંત સાવરડેકરની હાજરીમાં યોજાયેલી બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. સરનાઇકે કહ્યું હતું કે, કેટલીક એપ કંપનીઓ નફાના હિતમાં મુસાફરો અને ડ્રાઇવરો સાથે આર્થિક રીતે છેતરપિંડી કરી રહી છે. હવે સરકાર તેમના પર અંકુશ લગાવવા જઈ રહી છે. આ નવી નીતિ રાજ્યમાં બેરોજગાર યુવાનોને રોજગારની તકો પૂરી પાડશે. સરકાર એપ-આધારિત ટેક્સી, રિક્ષા અને ઇ-બાઇક સેવાઓને એક જ નિયમનના છત્ર હેઠળ લાવીને પારદર્શિતા વધારવાનો પણ પ્રયાસ કરી રહી છે. 'આ ડ્રાફ્ટ નિયમન ફક્ત ઉદ્યોગ માટે નથી, પરંતુ દરેક મુસાફર અને ડ્રાઇવર માટે ન્યાય માટે છે,' એવો દાવો સરનાઇકે દ્રઢપણે કર્યો હતો અને સમજાવ્યું કે આગામી દિવસોમાં મહારાષ્ટ્રમાં પેસેન્જર સેવા ક્ષેત્રમાં એક નવો અધ્યાય શરૂ થશે.

### મહારાષ્ટ્ર સરકારનું

નમૂનો' ગણાવ્યો જે ખેડૂતોના ઘા પર મીઠું ભભરાવે છે કારણ કે તે 'તેમને દેવાના જાળમાં વધુ ધકેલી દેશે.'

સપ્ટેમ્બરમાં ભારે વરસાદ અને પૂરથી મરાઠવાડા અને આસપાસના પ્રદેશોમાં ભારે અસર થઈ હતી, રાજ્યભરમાં ૬૮.૬૯ લાખ હેક્ટર જમીન પર પાકનો નાશ થયો. બીડ, છત્રપતિ સંભાજીનગર, નાંદેડ, યવતમાળ, લાતુર, સોલાપુર, ધારાશિવ, જાલના, પરભણી, બુલઢાણા, હિંગોલી, નાશિક અને વાશિમ સહિતના જિલ્લાઓમાં પાકને ભારે નુકસાન થયું છે.

દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારે મંગળવારે અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ. ૩૧,૬૨૮ કરોડના વળતર પેકેજની જાહેરાત કરી હતી.

સરકારની ટીકા કરતા કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું, 'મહાયુતિ સરકાર ખેડૂતોની મજાક ઉડાવી રહી છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર (આ વર્ષે) દરમિયાન, ફક્ત મરાઠવાડામાં જ ૭૮૧ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. છેલ્લા ૧૫ દિવસના ભારે વરસાદમાં, ૭૪ વધુ ખેડૂતોએ પોતાના જીવનનો અંત આણી દીધો છે અને છતાં, અર્થપૂર્ણ સહાય આપવાને બદલે, સરકારે આંકડા વધારીને ખોખલા પેકેજ રજૂ કર્યા છે.'

તેમણે એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે રાજ્યભરના ખેડૂતોએ તેમની જમીન, પશુધન અને આજીવિકાના સાધનો ગુમાવ્યા છે.

આવા સમયે તેઓ પ્રતિ હેક્ટર રૂ. ૫૦,૦૦૦ ના વળતરની અપેક્ષા રાખતા હતા. પરંતુ એનડીઆરએફના ધોરણો હેઠળ જાહેર કરાયેલી સહાય તેમના જીવનને ફરીથી બનાવવામાં મદદ કરવા માટે ખૂબ જ ઓછી છે. તે તેમને વધુ વિનાશ તરફ ધકેલી દેશે,' એમ તેમણે કહ્યું હતું. વડેટ્ટીવારે સવાલ કર્યો હતો કે જ્યારે પંજાબ જેવું રાજ્ય કોઈપણ કેન્દ્રીય સહાય વિના પોતાના ભંડોળમાંથી પ્રતિ હેક્ટર રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય આપી શક્યું છે ત્યારે મહારાષ્ટ્ર જેવું સમૃદ્ધ રાજ્ય શા માટે મોટી સહાય આપી શકતું નથી.

### નિર્માણાધીન ઈમારત

શ્યામ સનદ ઘોરઈ (૨૦) અને આદિત્ય રામસિંહ (૨૧) તરીકે થઈ હતી. બન્ને નાલાસોપારાના આચોલે પરિસરના રહેવાસી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ ઘટના વિરાર પશ્ચિમમાં અગાશી અર્નાળા માર્ગ પરના ઓલાંડા પરિસરમાં સોમવારે રાતે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. આ પરિસરમાં ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું હતું. નિર્માણાધીન ઈમારતના ૧૨મા માળેથી બન્ને વિદ્યાર્થીએ કૂદકો માર્યો હોવાની માહિતી પોલીસને મળી હતી.બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. પ્રાથમિક તપાસમાં બન્નેએ આત્મહત્યા કરી હોવાનું જણાયું હતું, એમ પોલીસનું કહેવું છે. જોકે નાલાસોપારામાં રહેતા બન્ને વિદ્યાર્થી ઘટનાસ્થળે શા માટે આવ્યા હતા તે તાત્કાલિક જાણી શકાયું નહોતું. બન્ને યુવક નાલાસોપારાની કૉલેજમાં ડિગ્રીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હતા. ઘટનાસ્થળેથી તેમના મોબાઈલ ફોન મળ્યા નહોતા. પરિણામે તેમની ઓળખ મેળવવી પોલીસ માટે મુશ્કેલ બન્યું હતું. જોકે ઘટનાસ્થળે પોલીસને બાઈક પાર્ક કરેલી મળી આવી હતી. આ બાઈક પર જ બન્ને યુવક વિરાર આવ્યા હતા. બાઈકના રજિસ્ટ્રેશન નંબરને આધારે તપાસ કરી પોલીસ વિદ્યાર્થીઓના ઘર સુધી પહોંચી હતી.

### હિમાચલ પ્રદેશમાં

બાદ અમેરિકામાં રહે છે. ચંડીગઢથી મનાલી અને ફરી ચંડીગઢની બાઈક રાઈડનું સ્થાનિક ટૂર ઑર્ગેનાઈઝર દ્વારા આયોજન કરાયું હતું. બાઈક રાઈડ માટે વડાલામાં રહેતો રચનાની માસીનો દીકરો ચિરાગ કેનિયા (૪૨) અને અંધેરીમાં રહેતો કઝિન હિતેશ સોનાની ચંડીગઢ જવાના હોવાથી રચના પણ તેમની સાથે ગઈ હતી. કહેવાય છે કે બાઈક રાઈડ દરમિયાન રામપુરમાં ઑવરટેકના પ્રયાસમાં ટૅન્કરના પાછલા ભાગ સાથે બાઈક ટકરાઈ હતી. અકસ્માતને કારણે રચના બાઈક પરથી જમીન પર પટકાઈ હતી ટૅન્કરના ટાયર નીચે આવી ગઈ હતી. અકસ્માતમાં ચિરાગને પણ ઇજા થઈ હતી. બન્નેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે રચનાને મૃત જાહેર કરી હતી. રચના ચિરાગની બાઈક પર પાછળની સીટ પર બેઠી હતી, જ્યારે હિતેશ બીજી બાઈક પર હતો. રચના મુંબઈની પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચા હોદ્દા પર કામ કરતી હતી, એવું જાણવા મળ્યું હતું.

### ₹ ૬૦ કરોડની

તેનો પતિ રાજ કુન્દ્રા હોમ શોપિંગ અને ઓનલાઇન રિટેઇલ પ્લેટફોર્મ બેસ્ટ ડીલ ટીવી પ્રાઇલેટ લિમિટેડના ડિરેક્ટર હતાં.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અભિનેત્રીનું નિવેદન નોંધતી વખતે તેણે દરેક પ્રશ્નના ઉત્તર આપ્યા હતા અને સંબંધિત દસ્તાવેજો સુપરત કર્યા હતા. અભિનેત્રી દ્વારા પૂરા પાડવામાં આવેલા દસ્તાવેજોની પોલીસ ચકાસણી કરી રહી છે. શિલ્પા શેટ્ટીએ જણાવ્યું હતું કે પોતે કંપનીની બાબતોમાં જોતી નથી. તેને પ્લેટફોર્મ (બેસ્ટ ડીલ ટીવી પ્રા.લિ.) પર હાજરી પુરાવવા માટે સેલિબ્રિટી ફી ચૂકવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લોન-કમ-ઇન્વેસ્ટમેન્ટ ડીલમાં વેપારી દીપક કોઠારી (૬૦) સાથે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે ૧૪ ઑગસ્ટે જુહુ પોલીસ સ્ટેશનમાં અભિનેત્રી અને તેના પતિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આર્થિક ગુના શાખાએ અગાઉ તપાસના ભાગરૂપે રાજ કુન્દ્રાનું નિવેદન નોંધ્યું હતું તેમ જ શિલ્પા અને તેના પતિ વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર પણ જારી કર્યું હતું. (પીટીઆઇ)

### પૂરગ્રસ્ત ખેડૂતો

હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારે વરસાદને કારણે ૩૬ જિલ્લાઓમાંથી ૨૯ અને (૩૫૮માંથી) ૨૫૩ તાલુકાઓ ભારે વરસાદથી પ્રભાવિત થયા છે.

તેમણે જણાવ્યું હતું કે, આ પેકેજમાં પાકના નુકસાન, માટી ધોવાણ, ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવા, નજીકના સગાં માટે વળતર, ઘરો, દુકાનો અને ઢોરઢાંખરને થયેલા નુકસાન વગેરેનો સમાવેશ થાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બધા અસરગ્રસ્ત ખેડૂતોને પ્રતિ હેક્ટર ૧૦,૦૦૦ રૂપિયા અને ક્ષતિગ્રસ્ત કૂવા દીઠ ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

તેમણે કહ્યું કે, સરકારની પ્રાથમિકતા ખેડૂતોને મજબૂત બનાવવાની છે જેથી તેઓ આગામી રવિ પાક માટે તૈયાર રહે, તેમણે ઉમેર્યું હતું કે વળતર સીધા ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

ઉપરાંત, પાક વીમો ધરાવતા ૪૫ લાખ ખેડૂતોને પ્રતિ હેક્ટર ૧૭,૦૦૦ રૂપિયા વીમાના પૈસા મળશે, એમ તેમણે જણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, ખેડૂતોએ આશા ન ગુમાવવી જોઈએ અને સરકાર સુનિશ્ચિત કરશે કે તેમણે 'અંધારી દિવાળી'નો સામનો ન કરવો પડે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આર્થિક તંગી હોવા છતાં ખેડૂતોને સહાય મળશે. 'અમે (કેન્દ્રીય મંત્રી) અમિત શાહને મળ્યા અને કેન્દ્રની સહાય માંગી હતી,' એમ પણ શિંદેએ કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે ખેડૂતોને થયેલા નુકસાન અંગે એક વ્યાપક મેમોરેન્ડમ કેન્દ્રને રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે.

સરકાર યોગ્ય સમયે લોન માફીની જાહેરાત કરશે, પરંતુ હાલમાં પ્રાથમિકતા 'ખેડૂતોને ફરીથી તેમના પગ પર ઊભા રહેવામાં મદદ કરવાની છે,' એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ એવો દાવો કર્યો હતો કે જ્યારે તેઓ (ઠાકરે) મુખ્ય પ્રધાન હતા ત્યારે ખેડૂતોને લોન માફી આપવામાં આવી હતી, તેનો જવાબ આપતાં ફડણવીસે કહ્યું હતું કે તેમના (ફડણવીસ)ના પ્રથમ કાર્યકાળ (૨૦૧૪ થી ૨૦૧૯) દરમિયાન પાક લોન માફ કરવામાં આવી હતી. ઠાકરે સરકારે નિયમિતપણે લોન ચૂકવનારા ખેડૂતોને સહાય આપવાનું પોતાનું વચન પૂરું કર્યું નહોતું જેને એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## પારસી મરણ

ફિરોઝ સાવક ચીખલીવાળા તે મેહરૂના ધની. તે મરહુમો પેરીન સાવક ચીખલીવાલાના દીકરા. તે તનાઝના પપા. તે બરજીઝના સસરા. તે નોશીર, કેશમીરા હોસી મિસ્ત્રી, માહારૂખ ને ફરોખના ભાઇ. તે જેસનના મમવાજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. દારૂવાલા બિલ્ડિંગ, ફલેટ નં. ૩, તાતા બ્લોક્સ, એસ.વી.રોડ, શ્રોફ આઇ ક્લિનિકની સામે, બાંદરા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા: તા. ૮-૧૦-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

રોશન હોમી લાલા, (ઉં. વ. ૯૩) તે મરહુમ હોમી કેકોબાદ લાલાના પત્ની. તે મરહુમ રુસ્તમજી જમશેદજી રાંદેરિયા અને માણેકબાઇ રુસ્તમજી રાંદેરિયાના પુત્ર. તે દિનયાર અને કમલના માતા. તે શીરીન અને ડેવિડના સાસુ. તે જેહાન, સાયરસ, કેલીના ગ્રાન્ડ મધર. તે મરહુમ જમશેદજી રુસ્તમજી રાંદેરિયા, મરહુમ પેસી રુસ્તમજી રાંદેરિયા, મરહુમ મણિ માણેક વજીફદારના બહેન. તે મરહુમ કૈકોબાદ કાઇખુશરુ લાલા, મરહુમ ધન કૈકોબાદ લાલાના વહુ.

**સિકંદરાબાદ**

બાનુ કાઇખુશરુ મદોન (ઉં.વ.૯૭) તે ઝરીર બહેરામજીના આન્ટી.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વડોદ નિવાસી હાલ કાંદિવલી સ્વ. શાંતાબેન તથા સ્વ. રમણલાલ કુવાડિયા (શાહ)ના સુપુત્ર જશવંતભાઇ (ઉં.વ. ૮૨) તા. ૬-૧૦-૨૫ના નાણશારદામાં શરણ પામેલ છે. તે સિદ્ધિના પિતાશ્રી. પ્રાર્થનાસભા-લૌ. બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ મુંબઇ સ્વ. ચુનીલાલ ભાઇચંદ કામદારના પુત્રવધૂ. રાજકોટ નિવાસી સ્વ. મોહનલાલ નાગજીભાઇ વોરાના સુપુત્રી. સ્વ. ઇન્દુભાઇ કામદારના ધર્મપત્ની. જાગૃતિબેન ભરતભાઇ, નીમાબેન અશોકભાઇ, સીમાબેન શ્રીકુમારના મમ્મી. શોભનાબહેન ઇન્દુભાઇ કામદાર (ઉં. વ. ૮૯) તા. ઓક્ટોબર ૬, ૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સાદડી, પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોળ નિવાસી હાલ ઘાટકોપર હંસાબેન પ્રવીણચંદ્ર મહેતાના સુપુત્ર પ્રફુલ મહેતા (ઉં.વ.૬૮) તે નીતાબેનના પતિ. મોનીલ તથા નિરવના પિતાશ્રી. તે અ. સૌ. દિક્ષિતા, અ. સૌ. પ્રણાલીના સસરા. નયનાબેન, હર્ષાબેન તથા રાજેશભાઇના ભાઇ. વિમળાબેન જયંતીલાલ શાહના જમાઇ તા. ૭-૧૦-૨૫ ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૯-૧૦-૨૫ના ૧૦થી ૧૨. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલા. દશા શ્રી. સ્થા. જૈન**

ધાંધલપુર નિવાસી હાલ સાયન ચુનાભટ્ટી સ્વ. વર્ધમાનભાઇ પ્રભુદાસ તુરખીયાના પુત્ર જ્યોતિષભાઇ તુરખીયા (ઉં. વ.૮૭) તા. ૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અતુલ, રવિ, જાગૃતિના પિતા. ભાવીની, રૂપલ તથા હિતેશભાઇના સસરા. વૈભવ, શાલીન, સાક્ષીના દાદા. જાનવીના નાના. સ્વ. સૂરજબેન નાગરદાસ તલસાણીયા (વિરમગામ)નાં જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રી. શ્વે. મૂ. જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદીવલી સ્વ. શાંતાબેન વૃજલાલ રતિલાલ શાહ (નારીચાણીયા) ના પુત્ર આશિષભાઇ (ઉં. વ. ૬૭) તે રાગીણીબેનના પતિ. મૈત્રિક, દીપેનના પિતા. મૌસમ, પૂજાના સસરા. ચંદ્રકાન્તભાઇના ભાઇ. અલ્પાબેનના દિયર. સ્વ. નલીનીબેન પ્રવીણભાઇ શાહ, હર્ષદાબેન ભૂપતરાય મહેતા, શર્મિષ્ઠાબહેન મહેન્દ્રકુમાર શાહ, ઇલાબેન મહેન્દ્રભાઇ વોરા, રશ્મિકાબેન હર્ષદકુમાર શાહ, ભારતીબેન સુધીરભાઇ શાહ, સુનિલાબેન કમલેશભાઇ પારેખ, જ્યોતિબેન જયેશકુમાર શાહના ભાઇ. સ્વ. સવિતાબેન સૌભાગ્યચંદ્ર શાહ પુંધરાવાળાના જમાઇ તા. ૬-૧૦-૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

બોટાદ નિવાસી હાલ ઘાટકોપર (વે) સ્વ. કંચનબેન હિંમતલાલ જગજીવનદાસ શાહના પુત્ર જયેશભાઇ (ઉં. વ. ૬૧) તા. ૩૦/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રજ્ઞા અશ્વિનકુમાર વોરા, કેતનભાઈના નાનાભાઈ તથા જીગ્નેશભાઈના મોટાભાઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણીના ગં.સ્વ. પુષ્પાબેન દેઢિયા (ઉં. વ. ૬૬) લુણી મધ્યે તા. ૬-૧૦-૨૫ સોમવારના અવસાન પામ્યા છે. હરિલાલના ધર્મપત્ની. સાકરબાઇ કુંવરજીના પુત્રવધૂ પ્રીતેશ, કોમલ, કેયુરના મમ્મી. ગુંદાલા મણીબેન હીરજી ડુંગરશી સતરાના દિકરી. સ્વ. વિનય, સ્વ. નેમજી, નિર્મળા, તરલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રીતેશ દેઢિયા, જખ ફરીયો, ગામ લુણી- કચ્છ.

સમાઘોઘાના શ્રી દિનેશ વિશનજી ઠાકરશી વોરા (ઉં. વ. ૭૦) તા. ૨-૧૦ના અવસાન પામેલ છે. સ્વ. અમૃતબેન વિશનજીના પુત્ર. કસ્તુરના પતિ. હેમેનના પિતા. ભારતી, સુનંદા, રમેશ, દિમીના ભાઇ. કપાયાના સ્વ. ઝવેરબેન નાનજી કુંવરજીના જમાઇ. દિનેશ અને ભાનુ મોરારજીના બનેવી. બીનાના નણંદોઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિનેશ વિશનજી વોરા, ફ્લેટ નં. ઇ, એસ.એસ. ફાઉન્ડેશન, પ્લોટ નં. ૧૬૨એ, યમુના સ્ટ્રીટ, વી.જી.એન. લક્ષ્મીનગર, મુગલીવક્કમ, ચેન્નઇ-૬૦૦૧૧૬.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ગાગોદર હાલે વલસાડના વેલુબેન મણીલાલ તેજશી છેડા (ઉં. વ. ૯૬) રવિવાર તા.૦૫.૧૦.૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ.ગંગાબેન તેજશીના પુત્રવધૂ. મહેશ, અલ્પેશ,જયશ્રીના માતુશ્રી, નિવ, તીર્થના દાદી, કવિતા, ચેતનના સાસુ, રૂચી, જૈનમના નાની. લાકડીયાના સંતોકબેન ભીમશી ગડા(ગેલાણી)ની દિકરી. પ્રાર્થનાસભા. તા.૦૯.૧૦.૨૦૨૫ ગુરુવાર સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ સ્થળ.મધુસ્મૃતિ હોલ, લોટસ હોસ્પીટલની સામે, રાજપુત હોલની બાજુમાં વલસાડ,ઠે. એ.૮૦૧, આર.એમ. ડેસ્ટિની તીથલ રોડ, વલસાડ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ નૂ.ત્રંબૌના માતુશ્રી લાડુબેન ગાભુભાઈ નોંઘાભાઈ ગડા (ઉં.વ.૯૫) સોમવાર તા. ૦૬.૧૦.૨૫ના થાણા મધ્યે અવસાન પામેલ છે. સ્વ. નામાબેન નોંઘાભાઈના પુત્રવધૂ. ગાભુભાઈના ધર્મપત્ની,સ્વ. અવચર. મણી, અમરશી, નીલુ, સ્વ.મણીલાલ, ધનજી, સ્વ. ચંદ્રા, શાંતી, રાજેશના માતુશ્રી, ડાઈ, ગં.સ્વ.રેખા, મંજુલા, કંચન, પ્રેમજી, મણીલાલ, અમરશીના સાસુ. રવના રામુબેન રાણા કારીઆની દીકરી. પ્રાર્થના સભા. તા.૦૮.૧૦.૨૫ બુધવાર સમય ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. ક્રાંતી વિસરીયા, હોલ, થાણા-વેસ્ટ, ઠે.૧૩૦૧, ઝીઉસ પ્રાઇડ એનક્લેવ, વિષ્ણુનગર, થાણા-વેસ્ટ.

## હિન્દુ મરણ

કચ્છ ગામ વિરાણી (મોટી) હાલ થાણા ઠા. સ્વ. કમલાબેન મથુરાદાસ ધેરાઇ (ઉં. વ. ૮૨) તે સ્વ. કાનજી જાધવજી ધેરાઇના પુત્રવધૂ. તે સ્વ. ભચીબાઇ પેરાજ ધારસી કચ્છ ગામ લાખાણીયાના સુપુત્રી. તે મનીષા અને હિતેશના માતુશ્રી. તે અ. સૌ. નીના અને જગદીશ જમનાદાસ ઠક્કરના સાસુ. રિયાના દાદીમા. અ. સૌ. ત્વિષી ગૌતમ ઠક્કરના નાની સાસુ તા. ૩-૧૦-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ક્ડવા પટેલ**

વેડછાના ચંપાબેન માણેકલાલ પટેલ (ઉં. વ. ૮૦) તા. ૦૩/૧૦/૨૫ના દેવલોક પામ્યા છે. તે જીતુભાઈ, સ્વ. નયનાબેનનાં માતા. મેઘનાબેન, સ્વ. રમેશભાઈનાં સાસુ. ક્રિશભ,નીષ્ઠા, મયુરી વિલશન, હેતલ જયનાં દાદી-નાની. સ્વ. સવિતાબેન જમનાદાસ, સ્વ. શાંતીબેન નરોત્તમદાસ, સ્વ. પુષ્પાબેન હરગોવિંદભાઈ, સ્વ. કંચનબેન શાંતીલાલ, ગં. સ્વ. જયવંતીબેન મનુભાઈ, ગં. સ્વ. વાસંતીબેન દલુભાઈનાં જેઠાણી-દેરાણી, પિયરપક્ષે ધીરુભાઈ, રતીલાલભાઈ, લીલાબેન, ગોદાવરીબેનનાં બહેન. બન્ને પક્ષનું બેસણું તા. ૯/૧૦/૨૫ના બપોરે ૨ થી ૫. અને પુષ્પાણી તા. ૧૪/૧૦/૨૫ના ૩ થી ૫. ઠે. સાંઈ પાર્વતી,સાઈવાડી, ૩૦૫ કોલ ડુંગરી, અંધેરી પૂર્વ.

**પટેલ**

ગામ અમલસાડ ઘાંચી ફળિયા, હાલ દહિસર ઓવરિપાડા, રમેશભાઈ પટેલ (ઉં. વ. ૭૮) ૦૩/૧૦/૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. વિઠ્ઠલદાસ ભીખાભાઈ, સ્વ. મનુબેનના પુત્ર. ગામ ખરસાડ (ઉતારા ફળિયા)ના ગ. સ્વ. લક્ષ્મીબેન અંબાલાલના જમાઈ. ભાવનાબેન (પકુબેન)ના પતિ. સ્વ. નટવરભાઈ, ભારતીબેન, ભદ્રાબેનના ભાઈ, મેઘા (નિશા), જીમેશના પિતા. જગદીશ, સોનલના સસરા. બંને પક્ષનું બેસણું તા. ૦૯/૧૦/૨૦૨૫ના ૨.૦૦ થી ૪.૦૦. તેમના નિવાસ સ્થાને રાખેલ છે. બારમું (પુષ્પાણી) તા. ૧૪/૧૦/૨૫ના બપોરે ૩.૦૦ થી ૫.૦૦. સરનામું : અ-૧૯૦૭ મહાલક્ષ્મી બિલ્ડિંગ, પહેલાં માળે ઓવરિપાડા મેટ્રો સ્ટેશનની બાજુમાં, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે દહિસર ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મણીબાઇ વિઠ્ઠલદાસ શકરાણીના સુપુત્ર ધરમશી (ઉં. વ. ૮૬) કચ્છ ગામ બેરાજા હાલ મુલુંડ તા. ૫-૧૦-૨૫ રવિવારના રામશરણ પામેલ છે. તે પુષ્પાબેનના પતિ. પરેશ, નિમેષ, આશાબેન અતુલભાઇ ગણાત્રા, ભાવનાબેન પરેશ ઘોઘારીના પિતાશ્રી. સ્વ. જયાબેન પ્રતાપ ઠક્કર, અ. સૌ. જ્યોતિ દિનેશ પૂંજાણી, અ. સૌ. તરૂલતા દિલીપ કોઠારીના ભાઇ. સ્વ. જમનાબાઇ મંગલદાસ રાયમંગીયાના જયેષ્ઠ જમાઇ. અ. સૌ. રાજુલ પરેશ ઠક્કર, અ. સૌ. પ્રજ્ઞા નિમેષ ઠક્કરના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૮-૧૦-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. ગોપૂરમ હોલ, ડો. આર.પી.રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). દેહદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ભાવનગર (ખરકડી) નિવાસી હાલ ઘાટકોપર કંચનબેન મણીલાલ શાહ (ભગત)ના સુપુત્ર હર્ષદભાઇ (ઉં. વ. ૮૨) તે કુસુમબેનના પતિ. વેણીલાલ હરજીવનદાસના ભત્રીજા. આશીત, અ. સૌ. રેશ્માના પિતાશ્રી. અ. સૌ. દિપ્તી, પ્રતિકભાઇ ડાકવાળાના સસરા. પિયર પક્ષ મહુવા નિવાસી દોલતરાય ભોગીલાલ પારેખના જમાઇ તા. ૪-૧૦-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૧૦-૨૫ના ગુરુવાર સાંજે ૫થી ૭. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વે.).

**શિહોર સંપ્રદાય અવદિચ અગિયારસે બ્રાહ્મણ**

મૂળગામ સિહોર હાલ ભાઇંદર સ્વ. ચુનીલાલ રેવાશંકર ઉપાધ્યાયના ધર્મપત્ની મંજુલાબેન ચુનીલાલ ઉપાધ્યાય (ઉં. વ.૮૫) ૬ ઓકટોબર સોમવારના દિવસે સ્વર્ગવાસ થયા છે. તે સુરેશ, શશીકાંત, ગીરીશ, નિર્મળાબેનના માતુશ્રી. તે પ્રકાશ વ્યાસ, માયા, હર્ષાના સાસુમા. તે રચના વ્યાસ, ઇસા વ્યાસના નાનીમા. તે પ્રિયંકા, ફોરમ, નકુલ, અંજલી, પાર્થના દાદીમાં. લૌકિક પ્રથા બંધ છે.

**વીસા ખડાયતા**

મૂળ નડિયાદ હાલ મુંબઇ ભગવાનદાસ મગનલાલ સુલોચના રજનીકાંત શાહ (ઉં. વ.૯૦) તે મુકુંદ-અમીશી, વિમલ-મીનોતી, ઉમા-વિનોદ તથા નીતા-વિજયની માતાનું તા. ૩-૧૦-૨૫ના અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

રિશીભાઇ (ઉં. વ. ૪૫) તે દિવ નિવાસી હાલ મુંબઇ જયશ્રીબેન તથા ભરતભાઇ હરિલાલ તલકચંદ શાહના સુપુત્ર. માનસીબેન (કપિલાબેન અને પ્રદીપભાઇ શાહની સુપુત્રી)ના પતિ. જય અને શીતલના ભાઇ. ક્રિશ અને રેયાંશના પિતાશ્રી રવિવાર, તા. ૫ ઓકટોબર ૨૦૨૫ના, શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી ગુરુવાર, તા. ૯ ઓકટોબર, ૨૦૨૫ રાખેલ છે. ઠે. હરે રામ હરે કૃષ્ણ મંદિર, ઇસ્કોન, શંખ હોલ. બીજે માળે, મુક્તેશ્વર દેવાલય રોડ, જુહુ વિલેપાર્લે (વેસ્ટ), સમય : ૫.૩૦થી ૭.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ઝરુના હાલ પનવેલવાળા સ્વ. હસમુખભાઇ નરસીદાસ સાતાના ધર્મપત્ની શાંતાબેન સાતા (ઉં. વ. ૮૦) તે સ્વ. વિજયાબેન નરશીદાસ ખીમજી સાતાના પુત્રવધૂ. પ્રેરણા રાજેશ સિંહ અને ચેતનના માતુશ્રી. કચ્છ ગામ ભાદરાના હાલ મુલુંડવાળા સ્વ. વિમળાબેન રવજી સુરજી કતીરાના દીકરી. સ્વ.શારદાબેન મુળજીભાઇ, ભારતીબેન ભગવાનદાસ, ગીતાબેન દેવેન્દ્ર, રજનીબેન અને હરીશભાઇના બેન. સ્વ. ધનસુખભાઇ નરસીદાસ, સ્વ. વિનોદભાઇ, સ્વ. વસંતબેન વિજયભાઇ, સુધાબેન અરવિંદભાઇ, હંસાબેન સુભાષભાઇ, હર્ષદાબેન દિલીપભાઇ, અરવિંદભાઇના ભાભી. શનિવાર, તા. ૪-૧૦-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી પંચાલ**

શરદચંદ્ર પંચાલ (ઉં. વ. ૭૭) સ્વ. નરોત્તમભાઇ તથા ચંદનબેનના પુત્ર. તે ભાવના સ્નેહલ એન્જિનિયર, દર્શના હેતુલ પંચાલ અને હીરેન શરદચંદ્રના પિતા. રેશમાના સસરા. સ્વ. કપીલા, સ્વ. ભારતી, સ્વ. પૂનમ તથા અ. સૌ. નિર્મળા, સ્વ. વિજયના ભાઇ. તે સ્વ. મોહનલાલ કરશન મિસ્ત્રીના જમાઇ. તા. ૪-૧૦-૨૫ શનિવારે સ્વર્ગવાસ થયા છે.

**દશા સોરઠિયા વણિક**

બગસરા નિવાસી હાલ કાંદિવલી સ્વ. લાભુબેન મણીલાલ રઘાણીના સુપુત્ર મુકેશ રઘાણી (ઉં. વ. ૭૧) તે સ્મીતાબેનના પતિ. તે અ. સૌ. જીજ્ઞા હેમલ મહેતા. તે અ. સૌ. એકતા જયવંત તેલંગ તથા જય રઘાણીના પિતા. અંકિતા જય રઘાણીના સસરા. ભીખુભાઇ તથા વિનોદભાઇના ભાઇ. તે વિનોદરાય પારેખના જમાઇ. તા. ૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૯-૧૦-૨૫ના લોહાણા મહાજનવાડી, ૨જે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીગૌડ મેડતવાલ બ્રાહ્મણ**

ગામ સામતેર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. દામોદરદાસ બેચરલાલ દિક્ષિતના સુપુત્ર જગદીશકુમાર દિક્ષિત (ઉં. વ. ૭૪) તા. ૬-૧૦-૨૫ને સોમવારે સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. ઇલાબેનના પતિ. સ્વ. કિરીટભાઇના ભાઇ. નયનભાઇ, રૂચિતાબેન, ભૂમિકાબેનના પિતા. ભાનુબેન, મિનાક્ષીબેન, સુશીલાબેન, સરલાબેન, બીનાબેનના ભાઇ. મેઘનાબેનના સસરા. સ્વ. વાડીલાલ રામશંકર ત્રિવેદીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કંઠી ભાટિયા**

ગોરધનદાસ મોરારજી આસર (શંકરદાસ) (ઉં. વ. ૯૪) તે જામનગર નિવાસી તે સ્વ. નેણીબાઇ મોરારજી આસર. સ્વ. રતનબહેનના પતિ. સ્વ.કરસનદાસ, સ્વ. અજિતભાઇ, સ્વ. લલિતભાઇ, સ્વ. ધનીબહેન, સ્વ. ઇન્દુબહેન, સ્વ. લક્ષ્મીબહેનના ભાઇ. સ્વ. રાધાબહેન રતનશી વેદના જમાઇ. તે કલ્પના, જસ્મીના, અમિતના પિતાશ્રી. તે મહેન્દ્ર, નયનેશ, હેમલના સસરા. દેવાંશીના દાદા. સોમવાર ૬ ઓક્ટોબર '૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૯ ઓક્ટોબર '૨૫, સાંજે ૪.૩૦થી ૬. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રૂક્ષ્મણીબેન હંસરાજ નરશી કોઠારી ગામ કોટડા (રોહા) હાલ મુલુંડના પુત્ર દીલીપભાઇ (ઉં. વ. ૮૬) તે સ્વ. મંજુલાબેનના પતિ. તે સ્વ. દામજી હીરજી ચોથાણી ગામ ગઢશીશાવાલાના જમાઇ. તે કલ્પના જિતેન્દ્ર મહીધર, રોહિત, કીર્તિદા જિજ્ઞેશ વોરાણી, ઉર્વશી જશ્મીન ભગદેના પિતાશ્રી. જિજ્ઞાબેનના સસરાજી. સ્વ. તુલસીદાસ, શંકરભાઇ, સ્વ. પ્રવીણ, સ્વ. એકાદશીબેન, સ્વ. દમયંતીબેન, સ્વ.જયાબેન, સ્વ. શાંતાબેન, ભાનુબેન, જશોદાબેન તથા ભગવતીબેનના ભાઇ. હિત, પ્રિશા, નૈનેશ, કુંજ, હેતવીના દાદા. તા. ૭-૧૦-'૨૫ના મંગળવારના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૫ના બુધવારના સાંજે ૫થી ૭. ઠે. આર્ટ ઓફ લિવિંગ, પરમેશ્વરી સેન્ટર, ડી-૨, મદન મોહન માલવિયા રોડ, અચિજા હોટલની ગલીમાં, મુલુંડ વેસ્ટ, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગયારશે બ્રાહ્મણ**

ભડી ભંડારિયા હાલ નાશિક ગં.સ્વ. વિદ્યાગૌરી મહાસુખરાય જોશી (ઉં.વ. ૮૬) તા. ૫/૧૦/૨૫ના અક્ષરવાસી થયેલ છે. તે સ્વ. મહાસુખરાય જયંતીલાલ જોશીના ધર્મપત્ની. તે સંજયભાઈ, જાગૃતિબેન બિપીનભાઈ મહેતા, પ્રીતિબેન જગદીશકુમાર જાનીના માતુશ્રી. તે મીનલબેનના સાસુ. તે સિહોરનિવાસી સ્વ. ત્રંબકલાલ કલ્યાણજી ભટ્ટના પુત્રી. સ્વ. રવિન્દ્રભાઈ, સ્વ. રસીલાબેન જશવંતરાય, ગં. સ્વ. મધુબેન હરસુખરાય, સ્વ. જ્યોત્સના અરુણકુમાર તથા ગં. સ્વ. વર્ષાબેન યોગેન્દ્રકુમારના બહેન. સ્વ. સતીશભાઈ રમણીકલાલ, નીતિનભાઈ રમણીકલાલ, રેખાબેન અશોકકુમારના કાકી. લૌકિક પ્રથા બંધ છે.

**મોડાસા એકડા દશા ખડાયતા**

હાલ મુંબઈ વતની મેઢાસણ, ઓચ્છવલાલ લલ્લુદાસ શાહ (ઉં. વ. ૮૯) તા. ૫-૧૦-૨૦૨૫ના રવિવારે શ્રીજીચરણ ધામ સિધાવેલ છે. તે સ્વ. સુમિત્રાબેનના પતિ, સ્વ. મોહનલાલ, સ્વ. નટવરલાલ, દશરથલાલના ભાઈ, કમલેશ, રાજેશ, નીના, ભાવનાના પિતાશ્રી, જયશ્રી, જશ્મિના, કેતન, હિતેન્દ્રકુમારના સસરા. તેમનું બેસણું અને સ્વ.મોહનલાલ સાંકળચંદ શાહ સાસરાપક્ષનું બેસણું તા. ૯-૧૦-૨૦૨૫ના સાંજે ૪ થી ૬. રઘુલીલા મોલ, શેઠિયા બેન્કેટ્સ ગ્રાઉન્ડ ફ્લોર, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કરાચી વાળા હાલ કાંદિવલી, ગં. સ્વ. કમળાબેન જોબનપુત્રા (ઉં. વ. ૯૧) તે સ્વ. રમેશચંદ્ર કેશવલાલ જોબનપુત્રાના પત્ની, સ્વ.દક્ષાબેન ભરતકુમાર પંચમતિયા, દેવિકાબેન હેમંતકુમાર ગુપ્તા, આશિષના માતુશ્રી. રૂપાક્ષીબેનના સાસુ, ગં. સ્વ.કુસુમબેન મોહનલાલ સચદેવ (ઠક્કર)ના દિકરી, મિતેન, કેતન, રોહિત તથા હર્ષિતાના બા. તા. ૬-૧૦-૨૦૨૫ના શ્રીઅક્ષરધામ નિવાસી થયેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૧૦-૨૦૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. નડિયાદવાલા હોલ, પહેલે માળે, પોદ્દાર રોડ, મલાડ પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

અમરેલીવાળા હાલ રાજકોટ, સ્વ. જયંતીલાલ ગિરધરલાલ ભીમજિયાણી તથા સ્વ. લીલાવંતીબેનના સુપુત્ર અશોકભાઇ (ઉં. વ.૭૭) રાજકોટ મુકામે સોમવાર તા.૦૬/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ચંદ્રિકાબેનના પતિ. સ્વ. છોટાલાલ, બળવંતરાઈ તથા સ્વ. રમેશભાઈ ઠક્કરના ભત્રીજા. મહેન્દ્રભાઇ, અજીતભાઈ, ઉષાબેન, ગીતાબેન, હંસાબેન, સ્વ. સરોજબેન, કમલેશભાઇના ભાઇ. ભારતભાઈ તથા નિરજભાઈના પિતાશ્રી. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ આટકોટ હાલ નાસિક, સ્વ. શ્રીમતી મંગળાબેન તન્ના (ઠક્કર) (ઉં. વ. ૯૦) મંગળવાર તા.૦૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તે સ્વ. લક્ષ્મીદાસ જગજીવનદાસ તન્નાના ધર્મપત્ની. ચિ. ચંદ્રકાંતભાઇ, શૈલેષભાઇ, સ્વ. મંદ્દાબેન, રીટાબેન, રુપાબેનના માતોશ્રી. નિતાબેન, સંગીતાબેનના સાસુ, ભાવિકા, કૃતિકા, મેહુલ, વિવેકના દાદી, કુશલ, દર્શન, તેજસ, લક્ષિકાના નાની, સ્વ. નર્મદાબેન ગાંડાલાલ ગણાત્રા (કલ્યાણ), સ્વ. ગાંડાલાલ કલ્યાણજી ગણાત્રાના સુપુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૯/૧૦/૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. શ્રી જલારામ મંદિર હોલ, કેવડીબન, પંચવટી કોલેજ રોડ, નાશિક - ૪૨૨૦૦૩.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

હળવદ હાલ મુંબઈ, ગં. સ્વ. અરુંધતિબેન (ઉં. વ. ૭૮) શનિવાર, ૪-૧૦-૨૫ના અવસાન પામ્યાં છે. તે સ્વ. વિદ્યાધર ગિરધરલાલ આચાર્યનાં પત્ની. સ્વ. મુકતાબેનકાન્તિલાલ ઠાકરનાં પુત્રી. મહેશ્વરી મયૂર ઠાકર, પ્રતિચી મનોજ સોની, નિવેદિતા આચાર્ય, યુહશ્રી (પુરહશ્રી) હેમંત શુકલ, અપર્ણા ઋષિ પંડ્યા, વરદનાં માતા. પૂજાનાં સાસુ. જૈનિકનાં દાદી.

**કચ્છી લોહાણા**

ગામ ગોયલા હાલ તિલકનગર, સ્વ. ચંપાબેન હેમરાજ ગણગણાત્રા (ઠક્કર) ના પુત્ર મહેશ (મયુર) ઠક્કર (ઉં. વ. ૭૨) તે હેમલતાબેનના પતિ. આશાના પિતા, સ્વ. કલાવતીબેન ત્રિકમદાસ ખીમજી કાપડીના જમાઈ, સ્વ. રમેશચંદ્ર, ગં. સ્વ. પ્રભાબેન વિઠ્ઠલદાસ કોઠારી, ગં.સ્વ.ઉષા રમેશ કોઠારી, સ્વ. વિજય, સ્વ. નિહારિકા પ્રકાશ ઠક્કરના ભાઈ, મંજુબેન (મીરા) હરીશ ચોથાણી, પ્રદીપ, સ્વ. ગિરીશના બનેવી. તા. ૫/૧૦/૨૦૨૫ના રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે પ્રાર્થનાસભા રાખેલ નથી. દૃષ્ટિ સાંઈ પ્રગ્ના, બી ૭૦૩, એનડીઆર ૯, તિલકનગર, ચેમ્બુર.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

Government of India | Government of Maharashtra | MMRC | एमएमआरडीए MMRDA

Developing Cities, Empowering Citizens

Dedication to the Nation of

**Final Phase of Mumbai Metro Line-3**
worth over ₹ 37,270 Crore
**Opening of Phase 2B Acharya Atre Chowk - Cuffe Parade**

Launch of

**Mumbai One App (One App - Limitless Journeys)**
AND
**Short Term Employability Programme (STEP)**
**in Govt. ITI & Govt. Technical High Schools**

by

# Narendra Modi
Prime Minister







Launch of
**Short Term Employability Programme (STEP) in Govt. ITI & Govt. Technical High Schools**

MUMBAI ONE
One App, Limitless Journeys.

**One** App
**One** Ticket
**One** QR Code

Launch of
**Mumbai One App (One App - Limitless Journeys)**




## Salient Features: Mumbai Metro Line-3 (Aqua Line)

- Mumbai Metro Line-3 - **the first underground metro connecting South Mumbai**
- **Key areas** like **Kalbadevi, Girgaon,** and **Cuffe Parade** are connected by metro for the first time
- **Business hubs, entertainment zones,** and **the airport** - all linked in one seamless journey
- Travel fare starts at just **₹10 and goes up to ₹70** - affordable for everyone
- Travel from Cuffe Parade to Aarey JVLR - **in less than an hour**
- Trains available every 5 minutes - **from 5:55 AM to 10:30 PM**
- NCMC Card available **free** - easy recharge from **₹100 to ₹2000**
- **Eco-friendly travel** - saves **2.61 lakh tons** of $CO_2$ emissions every year

## In the august presence of

**Acharya Devvrat**
Governor,
Maharashtra State

**Devendra Fadnavis**
Chief Minister,
Maharashtra State

**Eknath Shinde**
Deputy Chief Minister,
Maharashtra State

**Ajit Pawar**
Deputy Chief Minister,
Maharashtra State

**Adv Rahul Narwekar**
Speaker, Maharashtra
Legislative Assembly



**Date: Wednesday, 08th October, 2025**
**at 03:00 PM**

**Venue:** Navi Mumbai International Airport
Project Site, Navi Mumbai, Maharashtra



DD NEWS Watch the event Live on DD News

# ગુજરાત સરકારની નવી પહેલઃ ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ’, મહેસાણાથી શરૂઆત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલી ‘વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ’ની સફળતાને રાજ્યના છેવાડા સુધી લઈ જવા માટે ગુજરાત સરકારે ‘વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ’ નામની નવી પહેલ શરૂ કરી છે. જેનો હેતુ રાજ્યના દરેક પ્રદેશની ઔદ્યોગિક-આર્થિક ક્ષમતા અને રોકાણની સજ્જતાને વૈશ્વિક મંચ પર લાવવી તેમજ ગ્લોબલ ઇમેજને ‘‘વોકલ ફોર લોકલ’’ દ્વારા વધુ મજબૂત કરવી છે. આ ‘વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ’ની પ્રથમ શૃંખલાનો મુખ્ય પ્રધાન મહેસાણાથી તા. ૯મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે.

ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપે રિજનલ કોન્ફરન્સિસ વિશે વિગતો આપતા જણાવ્યુ હતું કે, રાજ્યના દરેક પ્રદેશની ઔદ્યોગિક-આર્થિક ક્ષમતા અને રોકાણો માટેની સજ્જતાનું એક અનેરૂ પ્લેટફોર્મ ‘વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ’ બનશે એટલું જ નહીં ગ્લોબલ ઇન્ડસ્ટ્રિયલ મેપ પર વાઇબ્રન્ટ સમિટથી ગુજરાતની ઊભી થયેલી આગવી ઈમેજને વોકલ ફોર લોકલ થકી વધુ ઉજાગર કરવા આ કાર્યક્રમ પરિણામકારી બનશે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં યોજાયેલી ગત વાઇબ્રન્ટ સમિટની સફળતાને પરિણામે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દરેક જિલ્લા, તાલુકા તેમજ ગુજરાતના છેવાડાના માનવીને વાઇબ્રન્ટ ગુજરાત સાથે જોડી શકાય એ માટે ‘વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ’નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તર ગુજરાત ઝોનની મહેસાણા ખાતે તા. ૯-૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ, કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનની રાજકોટમાં તા. ૮-૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, દક્ષિણ ગુજરાત ઝોનની સુરતમાં તા. ૯-૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ અને મધ્ય ગુજરાત ઝોનની વડોદરામાં તા. ૧૦-૧૧ જૂન, ૨૦૨૬ના રોજ આ રિજનલ કોન્ફરન્સ યોજાશે.

ઉદ્યોગ કમિશનરે જણાવ્યું કે, પ્રાદેશિક સંમેલનો બે દિવસ યોજાશે, જેમાં જિલ્લા-સ્તરીય જરૂરિયાતો સદર્ભે રોકાણ સુવિધા, વૈચારિક આદાનપ્રદાન અને નેટવર્કિંગ માટે એક અસરકારક માધ્યમ તરીકે સેવા આપશે. આ સંમેલનો ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સાહસિકો, સરકારી સંસ્થાઓ, વિદેશી વેપારગૃહો, વેપાર અને ઉદ્યોગ સંગઠનો, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ સહિત, વિવિધ હિસ્સેદારોને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટેનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત દરેક પ્રાદેશિક સંમેલનમાં ઉદ્ઘાટન અને સમાપન સત્ર, ક્ષેત્ર-વિશિષ્ટ અથવા જિલ્લા-વિશિષ્ટ સેમિનાર, વ્યાપાર પ્રદર્શની, પ્રાદેશિક પુરસ્કારો,એમઓયુ પર હસ્તાક્ષર, બીટુબી અને બીટુજી બેઠકો, ખરીદ-વેચાણ બેઠકોનું પ્લેટફોર્મ, વિક્રેતા માર્ગદર્શન કાર્યક્રમ, અગ્રણી પ્રવાસન સ્થળો તેમજ સ્થાનિક ઔદ્યોગિક ક્લસ્ટરોની પર્યટન મુલાકાતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે. મહેસાણામાં તા. ૦૯ થી ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન એક્ઝિબિશન હોલ ખાતે સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધી પ્રદર્શન યોજાશે. જે તા. ૧૧થી ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ સુધી જાહેર ભાગીદારી માટે ખુલ્લું રહેશે. ૧૮,૦૦૦ ચો.મી.ના કુલ વિસ્તારમાં યોજાનાર આ પ્રદર્શનમાં એમએસએમઈ, કુટીર અને ગ્રામીણ ક્ષેત્રો માટે ૧,૦૦૦ ચો.મી.નું પેવેલિયન બનાવાશે. મુખ્ય વિશેષતાઓમાં રિવર્સ બાયર-સેલર મીટ, પાર્ટનર કન્ટ્રી પેવેલિયન,બીટુજી અને બીટુબી ઝોન, સ્ટાર્ટઅપ સ્ટોલ અને ઉદ્યમી મેળાનો સમાવેશ થાય છે. અન્ય સુવિધાઓમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, રિજનલ ફૂડ ફેસ્ટ, ફૂડ કોર્ટ, ઓડીઓપી અને જીઆઈ ટેગ ડિસ્પ્લે, સાંસ્કૃતિક પ્રદર્શન, પ્રોડક્ટ લોન્ચ, ફૂડ પ્રદર્શન અને દૈનિક લકી ડ્રો, હેલ્પડેસ્ક, કંટ્રોલ રૂમ અને પોપ-અપ સ્ટેજનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુધીમાં કુલ ૧૩ હજારથી વધુ રજિસ્ટ્રેશન થયા છે, જેમાં ૨૧૬ આંતરરાષ્ટ્રીય સહિત કુલ ૧૧,૭૩૨ વ્યક્તિગત અને ૩૫ આંતરરાષ્ટ્રીય સહિત ૧૫૧૪ કંપની સહભાગી થનાર છે. આ ઉપરાંત જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ્સ (કૃષિ સેમિનાર) જેવા દેશો સહભાગી બનવા પુષ્ટિ આપી છે. તેમજ જેટ્રો, ઇન્ડો કેનેડા બિઝનેસ ચેમ્બર, યુએસઆઈ એસપીએફ, વિશ્વ બેંક, રશિયન ફેડરેશનનું વેપાર પ્રતિનિધિત્વ જેવી સંસ્થાઓ પણ સહભાગી બનશે.

## અન્ય ત્રણ રિજનલ કોન્ફરન્સનાં ફોકસ ક્ષેત્રો

કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનની કોન્ફરન્સ તા. ૮-૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે યોજાશે. જેમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, ખનિજો, ઓફશોર પવન જેવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

દક્ષિણ ગુજરાત ઝોનની કોન્ફરન્સ તા. ૯-૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સુરત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને સંમેલન કેન્દ્ર, એસજીસીસીઆઈ, સુરત ખાતે યોજાશે. જેમાં કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ટેક્ષ્ટાઇલ અને એપેરલ, જેમ્સ અને જ્વેલરી, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

મધ્ય ગુજરાત ઝોનની કોન્ફરન્સ તા.૧૦-૧૧ જૂન ૨૦૨૬ દરમિયાન પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર ગૃહ, વડોદરા ખાતે યોજાશે. જેમાં સેમિકન્ડક્ટર અને ઈએસડીએમ, આઈટીઆઈટીઈએસ, બાયોટેક / બાયોફાર્મા, એરોસ્પેસ અને સંરક્ષણ, ફિનટેક, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ટેક્ષ્ટાઇલ અને એપેરલ, ઓટો અને ઓટો કોમ્પોનેન્ટ્સ, શિક્ષણ જેવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# કેબિનેટની બેઠકમાં નવા ૧૭ તાલુકામાં સમાવિષ્ટ ગામોના ફેરફારની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પ્રધાનમંડળે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા નવા ૧૭ તાલુકા બાદ હવે વિવિધ જિલ્લામાં આવેલા કેટલાક ગામોમાં તાલુકા અને સીમા બદલવાના પ્રસ્તાવને પ્રધાનમંડળે મંજૂરી આપી હતી. આ નિર્ણય સ્થાનિક અરજદારોની રજૂઆત અને વિકાસની આવશ્યકતા ધ્યાને રાખીને લેવામાં આવ્યો હતો. આ અંગે પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના મોટા ક્ષેત્રફળ ધરાવતા તાલુકાઓમાં ભૌગોલિક અંતરના કારણે નાગરિકોને વહીવટી કામો અર્થે તાલુકા મુખ્ય મથક પર આવવા જવા માટે સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે. આ પરિસ્થિતિના ઉકેલ માટે અને પ્રજાને ત્વરિત સેવા મળી રહે, વિકાસની પ્રક્રિયા ઝડપી બને તે માટે રાજ્ય સરકાર દ્વારા ૨૪ સપ્ટેમ્બરના જાહેરનામાથી ખેડા, સુરત અને મહીસાગર જિલ્લામાં અનુક્રમે ફાગવેલ, અરેઠ, ગોધર અને કોઠંબા તાલુકાની રચના કરવામાં આવી હતી.

સુરત જિલ્લાના માંડવી તાલુકાના ૮ ગામમાં ફેરફાર કરવામાં આવ્યા છે. નવા તાલુકા માળખા અનુસાર આ ગામોને વહીવટી રીતે નવી સીમામાં સામેલ કરવામાં આવ્યા છે. તે જ રીતે, ખેડા જિલ્લામાં ફાગવેલ અને કપડવંજ તાલુકામાં કુલ ૧૧ ગામમાં ફેરફાર કરવામાં આવ્યા છે. નવા તાલુકાની રચનાને અનુરૂપ આ ગામોની વહીવટી સીઓએમમાં સુધારા કરાયા છે. સુરત, મહિસાગર અને ખેડા કલેક્ટર ટૂંક સમયમાં જાહેરનામું બહાર પાડીને આ નિર્ણય અમલી બનાવવામાં આવશે.

પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકામાં પણ મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યા છે. અહીં ત્રણ તાલુકામાં મળીને અંદાજે ૨૦ જેટલા ગામોના હદ વિસ્તારમાં ફેરફાર કરીને નવી રચના અમલમાં મૂકાઈ છે. પ્રધાનમંડળે આ ફેરફારોને સૈદ્ધાંતિક મંજૂરી આપતાં હવે સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અમલ માટેની પ્રક્રિયા હાથ ધરાશે.

આ નિર્ણયનો મુખ્ય હેતુ એ છે કે નવા તાલુકાઓની રચના સાથે ગામોનું હદફેર સ્થાનિક જરૂરિયાતો, વહીવટની સરળતા અને વિકાસને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. હદફેર પછી, તાલુકા કચેરીઓ અને જિલ્લા કચેરીઓ દ્વારા નવો નકશો તૈયાર કરવામાં આવશે અને સરકારી સેવાઓ, ખેતી, પાણી પુરવઠો અને વિકાસ યોજનાઓને અમલમાં મૂકવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય પ્રધાનમંડળે નાગરિકો, પ્રજાવર્ગો અને પદાધિકારીઓની રજૂઆતોને ધ્યાને લઈ બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમ જ હાલના રાજ્યના ૨૧ તાલુકામાંથી નવા ૧૭ તાલુકાની રચના કરવાની દરખાસ્તને સર્વાનુમતે મંજૂરી આપી હતી. વર્ષ ૨૦૧૩માં તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી સરકારમાં નવા ૨૩ તાલુકાઓની રચના પછી પ્રથમવાર સૌથી વધુ સંખ્યામાં ૧૭ નવા તાલુકાની રચનાનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની સરકારે નિર્ણય કર્યો હતો.

# નવનિયુક્ત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અંબાજીના આશીર્વાદ સાથે ગુજરાત ભ્રમણની શરૂઆત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ જગદીશ પંચાલ એકશન મોડમાં આવી રહ્યા છે. તેઓ ૧૦ ઓક્ટોબરથી ગુજરાત ભ્રમણની શરૂઆત કરશે. ગુજરાત ભ્રમણની શરૂઆત અંબાજીથી કરશે. જેના કારણે ભાજપ સંગઠનની જાહેરાત હવે દિવાળી બાદ જ કરવામાં આવે તેવી શક્યતા છે.

પ્રદેશ પ્રમુખના પ્રવાસની જવાબદારી યુવા ભાજપના પૂર્વ પ્રમુખ ઋત્વિજ પટેલ, ધવલ પટેલ અને સંદિપ દેસાઈને સોંપવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નવા પ્રમુખ બન્યા બાદ વિવિધ જિલ્લાઓ અને શહેરોમાં પ્રમુખનો પ્રવાસ થતો હોય છે. જેમાં સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરીને સંગઠન અંગેની ચર્ચા કરવામાં આવે છે. નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ પણ આ પરંપરાને જાળવી રરાખશે અને રાજ્યભરમાં હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. આઠ દિવસ ગુજરાતના જિલ્લાઓ અને શહેરોનો પ્રવાસ કરશે. ઉત્તર ગુજરાતથી ગુજરાત યાત્રાના પ્રવાસની શરૂઆત કરવામાં આવશે. ૧૦ ઓક્ટોબરે અંબાજી મંદિરે દર્શન કરી ગુજરાત પ્રવાસનો પ્રારંભ કરશે.

પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ ૧૦થી ૧૭ ઓક્ટોબર સુધી પ્રવાસ દરમિયાન શહેર - જિલ્લાના પ્રમુખો અને શહેરના હોદ્દેદારો સાથે પણ બેઠક કરશે. જગદીશ પંચાલના પ્રવાસ બાદ નવા સંગઠનની જાહેરાત થઈ શકે છે. તેમના ગુજરાત પ્રવાસ બાદ ભાજપના નવા સંગઠન માળખું જાહેર થઈ શકે છે. પ્રદેશ પ્રમુખનો પ્રવાસ ગોઠવવામાં આવતા નવું સંગઠન દિવાળી બાદ થાય શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, ૪ ઓક્ટોબરે પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જગદીશ પંચાલના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જગદીશ પંચાલ ગુજરાત ભાજપના ૧૪મા પ્રદેશ પ્રમુખ બન્યા હતા.

# ગ્રાહક કોર્ટ પ્રત્યે સરકારનું ઉદાસીન વલણઃ ૩૮માંથી ૨૬ ગ્રાહક કોર્ટમાં જજ જ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં કુલ ૩૮ ગ્રાહક કોર્ટ છે, જે પૈકી ૨૬ કોર્ટમાં જજની જગ્યા ખાલી છે. ઘણા લાંબા સમયથી આ જગ્યા ભરવા સરકારે કોઈ કાર્યવાહી કરી નથી, જેના લીધે ગુજરાતની કોર્ટમાં ૪૦ હજાર કેસ પેન્ડિંગ છે. જ્યારે અમદાવાદની કોર્ટમાં ૧૨ હજાર ફરિયાદ પેન્ડિંગ છે. આખા ગુજરાતમાં માત્ર ૧૧ ગ્રાહક કોર્ટમાં જ જજ છે. સરકાર મેમ્બર જજ કે જ્યુડિશિયલ મેમ્બરની ભરતી ન કરતી હોવાથી કોર્ટમાં ૨૫ વર્ષ જૂના કેસો પણ પડતર છે.

ગ્રાહક કોર્ટમાં મેમ્બર જજની જગ્યા ખાલી હોવાથી ૧૧ મહિનાની લાંબી મુદતો આપવામાં આવે છે, જેના લીધે ગ્રાહકો કંટાળીને ફરિયાદ કરવાનું ટાળે છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ સામાવાળાએ ફરજિયાત ૪૫ દિવસમાં જવાબ આપવાનો હોય છે, પરતું કોર્ટમાં મુદતો ૧૧ મહિનાની આપી દેવાતી હોવાથી કેસ ચાલવામાં વિલંબ થાય છે.

જજની અછતને લીધે જે જજ કાર્યરત છે તેમના પર કામનું ભારણ વધે છે. પરિણામે રોજ માત્ર બે કલાક સુનાવણી ચાલે છે. ત્યાર પછી તેઓ ચેમ્બરમાં જતા રહે છે. પ્રમુખ અને સ્ટેનોગ્રાફરની પૂરતી સંખ્યા નહીં હોવાથી ચુકાદા લખાવવા જજ બે કલાક પછી પોતાની ચેમ્બરમાં જતા રહે છે. કોર્ટની કાર્યવાહી ચાલતી નથી.

રાજ્યમાં અમદાવાદ શહેર, ગ્રામ્ય, અમરેલી, આણંદ, ભાવનગર, ભુજ-કચ્છ, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠા, તાપી, બોટાદ, દ્વારકા, નર્મદા, ડાંગ, ગીર-સોમનાથની કોર્ટમાં જજની જગ્યા ખાલી છે. રાજ્ય-જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના આંકડા મુજબ, રાજ્યમાં દર વર્ષે નવા સરેરાશ ૧૫ હજારથી વધુ કેસ નોંધાય છે. ૨૦૧૯ સુધી રાજ્યમાં કુલ ૨૭૨૦૩ કેસ પેન્ડિંગ હતા, ત્યાર બાદ વર્ષ ૨૦૨૦-૨૦૨૪ સુધીમાં નવા ૭૩૩૯૮ કેસ નોંધાયા હતા. જોકે આ સમયગાળા દરમિયાન એટલે કે પાંચ વર્ષમાં ૬૦૩૧૩ કેસનો નિકાલ કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં બે કંપનીનાં સિરપનો જથ્થો બજારમાંથી પરત ખેંચવા આદેશઃ અન્ય સિરપની પણ તપાસ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય પ્રદેશના છિંદવાડામાં કિડની ફેલ થવાને કારણે ૧૬ બાળકનાં મોત થયાં બાદ ખળભળાટ મચ્યો હતો. મધ્ય પ્રદેશ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની તપાસમાં ગુજરાતમાં બનેલી રિ-લાઈફ અને રેસ્પિફ્રેશ ટીઆર નામનાં કફ સિરપમાં ખતરનાક કેમિકલ ડાયએથિલિન ગ્લાઇકોલનું પ્રમાણ નક્કી મર્યાદા કરતાં વધુ મળ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા આ બંને સિરપનો જથ્થો બજારમાંથી પરત ખેંચી લેવા આદેશ કર્યો હતો. આ બંને સિરપની છેલ્લામાં છેલ્લી બોટલ પરત ન ખેંચાય ત્યાં સુધી સમગ્ર પ્રક્રિયા પર ધ્યાન રાખવા એફડીસીએના અધિકારીઓને આદેશ કરાયો હતો. આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે આ સિવાયની જે કંપનીઓ કફ સિરપ બનાવે છે એની પણ ગુજરાત સરકાર દ્વારા તપાસ કરી પ્રમાણિત કરાશે.

સુરેન્દ્રનગરની મેસર્સ શેપ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ અને અમદાવાદની મેસર્સ રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝર દ્વારા તપાસ હાથ ધરાઈ હતી.

તપાસ અહેવાલમાં દેખાયેલી ક્ષતિના આધારે બંને પેઢીને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ અપાયો છે. સાથે જ ગુણવત્તા વગરની દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પરત ખેંચવા પણ આદેશ અપાયા હતા. આ સાથે જ સાવચેતીના ભાગરૂપે બંને પેઢીમાંથી અન્ય કફ સિરપના કુલ ૧૪ નમૂના લઈ તેને ચકાસણી માટે પ્રયોગશાળા મોકલાયા હોવાનું પણ ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.

રાજ્યમાં હાલ ૬૨૪ ઓરલ લિક્વિડ (કફ સિરપ સહિત) દવાઓ બનાવતી પેઢીઓ કાર્યરત છે. ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ મદદનીશ કમિશનરોને તાત્કાલિક તેમના વિસ્તારમાં આવેલી દવા પેઢીઓની વિગતવાર તપાસ હાથ ધરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. તપાસમાં ખાસ કરીને પાણીની ગુણવત્તા, કાચામાલના સ્રોત, ઉત્પાદન પ્રક્રિયા, ક્વોલિટી કન્ટ્રોલ સિસ્ટમ અને સેમ્પલિંગ પ્રક્રિયાની ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવશે. દરેક પેઢીમાંથી ઓરલ લિક્વિડ દવાઓના ઓછામાં ઓછા પાંચ નમૂનાઓ લઈ વડોદરા લેબોરેટરીમાં સત્વરે તપાસ મોકલાશે.

સુરેન્દ્રનગરની મે. શેપ ફાર્મા પ્રા. લિ. અને અમદાવાદની મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ. સામે પહેલેથી જ દવાનું ઉત્પાદન તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તપાસ દરમિયાન બંને પેઢીઓને ‘નોટ ઑફ સ્ટાન્ડર્ડ’ દવાઓનો જથ્થો બજારમાંથી તાત્કાલિક રીકોલ કરવાનો પણ કડક હુકમ આપવામાં આવ્યો છે.

# દેવભૂમિ દ્વારકાના લાંબામાં કેન્સરથી પીડિત પિતાએ બે સંતાનોને ઝેર પીવડાવી આત્મહત્યા કરતા ચકચાર

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે સોમવારે ૬ ઓક્ટોબર સાંજે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની હતી, જેણે સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાવી દીધી હતી. ગામના એક યુવાને કેન્સરની ગંભીર બીમારીને કારણે બાળકોના ભવિષ્યની ચિંતામાં આવીને પોતાનાં બે માસૂમ સંતાનને ઝેરી દવા પીવડાવીને મોત નિપજાવ્યાં બાદ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. મૃતકોમાં મેરામણ કરશન ચેતરિયા (પિતા, ઉં.વ.૪૦), ખુશી મેરામણ ચેતરિયા (પુત્રી, ઉં.વ.૫)), માધવ મેરામણ ચેતરિયા (પુત્ર, ઉં.વ.૩)નો સમાવેશ થાય છે. લાંબા ગામે રહેતા મેરામણભાઈ કરસનભાઈ ચેતરિયા નામના યુવાનને છેલ્લાં લગભગ પાંચેક વર્ષથી મોઢાના કેન્સરની ગંભીર બીમારી હતી. તેમની આ બીમારી અંતિમ સ્ટેજમાં હતી અને ગમે તે સમયે મૃત્યુ થવાની સંભાવના હતી. આ જીવલેણ બીમારી અને હવે પોતાનું મૃત્યુ નિશ્ચિત હોવાની બાબતે તેઓ છેલ્લાં કેટલાક સમયથી ખૂબ જ વ્યથિત રહેતા હતા. તેમને સતત નાનાં બાળકોની ચિંતા સતાવતી હતી. આ જ વ્યથામાં આવીને સોમવારે સાંજના સમયે તેમણે આ કરુણ પગલું ભર્યું હતું.

વ્યથિત મેરામણભાઈએ પહેલા પોતાની પાંચ વર્ષની પુત્રી ખુશી અને ત્રણ વર્ષના પુત્ર માધવને ઝેરી દવા પીવડાવી દીધી હતી. માસૂમ સંતાનોનું મોત નિપજાવ્યાં બાદ મેરામણભાઈએ પોતે પણ ઝેરી દવા ગટગટાવી લીધી, જેના કારણે પિતા મેરામણભાઈ ચેતરિયાનું પણ મૃત્યુ નીપજ્યું હતું. એક જ પરિવારના ત્રણ સભ્યનાં મૃત્યુથી લાંબા ગામે ગમગીની છવાઈ ગઈ હતી.

# સાસણ ગીર જંગલ સફારીનો આરંભઃ તહેવારના દિવસોમાં બુકિંગ ફુલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના જંગલમાં સિંહોનું ચાર માસનું ‘વેકેશન’ પૂરું થયું છે અને પ્રવાસીઓ માટે મંગળવારથી જંગલ સફારીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ચોમાસું અને વન્ય પ્રાણીઓના પ્રજનન કાળને કારણે છેલ્લા ચાર મહિનાથી બંધ રહેલી જંગલ સફારી ફરી શરૂ થતા પ્રકૃતિપ્રેમીઓમાં ખુશીનો માહોલ છવાયો છે. આ વખતે પરંપરાગત ૧૬ ઓક્ટોબરની તારીખના બદલે ૯ દિવસ વહેલી એટલે કે ૭ ઓક્ટોબરે જ સફારીનો પ્રારંભ કરાયો છે. પ્રથમવાર આટલો વહેલો પ્રારંભ કરવામાં આવ્યો છે. લીલી ઝંડી બતાવીને સફારીનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો અને પ્રથમ ટ્રીપના પ્રવાસીઓના મોં મીઠા કરાવીને તેમને જંગલમાં રવાના કરાયા હતા. સાસણ ગીર ઉપરાંત જૂનાગઢની ગિરનાર સફારી અને પોરબંદરની બરડા સફારીનો પણ પ્રારંભ થયો છે.

જંગલ સફારી માટે ઓનલાઈન બુકિંગમાં પ્રવાસીઓનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. નવેમ્બર મહિનાના અમુક દિવસો સિવાય તહેવારના દિવસોમાં બુકિંગ ફુલ થઈ ગયું છે. સાસણ સિંહ દર્શન માટે તો ડિસેમ્બર મહિના સુધીની ઓનલાઈન પરમિટનું બુકિંગ ફુલ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે આગામી ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાસણ ગીરની મુલાકાત લેવાનાં છે. છેલ્લી સિઝનમાં રેકોર્ડ બ્રેક સાડા આઠ લાખથી વધુ પ્રવાસીઓએ સાસણ ગીર જંગલ સફારીની મુલાકાત લીધી હતી. આ વખતે પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે.

આ જ પ્રકારે પોરબંદર વન વિભાગ હેઠળ આવેલા બરડા અભયારણ્ય ખાતેની બરડા જંગલ સફારીનો ૭ ઓક્ટોબરથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રવાસીઓ હવે પ્રાકૃતિક સૌંદર્ય, વિવિધ જાતિના વન્યજીવન અને સમૃદ્ધ જૈવ વૈવિધ્યનો આનંદ માણી શકશે. વન વિભાગ દ્વારા પ્રવાસીઓની સુવિધા માટે જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. બરડા જંગલ સફારી માટેની પરમિટ બુકિંગ કપૂરડી ચેક પોસ્ટ ખાતે રૂબરૂ જઈ કરી શકાશે, અથવા ફોન કરીને એડવાન્સ બુકિંગની વ્યવસ્થા પણ ઉપલબ્ધ રહેશે.

# રાજ્યના ૯ લાખથી વધુ સરકારી કર્મચારી-પેન્શનર્સને મોંઘવારી ભથ્થામાં ૩થી ૫ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા. ૧ જુલાઈ ૨૦૨૫થી આપવાની જાહેરાત કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જુલાઈ ૨૦૨૫થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં ચૂકવવામાં આવશે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૬૯ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૨ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.

તે ઉપરાંત રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ. ૪૮૩.૨૪ કરોડની કર્મચારીઓને ચુકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ. ૧૯૩૨.૯૨ કરોડની ચુકવણી પગારભથ્થા-પેન્શન પેટે કરાશે. મુખ્ય પ્રધાને કરેલા આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની સૂચનાઓ પણ આપી હતી.

# સુરેન્દ્રનગરમાં કાર-ડમ્પર અકસ્માતમાં ૪ મહિલાનાં કમકમાટીભર્યાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય માટે મંગળવારનો દિવસ અમંગળ સાબિત થયો હતો. સુરેન્દ્રનગર-માલવણ હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઝેઝરી ગામ નજીક કાર અને ડમ્પર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં કારમાં સવાર ચાર મહિલાનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી હતી. સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર આવેલા ઝેઝરી ગામ નજીક ડમ્પર અને કાર વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં ચાર મહિલાઓનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે એક પુરુષને ગંભીર ઇજાઓ પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સ્થાનિકોએ જાણ કરતાં પોલીસ અને ૧૦૮નો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.આ દુર્ઘટના ત્યારે બની જ્યારે કાર માલવણથી સુરેન્દ્રનગર તરફ આવી રહી હતી. સામેની દિશામાંથી સુરેન્દ્રનગરથી માલવણ તરફ આવી રહેલા ડમ્પરે કારને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

# અમદાવાદમાં આશીર્વાદના નામે અશ્લીલ ડાન્સ પાર્ટી યોજનારા યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કુબેરનગરમાં જાહેર રસ્તા પર ડાન્સ પાર્ટી અને અશ્લીલ હરકતોનો વીડિયો સામે આવ્યો હતો. જેમાં યુવકો અને એક યુવતીની બીભત્સ ડાન્સ અને નોટોનો વરસાદ કરતાં જોવા મળ્યાં હતાં. મુકેશ મકવાણા નામના વ્યક્તિએ તેના જન્મદિનની ઉજવણી માટે આ પાર્ટીનું આયોજન કર્યું હતું. વીડિયો વાયરલ થયા બાદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી મુકેશ મકવાણાની ધરપકડ કરી હતી. જ્યારે વાયરલ વીડિયોમાં યુવક સાથે જે ડાન્સ કરે છે તે યુવતીઓ નહીં, પરંતુ કિન્નર હોવાનું સામે આવ્યું હતું. જાહેરમાં રસ્તા પર આ રીતે બર્થડે પાર્ટીની ઉજવણી અને બીભત્સ ચેનચાળા કરતા યુવકનો વીડિયો વાયરલ થતાં સરદારનગર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. ચંપાવતે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા. પોલીસે ગંભીરતાથી કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ જાહેરમાં બીભત્સ ચેનચાળા કરનાર મુકેશ મકવાણાને ઝડપી પાડ્યો હતો. તેની સામે જાહેરમાં બીભત્સ ચેનચાળા કરવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે મુકેશ મકવાણાએ તેના ભાઈના પરિચયથી કિન્નર સાયબા અંસારીને જન્મદિવસની ઉજવણી માટે મુંબઈથી અમદાવાદ બોલાવી હતી.

# કોલ્ડ સિરપ અંગે સતર્ક રહેવા નાગરિકોને અપીલ: ટોલ ફ્રી નંબર જારી

મુંબઇ: કોલ્ડરિફ સિરપ (બેચ નંબર એસઆર-૧૩) નામની દવાના ઉપયોગને કારણે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કેટલાક બાળકોના મૃત્યુ થયા હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ આ કોલ્ડરિફ કફ સિરપનું વેચાણ, વિતરણ અને ઉપયોગ તાત્કાલિક બંધ કરવા ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના રાજ્ય ડ્રગ કંટ્રોલર દા. રા. ગહાણેએ નિર્દેશ આપ્યો હતો. આ પૃષ્ઠભૂમિ પર નાસિક વિભાગના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના સહ-કમિશનર (ડ્રગ્સ) સુ. સા. દેશમુખે નાગરિકોને દવા ખરીદતી વખતે સાવધાની રાખવા અપીલ કરી હતી.

રાજ્યના વિક્રેતાઓ, વિતરકો અને હોસ્પિટલોએ આ દવાનો સ્ટોક મળી આવે તો તેનું વિતરણ ન કરતા તમામ સ્ટોક સ્થગિત કરવા, નાગરિકોએ આ દવાનો ઉપયોગ તુરંત બંધ કરવા, તેમજ કોલ્ડરિફ સિરપનું વેચાણ અને વિતરણ તાત્કાલિક બંધ કરવા, જો આ દવા કોઈની પાસે ઉપલબ્ધ હોય તો સ્થાનિક ડ્રગ કંટ્રોલ પ્રાધિકરણને આ અંગે તુરંત જાણ કરવી અને આ દવાના સ્ટોક અંગે માહિતી હોય તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૨૨૩૬૫ અથવા ૯૮૯૨૮૩૨૨૮૯ નંબર પર સંપર્ક કરવો, એવી અપીલ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને કરી છે.

નાશિક જિલ્લાની તમામ સ્વાસ્થ્ય સંસ્થાઓને, જિલ્લા હોસ્પિટલ, જિલ્લા પરિષદના સ્વાસ્થ્ય વિભાગ, મહાનગરપાલિકા ક્ષેત્રના તેમજ જિલ્લાના દવા વિક્રેતાઓને સંબંધિત કંપનીના દવાનો સ્ટોક ઉપયોગ ન કરવાની સૂચના આપવામાં આવી છે. અત્યાર સુધી નાશિક વિભાગમાં સંબંધિત કોલ્ડરિફ કફ સિરપનો માલ ક્યાંય મળી આવ્યો નથી. કોલ્ડરિફ કફ સિરપ સ્વાસ્થ્ય માટે જોખમી હોવાથી નાસિક વિભાગમાં તેનો સ્ટોક ક્યાંય છે કે, તેની ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ■

# મુંબઈની જેમ ઇગતપુરીમાં બનશે નવી ફિલ્મસિટી

મુંબઈ: મુંબઈના ગોરેગાંવમાં આવેલી ફિલ્મ સિટીમાં ઘણી ફિલ્મો, સિરિયલો અને રિયાલિટી શો ના શૂટિંગ થાય છે. હવે મુંબઈની જેમ એક નવી ફિલ્મ સિટી મુંબઈથી લગભગ ૧૫૦ કિલોમીટર દૂર નાશિક જિલ્લાના ઇગતપુરીમાં બનાવવામાં આવશે. મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકારે સોમવારે આ પ્રોજેક્ટ માટે જમીન મંજૂર કરી છે. તેમાં ઇન્ડોર સ્ટુડિયો, આઉટડોર સેટ અને ફિલ્મો અને ટીવી શોના શૂટિંગ માટે જરૂરી સુવિધાઓ હશે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.

આ નવી ફિલ્મ સિટી મુંબઈમાં દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી જેવી જ બનાવવામાં આવશે. તેમાં ફિલ્મ શૂટિંગની વ્યાપક સુવિધાઓ હશે. ઇગતપુરી જેવા પહાડી વિસ્તારમાં ફિલ્મ સિટી બનવાથી ઉત્તર મહારાષ્ટ્રમાં ફિલ્મ નિર્માણને વેગ મળશે. સોમવારે યોજાયેલી બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ઉપરાંત, વરિષ્ઠ કેબિનેટ સભ્યો છગન ભુજબળ (ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા) અને આશિષ શેલાર (આઇટી અને સાંસ્કૃતિક બાબતો) પણ હાજર રહ્યા હતા. ■

# કુર્લા સ્ટેશન અને પોડ ટેક્સી સ્ટેન્ડ વચ્ચે સ્કાયવોકનો પ્રસ્તાવ

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્સમાં (બીકેસીમાં) ટ્રાફિક ભીડની સમસ્યાને હલ કરવા માટે પોડ ટેક્સી પ્રોજેક્ટ હાથ ધર્યો છે. એમએમઆરડીએ દ્વારા કુર્લા સ્ટેશનથી પોડ ટેક્સી સ્ટેન્ડ સુધી સ્કાયવોક બાંધવાનો નિર્ણય લેવાતા મુસાફરોને કુર્લા સ્ટેશનથી સીધા કુર્લા પોડ ટેક્સી સ્ટેન્ડ સુધી પહોંચવાનું સરળ બની જશે. આ નિર્ણયને પગલે કુર્લા સ્ટેશનથી બીકેસી તેમજ બીકેસીથી બાંદ્રા પૂર્વ રેલવે સ્ટેશન સુધીની મુસાફરી સરળ અને ઝડપી બની જશે. આ સંદર્ભે વિગતવાર દરખાસ્ત મંજૂરી માટે ટૂંક સમયમાં ઓથોરિટીની બેઠકમાં મૂકવામાં આવે તેવી સંભાવના છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલા બીકેસીમાં ટ્રાફિક ભીડની સમસ્યા માથાનો દુખાવો બની ગઈ છે. વધી રહેલા ટ્રાફિકને કારણે મુસાફરોની હાલાકી વધી રહી હોવાથી એમએમઆરડીએ ટ્રાફિક જામની સમસ્યા હલ કરવા માટે વિવિધ પગલાં લઈ રહી છે. એના અંતર્ગત કુર્લા સ્ટેશનથી બાંદ્રા ઇસ્ટ સ્ટેશન સુધી ૮.૮ કિલોમીટરનો પોડ ટેક્સી રૂટ બાંધવામાં આવશે.

આ પ્રોજેક્ટ અંદાજે ૧૦૧૬.૩૮ કરોડ રૂપિયાના ખર્ચે પાર પાડવામાં આવશે. આ પ્રોજેક્ટ માટેનો કોન્ટ્રાક્ટ મેસર્સ સાઈ ગ્રીન મોબિલિટી પ્રાઇવેટ લિમિટેડ અને મેસર્સ અલ્ટ્રા પીઆરટી પ્રાઇવેટ લિમિટેડ કંપનીને આપવામાં આવ્યો છે. કરાર અનુસાર રૂટનું બાંધકામ પોડ ટેક્સીનું સંચાલન આ કંપનીઓ દ્વારા ૩૦ વર્ષ માટે કરવામાં આવશે. મુસાફરોએ પોડ ટેક્સી માટે પ્રતિ કિલોમીટર ૨૧ રૂપિયા ચૂકવવા પડશે. ■

## અદાલતે દૂધનું દૂધ ને પાણીનું પાણી કરી નાખ્યું

# ૨૮ ઈજા રસોડામાં પડી જવાથી નથી થઈ: પત્ની પર હુમલો કરનારા પતિને આજીવન કેદ

થાણે: ૨૦૧૯માં પત્ની અને પુત્ર પર દાતરડાથી હુમલો કરવાના આરોપમાં એક વ્યક્તિને આજીવન કેદની સજા થાણેની અદાલતે સંભળાવી છે. મહિલાને થયેલી ૨૮ ઈજા રસોડામાં અભરાઈ વાગવાને કારણે નથી થઈ એ વાત ખાસ નોંધી હતી. એડિશનલ સેશન્સ જજ જીજી ભણસાલીએ ચોથી ઓક્ટોબરે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે આરોપી પ્રમોદ કાન્હા પાટીલ (૪૩)નો ઇરાદો મહિલાને થયેલી ઈજા, ઉપયોગમાં લેવાયેલું હથિયાર અને મારપીટની ગંભીરતા પરથી જાણી શકાય છે. આદેશની એક નકલ સોમવારે ઉપલબ્ધ થઈ હતી.

અતિરિક્ત સરકારી વકીલ આર ડબલ્યુ પાંડેએ અદાલતને જણાવ્યું હતું કે ૨૬ ઓક્ટોબર ૨૦૧૯ના દિવસે થયેલા હુમલા પછી આરોપીની પત્ની વૈજયંતિ પાટીલ લગભગ ૪૦ દિવસ સુધી બેભાન રહી હતી. ખોપડીમાં ફ્રેક્ચર, તેમજ મગજમાં ઈજા સહિત ૨૮ જીવલેણ ઇજા થઈ હતી. બેરોજગાર અને દારૂનો વ્યસની આરોપી છાસવારે પત્નીની મારપીટ કરતો હતો. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર ઘટનાની રાત્રે આરોપી તેની પત્નીની પાછળ થાણાના ઘરના રસોડામાં જઈ મોટેભાગે માછલી કાપવા માટે ઉપયોગમાં લેવાતા દાતરડાથી તેના પર હુમલો કર્યો હતો.

બચાવ પક્ષે દલીલ કરી હતી કે મહિલાને રસોડામાં વાસણો રાખવાની તીક્ષ્ણ રેક પર પડવાથી ઈજા થઈ હતી અને પુત્રને જમીન પર રમતી વખતે ઈજા થઈ હતી. બચાવ પક્ષની દલીલને ફગાવતા ન્યાયાધીશે કહ્યું હતું કે જમીન પર પડવાથી કે પછી રસોડાની વાસણ રેક પર પડવાથી ૨૮ ઇજા થવી સંભવ જ નથી.

અદાલતે શખ્સને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ હેઠળ આજીવન કેદની સજા સંભળાવી છે. આ ઉપરાંત તેને આઈપીસીની કલમ ૫૦૪ હેઠળ ત્રણ મહિનાની સખત કેદની સજા અને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. બંને સજા સાથે ભોગવવાની છે. (પીટીઆઈ)■

# પાલઘરમાં ડેપ્યુટી સરપંચ અને કર્મચારી વચ્ચે ઓફિસમાં મારપીટ

પાલઘર: મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં સરાવલી ગ્રામ પંચાયત કચેરીમાં ડેપ્યુટી સરપંચ અને એક કર્મચારી વચ્ચે જોરદાર મારામારી થઈ હતી . સરાવલી ગ્રામ પંચાયતમાં કામની વહેંચણીને લઈને સોમવારે મોટો હોબાળો થયો હતો. એમઆઇડીસીમાં ચાલી રહેલા કામની વહેંચણી ને લઈને ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ શુભમ વાડે અને ગ્રામ પંચાયતના કર્મચારી સંકેત સાવંત વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

આ દલીલ ઝડપથી શાબ્દિક દુર્વ્યવહારમાં પરિણમી, અને બંને એકબીજાને પડકારવા લાગ્યા. ત્યારબાદ તેઓ વચ્ચે ઝઘડો થયો અને મારામારી શરૂ થઇ ગઈ. આ દરમિયાન ત્યાં હાજર કેટલાક લોકોએ તેમને શાંત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ બંને કર્મચારીઓ એકબીજાના કોલર પકડીને એકબીજા સાથે બાધતા રહ્યા. આ દરમિયાન કોઈએ આખી ઘટનાને મોબાઈલમાં કેદ કરી લીધી અને આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. બોઈસર પોલીસને ઘટનાની માહિતી મળતા જ તેમણે બંને પક્ષોના નિવેદનો નોંધીને કેસ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. ■



**ચોપડા પૂજનની તૈયારી:** દિવાળીના શુભ મુહૂર્તે વેપારીઓ પોતાના નવા નામાની શરૂઆત કરતા હોય છે. તેથી ચોપડા પૂજન માટે ચોપડા બનાવવાનું શરૂ થઈ ગયું છે. (પીટીઆઈ)

# નીતિન ગડકરીના ‘ડ્રીમ પ્રોજેક્ટ’ માટેનો માર્ગ મોકળો

નાગપુર: નાગપુરના સુંદર ફુટાલા તળાવ પર બનેલ મ્યુઝિકલ ફાઉન્ટેનએ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનો ડ્રીમ પ્રોજેક્ટ માનવામાં આવે છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય નાગપુરને પર્યટનની દૃષ્ટિએ એક નવું આકર્ષણ આપવાનો અને શહેરના નાગરિકોને આધુનિક અને સાંસ્કૃતિક અનુભવ પ્રદાન કરવાનો હતો. આશરે ૭૫ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા આ પ્રોજેક્ટની ડિઝાઇન અદ્યતન ટેક્નોલોજી પર આધારિત છે.

તળાવની મધ્યમાં સ્થાપિત આ મ્યુઝિકલ ફાઉન્ટેન ભારતના સૌથી મોટા ફ્લોટિંગ મ્યુઝિકલ ફાઉન્ટેન પૈકીનો એક છે, જેમાં પાણીને ઉચ્ચ દબાણવાળા જેટ્સમાંથી છોડવામાં આવે છે અને તે સંગીતના તાલ પર નૃત્ય કરતા જોવા મળે છે. તેની સાથે લેઝર, થ્રીડી પ્રોજેક્શન અને કલરફૂલ લાઇટિંગનો સુંદર સંગમ તૈયાર થાય છે. આ શોમાં મરાઠી, હિન્દી અને દેશભક્તિના ગીતોનો આશરે ૪૦ મિનિટનો મલ્ટીમીડિયા કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે.

જોકે, ઉદ્‌ઘાટન પછી થોડા સમય માટે ફુવારાની જાળવણી અને ટેકનિકલ સમસ્યાઓ અંગે પ્રશ્નો ઉભા થયા હતા. એવા અહેવાલો પણ આવ્યા હતા કે શો થોડા સમય માટે બંધ કરવામાં આવ્યો હતો.

મંગળવારે સુપ્રીમ કોર્ટે નાગપુરના ફૂટાલા તળાવને ‘વેટલેન્ડ’ જાહેર કરવાનો ઇનકાર કરવાના બોમ્બે હાઇ કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું હતું. આનાથી તળાવ વિસ્તારમાં સ્થાપિત ફ્લોટિંગ રેસ્ટોરન્ટ્સ, બેન્ક્વેટ હોલ, મ્યુઝિકલ ફુવારા અને વ્યુઇંગ ગેલેરીઓ જેવા કામચલાઉ પ્રોજેક્ટ્સને કાનૂની માન્યતા મળી છે. ■

# ગુજરાતથી લવાયેલો ૧૭.૫૩ લાખનો ગુટકા જપ્ત: એકની ધરપકડ

પાલઘર: ગુજરાતથી ટેમ્પોમાં ભરીને લવાયેલો અંદાજે ૧૭.૫૩ લાખ રૂપિયાનો ગુટકા જપ્ત કરી પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી. મળેલી માહિતીને આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોથી ઑક્ટોબરે મુંબઈ-અમદાવાદ હાઈવે પર મનોર નજીક શંકાસ્પદ ટેમ્પોને આંતર્યો હતો.

ટેમ્પોમાંથી સુગંધી પાનમસાલા અને ગુટકા મળી આવ્યા હતા. અંદાજે ૧૭.૫૩ લાખ રૂપિયાનો ગુટકા જપ્ત કરાયો હોવાનું પોલીસનું કહેવું છે. ટેમ્પોના ડ્રાઈવરની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ઉત્તર પ્રદેશનો વતની એવો ડ્રાઈવર હાલમાં ભિવંડીમાં રહેતો હતો. ગુટકા ક્યાંથી લવાયો તેની પણ તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■


રવિ: સાંજે ૭.૩૦ તેજપાલ Online: book my show
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23802679, 9930652094
Avni Arts Pvt. Ltd. સર્જિત Show Cont. 9819131990, 9321144944
ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત
નિમેષ દિલીપરાય લિખિત-દિગ્દર્શિત
અમી ત્રિવેદી-નિમેષ દિલીપરાય અભિનિત
Scan this QR Code & Watch The Trailer:
રાજા વિનાની શતરંજ...
CHECKMATE
ચેકમેટ
Deepak Somaiya

રવિ. બપોરે 3.30 ભવન અને સાંજે ૭.૩૦ નહેરૂ
ચોપાટી, બુ. ૯-૧૨, ૪-૭. Ph. 9372052808 વર્લી, બુ. ૧૦-૬. Ph. 9820101241
કાલે રાતે ૯ પ્રબોધન ઠાકરે
Online Bkg.open on book my show
તરોનીશ આર્ટ્સ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત
દિલીપ રાવલ લિખિત ફિરોઝ ભગત દિગ્દર્શિત
ગમતાં મનગમતાં
GAMTAA MANGAMTA
નમ્રતા પાઠક સંદીપ મહેતા કિંજલ ભટ્ટ
Show Contact: 9699270184 - 9820080714 - 9821195796
KAAJAL ADS

મેઘા આર્ટસ કિરણ ભટ્ટ સર્જિત
રવિ રાતે ૯ અસ્પી મલાડ (વે), બુ. ૯-૧૨, ૫-૮. Ph. 8169845046.
Online Bkg. book my show
ચિત્રક શાહ - કિરણ માલવણકર પ્રસ્તુત
આપણે કરેલું “કર્મ”... ક્યારેય એડ્રેસ ભૂલતું નથી...
આસિફ પટેલ પ્રકાશ પંચાલ નિર્મિત
સહ-નિર્માતા: વિનિત સોલંકી
પ્રથમ ભટ્ટ પ્રમિત બારોટ લિખીત
17, કર્મા ESTATE
વ્યાસ હેમાંગ દિગ્દર્શિત - અભિનીત
★ સૌનિલ દરૂ, સઈદ, નિયતી ભટ્ટ, પ્રિયમ જાની
Unbelievably powerful play
શો સંપર્ક: 9819131990 - 9322123633 - 9920169691
KAAJAL ADS

Fri. 10th Oct. 2025 • SPJIMR • 6.30 PM
भवन्स कल्चरल सेंटर, अंधेरी प्रस्तुत
रजनी आचार्य निर्मित
Award winning
दास्तान-ए-रफ़ी
Lifeography film
Padmshri Mohammed Rafi
जन्म शताब्दी वर्ष
दिग्दर्शन रर्जनी आचार्य विनय पटेल / छबीकला प्रकाश कार्लेकर


## પરિતોષ પેન્ટર અને ભરત દાભોળકર ગેંગનું ચટાકેદાર-ધમાકેદાર અંગ્રેજી નાટક ‘કેરી ઑન સ્પાઇંગ’




ભરત દાભોળકરના નામથી ભાગ્યે જ કોઈ ગુજરાતી અજાણ હશે, એમના અગાઉના સર્વ નાટકોને ગુજરાતી પ્રેક્ષકો તરફથી અપ્રતિમ પ્રતિસાદ સાંપડ્યો છે. પ્રેક્ષકોને જે ગમે છે એમના આટલાં વર્ષોના અનુભવથી એને ખબર છે. અહીં પણ એવી જ મોજ મસ્તીથી છલોછલ મનોરંજનનું રસપાન કરાવતો જલસો લઈને આવ્યા છે. રજૂઆત કંઈક આંતરરાષ્ટ્રીય પ્રવાસે નીકળેલો ગુજરાતી પટેલ પરિવારની છે જે આકસ્મિક રીતે ગુપ્ત મિસાઈલ પરીક્ષણ વિસ્તારમાં પહોંચી જાય અને તેમની ઓળખ આંતરરાષ્ટ્રીય જાસૂસો તરીકે થાય તે બાદ જે ધમાચકડી ઊભી થાય છે તે અંગ્રેજી નાટક કેરી ઑન સ્પાઇંગમાં જોવા મળશે. પરિતોષ પેન્ટર પ્રસ્તુત અને ભરત દાભોળકરનું આ નવું નાટક આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસી, ઓળખની ભુલભુલામણી તથા ગુજરાતી ભારતીય પરિવારની સ્વાભાવિક રમૂજનો સમન્વય ધરાવે છે.

નાટકમાં ગુજરાતી પરિવાર ઉપરાંત ભારતીય રાજદ્વારીનો અતિવિશ્વાસુ પુત્ર પ્યારે મોહન દીક્ષિત, ઓઈલ ટાયકૂન, ખલનાયક જેવો પોલીસ ચીફ, તેનો સત્તાભૂખ્યો મદદનીશ અને છ વર્ષથી કબાટમાં છુપાયેલો રસોઈયો-કમ-જાદુગર ગૂંચવણોમાં વધારો કરતાં રહે છે. ભરત દાભોળકર લિખિત, દિગ્દર્શિત અને અભિનીત નાટક કેરી ઑન સ્પાઈંગમાં અનંત મહાદેવન, તનાઝ ઈરાનીસ, સુરેશ મેનન, વિકાસ પાટીલ, ચર્મી કેલૈયા, મોહન આઝાદ અને ડૉ. દીપા ભાજેકર છે. નાટકની નિર્માત્રી સેજલ દીપક પેઇન્ટર છે. નાટકનું ગ્રાન્ડ પ્રીમિયર શો શુક્રવાર, ૧૦ ઑક્ટોબરે સાંજના ૭.૩૦ વાગ્યે, બાન્દ્રાના સેંટ એન્ડ્રુઝ ઑડિટોરિયમમાં થશે. શનિવાર, તારીખ ૧૧ સાંજના ૭.૩૦ વાગ્યે, બાન્દ્રાના બાલગંધર્વ ઓડિટોરિયમ ખાતે ભજવાશે. આ શોની ટિકિટ બુક માય શો પર ઉપલબ્ધ છે. ■

# વર્સોવાથી ‘અપહરણ’ કરાયેલો બિલ્ડર વસઈના વ્યસન મુક્તિ કેન્દ્રમાં મળ્યો!

### પહેલી પત્નીની સૂચનાથી બિલ્ડરને જબરદસ્તી લઈ જવાયો એમાં બીજી પત્ની અપહરણ કરાયાનું સમજી

મુંબઈ: અંધેરીના પૉશ વિસ્તાર વર્સોવાથી બિલ્ડરનું ‘અપહરણ’ કરાયાની માહિતીથી પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે તરત જ તપાસનાં ચક્રો ગતિમાન કરી દીધાં, પણ બિલ્ડર ટ્રેસ થયો ત્યારે આ પ્રકરણમાં નાટ્યાત્મક વળાંક આવ્યો હતો. દારૂ પીવાના વ્યસની બિલ્ડરને પહેલી પત્નીએ જબરદસ્તીથી વસઈના રિહેબ સેન્ટરમાં દાખલ કરાવ્યો હતો, જેની જાણ બીજી પત્નીને નહોતી.

પોલીસના જણાવ્યા મુજબ વર્સોવાના ચાર બંગલો વિસ્તારમાં આવેલા ફ્લૅટમાંથી રવિવારની રાતે અજાણ્યા શખસોએ બિલ્ડર ચંદ્રકાંત ભુનુને જબરદસ્તી પોતાની સાથે લઈ ગયા હતા. આ બનાવથી ડરી ગયેલી ભુનુની બીજી પત્ની અફસાના અરબે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસ ફરિયાદમાં અફસાનાએ દાવો કર્યો હતો કે ચાર અજાણ્યા શખસ તેના ઘરમાં ઘૂસી આવ્યા હતા. ચારેય જણ બળજબરીથી ભુનુને પોતાની સાથે લઈ ગયા હતા. ભુનુનું કારમાં અપહરણ કરાયું હોવાનું અફસાનાએ જણાવ્યું હતું.

આ પ્રકરણે વર્સોવા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બિલ્ડરની પહેલી પત્નીના પુત્રએ મિલકત વિવાદમાં આ અપહરણ કરાવ્યું હોવાની શંકા ફરિયાદમાં વ્યક્ત કરાઈ હતી. અપહરણને પગલે ક્રાઈમ બ્રાન્ચ પણ તપાસમાં લાગી હતી. તપાસ દરમિયાન પોલીસે બિલ્ડરને વસઈના વ્યસન મુક્તિ કેન્દ્રમાં ટ્રેસ કર્યો હતો. બિલ્ડરની પૂછપરછ કરવામાં આવતાં ચોંકાવનારી માહિતી સામે આવી હતી.

બિલ્ડરને દારૂ પીવાનું વ્યસન હતું, જેનાથી પહેલી પત્ની ચિંતિત હતી. આ વ્યસન છોડાવવા માટે પહેલી પત્નીએ જ ‘અપહરણ’નું કાવતરું ઘડી કાઢ્યું હતું. બિલ્ડરને જબરદસ્તી રિહેબ સેન્ટરમાં દાખલ કરાવ્યો હતો, જેની જાણ તેની બીજી પત્ની અફસાનાને નહોતી. તપાસમાં પોલીસને એવું પણ જાણવા મળ્યું હતું કે બિલ્ડરને જબરદસ્તી ઘરમાંથી લઈ જનારા વ્યસન મુક્તિ કેન્દ્રના કર્મચારીઓ હતા. બિલ્ડરની પહેલી પત્નીની સૂચનાથી કર્મચારીઓ જબરદસ્તી બિલ્ડરને લઈ ગયા હતા. (પીટીઆઈ)■

# મુંબઈ માટે ઝૂંપડપટ્ટી ક્લસ્ટર રિડેવલપમેન્ટ યોજના મંજૂર

મુંબઈ: મહારાષ્ટ્ર પ્રધાન મંડળે મંગળવારે મુંબઈમાં ઝૂંપડપટ્ટીઓને વધુ સારી જીવનશૈલી સાથે સંકલિત આવાસ પ્રોજેક્ટ્સ તરીકે પુનર્વિકાસ કરવા અને શહેરી માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા માગતી એક યોજનાને મંજૂરી આપી છે. ઝૂંપડપટ્ટી ક્લસ્ટર પુનર્વિકાસ યોજનાનો અમલ ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારોને આધુનિક આવાસ આપવા માટે સ્થાપિત રાજ્ય સરકારની એજન્સી સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) દ્વારા કરવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ મોટા પાયે ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસને વેગ આપવાનો અને નાણાકીય રાજધાનીમાં શહેરી માળખાગત સુવિધાઓમાં સુધારો કરવાનો છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કાર્યાલય દ્વારા પ્રધાન મંડળની બેઠક બાદ જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ યોજના ઝૂંપડપટ્ટીના ક્લસ્ટરોને ઇન્ટિગ્રેટેડ હાઉસિંગ પ્રોજેક્ટ્સ તરીકે ફરીથી વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી ખાનગી રોકાણ અને બાંધકામ પ્રવૃત્તિઓ માટે તકો ઊભી કરશે.

નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ નિર્ણયથી બાંધકામ અને એને સંબંધિત ક્ષેત્રોમાં રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે. એનાથી મુંબઈના આર્થિક વિકાસમાં મદદ મળશે. અન્ય એક નિર્ણયમાં પ્રધાન મંડળે ૪૨૪ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે રાજ્યવ્યાપી ગટર વ્યવસ્થા અને પુનઃઉપયોગ નીતિને મંજૂરી આપી છે. આ નીતિ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ અને પુનઃઉપયોગ દ્વારા પરિપત્ર અર્થતંત્રને પ્રોત્સાહન આપશે અને એનાથી પર્યાવરણીય રીતે ટકાઉ શહેરી વિકાસને મદદ મળશે. (પીટીઆઈ)■


સંજય ગોરડિયા પ્રોડક્શન્સ વિશાલ ગોરડિયા પ્રસ્તુત Double Show- Double Dhammal
વિનોદ સરવૈયા લિખિત
સંજય ગોરડિયા નિર્મિત-દિગ્દર્શિત-અભિનિત
સસ્પેન્સ અને કોમેડીનાં રાજા...
ઘેલાભાઈ ઘુઘરાવાળી
મનોરંજનની મોજે મોજ !
★ નિલેશ પંડ્યા
કૌશાંબી ભટ્ટ, પ્રતિક દવે, ફલક મહેતા મીતાલી ગોરડિયા અને વિનાયક કેતકર
Show Cont. 9820437187
આ રવિ: બે શો
બપોરે 3.30 નહેરૂ -વર્લી
રાત્રે ૯ ઝવેરબેન -ઘાટકોપર
નહેરૂ-વર્લી, બુ./ટેલી બુ. ૧૦-૬ Ph. 40245408, 9820101241
ઝવેરબેન-ઘાટકોપર, Ph. 9892629810 બુ./ટેલી બુ. ૯-૧૨, ૫-૮
Online: book my show
રવિ: ૨ નવે. રાત્રે ૯ પ્રબોધન ઠાકરે -બોરીવલી
રવિ: ૯ નવે. સાંજે ૭.૩૦ તેજપાલ
Deepak Somaiya


# નવી મુંબઈ ઍરપોર્ટની સુરક્ષા માટે નવા પોલીસ સ્ટેશનને મંજૂરી મળી

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે નવી મુંબઈ એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરવાના છે, જ્યારે પેસેન્જર ફ્લાઇટ કામગીરી ડિસેમ્બરમાં શરૂ થવાની છે. ત્યારે મહારાષ્ટ્ર સરકારે સોમવારે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુરક્ષાને લઈને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મહારાષ્ટ્ર સરકારે આ વિસ્તાર માટે એક સમર્પિત પોલીસ સ્ટેશન બનાવવાની મંજૂરી આપી દીધી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

એકવાર ઍરપોર્ટ સંપૂર્ણપણે કાર્યરત થઈ જાય પછી વાર્ષિક આશરે નવ કરોડ મુસાફરો અને ૩૬૦ કરોડ મેટ્રિક ટન કાર્ગોની અવરજવર થવાની અપેક્ષા છે. અધિકારીએ જણાવ્યું હતું કે મુસાફરો અને કાર્ગોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને અધિક પોલીસ મહાનિર્દેશક (આયોજન અને સંકલન) એ નવા પોલીસ સ્ટેશનની રચના માટે ગૃહ વિભાગને દરખાસ્ત મોકલી હતી. દરખાસ્ત મુજબ, પનવેલ શહેર અને ઉલ્વે પોલીસ સ્ટેશનને વિભાજીત કરીને નવું પોલીસ સ્ટેશન બનાવવાનું હતું.

તેમણે ઉમેર્યું કે, નવું ઍરપોર્ટ હાલમાં આ બે પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. તે મુજબ ગૃહ વિભાગે નવા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પોલીસ સ્ટેશનની રચના માટે મંજૂરી આપી છે.

સ્ટાફ માટે ૩.૩૮ કરોડના રિકરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેટઅપ માટે ૧.૭૬ કરોડના નોન-રિકરિંગ ખર્ચે બનનાર પોલીસ સ્ટેશન માટે ૧૦૮ નવી પોસ્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારે આ અંગે સરકારી ઠરાવ બહાર પાડ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

# આઈસીઆઈસીઆઈ બૅન્ક, એચડીએફસી બૅન્કની આગેવાનીએ લેવાલીનો ટેકો મળતાં બેન્ચમાર્કે ચોથા દિવસે આગેકૂચ ચાલુ રાખી

મુંબઇઃ વોલ સ્ટ્રીટની નવી વિક્રમી સપાટી તરફની આગેકૂચ અને એશિયાઇ બજારોના સુધારા વચ્ચે આઇસીઆઇસીઆઇ બેન્ક, એચડીએફસી બેન્ક જેવા હેવીવેઇટ શેરોની આગેવાનીએ લેવાલીનો ટેકો મળતાં બેન્ચમાર્કે ચોથા દિવસે આગેકૂચ ચાલુ રાખી હતી. સત્ર દરમિયાન ૫૧૯.૪૪ પોઇન્ટના ઉછાળે ૮૨,૩૦૦ પાર કરીને અંતે સેન્સેક્સ ૧૩૬.૬૩ પોઇન્ટ અથવા તો ૦.૧૭ ટકા વધીને ૮૧,૯૨૬.૭૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૩૦.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૧૨ ટકાના સુધારા સાથે ૨૫,૧૦૮.૩૦ની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સ ભારતી એરટેલ, એચસીએલ ટેક, અલ્ટ્રાટેક સિમેન્ટ, પાવર ગ્રીડ, એચડીએફસી બેન્ક, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ અને આઇસીઆઇસીઆઇ બેન્ક મેજર ગેઇનર રહ્યા હતા. જ્યારે એક્સિસ બેન્ક, ટાટા મોટર્સ, ટ્રેન્ટ અને ઇન્ફોસિસ ટોપ લુઝર બન્યા હતા. ટ્રેન્ટના નાણાકીય પરિણામ અપેક્ષા સામે નબળા રહેતા તેના શેરમાં ધોવાણ જોવા મળ્યું છે.

કેનેરા એચએસબીસી લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીનો આઇપીઓ ૧૦મી ઓક્ટોબરે ખૂલશે અને ૧૪મી ઓક્ટોબરે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦૦થી રૂ. ૧૦૬ રાખવામાં આવી છે. એન્કર ઇન્વેસ્ટર્સ બિડ નવમી ઓક્ટોબરે ખૂલશે. આ કંપની કેનેરા બેન્કનો હિસ્સો ૫૧ ટકા અને એચએસબીસી ગ્રૂપની એચએસબીસી ઇન્સ્યુરન્સ (એશિયા પેસિફિક) હોલ્ડિંગ્સ લિમિટેડનો હિસ્સો ૨૬ ટકા છે. સંપૂર્ણ આઇપીઓ ૨૩.૭૫ કરોડની ઓફર ફર સેલ છે.

ટુરિઝમ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડના ડિરેક્ટર બૉર્ડે છઠી ઓક્ટોબરના રોજ યોજાયેલી બેઠકમાં, કોસ્મેઆ ઇન્વેસ્ટમેન્ટ હોલ્ડકો પ્રાઇવેટ લિમિટેડ સાથે, કોસ્મેઆ ઇન્વેસ્ટમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ, તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપનીઓ, સ્ટેપ-ડાઉન પેટાકંપનીઓ અને ટ્રસ્ટના ૧૦૦ ટકા શેરહોલ્ડિંગના પ્રસ્તાવિત એકિવઝિશન માટે એક એક્સક્લુઝિવ ટર્મ શીટમાં પ્રવેશ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ટાટા કેપિટલનો આઇપીઓ બીજા દિવસે ૭૫ ટકા ભરાયો છે. કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની અને રૂબીકોન રિસર્ચ લિમિટેડનો આઇપીઓ નવમી ઓક્ટોબરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. વેદાંતા ગ્રુપ, રૂનવાલ ડેવલપર્સ, સ્ટર્લાઇટ ઇલેક્ટ્રિક, રાય્સ પાવર ઇન્ફ્રા અને ઓગમેન્ટ એન્ટરપ્રાઇસ સહિત છ કંપનીઓએ સેબી પાસે પેપર્સ જમા કરાવ્યા છે. રોટોમેગ એનરટેક, ઓસવાલ કેબલ્સ અને પ્રાઇડ હોટલ્સે પણ મૂડીબજારમાં પ્રવેશવા સેબીનો સંપર્ક સાધ્યો છે.

ગ્લોટીસના શેર બુધવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફબેટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. મંગળવારે પેસ ડિજીટેક ચાર ટકા પ્રીમિયમ સાથે લિસ્ટ થયો હતો. પાછલા સપ્તાહે બુધવારે ઇપેક પ્રિફેબ ટેકનોલોજીસ બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે, જ્યારે જૈન રિસોર્સિસ રિસાઇક્લિંગનો શેર ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો.

અમેરિકાના બજારોમાં તેજી રહી હતી, જ્યારે યુરોપમાં મિશ્ર વલમ હતું. એશિયામાં એકંદર સુધારો હતો. જાપાનમાં નવાં અને પહેલા મહિલા વડાપ્રધાન સનાઇ તાકાઇચીના શાસનમાં કરવેરામાં ઘટાડા અને સરકારી ખર્ચમાં વધારાની અટકળો પાછળ જાપાનનો બેન્ચમાર્ક નવી વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. ચીન અને સાઉથ કોરિયાના બજાર રજાઓને કારણે બંધ હતા. પેસીવ મ્યુચ્યુઅલ ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ ૨૦૨૫માં ઝડપી વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૨૦ લાખ કરોડની સ્તરે પહોંચી છે, જે ૨૦૧૯ના રૂ. ૧.૯૧ લાખ કરોડ સામે, એટલે કે છ વર્ષમાં છગણી વૃદ્ધિ દર્શાવે છે. માર્ચ ૨૦૨૩થી બે વર્ષમાં એસેટ બેઝમાં ૧.૭૦ ગણો વધારો થયો છે. ટોચના ફંડ મેનેજરે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરની કમાણીની મોસમ શરૂ થઈ રહી હોવાથી બજારની ચાલ માટે આ અઠવાડિયું મહત્વપૂર્ણ રહેશે, આઇટી અગ્રણી કંપની ટીસીએસ નવમી ઓક્ટોબરે પરિણામો જાહેર કરશે. સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ક્વાર્ટર માટે ટીસીએસના કોર્પોરેટ પરિણામ જાહેર થશે ત્યારે આઇટી ક્ષેત્ર સ્પોટલાઇટમાં રહેશે.

દરમિયાન, એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

## રેટ કટના આશાવાદ હેઠળ સોના-ચાંદીમાં વણથંભી તેજી
# સોનું વધુ ₹ ૬૯૨ ઝળક્યું, ચાંદી ₹ ૬૦૮ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ દ્વારા રેટ કરવામાં આવે તેવો આશાવાદ, આર્થિક અનિશ્ચિતતા અને પ્રબળ રોકાણલક્ષી માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવે ઔંસદીઠ ૩૯૭૭.૧૯ ડૉલરની નવી વિક્રમ સપાટી નોંધાવી હતી અને ત્યાર બાદ નફારૂપી વેચવાલીએ પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ ઘસરકો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે બન્ને કિંમતી ધાતુઓમાં તેજીની આગેકૂચ જળવાઈ રહેતાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૯૦થી ૬૯૨ વધી આવ્યા હતા, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૬૦૮નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી છૂટીછવાઈ હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૦૮ વધીને રૂ. ૧,૪૯,૪૪૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૯૦ વધીને રૂ. ૧,૧૯,૪૬૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૯૨ વધીને રૂ. ૧,૧૯,૯૪૧ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૭૭.૧૯ ડૉલરની ઊંચી સપાટી નોંધાવ્યા બાદ ૩૯૫૯.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ૩૯૮૩.૧૦ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૮.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે સોનામાં એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની લેવાલી ઉપરાંત અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી તથા આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનામાં સલામતી માટેની પ્રબળ માગને ટેકે તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું સાક્સો બૅન્કના વિશ્લેષક ઓલે હેન્સને જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓને છૂટા કરવાની પ્રક્રિયા થઈ રહી છે અને જો શટ ડાઉન વધુ ચાલશે તો વધુ નોકરીઓ છૂટી થવાની ચેતવણી પણ ઉચ્ચારી હતી. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનામાં તથા ડિસેમ્બર મહિનામાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર હોવાથી સોનાની તેજીને ટેકો મળી રહ્યો છે. આ સિવાય કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીનો ટેકો મળી રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સતત ૧૧માં મહિનામાં સોનામાં લેવાલી જોવા મળી છે. દરમિયાન આજે ગોલ્ડમેન સાશે આગામી વર્ષ ૨૦૨૬ના ડિસેમ્બર મહિનામાં સોનાના ભાવનો અંદાજ જે ઔંસદીઠ ૪૩૦૦ ડૉલરનો મૂક્યો હતો તે વધારીને ૪૯૦૦ ડૉલરનો મૂક્યો હોવાનું એક નોટ્સમાં જણાવ્યું છે.

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓમાં મક્કમ વલણ જળવાઈ રહ્યું હોવા છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યા હોવાથી વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેનો અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. પાંચનો અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. ત્રણનો સુધારો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ટીનમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૩૩૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૬૩ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૯૪૭, રૂ. ૯૩૩ અને રૂ. ૯૧૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૬૫૦ અને રૂ. ૧૦૨૫ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૪૮ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ રિટેલ સ્તરની ખપપૂરતી માગ તેમ જ સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહેતાં હાજરમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૦નો ઘટાડો આગળ ધપ્યો હતો. આ સિવાય મથકો પરના નિરુત્સાહી અહેવાલે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો.

## પશ્ચિમ રેલવે સ્વચ્છ સ્ટેશનો અને સ્વચ્છ ટ્રેનો પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્વચ્છતા પખવાડા ૨૦૨૫ ચાલુ રાખે છે



મુંબઈઃ પશ્ચિમ રેલવે ૧લી થી ૧૫મી ઑક્ટોબર, ૨૦૨૫ દરમિયાન સ્ટેશનો, ઑફિસો, વર્કશોપ અને ટ્રેનોમાં સ્વચ્છતા અને પર્યાવરણીય જાગરૂકતાને પ્રોત્સાહન આપવા માટે સ્વચ્છતા પખવાડા ૨૦૨૫ ઉજવી રહ્યું છે. લૉન્ચ અને પ્રારંભિક પ્રવૃત્તિઓના આધારે, ઝુંબેશ ૩જા, ૪થા અને ૫મા દિવસ દરમિયાન સ્વચ્છ સ્ટેશનો અને સ્વચ્છ રેલગાડી પર કેન્દ્રિત પહેલ સાથે આગળ વધી હતી.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝ અનુસાર, ૮૦થી વધુ મુખ્ય સ્ટેશનો પર સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં પ્લેટફોર્મ, ફરતા વિસ્તારો અને મુસાફરોની સુવિધાઓનો સમાવેશ થતો હતો. ૩૧ સ્ટેશનો પર, યોગ્ય કામ કરવાની પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવા માટે સફાઈ મશીનો, સાધનો, છોડ અને રક્ષણાત્મક ગિયરનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૧૨૩ સ્ટેશનો પર ડસ્ટબિન અને તેમની જાળવણીની ચકાસણી કરવામાં આવી હતી, જ્યારે ૩૭ સ્ટેશનો પર ગટર, શૌચાલય, એપ્રોચ રોડ, ફૂટઓવર બ્રિજ અને વેઈટિંગ હોલની વ્યાપક સફાઈ કરવામાં આવી હતી. વધુમાં, સ્ટેશનો પર ચાલી રહેલા સ્વચ્છતા કાર્યોને ટેકો આપવા માટે હાઇડ્રેન્ટ પાઈપોનું નિરીક્ષણ અને યોગ્ય સ્ટેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ચાર પૈસાના ઘટાડા સાથે ૮૮.૭૭ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૭૪ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૮.૭૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૯ અને ઉપરમાં ૮૮.૭૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૮.૭૭ના મથાળે રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર સરકારી ફંડ માટે અમેરિકી સેનેટે ફરી વખત ડેમાક્રેટિક અને રિપબ્લિકનના પ્રસ્તાવને નકારી કાઢ્યા હોવાથી ગવર્મેન્ટ શટડાઉને છઠ્ઠા સત્રમાં પ્રવેશ કર્યો હોવાથી ટ્રેડરોએ ડૉલરમાં નવી લે-વેચમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો.

# ભારતીય રોકાણકારોના ૧૧,૬૦૦ કરોડ રૂપિયા કોરિયા ભેગા થશે!

*નિલેશ વાઘેલા*

મુંબઇઃ આજે બુધવારે મૂડીબજારમાં મેનિબોર્ડ અને એસએમઇ સેગમેન્ટ મળીને એકસામટા ૧૦ આઇપીઓનું લિસ્ટિંગ થવાનું છે. મૂડીબજારમાં આઇપીઓની વણઝાર આવી રહી છે, ત્યારે એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયાએ દલાલ સ્ટ્રીટ પર પ્રવેશ માટે જે રસ્તો પસંદ કર્યો છે, તેમાં ભારતીય રોકાણકારોના રૂ. ૧૧,૬૦૭ કરોડ સીધા કોરિયન પેરેન્ટ કંપની, એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ક પાસે જતાં રહેશે, કારણ કે આ આઇપીઓ શુદ્ધ ઓફર ફોર સેલ છે.

આ ઓએફએસ હોવાથી તેમાંથી એકે રૂપિયો ભારતમાં રહેશે નહીં અને તેમાંથી એકે રૂપિયાવનો કંપની માટે ઉપયોગ થવાનો નથી, કે કંપની તે માટે બંધાયેલી પણ નથી. આ પગલું હ્યુન્ડાઇ દ્વારા તેની ભારતીય પેટાકંપની દ્વારા મૂલ્ય અનલોક કરવાના તાજેતરના વલણને પ્રતિબિંબિત કરે છે. નોંધવું રહ્યું કે, હ્યુન્ડાઇ ઇન્ડિયાના લિસ્ટિંગમાં મજબૂત સબ્સ્ક્રિપ્શન છતાં રોકાણકારોને નિરાશા સાંપડી હતી.

તાજેતરમાં આ ચલણમાં વધારો જોવા મળ્યો છે. હાલમાં જ માર્કેટમાં પ્રવેશેલી ઘણી કંપનીઓના આઇપીઓ માત્ર ઓએફએસ હતા, જોકે ભારતીય રોકાણકારો આવી કંપનીમાં શેરધારક બને છે, પરંતુ નાણાં વિદેશ જતાં રહે છે. તાજેતરમાં પ્રવેશી રહેલી કેનેરા એચએસબીસીનો આઇપીઓ પણ ઓએફએસ છે.

એલજીએ પ્રાઇસ બેન્ડ રૂ. ૧,૦૮૦થી રૂ. ૧,૧૪૦ની રાખી છે, જે કંપનીનું મૂલ્ય રૂ. ૭૩,૦૦૦ કરોડથી રૂ. ૭૭,૦૦૦ કરોડની વચ્ચે આંકે છે, આ આંકડો જોકે કંપનીના અગાઉના આયોજન રૂ. ૧.૩ લાખ કરોડ કરતા ઘણો નીચો છે. એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયા દક્ષિણ કોરિયાના એલજી ઇલેક્ટ્રોનિક્સની ભારતીય શાખા છે.

## સિટી ન્યૂઝ

# મહારાષ્ટ્ર સરકારની નવી નીતિનો જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ તરફથી આવકાર

મુંબઈઃ મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે નવી રત્ન અને ઝવેરાત (જેમ એન્ડ જ્વેલરી) નીતિને મંજૂરી આપી હતી જે મુખ્ય ક્ષેત્રમાં રૂ. ૧ લાખ કરોડનું રોકાણ આકર્ષિત કરવા અને પાંચ લાખ રોજગારીની તકો ઊભી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ નીતિનો હેતુ હીરા અને કિંમતી પથ્થરો ઉપરાંત સોના અને ચાંદીના ઝવેરાત સંબંધિત વ્યવસાયોને પ્રોત્સાહન આપવાનો છે, એમ કેબિનેટની બેઠક બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઑફિસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે.

આ નીતિમાં રૂ. ૧ લાખ કરોડનું રોકાણ આકર્ષિત કરવાનો અને આ ક્ષેત્રમાં પાંચ લાખ નવી રોજગારીનું સર્જન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

જીજેઇપીસીનાના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે અમે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ખૂબ ખૂબ આભારી છીએ, તેમના ભારતની પ્રથમ રાજ્ય રત્ન અને ઝવેરાત નીતિની જાહેરાતમાં દૂરંદેશી નેતૃત્વ. આ સીમાચિહ્નરૂપ પહેલ માત્ર અગ્રણી ઝવેરાત તરીકે મહારાષ્ટ્રની સ્થિતિને મજબૂત બનાવશે નહીં, પરંતુ કૌશલ્ય જેવા ક્ષેત્રોમાં ગુણાત્મક છલાંગ પણ લાવશે. આ નીતિ સાથે, અમે રોકાણ, નવીનતા અને રોજગાર સર્જન માટે નવી તકોની અપેક્ષા રાખીએ છીએ. હું માનનીય મંત્રી ઉદય સામંતનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવા માંગુ છું. મહારાષ્ટ્ર સરકારના ઉદ્યોગો માટે તેમના સક્રિય માર્ગદર્શન અને અડગ રહેવા બદલ આ સીમાચિહ્નરૂપ નીતિને આગળ ધપાવવામાં સમર્થન. હું સમગ્ર ટીમનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું, એમ તેમણે કહ્યું હતું.

સીએમઓ અનુસાર, સરકારે ઇન્ટિગ્રેટેડ એન્ડ સસ્ટેનેબલ ટેક્સટાઇલ નીતિ ૨૦૨૩-૨૮ હેઠળ ખાનગી સ્પિનિંગ મિલોને પ્રતિ યુનિટ રૂ. ૩ પાવર સબસિડી આપવાનો નિર્ણય લેતા કાપડ ક્ષેત્રને પણ પ્રોત્સાહન મળ્યું છે, જે તેમને સહકારી મિલોની સમકક્ષ લાવશે.

આ સબસિડી ઔદ્યોગિક ક્લસ્ટરોમાં કાર્યરત સ્પિનિંગ મિલોને પણ ઉપલબ્ધ થશે.

વધુમાં, પાવરલૂમ ઓપરેટરોએ સબસિડીનો લાભ મેળવવા માટે સરકારી ઠરાવના છ મહિનાની અંદર ટેક્સટાઇલ કમિશનરના પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે, એમ નિવેદનમાં જણાવાયું છે.

# ૧૦ ટકા અધિકારીઓ અસમર્થઃ ગણેશ નાઈક

થાણેઃ મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા ગણેશ નાઈકે એવો દાવો કર્યો છે કે વહીવટમાં ૧૦ ટકા અધિકારીઓ 'અસમર્થ' છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ફરજની મજબૂત ભાવના 'જનતા દરબાર' જેવા જાહેર ફરિયાદ મંચની જરૂરિયાતને દૂર કરશે.નાઈક સોમવારે નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદેના ગઢ ગણાતા થાણે શહેરના એક હોલમાં 'જનતા દરબાર' (જાહેર સભા) યોજ્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

બેઠકમાં વિવિધ નાગરી, વહીવટી અને વિકાસલક્ષી મુદ્દાઓ પર નાગરિકો દ્વારા ૨૬૦થી વધુ રજૂઆતો રજૂ કરવામાં આવી હતી. રાજ્યના વન ખાતાના પ્રધાન ગણેશ નાઈકે એવી માહિતી આપી હતી કે પ્રાપ્ત થયેલી લગભગ ૬૦ ટકા રજૂઆતો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે, જ્યારે બાકીનાનો નિર્ધારિતસમયમર્યાદામાં ઉકેલ લાવવામાં આવશે.

તેમણે કહ્યું, 'પ્રશાસનમાં ૯૦ ટકા અધિકારીઓ સારા છે, પરંતુ ૧૦ ટકા અસમર્થ છે, તમે અહીં તેનો અનુભવ કરી શકો છો,' અને અધિકારીઓ દ્વારા જનતાની સમસ્યાના નિરાકરણ ન કરવાના અનેક ઉદાહરણો ટાંક્યા હતા.

'જાહેર કાર્યો ફરજની ભાવનાથી કરવા જોઈએ, મજબૂરીથી નહીં. જો દરેક વ્યક્તિ પોતાની ફરજની ભાવનાને જીવંત રાખે, તો જનતા દરબારોની જરૂર નહીં પડે,' એમ તેમણે જણાવ્યું હતું.

'જો સમસ્યાઓનું નિરાકરણ આવે, તો આ દરબારની બિલકુલ જરૂર નથી. પરંતુ એવું ક્યારેય બનતું નથી, તેથી લોકો મોટી આશાઓ સાથે દરબારમાં પડાપડી કરે છે,' એમ તેમણે ઉમેર્યું હતું.

નાયકે પાલઘરમાં બની રહેલા વાઢવણ બંદરના મહત્વ પર પણ પ્રકાશ પાડતાં કહ્યું કે તે વિશ્વનું ૧૦મું સૌથી મોટું બંદર હશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ સમગ્ર ભારતમાં રોડ નેટવર્કને જોડીને રાષ્ટ્રીય જોડાણમાં મોટા પ્રમાણમાં વધારો કરશે.

# નવી મુંબઈ એરપોર્ટને પૂર, તોફાનથી કોઈ ખતરો નહીં હોવાનો દાવો

નવી મુંબઈઃ નવી મુંબઈ એરપોર્ટના નિર્માણ દરમિયાન પર્યાવરણને મોટા નુકસાનનો મુદ્દો સતત ચર્ચાનો વિષય રહ્યો છે. એરપોર્ટના કામ માટે આ વિસ્તારમાંથી વહેતી નદીનો સંપૂર્ણ પ્રવાહ વાળવામાં આવ્યો હતો. ચાર મોટી ટેકરીઓ જમીનદોસ્ત કરવામાં આવી હતી. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં મેન્ગ્રોવ કાપી નાખવામાં આવ્યા હતા. તેથી, ભવિષ્યમાં આ એરપોર્ટ પર્યાવરણને અનુકૂળ કેવી રીતે રહેશે તે પ્રશ્ન સતત ઉઠી રહ્યો છે, ત્યારે આ પ્રોજેક્ટ બનાવી રહેલી નવી મુંબઈ એરપોર્ટ કંપની અને સિડકોએ દાવો કર્યો છે કે પૂર, તોફાન કે વાદળ ફાટવા છતાં પણ એરપોર્ટને કોઈ ખતરો નથી.

નવી મુંબઈ એરપોર્ટ પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન થઈ રહ્યું છે, ત્યારે આસપાસની ટેકરીઓ તોડવાનું કામ હજુ પણ ચાલુ છે. વડા પ્રધાન દ્વારા પ્રોજેક્ટ્સનું ઉદ્દ્ઘાટન થતાની સાથે જ એરપોર્ટના બીજા ટર્મિનલનું કામ થોડા દિવસોમાં શરૂ કરવામાં આવશે. બીજું ટર્મિનલ ૨૦૨૯ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે, એમ સિડકોના મેનેજિંગ ડિરેક્ટર વિજય સિંઘલે જણાવ્યું હતું. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ એરપોર્ટ પર્યાવરણને અનુકૂળ હશે. દરમિયાન 'અમે સૌથી ખરાબ વાદળ ફાટવાની પરિસ્થિતિ માટે તૈયાર છીએ. એરપોર્ટ ૮.૫ મીટરની ઊંચાઈએ બનાવવામાં આવ્યું છે અને તેનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. અહીં ક્યારેય પાણી એકઠું થશે નહીં,' એવો દાવો નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) કેપ્ટન બી.વી. જે. કે. શર્માએ કર્યો હતો.

એરપોર્ટમાં ચાર ટર્મિનલ અને બે સમાંતર રનવે હશે. પ્રથમ તબક્કામાં ૩,૭૦૦ મીટર લાંબો અને ૬૦ મીટર પહોળો એક રનવે અને એક ટર્મિનલનો સમાવેશ થશે.

# મહિલા આરોગ્ય ક્રાંતિ – 'સ્વસ્થ મહિલાઓ, મજબૂત પરિવારો'ને રાજ્યભરમાં સ્વયંભૂ પ્રતિસાદ

મુંબઈઃ મહિલા આરોગ્યને કેન્દ્રમાં રાખીને અમલમાં મુકાયેલા રાજ્યવ્યાપી અભિયાન 'સ્વસ્થ મહિલાઓ, મજબૂત પરિવારો'એ રેકોર્ડ સફળતા મેળવીને નવો ઇતિહાસ રચ્યો છે. માત્ર ૧૫ દિવસમાં, ૧ કરોડથી વધુ નાગરિકોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો, જ્યારે ૭૫ લાખથી વધુ મહિલાઓએ આ પહેલમાં ભાગ લીધો. આરોગ્ય ક્ષેત્રમાં જન આંદોલન બનાવનાર આ અભિયાને મહારાષ્ટ્રને રાષ્ટ્રીય સ્તરે પ્રથમ સ્થાને પહોંચાડ્યું છે.

આ અભિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારના માર્ગદર્શન હેઠળ તેમજ આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકર અને રાજ્યકક્ષાના પ્રધાન મેઘના બોર્ડીકરના નેતૃત્વ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યું હતું. ૧૭ સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર, ૨૦૨૫ સુધી, રાજ્યભરમાં ૨,૩૦,૬૫૩ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩,૪૧૩ વિશેષ શિબિરોનો સમાવેશ થાય છે. આ અભિયાનમાં બિનચેપી રોગો, કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, તેમજ મહિલા અને બાળ આરોગ્ય, સિકલ સેલ, ક્ષય રોગ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ૧૪ લાખથી વધુ નાગરિકોનું બ્લડ પ્રેશર માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું, જ્યારે છ લાખથી વધુ મૌખિક, સ્તન અને સર્વાઇકલ કેન્સરની સ્ક્રીનીંગ કરવામાં આવી હતી. ૪ લાખથી વધુ સગર્ભા સ્ત્રીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું અને ૧૦ લાખથી વધુ લાભાર્થીઓનું એનિમિયા માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું.

આ સાથે, ૧૫ લાખ નાગરિકોને આભા કાર્ડ, ૭ લાખ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા હતા અને ૫૧ હજાર યુનિટ લોહી એકઠું કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાં ૪,૭૬૫ નાગરિકોએ અંગદાનની પ્રતિજ્ઞા લીધી હતી, જેનાથી આરોગ્ય જાગૃતિમાં એક નવું મૉડેલ ઉભું થયું હતું. આરોગ્ય, મહિલા અને બાળ વિકાસ, શિક્ષણ, ગ્રામીણ વિકાસ અને નગર વિકાસ વિભાગોએ અભિયાનની સફળતામાં અસરકારક યોગદાન આપ્યું હતું. ૧૦,૭૬૬ પેટા-કેન્દ્રોથી ૧૯ જિલ્લા હોસ્પિટલો સુધી, તેમજ હજારો ડોક્ટરો, નર્સો, આશા અને આંગણવાડી કાર્યકરોના સંયુક્ત પ્રયાસો દ્વારા, 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાન એક વ્યાપક જન આંદોલન બન્યું.




BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

## ૪. ધાર્મિક સંબંધી

**ભાગવત કથા-મેડિકલ-શૈક્ષણિક પ્રોજેક્ટ**

સમદર્શન સેવા પરિવાર, (ફંડ રેઝીંગ ઈવેન્ટ) ગીતા પ્રવચન, ભાગવત કથા, શ્રીવિષ્ણુસહસ્રનામસ્તોત્રમ, વ્યાસપીઠ, પૂ. ઈશ્વરચંદ્ર વ્યાસ, દિવંગતોના મોક્ષાર્થે, લાભ લેવા વિનંતી છે. 25 ડિસેમ્બર, 2025થી 1 જાન્યુઆરી, 2026 (ક્રિસમસ વેકેશન) ''ત્ર્યોદશ જ્યોતિર્લિંગ તિર્થ'', ભરૂચ, ધરમપુર, વલસાડ (વેબસાઈટ જોવો) AC રૂમ, તમામ ભોજન, મુખ્ય યજમાનશ્રી, પોથી યજમાનશ્રી. 9076308117, 9324250850. (૨૭૯-એ)

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૯)

## ૬. પરચુરણ

**પટવા**

મોતી પિરોવાવાળા જુના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવો. 9821369617 / 9324805010. (એસડીબી-૨૯૦૭)

## ૭. ખુશખબર


DIWALI DHAMAKA
EXCLUSIVE
STORE DISCOUNT
20%* ON
TIMEX WATCHES
*T&C apply
GALA ELECTRO
7, Sharda Bhuvan, Sation Road, Kandivali (W)
(B-16596)


## ૯. લગ્ન સંબંધી

■ HIGHLY QUALIFIED મલાડનાં યુવક 1994 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૫૯૩)

■ મુંબઈની MD કન્યા- 1996, મુંબઈનાં CA યુવક. 1999. ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૫૯૩)

■ મુંબઈનાં / અમેરિકાનાં / કેનેડાનાં / NRIનાં બાયોડેટાઓ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૫૯૩)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બૂટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૪૩૭)

**પ્રીતી સાબુ દીવાળી ઓફર**

**ઓર્ડર બુક કરાવો અને વિવિધ ઉપયોગી આકર્ષક ભેટ મેળવો. ૦૨૨-૨૩૦૫૪૦૦૦. (૩૦૬)**

**ઉર્લી હોલસેલમાં**

દરેક સાઈઝમાં ઉર્લી દીવા તથા સ્વસ્તિક દીવા હોલસેલમાં મળશે- 9930310057. (બી-૧૬૬૦૦)

**દિવાળી ગિફ્ટ**

દિવાળી તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે- 9930310057. (બી-૧૬૬૦૧)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**

જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દ્વારકા, ચારધામ, આસામ મેઘાલય અરૂણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સ્ફેરેડ રણઃ 9819304112. (૩૪૬-એ)

**શ્રીયમુના**

પંઢરપુર, બેહસ્જી, સીમલા, મનાલી, કુલ્લુ, જગધારા, શ્રીનાથજી, કચ્છ રણોત્સવ. 9892377559. (૧૫૩૯૦/એ)

**કુદરતના ખોળે ડુંગરની ટોચે પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતનાં સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથદાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 83086 76398. (એસડીબી-૨૯૦૮)**


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૪. નોકરી ખાલી છે

**URGENT REQUIREMENT**

**Diesel Mechanic Engineer, Fitter Engineer, Electrician Engineer, Welder Engineer. 7043598056. (B-16604)**

**જોઈએ છે**

**સાઉથ મુંબઈમાં પ્રેમપુરી ટ્રસ્ટને**

**મેનેજર**

૩ થી ૫ વર્ષના અનુભવી મેનેજર જોઈએ છે. રિટાયર્ડ એક ઓફિસર ટ્રસ્ટની બાબતોના જાણકાર ને પ્રથમ પસંદગી.

**યોગ પ્રશિક્ષણ માટે**

અનુભવી જાણકાર **શિક્ષક** જોઈએ છે. સમય: સવારના ૭.૦૦ થી ૦૯.૦૦ વાગ્યા સુધી

સંપર્ક: Email:prempuritrust@gmail.com Mob No. +91 9892302783 Tel No: 2363 2608, 2367 6397

(બી-૧૬૬૦૨)

**"PART TIME"...**

Female Part Time Computer Operator Required, Near by Charni Road - 9029760000. (B-16598)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (વેસ્ટ)**

**કામાલેન 530', કારપેટ 2 બી.એચ.કે., કન્વેર્ટેડ, કમ્પાઉન્ડમાં દેરાસર, ભાડેથી આપવાનો છે. સંપર્ક - "9930363643". (૩૪૦-સી)**

**જુહુ જેવીપીડી**

**વિસ્તારમાં લક્ઝરી પ્રોજેક્ટ્સ સ્વિમિંગ પૂલ, જિમ ગાર્ડન, થિયેટર 3 બેડરૂમ 1150', 4 બેડરૂમ 1800', 5/6 બેડરૂમ 2500'- 3500' કિંમત ૫૦,૦૦૦/- પ્રતિ ચોરસ ફૂટથી શરૂઆત. મી. દેસાઈ 8591072299, 7738934973. (એસડીબી-૨૮૮૭)**

**સાંતાક્રુઝ/ખાર**

**પ્રાઈમ લોકેશનમાં ડ્રીમ હોમ્સ 3/4/5/6 બેડરૂમ, પેન્ટ હાઉસ ટેરેસ ગાર્ડન, થિયેટર, ક્લબ હાઉસ 1500'થી 5500' કાર્પેટ સી વ્યૂ ગાર્ડન વ્યૂ બજેટ 7/- CR થી શરૂઆત. મી. દેસાઈ 9022850038, 8591072299. (એસડીબી-૨૮૮૮)**

**જુહુ ગુલમહોર**

**એક્સક્લુઝિવ 3/4/5 બેડરૂમ, 1100' થી ૪૫૦૦ Sft સુવિધાઓ: સ્વિમ પૂલ, જિમ, બેન્કવેટ હોલ, યોગારૂમ કિંમત: 50,000/- થી 65,000/- સ્કે. ફિટ ભાવથી. મી. દેસાઈ 7738934973, 8591072299. (એસડીબી-૨૮૮૯)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

**રેડી પઝેશન/ બંધાતામાં 4 બેડરૂમ 1400'- 1950' કિંમત 7/- to 8/- CR 3 બેડરૂમ 1125'- 1450' ભાવ 42,000/- સ્કે. ફિટ ઓનવર્ડ જિમ+ ગાર્ડન+ ટેરેસ સાથેનો પ્રોજેક્ટ. મી. દેસાઈ- 9022850038, 7738934973. (એસડીબી-૨૮૯૦)**

**સી. ફેસ લક્ઝરીયસ પ્રોજેક્ટ**

**20+ સુવિધાઓ સાથે સીફેસિંગ 3/4/5 બેડરૂમ, પેન્ટહાઉસ જુહુ, વર્સોવા, બાંદ્રા, પાલીહીલ 2500' to 5500' જુહુ, વર્સોવા, પાલીહીલ વિસ્તારમાં પ્રીમિયમ વિકલ્પો. અન્ય બીજા ઘણા પ્રોજેક્ટો ઉપલબ્ધ. મી. દેસાઈ- 7738934973, 8591072299. (એસડીબી-૨૮૯૧)**

**લોનાવાલા**

**દહેરાસરની સામે 3 BHK. બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૫૯૫)**

**રેડી ફ્લેટો-ઘાટકોપર (ઈસ્ટનાં)**

**નવા ટાવરમાં / કોમ્પલેક્ષમાં 2, 3, 4 બેડરૂમ, 2,20,00,000/- 4,50,00,000/-. ચિંતનભાઈ - 9321234567. (૩૦૪-ઈ)**

**ભાડાના માહિર-ઘાટકોપર (ઈસ્ટમાં)**

**નવા આલીશાન ટાવરમાં / કોમ્પલેક્ષમાં 2, 3, 4 બેડરૂમનાં ફ્લેટો. ચિંતનભાઈ - 9321234567. (૩૦૪-જી)**

**અંધેરી - વેસ્ટ**

**ફ્લેટો - ઓફિસો - શોપ લેવા/વેચવા/ ભાડેથી. ''શ્રીધામ એસ્ટેટ'' 9821369413, 9167344558. (બી-૧૬૫૫૩)**

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ નવા ટાવરમાં, 1.32 કરોડ, પાર્કિંગ સાથે, 10 માળની ઉપર, મથુરાદાસ રોડ એક્સ્ટેન્શન, સંજીવ - 9821925693. (જેપી/૪૫૨૦-બી)

**કાલબાદેવી વેચાણથી**

**2 બેડરૂમ હોલ કિચન 730' કાર્પેટ, ઘનજી મૂળજી બિલ્ડિંગ, (જુનું ભાડું) લિફ્ટ, ચોથો માળ, 9820477770. (૩૨૨/ઈ)**

**જુહુસ્કીમ**

તુરંત વેચાણ 9th રોડ ઉપર 4 બેડરૂમ ફર્નિશ્ડ 2050' કાર્પેટ એરીયા, 2 પાર્કિંગ, રિડેવલપમેન્ટ ચાન્સ. 9.75 કરોડ (નેગોશીયેબલ). 9821122362. (૩૨૭/બી)

**ચોપાટી**

**ન્યુ ટાવર, 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે.ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.10 CR વેચવાનું છે. 8080753577 (Time: 10-6) (દલાલ માફ). (બી-૧૬૫૯૨)**

**તારદેવ**

2 બેડરૂમ - 752' - કાર્પેટ - પાર્કિંગ - ફર્નીસ્ટ - 4,25,00000/- નેગોશીયેબલ શાહ - 9820068382. (૧૫૩૯૨-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ગ્રાન્ટરોડ**

3 બેડરૂમ - 1400' - કાર્પેટ -જુનું ભાડું 3,25,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૨-સી)

**તારદેવ**

3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કિંગ 7,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૨-સી)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906, 9321103249. (૩૪૨/એ)

**દાદર વેસ્ટ**

લીવ લાયસન્સ 1 બેડ અનફર્નિશ 65k, 2 બેડ 70/90 K, 3-4 બેડ 1700 ફૂટ (2.40), 2 - 3 બેડ 2.25 ફુલી ફર્નિશ 1 બેડ આઉટરાઈટ 1.40 Cr to 2 Cr, 2 બેડ 2.25 to 3.5 Cr., 3 બેડ 4 Cr. લેવા/ વેચવા જયજીનેન્દ્ર લક્ષ્મીચંદ સાંગોઈ 9223222537. (બી-૧૬૫૭૨)

**દહિસર (ઈસ્ટ)**

ઠાકુર મોલની બાજુમાં, 2 બેડરૂમ 536' કાર્પેટ, 31માં માળે નેશનલ પાર્ક નજરનમ્ય દશ્ય, પાર્કિંગ સાથે 1.41 Cr. નેગોશીએબલ. 9820054365. (૩૩૮/સી)

**અંધેરી (વેસ્ટ)**

**જુહુલેન વેચાણથી, ફૂલી ફર્નિશ્ડ, 2 બીએચકે + 1 બીએચકેની જોડી ફ્લેટ, 1615 સ્કવેર ફીટ કારપેટ, 8th ફ્લોર, 1 ગેરેજ + 2 સ્ટીલ્ટ પાર્કિંગ, 3 લીફ્ટ્સ, 2 ગાર્ડન, ઈસ્ટ - વેસ્ટ ઓપન, જૈન દેરાસરની બાજુમાં. સંપર્ક:- 9821035179. (૩૪૦/એ)**

**વિલે-પાર્લા વેસ્ટ**

2 બેડરૂમ 650', 765', 786' કાર્પેટ, વેચાણથી 3 બેડરૂમ 1250', 950' વેચાણથી, એજન્ટ:- 8850666935. (બી-૧૬૫૬૮)

**પ્રભાદેવી**

સિદ્ધિવિનાયક મંદિર અને જૈન દેરાસર પાસે, સુંદર સોસાયટીમાં- ગાર્ડન સાથે, 2 BHK- રેડી પઝેશન, ઓનરશીપ. 9870042299- 9819006163. (૩૩૭/એ)

**શાંતાક્રુઝ વેસ્ટ**

અર્જન્ટ 2 બેડ 700 કાર્પેટ વેચાણ અથવા લીઝ, દેરાસર, પોદાર સ્કૂલ નજીક અમીત - 7045622403. (બી-૧૬૫૬૯)

**સાયન**

૧ બેડરૂમ, હોલ, કિચન, 380', ફર્નીશ, ૧ કાર પાર્ક, ઓનરશીપ. 9136655744, 9638387574. (૩૫૧-સી)

**માટુંગા**

3 બેડરૂમ, હોલ, કિચન - 933', 1050', 1100', નવું બિલ્ડિંગ, લીફ્ટ, કાર પાર્ક, OC છે. 9136655744. (૩૫૧-ડી)

**શિવાજી પાર્ક**

સ્પેશ્યસ ૨ બેડરૂમ, હોલ, કિચન, 860', નવું બિલ્ડિંગ, લીફ્ટ, કાર પાર્ક, સી.વ્યુ. 9136655744. (૩૫૧-ઈ)

**ઘાટકોપર (વેસ્ટ)**

**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીષ વોરા- 9324339343. (૩૨૫/એ)**

**પવઈ**

**એલ એન્ડ ટી, સાકીવિહાર રોડ, વેલ ફર્નિશ્ડ 1 બેડરૂમ હોલ કિચન (પાર્કિંગ સાથે) વેચાણથી. 9222 431307. (૩૪૩-એ)**

**ફ્લેટો 2-3 બેડરૂમ**

જુહુ વર્સોવા લીંક રોડ જુહુધારા કોમ્પલેક્ષ લીવલાયસંસથી તથા કાંદિવલી દહાણુકરવાડી 2/3 બેડરૂમ તથા દાદર (સેન્ટ્રલ) સ્વામી નારાયણ મંદીર સામે 3 બેડરૂમ - 1300' ૪.૨૫ કરોડ ઓનરશીપથી - ૧ પાર્કિંગ ''બી નરેન્દ્ર જોષી'' 9820294922 / 9167309869 / 8080709030. (૩૨૩-બી)

**જુહુસ્કીમ**

**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફૂટ, પમે માળે, લિફ્ટ, ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્ક: 9892168687. (એસડીબી-૨૮૬૪)**

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, ફ્રફ પરેડ, આર્સફ ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૦૬)

**કાંદિવલી (ઈસ્ટ)**

**Spacious 3 BHK, પુષ્કળ હવા, ઉજાસ, સ્ટેશન-હાઈવેથી વોકિંગ ડિસ્ટન્સ, વેલમેન્ટન સોસાયટી, વ્યાજબી ભાવ 3.30 Cr (દલાલ માફ) પ્રકાશ મેહતા મોબાઈલ 9653424638. (એસડીબીજી-૨૯૦૫)**

**બોરીવલી (વેસ્ટ)**

**I. C. Colony, 2 બેડરૂમ, 950', બીજે માળે, (લીફ્ટ નથી). વેચાણથી. અર્જન્ટ - Best for Investment. 9558273655. (૩૫૨-બી)**

**વિલેપાર્લે (ઈસ્ટ) વેચાણથી**

2 BHK 688' કારપેટ, ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી, હાયફ્લોર, OC અને પાર્કિંગ સાથે, મહંત રોડ, રુઈયા સ્કૂલની બાજુમાં, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી/ ૪૫૨૮-ઈ)

## ૧૭. જગ્યા આપવી છે

**સાંતાક્રુઝ (વેસ્ટ) વેચાણથી**

જુહુ રોડ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકની બાજુમાં 3 BHK 1080' કારપેટ, 2 BHK 887' કારપેટ, રેડી ટુ મુવ, OC અને પાર્કિંગ સાથે, બ્રાન્ડ ન્યૂ ટાવર, સોસાયટી સ્ટોરની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૨૪-સી)

**સાંતાક્રુઝ (વેસ્ટ) વેચાણથી**

1185' કારપેટ 3 BHK હાયફ્લોર ફૂલી ફર્નિશ્ડ, દેરાસરની બાજુમાં પોદાર સ્કૂલ રોડ, OC અને પાર્કિંગ સાથે, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૨૪-બી)

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ 12 માળની ઉપર, સ્વિમિંગપુલવાળા નવા ટાવરમાં Untouch - મથુરાદાસ રોડ એક્સ્ટેન્શન 1.31 કરોડ ફુલ પેકેજમાં મળશે સંજીવ 9821925693. (જેપી/૪૫૨૪/એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટના અંતરે ફુલ્લી ફર્નિશ્ડ 2 BHK, Hall Kitchen, પાર્કિંગ સાથે રજીસ્ટર્ડ સોસાયટી - 800' Carpet Area - 2.60 Cr. સંપર્ક- ભરત શાહ 9820280034. (૩૧૬)**

**પારલા વેસ્ટ**

અર્જન્ટ 4 બેડ સેલ 1500 કાર્પેટ સારા એરીયામાં રિ-ડેવલપમેન્ટ ચાન્સ અમિત - 7045622403. (બી-૧૬૫૯૦)

**દાદર**

ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)


READY POSSESSION WITH O.C.
SHREE GOVIND KRUPA
Site: Ramchandra Lane, Off S.V. Road
MALAD (WEST)
2 BHK 1.85 Cr. All inclusive
FESTIVAL OFFER
NO Stamp Duty, Registration, GST & Other Charges





Project by: MANTORA
Call 9930205076/9930205036
Maha Rera No. P51800046222
(B-16521)


**વિલેપાર્લે વેસ્ટ**

3 બેડરૂમ સેમી ફર્નિશ 1000 કાર્પેટ ભાડેથી આપવાનો, કાનજી સ્વામી દેરાસર પાસે, ભાડું રૂ. 1,20,000/- ડિપોઝીટ 4,00,000/- (નેગોશીયેબલ) ખાલી કબજો. સંપર્ક: જીતેશભાઈ: 9821122362. (૩૫૩-એ)

**માટુંગા**

ત્રણ બેડરૂમ બાલ્કની ૧૧૦૦ કાર્પેટ બે પાર્કિંગ ચાર એરકંડીશનર. ભાવ ૫૨૦૦૦ પણ ૪૫૦૦૦માં ઓફર આપો. વિનોદ: 9892980593. (૩૫૫-એ)

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/એ)**

**સાન્તાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/બી)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/સી)**

**અંધેરી (ઈસ્ટમાં) મોકાના ફ્લેટ**

નવા બંધાતા 18 માળના ટાવરમાં 1-2 BHK અને જોડી ફ્લેટ, સ્પેશિયસ કાર્પેટ, ઈસ્ટ વેસ્ટ ઓપન, જોતા જ ગમી જાય એવી મોર્ડન એમેનીટીઝ સાથે, 17 Slab Completed, સ્કૂલ, કોલેજ, માર્કેટ, હાઈવે અને મોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કચ્છી-ગુજરાતી-રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં. સંપર્ક - દિનેશ સાવલા: 9757252097/ 9664460863. (૩૫૭-એ)

**ગ્રાન્ટ રોડ**

ભારત નગરમાં, દેરાસર/ ઉપાશ્રય પાસે, ફર્નિશ ૨ બેડરૂમનો ફ્લેટ ૭૪૦' કાર્પેટ, ઓનરશીપથી 9820034317. (બી-૧૬૫૯૭)

**ANDHERI EAST**

Brokers Welcome Chakala Tarun Bharat Society 1 RK 1 Bed 2 Bed Leave Licence no Lift Sole Selling Jayjinendra Laxmichand SANGOI 9223222537. (B-16557)

**GHATKOPAR (EAST)**

MICL Luxurious Residential Project, 55 Amenities, 11 Towers, 1000' to 4500' Carpet. "SJ Real Estate" - 9022279684. (317/A)

**SALE MATUNGA WEST**

**3 BHK 876 Carpet 4.30 Cr. 2 BHK 670 Carpet 3.33 Cr. 2 BHK 600 Carpet 3 Cr. All Inclusive New Bldg Ready Ravi: 9820109761. (JP/4523-C)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**■ મલાડ અથવા આજુબાજુના વિસ્તારમાં રેડી ટુ મૂવ ફ્લેટ 5 થી 10 વર્ષ નવા-જૂના મકાનમાં 750-800 સ્કવેર ફૂટ (બે થી સવા બેરૂમ - કિચન), ૧૦૦% ચેક પેમેન્ટ ફર્નિચર સાથે ખરીદવામાં રસ છે સંપર્ક - 8356993813, 9892697438. (બી-૧૬૫૮૮)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૭૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- ચુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૯૨-એ)**

ANDHERI EAST, MAROL Naka Unit for Sale 1000 feet Rs. 2.10 Cr. 9821559743. (B-16592)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ભાયખલા દુકાન ઘોડપદેવ**

મ્હાડા કોલોની સામે એરિયા 350, ઉંચાઈ 17', ઓનરશીપથી વેચવાની છે. જીતુભાઈ: 9821041515/ 9702434343. (એસડીબીજી-૨૯૦૦)

**દુકાન SHOPS**

ભાડેથી વેચાણથી, ગ્રાઉન્ડ ફ્લોર 587' તથા 1 ફ્લોર 781' લિંક રોડ મલાડ વેસ્ટ સંપર્ક બ્રોકર 9819781688/ 9819674859. (જેપી-૪૫૨૦-બી)

**અંધેરી-મરોલ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000'+ 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ, વેચાણથી/ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર- 9819337299. (૨૯૭-એ)

**ગોરાઈ - બોરીવલીમાં**

**275 ફૂટ કારપેટની દુકાન નેશનલાઈઝડ બેંકની બાજુમાં આઉટરાઈટ / ભાડેથી આપવાની. 8879181869. (૩૩૨-એ)**

**3 કેબિન, ફુલ્લી ફર્નિશ્ડ**

**વેઈટિંગ એરિયાસહ, 3 લિફ્ટ, ટોયલેટ સાથે, ભાડેથી, નવા કમર્શિયલ કોમ્પ્લેક્સમાં, ઘાટકોપર પૂર્વ, પ્રાઈમ લોકેશન, ડોક્ટરો, કન્સલ્ટન્ટ્સ, વકીલો, વીમા માટે આદર્શ, ૨૫૦૦૦/- નેગોશીયેબલ કોઠારીભાઈ: 99202 98333. (૩૨૨/સી)**

**2 - ગાલા ભાડેથી, ઘાટકોપર**

**પશ્ચિમ, એલબીએસ માર્ગ, 300' + 100' લોફ્ટ અને 500' શ્રેયસ સિનેમા સામે, કોઠારીભાઈ:- 9920298333. (૩૨૨/ એ)**

**ભાયંદર**

**સ્ટેશન પાસે ૩૧૫૦ ફૂટ કારપેટ, જીમ્નેશીયમને ભાડે આપેલી જગ્યા વેચવાની છે. 8879181869. (૩૩૨-ડી)**

**બોરીવલી (વેસ્ટ)**

**I. C. COLONY 950' - કમર્શિયલ જગ્યા ''અર્જન્ટ વેંચવાણી'': 9558273655. (૩૫૨-એ)**

**અંધેરી વેસ્ટ**

ઓફિસ ભાડેથી 750 કાર્પેટ એસ. વી. રોડ, પાનેરી શોરૂમની ઉપર, ભાડું રૂા. 1,10,000/-, ડિપોઝીટ રૂા. 4,00,000/-, લિફ્ટ અને પાર્કિંગ સાથે, તુરંત કબજો. જીતેશભાઈ: 9821122362. (૩૫૩-બી)


**Sion-Chunnabhatti Industrial Gala with loft available for outright sale**

Ground floor, Lorry Touch, 730sq.ft carpet, Heavy Industrial Estate. Front & back opening. Self contained. Ready possession.

Contact Owner 09322411618/ 09930066696

(354-A)


**બોરીવલી (વેસ્ટ)**

કોમર્શિયલ જગ્યા - સ્ટેશન પાસે ૧૨૦૦' + ૩૦૦' ટેરેસ, ઓફિસ રેડી ટુ મુવ, 1 પાર્કિંગ સાથે, લીઝથી અથવા વેચાણથી તુરંત આપવાની છે. અન્ય ઘણા પ્રપોઝલ આપની જરૂરિયાત મુજબ. ફોન:- ''કલ્પેશ શાહ'' ૯૮૨૧૪૧૧૧૭૨. ''પાર્થ શાહ'' ૯૮૨૧૯૧૧૦૬૩. (બી-૧૬૫૯૧)

**''મુંબઈમાં દુકાન...''**

ચર્ની રોડમાં: ૩૨૫ કાર્પેટની ગ્રાઉન્ડમાં ભાડેથી/ વેચાણથી આપવાની... (બાથરૂમની સુવિધા...) દરેક ધંધાને લાયક- 7506772541. (બી-૧૬૫૯૯)

**MALAD WEST**

**Office available for Rent Area: 1700 sq ft including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16582)**

**CST**

**Fort, Opp. GPO, Office for Sale, 120 Sf. 9820936980. (15390/A)**

**"MARINE LINES"**

"Fully Furnished with AC Prime Office Approx 1000' for Rent Near Marine Lines & Metro Station 5 Minutes - 25 to 30 Work Station with 3 Cabins, Attached Toilet Bathroom & Pantry. 3rd Floor, Lift":- 9819445558. (338/A)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**

લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, ડાયરો, ANNIVERSARY. મનસુખભાઈ 9326801860, 8169552801. (૩૪૩-એફ)

**SHREENATHJI 9821795355**

લગ્નગીત, સંગીત સંધ્યા, ડાયરો + એનિવર્સરી + પ્રાર્થનાસભા + All Event. (બી-૧૬૫૭૬)

**''પ્રાર્થના- 6500/-''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૩૩૮/બી)

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

**■ બેન્ક કલરની ઈનોવા કાર ૨૦૦૫ વેસ્ટ કંડીશન પેટ્રોલ ફોર સેલ ૪,૦૦,૦૦૦/-. ૯૩૨૧૭૩૦૮૯૯. (બી-૧૬૫૫૦)**

## ૩૧. નાણાંકીય

**SAFE INVESTMENT**

**Minimum 10 Lakh, Yearly Profit 18%. Office: 9967901008. (15388/A)**

**"UNCLAIMED SHARES"**

Recover your unclaimed Physical Shares easily with "Investment House".. IEPF, Transmission, Demat of Physical, Duplicate Shares, Claim Dividend from IEPF.. Call - 9619315362, 8291226197, investmenth07@rediffmail.com (B-16556)

## ૩૨. જમીન - મિલકત

**દેવલાલી**

5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબ્જો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૭૯)

**ફાર્મ હાઉસ બંગલો વેચવાનો છે.**

**એક એકર જમીન રોડ ટચ (40,000 + Sq. Fts.) એગ્રીકલ્ચરલ લેન્ડ કમ્પાઉન્ડ વોલ + 5 BHK ફાર્મ હાઉસ બંગલો (Approx. 3,200 + Sq. Fts. Carpet) સાથે.**

**વજ્રેશ્વરી રોડ, મેદગાવ, વિરાર ઈસ્ટ. બોરીવલી સ્ટેશનથી માત્ર 45 KM. 3.75 CR.**

**ઓનર 9820568080**

(૩૪૯-સી)

## ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ / સ્લીપર જેન્ટ્સ લેડીસો માટે બોરીવલી વેસ્ટ - 9869669633. (એસડીબી-૨૮૮૦)


SARTHAK BIRD NET
કબુતર જાળી
ચૂહા જાળી
ઈનવીઝીબલ ગ્રીલ
નાયલોન સેફ્ટી નેટ
૩ વર્ષની વોરંટી





Jitu
93214 74132
(બી-૧૬૫૬૧)


■ તમારા ખેતરમાં પ્લોટમાં બામ્બુ વાવીને આવક મેળવો, ગુજરાત તેમજ મહારાષ્ટ્રમાં સર્વિસ મળશે. 9325689002. (બી-૧૬૬૦૩)

**ONEPLUS - MOTOROLA**

Authorised Service Center, Cell World, Dadar West. 9082289967 - 9987953247 - 8176864631. (B-16543)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૦૮૦૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**

એક્સપ્રેસ કુરિયર કંપની: અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ. દિવાળી ફરાણ, કપડાં. હોમ ડિલિવરી સેવા. પીકઅપ: 7738371832. (બી-૧૬૫૬૨)

# પેટ્રોલ કારની કિંમતમાં મળશે ઈલેક્ટ્રિક કાર: ગડકરી

નવી દિલ્હી : કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ભારતમાં ઇલેક્ટ્રિક વાહનો (ઈવી) ની કિંમતો આગામી ચારથી છ મહિનામાં પેટ્રોલ વ્હીકલ્સ જેટલી થવાની ધારણા છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારતની અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતા આર્થિક બોજ છે કારણ કે ઇંધણ આયાત પર વાર્ષિક ૨૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે અને આ પર્યાવરણીય જોખમ પણ છે, જેના કારણે દેશની પ્રગતિ માટે સ્વચ્છ ઊર્જા અપનાવવી મહત્વપૂર્ણ બને છે.

ગડકરીએ ૨૦માં ફિક્કી ઉચ્ચ શિક્ષણ સમિટ ૨૦૨૫ને સંબોધતા કહ્યું હતું કે આગામી ૪-૬ મહિનામાં ઇલેક્ટ્રિક વાહનોનો ખર્ચ પેટ્રોલ વાહનોના ખર્ચ જેટલો થશે. વધુમાં મંત્રીએ કહ્યું હતું કે, પાંચ વર્ષમાં અમારું લક્ષ્ય ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગને વિશ્વમાં નંબર ૧ બનાવવાનું છે. જ્યારે મેં પરિવહન મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારે ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગનું કદ ૧૪ લાખ કરોડ રૂપિયા હતું. ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગનું કદ હાલમાં ૨૨ લાખ કરોડ રૂપિયા છે.

હાલમાં અમેરિકાના ઓટોમોબાઈલ ઉદ્યોગનું કદ ૭૮ લાખ કરોડ રૂપિયા છે ત્યારબાદ ચીન ( ૪૭ લાખ કરોડ રૂપિયા) અને ભારત ( ૨૨ લાખ કરોડ રૂપિયા) આવે છે. ગડકરીએ જણાવ્યું હતું કે ખેડૂતોએ મકાઈમાંથી ઇથેનોલ ઉત્પન્ન કરીને ૪૫,૦૦૦ કરોડ રૂપિયાની વધારાની કમાણી કરી છે.■

# નેવીમાં યુદ્ધ જહાજ ‘એન્ડ્રોથ’નો સમાવેશ

વિશાખાપટ્ટનમ : ભારતીય નૌકાદળે અહીં નેવલ ડોકયાર્ડ ખાતે એક ઔપચારિક કાર્યક્રમ દરમિયાન બીજા સબમરીન વિરોધી યુદ્ધ જહાજ ‘એન્ડ્રોથ’નું કમિશનિંગ કર્યું હતું. નૌકાદળના જણાવ્યા અનુસાર, એન્ડ્રોથનો સમાવેશ તેની એકંદર સબમરીન વિરોધી યુદ્ધ (એ એસ ડબલ્યુ) ખાસ કરીને દરિયાકાંઠાના અને છીછરા પાણીમાં કામગીરી માટેની ક્ષમતાઓમાં વધારો કરશે.

આ કાર્યક્રમની અધ્યક્ષતા પૂર્વીય નૌકાદળ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ વાઇસ એડમિરલ રાજેશ પેંઢારકર દ્વારા વરિષ્ઠ નૌકાદળ અધિકારીઓ અને શિપયાર્ડના પ્રતિનિધિઓની હાજરીમાં કરવામાં આવી હતી.

‘‘એન્ડ્રોથનું કમિશનિંગ સ્વદેશીકરણ અને ક્ષમતા વૃદ્ધિ તરફ નૌકાદળના ચાલુ પ્રયાસોમાં વધુ એક મોટું પગલું છે,’’ એમ એક સત્તાવાર પ્રેસ રિલીઝમાં જણાવાયું છે.

કોલકાતાસ્થિત ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ દ્વારા સ્વદેશી રીતે બનાવવામાં આવેલ, આ જહાજ ૮૦ ટકાથી વધુ સ્થાનિક રીતે મેળવેલા કમ્પોનન્ટ સાથે ભારતના વધતા જતા જહાજ નિર્માણ કૌશલ્યને રજૂ કરે છે. ■

# ઓમાનમાં ફસાયેલા ૩૬ ભારતીય શ્રમિકોને ભારત પરત લવાયા

નવી દિલ્હી : ઓમાનમાં ફસાયેલા અને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ૩૬ ભારતીય કામદારોને બચાવવા અને સુરક્ષિત પરત લાવવામાં સફળતા મળી છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલના હસ્તક્ષેપ અને ઓમાનમાં ભારતીય દૂતાવાસે કરેલી તાત્કાલિક મદદથી ભારતીયોને બચાવી લેવામાં આવ્યા છે. ઓમાનમાં ફસાયેલા ભારતીય કામદારોને સુરક્ષિત પરત લાવવા માટે કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ પાસે મદદ માંગી હતી. તાત્કાલિક ઓમાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. દૂતાવાસે ઝડપથી કાર્યવાહી કરીને મુશ્કેલીમાં ફસાયેલા ૩૬ ભારતીય કામદારોને શોધી કાઢ્યા હતા. દૂતાવાસે ખાતરી કરી કે બધા કામદારોને સુરક્ષિત રીતે ભારત પરત લાવવામાં આવે. આ કામદારો સારી નોકરીની શોધમાં ઓમાન ગયા હતા પરંતુ તેમનું કથિત રીતે ભારે શોષણ કરવામાં આવ્યું હતું. તેમના પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા હતા. કેટલાક કિસ્સાઓમાં તેમના નામે લોન પણ લેવામાં આવી હતી. ■



# ઈન્વેસ્ટર્સ ઈક્વિટીને સ્થાને રેઈટ પાછળ કેમ દોડી રહ્યા છે?

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**ભારતમાં રેઈટ્સનું અસ્તિત્વ છ વર્ષથી છે, પરંતુ અમેરિકામાં દાયકાઓથી છે. આજે જો તમે રેઈટ અને ઈન્વિટને સંયુક્ત રીતે જુઓ તો આ બંને એસેટ ક્લાસના મેનેજમેન્ટ હેઠળની સંપત્તિ રૂ. ૯.૫૦ લાખ કરોડની નજીક છે. સમજો કે, બારેક વર્ષ પહેલાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ જ્યાં હતો, તેના જેવી જ આ સ્થિતિ છે. નોંધપાત્ર બાબત એ છે કે, બેન્ચમાર્કના પાંચેક ટકાના વળતર સામે રેઈટ્સે બારેક ટકા વળતર આપ્યું છે.**

રેટ રન વિશે આપણે સાંભળતા સાંભળતા કિશોરાવસ્થામાંથી યુવાન અને તેમાંથી પ્રૌઢ થઇ ગયા અને હાલના વાંચક વર્ગને રેટ રન સાથે કશી લેવાદેવા નથી રહી એટલે આજે, આપણે તેની નહીં પરંતુ રેઇટ રન, એટલે કે રોકાણકારોની રેઇટ્સ એસેટ ક્લાસ પાછળની દોડની વાત કરવી છે.

માંદી ગાયને ઝાઝી બગાઇની જેમ ઇક્વિટી માર્કેટ હવે એક સાથે અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. ભૂરાજકીય સંકટની તીવ્રતામાં સતત વધારો વિશ્વભરની જોખમી અસ્ક્યામત બજારને ડહોળી રહ્યો હોવાથી રોકાણકારો સેફ હેવન એસેટ ક્લાસ તરફ દોડી રહ્યા છે. એક માહિતી અનુસાર એકાદ વર્ષ જેવા ગાળામાં સોનાએ પચાસ ટકા જેવું વળતર આપ્યું છે અને આગળ જતાં ચાંદીમાં રોકાણકારોને ચાંદી જ ચાંદી થઇ જવાની વાતો ચાલી રહી છે.

જોકે અસ્થિર ઇક્વિટી માર્કેટમાં પણ તેના એવા ચાહકો છે જે માને છે કે આ એક ટૂંકા ગાળાનો ટ્રેન્ડ છે. ગમે ત્યારે પાસું પલટાશે અને ઇક્વિટી માર્કેટ ઉછાળો મારશે. આપણે શેરબજારમાં લિસ્ટેડ એસેટ ક્લાસની વાત કરીએ તો એક અભ્યાસ અનુસાર ભારતીય રેઇટ્સ રોકાણકારો માટે તુલનાત્મક રીતે વળતરદાયી રહ્યા છે, જેમાં કેટલાક રેઇટ્સમાં આઠથી બાર ટકા વળતર જોવા મળ્યું છે.

નોંધવા જેવી વાત એ પણ છે કે પાછલા એક વર્ષમાં રિયલ્ટી શેરોમાં ભારે ધોવાણ થયું છે, જેમાં નિફ્ટી રિયલ્ટીમાં સપ્ટેમ્બર સુધીમાં ૧૪ ટકાનો ઘટાડો થયો છે અને આ સેકટરના શેરમાં ૬૬ ટકા ધોવાઇ ગયા છે. જોકે, રેઇટ્સમાં જોવા મળેલો ઉછાળો મુખ્યત્વે તેજીવાળા કમર્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં આવેલી તેજીને કારણે છે.

ઇક્વિટી બજારો આ વર્ષે અસ્થિર રહ્યા છે અને વૈશ્વિક ભૂરાજકીય તણાવ અને અમેરિકાની આયાત ટેરિફ સંબંધિત અનિશ્ચિતતા વચ્ચે નિરાશાજનક વળતર આપ્યું છે. ૨૦૨૫માં ૧૧ સપ્ટેમ્બર સુધી બીએસઇ સેન્સેક્સ માંડ ચારેક ટકાથી થોડો વધારે વધ્યો છે. જો કે, એક એસેટ ક્લાસ જેણે રોકાણકારોને નોંધપાત્ર રીતે વધુ વળતર આપ્યું છે, તે રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (રેઇટ્સ) છે.

નિષ્ણાતો માને છે કે, ઓફિસ સેક્ટરમાં તેજી સાથે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી)ના વિસ્તરતા આધાર જોતા આ તેજી લાંબી ચાલી શકે છે! આ વર્ષે અત્યાર સુધીમાં, ચાર લિસ્ટેડ રેઇટસે આઠ ટકાથી ૧૬ ટકાની રેન્જમાં વળતર આપ્યું છે. હાલમાં જ લિસ્ટેડ થયેલા નવા રેઇટ્સે થોડા જ સમયમાં દસ ટકાનું વળતર આપ્યું છે. આ ઉછાળાનું કારણ કમર્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટમાં આવેલી તેજી છે, ખાસ કરીને અહીં વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો સ્થાપિત કરતી કંપનીઓ (જીસીસી) તરફથી માગ વધતી જાય છે.

ટોચની કન્સલ્ટિંગ ફર્મના જણાવ્યા મુજબ, જીસીસી હવે ખર્ચમાં બચત કરનારા, બેક ઓફિસ યુનિટ્સમાંથી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્ટસ અને કોર એન્જિનિયરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરતા હાઇ વેલ્યૂ ઇનોવેશન હબમાં પરિવર્તિત થઈ રહ્યા છે ત્યારે, વ્યૂહાત્મક પરિવર્તન દ્વારા આ ગતિને ટેકો મળ્યો છે.

તાજેતરમાં કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર, જેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો, એવા રેઇટ્સમાંથી ૬૫ ટકા આગામી બે વર્ષમાં તેમના પોર્ટફોલિયોનો વિસ્તાર કરે તેવી અપેક્ષા છે. કર્મચારીઓને ઓફિસમાં પાછા ફરવાનું ફરજિયાત બનાવતી વધુ કંપનીઓ ગુણવત્તાયુક્ત કાર્યસ્થળોની માગને પણ વેગ આપશે.

સર્વેક્ષણ હેઠળની ૮૫ ટકા સ્થાનિક કંપનીઓ આગામી બે વર્ષમાં તેમના ઓફિસ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરવા માગે છે. વર્ષ ૨૦૨૪માં આ ટકાવારી ૭૩ ટકાની હતી. આ માગથી ખાસ કરીને મુંબઈ, બેંગલુરુ, ચેન્નઈ, હૈદરાબાદ અને ગુરુગ્રામ જેવા મુખ્ય શહેરોમાં મોટા એ ગ્રેડ ઓફિસ પાર્ક ધરાવતી કંપનીઓના રેઇટસને સારો લાભ થશે.

બજારના સાધનો અનુસાર એકંદર રેઇટ્સ બજારમાં જીસીસીનું યોગદાન હવે ૩૫ ટકાની નજીક છે. હાલના રેઇટ્સ પાસે ૧૩૩ મિલિયન ચોરસ ફૂટનો પોર્ટફોલિયો છે. વધુમાં, તેમની પાસે બાંધકામ હેઠળ લગભગ ૩૪ મિલિયન ચોરસ ફૂટ જમીન છે અને આ પુરવઠો આગામી થોડા વર્ષમાં કાર્યરત થઈ જશે. આ ઉપરાંત ૩૭૧ મિલિયન ચોરસ ફૂટનો ઓફિસ સ્ટોક ભવિષ્યના રેઇટ્સનો હિસ્સો બની શકે છે.

ઓફિસ માગમાં વધારો અને સ્થિતિસ્થાપક ભાડા ઊપજને કારણે, રેઇટ્સમાં નોંધપાત્ર વૃદ્ધિ સંસ્થાકીય અને રિટેલ રોકાણકારોમાં વાણિજ્યિક રિયલ એસ્ટેટ સમર્થિત સિક્યોરિટીઝ પ્રત્યેની નવી ઇચ્છાને બળ આપે છે. ભારતમાં રેઇટ્સનું અસ્તિત્વ છ વર્ષથી છે, પરંતુ અમેરિકામાં દાયકાઓથી છે.

આજે, જો તમે રેઇટ અને ઇન્વીટ (ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ)ને એકસાથે જુઓ, તો તેમની મેનેજમેન્ટ હેઠળની સંપત્તિ રૂ. ૯.૫ લાખ કરોડની નજીક છે. તે બારેક વર્ષ પહેલાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ જ્યાં હતો, તેના જેવી જ આ સ્થિતિ છે.

બજાર નિયમનકાર સેબી, રેઇટ્સ અને ઇન્વીટને એસેટ ક્લાસ તરીકે વધુ આકર્ષક બનાવવા માટે પગલાં લઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે, તેણે આ વર્ષની શરૂઆતમાં એક કન્સલ્ટેશન પેપર બહાર પાડ્યું છે, જેમાં રેઇટ્સને ઇક્વિટી ઇન્સ્ટ્રુમેન્ટ્સ તરીકે વર્ગીકરણ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે તેમના વર્તમાન વર્ગીકરણની તુલનામાં હાઇબ્રિડ સિક્યોરિટી તરીકે કરવામાં આવે છે. રેઇટમાં ઇક્વિટી અને હાઇબ્રિડ ફંડ્સના એકંદર એક્સપોઝરમાં વધારો કરવાનો પણ પ્રસ્તાવ પણ મુકાયો છે. ■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

## નગરવાલાને જીવલેણ હાર્ટ અટેક ને અનેક અનુત્તર સવાલ...

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com





નગરવાલા – ઈંદિરા ગાંધી

**વડાં પ્રધાનના** નામ અને અવાજનો ઉપયોગ કરીને બૅંક સાથે રૂા. ૬૦ લાખની ઠગાઈનો મામલો શાંત પડવાનું નામ લેતો નહોતો. પોલીસે અને ન્યાયતંત્રે અસાધારણ – અકલ્પ્ય ઝડપ બતાવીને કેસ પર પૂર્ણ વિરામ મૂકી દીધું, પરંતુ વારંવાર એ પૂર્ણવિરામને અલ્પવિરામ બનાવવાની ચેષ્ટા થતી રહેતી હતી. આ કેસના તપાસ અધિકારી ડી. કે. કશ્યપનું માર્ગ – અકસ્માતમાં મોત. પછી મુખ્ય અને એકમાત્ર આરોપી રુસ્તમ સોરાબ નગરવાલાની અખબારને ઈન્ટરવ્યૂ આપવાની ઈચ્છા અને છેલ્લી ઘડીએ નનૈયા ભણી દેવો એ સાધારણ કે તર્કબદ્ધ વાત ન લાગે. કુછ તો ગરબડ હૈ એવું ઘણાંને ત્યારે લાગ્યું હતું.

નગરવાલા માટે હજી સમાચારમાં ચમકવાનું બાકી હતું ૧૯૭૨માં ફેબ્રુઆરીના આરંભે નગરવાલાને તિહાર જેલની હૉસ્પિટલમાં ખસેડાયો હતો. તબિયતમાં સુધારો ન થતા ૨૧મી ફેબ્રુઆરીએ જી.બી. પંત હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પરંતુ બીજી માર્ચથી તબિયત કથળવા માંડી. એજ દિવસે બપોરે ૨:૧૫ કલાકે નગરવાલાનું અવસાન થયું કારણ હાર્ટઅટેક.

આ ચેપ્ટર હજી પૂરું થયું નહોતું. જેલમાંથી નગરવાલા સતત પત્રો લખતો હતો. આમાં નગરવાલા અને ઈંદિરા ગાંધી વચ્ચે ઓળખાણ – સંબંધ હોવાનું સ્પષ્ટ થતું હતું. જોકે વડાં પ્રધાનને ક્યારેય પોતે નગરવાલાને મળ્યા હોવાનું યાદ નહોતું. જેલમાંથી એક પત્ર લખીને નગરવાલાએ ૬૦ લાખની કથિત ઉચાપતના અપરાધ પાછળની સચ્ચાઈને બહાર લાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને એ ઘટસ્ફોટ રાષ્ટ્રની આંખ ઉઘાડનારો બની રહેશે એવો દાવો સુધ્ધાં કર્યો હતો.

નગરવાલા કૌભાંડને લીધે ઈંદિરા ગાંધીની સરકારની ખૂબ ટીકાઓ થઈ. પછી કટોકટી લદાઈ એમાં કૉંગ્રેસ અને વડાં પ્રધાન વધુ ખરડાયા. ૧૯૭૭માં જનતા પક્ષની સરકાર આવી ત્યારે નગરવાલા કેસની સચ્ચાઈ બહાર લાવવા માટે પી. જગમોહન રેડ્ડી પંચની સ્થાપના થઈ હતી.

ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ એલ. કે. અગ્રવાલના પુસ્તકમાં નગરવાલા ખટલાની ઝડપને 'કાનૂની ઈતિહાસમાં અભૂતપૂર્વ' ગણાવાઈ હતી. રેડ્ડી પંચની તપાસ અગાઉ મેગેઝિન 'ઈન્ડિયા ટુડે'ના લેખમાં સમગ્ર ઘટનાના સત્તાવાર વર્ઝન પર કેટલીક શંકા વ્યક્ત કરાઈ હતી. આમાં બૅંકના વ્યવહાર અને પગલાં, નગરવાલાના ભૂતકાળ અને તેની ઈંદિરા ગાંધીના અવાજની નકલ કરવાની ક્ષમતા પર શંકા વ્યક્ત કરવા સાથે સમગ્ર ઘટનાની 'વન પોસિબલ રિકન્સ્ટ્રકશન' કરવાનું સૂચન થયું હતું. શું એ ખરેખર બાંગ્લાદેશી બળવાખોરોને આર્થિક ભંડોળ પૂરું પાડવા માટેનો અંડરકવર કુરિયર માત્ર હતો? અને એ ગુપ્ત રાખવા માટે સરકાર ઢાંકપિછોડો કરી રહી હતી.

પી. જગમોહન રેડ્ડી પંચે ૧૯૭૮માં ૮૨૦ પાનાનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો. એ મુજબ બૅંકે હિસાબમાં દર્શાવ્યા વગરની રકમ રાખી હતી અને વડાં પ્રધાનની કચેરીએ પોલીસ તપાસને અવરોધી હતી. આ સાથે પંચે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે નગરવાલાની કબૂલાતનો અસ્વીકાર થવો જોઈતો હતો કારણ કે એના સમર્થનમાં કોઈ પુરાવો નહોતો. હા, નગરવાલાનું મૃત્યુ શંકાસ્પદ ન હોવાનો પંચનો મત હતો.

આ સાથે એવો સવાલ પણ કરાયો હતો કે બૅંકમાંથી રકમ કઢાવવા માટે મેનેજરનો સંપર્ક કેમ કરાયો નહોતો? મૃત્યુ અગાઉ નગરવાલા હૉસ્પિટલમાં હતા, ત્યારે પોતાના માતા ગુલબાઈને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરવા સાથે જે કંઈ થઈ ગયું એ બદલ દુઃખ પ્રગટ કર્યું હતું. ગુલબાઈએ શ્રીમતી ઈંદિરા ગાંધીને પત્ર લખ્યો હતો, જેમાં કરોડો પ્રજાજનોની ફિકર કરનારી સ્ત્રી એક માતાની વ્યથા સમજી શકશે એવી આશા વ્યક્ત કરી હતી. ગુલબાઈએ સ્વાભાવિકપણે પુત્રને મદદ કરવા અને બચાવવા માટે અપીલ કરી હતી, પણ આ પત્રનો ક્યારેય જવાબ આવ્યો નહિ.

નગરવાલા કેસમાં અમુક સવાલો આજે ય જવાબ માગે છેઃ શું નગરવાલા ખરેખર સરકારની સૂચનાનો અમલ કરતો હતો? શું આ ઊંધે રસ્તે ફંટાઈ ગયેલું સરકારનું ગુપ્ત મિશન હતું? ખટલો એકદમ ઝડપભેર અને ખાનગીમાં કેમ ચલાવાયો? આ રહસ્યમય કેસના મહત્ત્વનાં પાત્રોના અકાળે અવસાન માત્ર યોગાનુયોગ હતો.

એક શક્યતા એવી ય બહાર આવી હતી કે નગરવાલા કાંડમાં ભારતીય ગુપ્તચર સંસ્થા 'રૉ'નો કોઈ રોલ જ નહોતો? હકીકતમાં અમેરિકન ગુપ્તચર સંસ્થા સી.આઈ.એ. ખેલ પાડી ગઈ હતી. કારણ? એક તો તત્કાલીન પ્રમુખ રિચાર્ડ નિકસનને ઈંદિરા ગાંધીની ખુદ્દારી દીઠી ગમતી નહોતી. બીજું, ગાંધીની બાંગ્લાદેશની નીતિ અમેરિકન સરકાર વિરુદ્ધ હતી. અમેરિકા કાયમ પાકિસ્તાનને બગલબચ્ચું બનાવી રાખવા માગતું હતું એટલે એને ફાકો મારતી બાંગ્લાદેશી ચળવળને દરેક રીતે ટેકો આપનારી ભારત સરકાર એને આંખમાં કણાની જેમ ખટકતી હતી. આથી ભારત સરકારને પર્દાફાશ કરવા અને વડાં પ્રધાન ઈંદિરા ગાંધીની છબિ ખરડવા માટે સી.આઈ.એ. દ્વારા આ આખો તાયફો રચાયો હતો.

પરંતુ સચ્ચાઈ શું હતી? અમુક સત્ય કાયમ માટે કાળના ગર્ભમાં દફનાવાઈ જતા હોય છે, તો નગરવાલા કેસ પણ એમાંનો એક હશે? જવાબ માત્ર સમય પાસે છે. એ જવાબ મળશે, ક્યારે મળશે? એ બધું સમય જાણે. (સમાપ્ત)■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ટ્રમ્પની શાંતિ મંત્રણામાં પીઠ પાછળ છૂરી મારશે ઈઝરાયલ!



નેતન્યાહુ - ટ્રમ્પ

ક્યારેક એક હજાર શબ્દો જે ન કહે એ વાત એક તસવીર કહી જાય છે. હાલમાં બે વીડિયો અતિશય વાયરલ થયા છે. એકમાં બાપથી છુટી પડલી બાળકી રડતી નજરે પડે છે અને બીજામાં ઈઝરાયલના નાગરિકો તેમના જ વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પહેલો વીડિયો ઈઝરાયલે ગાઝા પટ્ટીમાં કેવો કાળો કેર અને નરસંહાર કર્યો છે એની ઝાંખી કરાવે છે. બીજો વીડિયો શાંતિ યોજના માટે બાવરા થયેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઈઝરાયલના નાગરિકો તેમના જ વડા પ્રધાન બીબીથી (નેતન્યાહુનું હુલામણું નામ) ચેતવી રહ્યા છે. તેમના હાથમાં નાઉ ઓર નેવર, (હમણા અથવા ક્યારેય નહીં), વેલકમ ટ્રમ્પસ પીસ પ્લાન (ટ્રમ્પની શાંતિ યોજનાનું સ્વાગત), ટ્રમ્પ, બીબી વીલ બેકસ્ટેબ યુ (ટ્રમ્પ, બીબી તમને પીઠમાં છરી મારશે) એવા પોસ્ટર છે. ટ્રમ્પની વીસ મુદ્દાની શાંતિ યોજનાનો હમાસે આંશિક સ્વીકાર કર્યો છે. હમાસે ટ્રમ્પની યોજનાનું માળખું અને બાનની મુક્તિની વાત તો સ્વીકારી લીધી છે, પરંતુ સત્તામાં બાદબાકી અને હથિયારો હેઠા મૂકવા અંગે વાતચીતની માગણી કરી છે.

ટ્રમ્પ હમાસ પર પ્રચંડ દબાણ લાવી રહ્યા છે. હમાસને ખબર છે કે જો તે ડીલ માટે તૈયાર નહીં થાય તો અમેરિકા તેને ખતમ કરી નાખશે. હમાસના મોટા ભાગના નેતાઓ કતારમાં રહે છે અને હાલમાં જ ટ્રમ્પે કતાર પર હુમલો કરનાર નેતન્યાહુને કતારના શેખની માફી મગાવી હતી. અમેરિકાએ કતારને નાટો જેવી સલામતીની ગેરંટી આપી છે. આ માટે ટ્રમ્પે વહીવટી આદેશ બહાર પાડ્યો છે. હમાસના મોટા નેતાઓને ખબર છે કે જો તે ટ્રમ્પની વાત નહીં માને તો તેમનું કતારમાં રહેવું મુશ્કેલ બની જશે. બીજી બાજુ આરબ દેશોએ તૈયાર કરેલ શાંતિ યોજનાનો મુસદ્દો જ ઈઝરાયલે બદલાવી નાખ્યો છે. ઈઝરાયલ ગાઝામાંથી ખસવા તૈયાર નથી. તેણે ડ્રાફ્ટમાં કડક શરતો મૂકી છે. ઈઝરાયલ જે વસ્તુઓ યુદ્ધ વડે હાંસલ કરી શક્યું નથી એ હવે પીસ ડીલ મારફત મેળવવા માગે છે. ઈઝરાયલને હતું કે હમાસ આ માટે તૈયાર નહીં થાય પરંતુ હમાસે આનો આંશિક સ્વીકાર કરતાં અને ઈઝરાયલે આનાકાની કરતા ગાઝા પરનો બોમ્બમારો રોકયો એનાથી ટ્રમ્પ નેતન્યાહુ પર ક્રોધિત થયા છે. ટ્રમ્પે નેતન્યાહુને ગાળ આપીને કહ્યું છે કે મેં આના જેવો નકારાત્મક માણસ જોયો નથી. ઈઝરાયલમાં લોકો પણ નેતન્યાહુની સત્તા બચાવવા માટેની વોર ગેમથી કંટાળી ગયા છે.

ટ્રમ્પે ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવા માટે શાંતિ યોજના તૈયાર કરી છે અને તેના અમલીકરણની જાહેરાત કરી છે. ટ્રમ્પ અને નેતન્યાહૂ કહે છે કે અમે ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવાની યોજના પર સંમત થયા છે. ટ્રમ્પ હમાસ જૂથને કડક ચેતવણી આપતા કહે છે કે જો તે ગાઝા પટ્ટી પરનું પોતાનું નિયંત્રણ છોડશે નહીં અને યુએસ દ્વારા પ્રસ્તાવિત શાંતિ કરાર માટે સંમત નહીં થાય, તો તે સંપૂર્ણપણે નાશ પામશે. ટ્રમ્પ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ, પર લખે છે કે હમાસે તાત્કાલિક આગળ વધવું જોઈએ, નહીંતર બધી શક્યતાઓ ખોવાઈ જશે અને તેઓ ગાઝા ફરીથી ખતરો બની જાય તેવી કોઈ પરિસ્થિતિ સહન કરશે નહીં. આ યુએસ શાંતિ યોજના તાત્કાલિક યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિની સાથે ગાઝાની સરકારમાં હમાસની કોઈ ભૂમિકા નહીં રહે તેવી સ્પષ્ટ શરત રાખે છે, જેના કારણે નેતન્યાહૂ અને હમાસના વલણમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. નેતન્યાહૂએ આ પ્રસ્તાવના વિચારને સખત રીતે નકારી કાઢતા કહ્યું છે કે 'અમે પેલેસ્ટિનિયન રાજ્યનો સખત વિરોધ કરીએ છીએ અને તે કરારમાં ક્યાંય લખાયેલું નથી.' બીજી તરફ, હમાસે શુક્રવારે કહ્યું હતું કે ગાઝાના શાસન અને પેલેસ્ટિનિયનોના અધિકારો સંબંધિત કેટલાક મુદ્દાઓ હજી પણ 'રાષ્ટ્રીય માળખા' હેઠળ ચર્ચામાં છે, જેમાં તે સામિલ રહેશે. આ વિરોધાભાસ યોજનાના અમલીકરણમાં મોટો પડકાર બની રહે છે.

ટ્રમ્પને મધ્ય પૂર્વીય દેશો તરફથી જે સમર્થન મળ્યું છે તે અદ્‌ભુત છે. ટ્રમ્પ કહે છે કે હું ઔપચારિક રીતે શાંતિ માટેના મારા સિદ્ધાંતો રજૂ કરી રહ્યો છું, જે બધા દેશો સાથે સંપૂર્ણ પરામર્શથી કરવામાં આવે છે. હું આરબ અને મુસ્લિમ દેશોના નેતાઓનો અમારા સાથીઓ સાથે આ દરખાસ્ત વિકસાવવામાં તેમના સમર્થન બદલ આભાર માનું છું. યુરોપ પણ સામેલ છે. હું આ યોજના સાથે સંમત થવા બદલ વડા પ્રધાન નેતન્યાહૂનો આભાર માનું છું અને તેમને ખાતરી આપું છું કે સાથે મળીને કામ કરીને, આપણે સદીઓથી જોયેલા મૃત્યુ અને વિનાશનો અંત લાવી શકીએ છીએ. ટ્રમ્પની યોજના હેઠળ, એક કામચલાઉ ગવર્નિંગ બોર્ડની સ્થાપના કરવામાં આવશે. તેની અધ્યક્ષતા ટ્રમ્પ કરશે અને તેમાં ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન ટોની બ્લેર પણ શામેલ હશે. ગાઝાનો પુનર્વિકાસ ગાઝાના લોકોના લાભ માટે કરવામાં આવશે, જેમણે ભારે પીડા સહન કરી છે.

જો બંને પક્ષો આ દરખાસ્ત સાથે સંમત થાય, તો યુદ્ધ તાત્કાલિક સમાપ્ત થઈ જશે. ઇઝરાયલી દળો બંધકોને મુક્ત કરવાની તૈયારી કરવા માટે સંમત લાઇન પર પાછા ફરશે. આ સમય દરમિયાન, હવાઈ અને તોપખાનાના બોમ્બમારા સહિત તમામ લશ્કરી કાર્યવાહી સ્થગિત કરવામાં આવશે.

ઇઝરાયલ દ્વારા કરારને જાહેરમાં સ્વીકાર્યાના ૭૨ કલાકની અંદર બધા બંધકો જીવંત અને મૃત બંને પરત કરવામાં આવશે.

બધા બંધકોને મુક્ત કર્યા પછી, ઇઝરાયલ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ પછી અટકાયતમાં લેવામાં આવેલા ૨૫૦ આજીવન કેદના કેદીઓને તેમ જ ૧,૭૦૦ ગાઝાવાસીઓને મુક્ત કરશે. આમાં તે સમયે અટકાયતમાં લેવામાં આવેલા તમામ મહિલાઓ અને બાળકોનો સમાવેશ થશે. મુક્ત કરાયેલા દરેક ઇઝરાયલી બંધક માટે, ઇઝરાયલ ૧૫ મૃત ગાઝાવાસીઓના અવશેષો પરત કરશે.

ટ્રમ્પે ઈઝરાયલને તાત્કાલિક ગોળીબાર બંધ કરવાનું પણ કહ્યું હતું, જે ઇઝરાયેલી વડાપ્રધાન નેતન્યાહૂ માટે ફટકો હતો, પરંતુ મોટો પ્રશ્ન એ છે કે, ટ્રમ્પ આટલી ઉતાવળ કેમ કરી રહ્યા છે? હકીકતમાં, આ પાછળનું કારણ નોબેલ શાંતિ પુરસ્કાર જીતવાની તેમની લાંબા સમયથી ચાલતી ઇચ્છા છે. નોબેલ પુરસ્કારોની જાહેરાત આવતા અઠવાડિયે કરવામાં આવશે, પરંતુ બધાની નજર શુક્રવારે આપવામાં આવનારા નોબેલ શાંતિ પુરસ્કાર પર રહેશે. ટ્રમ્પ આ પહેલા એક મોટો 'પીસ ડીલ' (શાંતિ સોદો) કરીને વિશ્વને આશ્ચર્યચકિત કરવા માગે છે. જોકે, નિષ્ણાતો માને છે કે, તેમના પ્રયાસો રાજકીય સ્ટંટ જેવા છે, કારણ કે નોબેલ સમિતિ સામાન્ય રીતે શાંતિ પ્રયાસોની લાંબા ગાળાની અસરને ધ્યાનમાં લે છે અને ઉતાવળિયા સોદાઓ પર નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ભાઈચારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઇતિહાસકાર થિયો ઝેનો અનુસાર, 'ટૂંકા ગાળાના યુદ્ધવિરામ અને વાસ્તવિક શાંતિ વચ્ચે મોટો તફાવત છે. ટ્રમ્પની પહેલને હજુ કાયમી ગણી શકાય નહીં.'■

## સિક્કાની ત્રીજી બાજુ

__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# બીવી ઔર મકાનઃ એ જી, ઓ જી, લો જી, પી. જી. દેખો જી...

**અમદાવાદ મહાનગરપાલિકા નિગમે પી. જી. સંચાલકોને એનઓસી માટે નોટિસ આપી છે ત્યારે વાત ૧૯૬૬માં આવેલી બ્લેક ઍન્ડ વ્હાઈટ ‘બીવી ઔર મકાન’ની, જે આજે પણ રમૂજી રીતે પ્રાસંગિક છે.**



‘બીવી ઔર મકાન’

**તાજેતરમાં** અમદાવાદ મહાનગરપાલિકા નિગમના સર્વેમાં જાણવા મળ્યું કે શહેરમાં કુલ ૪૦૧ પી. જી. (પેઇંગ ગેસ્ટ) નિવાસ ચાલે છે. આ પૈકી ૩૮૫ પી. જી. ચલાવતા લોકોને અમદાવાદ મ્યુ. નિ.એ આવશ્યક પરવાનગી વગર ચલાવવા માટે નોટિસ ઠપકારી. એ લોકો ‘કોઈ વાંધો નથી’ એવું પ્રમાણપત્ર અને પોલીસ ચકાસણી વગર પી. જી. ચલાવતા હતા. એમને ચેતવણી આપવામાં આવી કે ૩૦ દિવસની અંદર જો એ બધા પરવાનગી નહીં મેળવે તો એમણે કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે. નિયમ મુજબ, પી. જી. સંચાલકોએ જે-તે ટેનામેન્ટ કે ફ્લેટની સોસાયટી પાસેથી ‘એન. ઓ. સી.’ મેળવવું અનિવાર્ય છે. આ ઉપરાંત પી. જી. માં જે ભાડૂતો રહેતા હોય અને એમની સેવામાં જે કર્મચારીઓ રાખ્યા હોય તેમની પોલીસ ચકાસણી પણ આવશ્યક છે.

આ તવાઈ એમ ને એમ નથી આવી. સેટેલાઇટ, વસ્ત્રાપુર, બોપલ, ઘૂમા, થલતેજ, ઘાટલોડિયા, ચાંદખેડા, જગતપુર, ચાંદલોડિયા વગેરે વિસ્તારોમાં રહેતા લોકોએ એમને ત્યાં અથવા પડોશમાં પી. જી. તરીકે રહેતા લોકો દ્વારા ફેલાવાતા ઘોંઘાટ, ગેરકાયદે પ્રવૃત્તિઓ અને વધુ પડતા લોકો રહેવાના કારણે સર્જાતી અન્ય મુશ્કેલીઓ અંગે ફરિયાદો કરી તેના કારણે આવી છે.

છેલ્લાં થોડાં વર્ષોથી ગામડાંઓ કે ધોરાજી, મહુવા વગેરે નાનાં નગરો છોડો, ભાવનગર, અમરેલી, રાજકોટ વગેરેથી અભ્યાસ માટે અમદાવાદ, વડોદરા, સુરત જેવાં મહાનગરોમાં વિદ્યાર્થીઓનું સ્થળાંતર વધ્યું છે. કુંવારાઓને ભાડે મકાન મળવું મુશ્કેલ છે. આથી પી. જી. પ્રથા શરૂ થઈ, પરંતુ તેમાંય ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં જેમ ચંપકલાલ ભચાઉથી મુંબઈ આવે છે અને બાલ્કનીમાં ઊભા રહી દાતણ-કોગળા કરતા હોય છે અને સેક્રેટરી ભીડેને સમસ્યા થાય છે, તેમ આ મહાનગરોમાં પી. જી.માં રહેતા લોકોથી જાત-જાતની સમસ્યા થાય છે.

ઉદાહરણ તરીકે, પી. જી. માં રહેતા વિદ્યાર્થીઓ પોતાનાં વાહન આડેધડ પાર્ક કરે, મોડી રાત્રે ફ્લેટ/ટેનામેન્ટમાં આવે, ઑનલાઇન ઑર્ડર કરી મોડી રાત્રે ખાવાનું મગાવે, લિફ્ટનો આડેધડ ઉપયોગ કરે અને તેને બંધ ન કરે, છોકરાઓ રહેતા હોય એ જગ્યામાં છોકરીઓ આવે અથવા તો છોકરીઓ રહેતી હોય ત્યાં છોકરાઓ આવે, બર્થ- ડે વગેરે ઉજવણી ઘોંઘાટ સાથે કરે, બાલ્કનીમાં આવી મોટે-મોટેથી ફોન પર વાતો કરે, ગાળો બોલે, ગેરકાયદે પ્રવૃત્તિ કરે તો સ્વાભાવિક છે કે પોતાના પરિવાર સાથે રહેતા લોકોને સમસ્યા થવાની. અમદાવાદમાં તો પી. જી. અને પરિવાર સાથે રહેતા લોકો વચ્ચે મોટા ઝઘડા પણ થયા છે.

આવા નડતરરૂપ પી. જી. નિવાસીઓના કારણે ‘સૂકા ભેગું લીલું બળે’ એમ સારા લોકોને પણ મકાન નથી મળતા. ઘણી સોસાયટીઓની સંચાલક સમિતિએ હવે નિયમ બનાવ્યો છે કે સોસાયટીમાં પી. જી. તરીકે કોઈને રાખી શકાશે નહીં. અને જ્યાં પી. જી. તરીકે મકાન અપાયું હોય ત્યાં નિવાસીઓ ‘બીવી ઔર મકાન’ ફિલ્મના હોટલ મેનેજરની જેમ મકાન ખાલી કરાવવા અવનવા પેંતરા કરતા હોય છે.

આ બધા સંદર્ભમાં ૧૯૬૬માં આવેલી ‘બીવી ઔર મકાન’ ફિલ્મ આજેય પ્રાસંગિક છે. પી. જી. સમસ્યાથી માંડીને ભાડે રહેવા માટે પોતાના મિત્રની પત્ની બનીને પુરુષે રહેવું પડે તેની વાત ખૂબ રમૂજી રીતે તેમાં રજૂ થઈ છે. જેમ ‘પડોશન’માં વિદ્યાપતિ (કિશોરકુમાર)ની ટોળીમાં લાહોરી, બનારસી, કલકત્તિયા અને ભોલા, દરેક સાથે મળીને અત્યંત રમૂજ પૂરી પાડે છે. એમાં જેમ એક-એક દૃશ્યમાં બધાંનાં હાવભાવ જોવા લાયક છે, તે જ રીતે ‘બીવી ઔર મકાન’માં પણ છે.

ફિલ્મની કથા ટૂંકમાં કંઈક આવી છે...

બંગાળી ‘જોય મા કાલી બોર્ડિંગ’ ફિલ્મ પરથી બનેલી આ ફિલ્મમાં અરુણ (વિશ્વજિત), પાંડે (મહેમૂદ), કિશન (કેસ્ટો), શેખર (આશીષકુમાર) અને સુરેશ રામભરોસે હોટલમાં સાથે રહે છે. એ ખાસંખાસ મિત્રો છે. પોતાને પાંડવ ગણાવે છે. ‘વન ફોર ફાઇવ અને ફાઇવ ફોર વન’ એ એમનું જીવનસૂત્ર છે. પાંડે (મહેમૂદ) પરિણીત હોવા છતાં પોતાના મિત્રો માટે થઈને ગામડેથી પત્નીને બોલાવતો નથી. શેખર એક ચિત્રકાર-ગાયક છે. સુરેશ પહેલવાન છે. કિશન નોકરીની શોધમાં છે.

આ બધા કુંવારા હોવાથી હોટલ મેનેજર (મોની ચેટર્જી) એમને હાંકી કાઢવા જાત-જાતના પેંતરા કરે છે. આ લોકો પણ હોટલ મેનેજરને હેરાન કરવામાં કોઈ કમી નથી રાખતા. આમ છતાં, મેનેજરના પેંતરા સામે ઝૂકીને તેમને રૂમ ખાલી કરવો પડે છે. અને એવા ઘરમાં જવું પડે છે જ્યાં પતિ- પત્નીને જ ભાડે મળી શકે. આથી અરુણ શેખરની અને કિશન પાંડેની પત્ની બની જાય છે અને પછી શરૂ થાય છે ગોલમાલ...

‘ગોલમાલ’નાં શીર્ષક ગીત અને ‘એક દિન સપને મેં દેખા સપના’ જેવાં જ રમતિયાળ ગીતો ગુલઝારે ‘બીવી ઔર મકાન’માં પણ લખ્યાં છે. એટલું જ નહીં, હેમંતકુમારનું સંગીત સામાન્ય રીતે ગંભીર અને મધુર હોય, અહીં આર. ડી. સ્ટાઇલનું છે. કદાચ એમ કહી શકાય કે ‘ગોલમાલ’નું સંગીત આર. ડી.એ આ ફિલ્મ પરથી પ્રેરાઈને આપ્યું હશે. વિશ્વજિત આકાશવાણી પર છોકરા અને છોકરી બંનેના અવાજમાં ગાતા હોય તે ‘ખુલ સિમ સિમ ખુલ્લં ખુલ્લા’ કે પછી ‘રહેને કો ઘર દો’માં મન્ના ડે જે આલાપથી ‘પાંચ પાંડવા’ ગાય છે ( એવો જ આલાપ ‘પડોશન’માં ‘છુટ્ટી કર દૂંગા’માં પણ છે.!)

નવાઈ તો એ લાગે છે કે ઋષિકેશ મુખર્જીની ‘ગોલમાલ’, ‘ખૂબસૂરત’, ‘ચૂપકે ચૂપકે’, ‘બાવર્ચી’, ‘આનંદ’, ‘નમક હરામ’ વગેરે ફિલ્મો ખૂબ જાણીતી અને આમાંની ‘ગોલમાલ’ તો કલ્ટ ફિલ્મ બની, પરંતુ ‘બીવી ઔર મકાન’ એટલી જાણીતી ન બની! કોઈ ટીવી ચેનલ પર આ ફિલ્મ હજુ સુધી આવી હોય તેવું ધ્યાનમાં નથી. આમ છતાં, પી. જી.માં રહેતા લોકોને જ નહીં, બીજા લોકોને ય ગમી જાય એવી આ ફિલ્મ છે.■

## શરદ જોશી સ્પીકિંગ

___સંજય છેલ
feedback@bombaysamachar.com

# શુભ-મંગલ સાવધાન- કમ્પ્યુટરમ્ પ્રસન્ન!




**ભારતમાં** તમે કોઈ પણ વ્યક્તિને પૂછશો કે તમે લગ્ન શું કામ કર્યાં? તો એના જવાબમાં એ તમને ૨૦-૩૦ કારણ તો આરામથી ગણાવી જ આપશે, જેમ કે, શું કરું? છોકરી બહુ સુંદર અને દેખાવડી હતી એટલે જ પછી મેં એની સાથે લગ્ન કરી જ લીધા! હવે કોઈ એને જઈને સમજાવો કે- ભૈ, છોકરી ભલે સુંદર હતી, પણ તું તો સમજદાર હતોને? તું આ લગ્નના ચક્કરમાં ફસાયો કેવી રીતે? તો એની પાસે આ વાતનો કોઈ નક્કર જવાબ નહીં હોય.

લગ્નની બાબતમાં એવું છે કે માણસની બુદ્ધિ, લગ્ન કરવાનું કોઈ ને કોઈ કારણ ગમે ત્યાંથી ગમે તે રીતે શોધી જ લે છે. પ્રાચીનકાળમાં રાજકુમારીનો બાપ એના લગ્ન માટે સ્વયંવર રચતો અને આજુબાજુ રાજ્યના રાજકુમારો અને પહેલેથી ઓલરેડી પરણેલા રાજાઓ પણ એ સ્વયંવરમાં ભાગ લેવા દોડીને પહોંચી જતા અને કોઇ પૂછે કે- કેમ ભાઈ, શું કામ જઈ રહ્યા છો?

તો રાજાઓ સહેલાઈથી કહેતા, શું કરું ભાઈ, આમંત્રણ આવ્યું છે એટલે માન રાખીને જવું તો પડશે જ ને? પછી તેઓ ત્યાં સ્વયંવરમાં હરખભેર પહોંચી જતા અને રાજકુમારી ‘હા’ પાડે તો એને તરત પરણીને લઈ આવતા.

આજેય કોઇએ લગ્ન જો કરવા જ હોય તો એને દસ બહાના મળી જ જાય! જેમ કે- શું કરું?

બાપુજીએ દબાણ કર્યું કે આ જ છોકરી સાથે લગ્ન કરવાના છે. બોલો!

અરે મારા ભાઈ, તમે બહુ બાપની આજ્ઞાનું પાલન કરવાવાળા ડાહ્યા ડમરાં છો તો બીજી વાતોમાં પણ બાપની આજ્ઞા માનો છો? બાપની બીજી વાતો નહીં માનવાની, પણ વાત જ્યારે લગ્ન કરવાની હોય ત્યારે તરત જ આજ્ઞાકારી બેટા બની જવાનું વાહ રે આધુનિક શ્રવણકુમાર!

અથવા તો- એ છોકરી અમારા જ કોલેજમાં ભણતી હતી. આ તો અમારા જ પડોસમાં રહતી હતી. પાછી એ અમારી સાથે પિકનિક પર પણ સાથે હતીને. કોઈ પણ બહાને એ સાબિત કરવાનું કે પેલી સાથે પ્રેમ થવો સ્વાભાવિક જ હતો અને પછી લગ્ન થવા એ પણ સ્વાભાવિક છે!

જો એ છોકરી કોલેજમાં સાથે ભણતી ન હોત, પડોસમાં રહેતી ન હોત અથવા પિકનિક પર પણ સાથે ન ગઈ હોત, તો એની સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હોત, એમ?

મતલબ કે પુરુષને લગ્ન કરવાના કોઇને કોઇ બહાના જોઈએ. વર્ષોથી લોકો કુંડળીના બહાને લગ્ન કરી રહ્યા છે. શું કરીએ, આ છોકરી સાથે કુંડળી મળી ગઈ હતી એટલે લગ્ન કરી લીધા!

ગ્રહદશા એવી હતી કે ગૃહસ્થી મંડાઈ ગઈ. મોટાભાગના ગ્રહો મળતા આવ્યા છે.

અરે ભાઇ, જ્યારે તમે જીવનના બધા મોરચા પર શનિ-મંગળનો સામનો કરો છો, તો લગ્નના મોરચાનો પણ સામનો

કરો, પણ ના, અહીંયા તો ગ્રહોએ મજબૂર કરી દીધા છે માટે લગ્ન કરવા પડ્યા!

અગાઉ ક્યારેક દિલ્હીની દીવાલો પર મેં વાંચ્યુ હતું-

દુલ્હન એ જ જે પાઠકજી અપાવે.

મતલબ કે બધું પાઠકજીના મેરેજ બ્યૂરો પર આધાર રાખે છે. એ તમને કુંવારા તો નહીં જ રહેવા દે. કોઈની સાથે તો તમારું ગઠબંધન કરાવી જ દેશે. ક્લબ કે કોન્ફરન્સમાં જાઓ કે નાતજાતના મેળાવડામાં જાઓ... ત્યાં લગ્ન કરવા માટેનું કારણ આપોઆપ મળી જ આવશે. હકીકત એ છે કે તમારે લગ્ન કરવા હતા તો એ એક યા બીજા કારણથી થઈ જ ગયા.

આજકાલ તો કમ્પ્યુટર દ્વારા લગ્નો થઈ રહ્યા છે. કમ્પ્યુટરમાં શાદી ડોટ કોમ, ભારત મેટ્રીમોની, જીવનસાથી ડોટ કોમ વગેરે લગ્નની સાઈટ પર જઈ ફોર્મ ભરો એટલે એ તમને તમારી પસંદગી મુજબની છોકરી શોધી આપે છે. તમે એન્જિનિયર છો તો એ લોકો તમારે માટે કોઈ એન્જિનિયર છોકરી શોધી એની સાથે લગ્ન કરાવી આપશે. એવું પણ બની શકે કે તમે બુક વાંચવાના શોખીન છો, તો કમ્પ્યુટર તમારા માટે એક લાઈબ્રેરિયન છોકરી શોધી નાખે. તમે કોઈ રોગના નિષ્ણાત છો, તો કમ્પ્યુટર તમારા માટે રોગથી પીડાતી છોકરી શોધી લાવ્યું... તમે સમાજવાદી છો એટલે તમારા માટે કમ્પ્યુટરને ગરીબ છોકરી મળી. તમે આશાવાદી છો, એટલે કમ્પ્યુટરે કહ્યું કે આ સામાજીક કાર્યકર તમારા માટે સારી રહેશે. તમે ભ્રષ્ટ છે, તો કમ્પ્યુટર તમારો મેળાપ મંત્રીની છોકરી સાથે કરાવશે.

ટૂંકમાં -યેનકેન પ્રકારેણ, લગનગાળામાં લગ્નો તો થઈને જ રહેશે. લગ્ન તો મારે - તમારે -સૌએ આખરે કરવાના જ છે.

જો હજારો વર્ષોથી, હજાર બહાને લગ્નો થઈ રહ્યા છે તો હવે કાંઇ નહીં તો કમ્પ્યુટર કુંડળીના બહાને લગ્ન કરી લો! માટે જ હે કુંવારાઓ, ઊઠો અને ઉપડો ત્યાં, જ્યાં લગ્ન કરાવવાળું કમ્પ્યુટર છે. એ જ તમારું કલ્યાણ કરશે.

બરાબર એવું જ જેવું તમારા બાપનું કલ્યાણ થયું હતું!

હવે આખી લાઇફ ભોગવો! ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઇતિહાસને જીવંત કરે છે... કઠપૂતળીની વિસ્મય કળા



**કઠપૂતળીના** ખેલ વિશ્વભરમાં પ્રચલિત છે. દુનિયાભરમાં અલગ અલગ કથાઓ આ કળા સાથે જોડાયેલી છે. આપણે ત્યાં કઠપૂતળીઓ માટે અત્યંત રસપ્રદ કથા લખવામાં આવી છે. ભગવાન શિવથી કોઈક કારણોસર પાર્વતીજી નારાજ થયા હતાં. ભગવાન શિવે પત્નીને ખુશ કરવા લાકડાની કઠપૂતળીમાં પ્રવેશ કર્યો અને પત્નીને મનોરંજન કરાવીને ખુશ કર્યા. ભારતમાં કઠપૂતળીના ખેલનો જન્મ ભગવાન મહાદેવના હાથે થયો. આ ખેલને તેના ખેલૈયાઓ પવિત્ર ગણે છે.

નવી જનરેશનનાં બાળકો પાસે મોબાઈલ હાથવગો છે. બાળકોનું મનોરંજન જમાના મુજબ બદલાઈ ગયું છે. આજની પેઢીએ વિક્રમાદિત્યની બત્રીસ પૂતળીઓની વાર્તા વાંચતી હશે કે કેમ એ ખબર નથી , પણ આપણે નાના હતાં ત્યારે બત્રીસ પૂતળીઓની વાર્તા લગભગ બધા વાંચતા. આ વાર્તાઓ એક પડદો લગાવીને કાપડના પૂતળા દ્વારા કોમેન્ટ્રી સાથે ભજવવામાં આવતો હતો. પેઢીઓથી મનોરંજન આપતી કઠપૂતળીનો ઇતિહાસ આશરે પચ્ચીસસો વર્ષ પ્રાચીન છે, પાણિનીના નટસૂત્રમાં કઠપૂતળીના ઉલ્લેખો છે. બે હજાર વર્ષ પહેલાં પણ નાટકો વિવિધ પ્રકારની કઠપૂતળીના માધ્યમથી ભજવાતાં હતાં.

એક અભ્યાસ મુજબ એવું માનવામાં આવે છે કે ભારતથી પડોશી દેશો થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, શ્રીલંકા, ફિલિપાઇન્સ, વિયેટનામ,કોરિયા વગેરેમાં કઠપૂતળી પહોંચી. આ દેશોમાંથી ચીન થઈ રશિયા અને યુરોપ સુધી ફેલાતી ગઇ. કઠપૂતળીનો ખેલ દેશવિદેશમાં ફરતો ગયો તેમ તેમ લોકપ્રિય થતો ગયો. આ ખેલમાં જે તે દેશનું કલ્ચર ઉમેરાતું ગયું. દેશ-વિદેશના પરિભ્રમણ દરમિયાન કઠપૂતળીના સ્વરૂપ બદલાતા ગયા.

દુનિયાભરમાં કઠપૂતળીની કળાનો આધુનિક જ્ઞાન સાથે વિકાસ થયો અને આજે તેને જાળવવા સુંદર પ્રયાસો પણ થાય છે. કઠપૂતળીના ખેલ પરથી અનેક પોપ્યુલર ટીવી શોઝ પણ થાય છે. ડિસેમ્બરમાં થતાં કાર્નિવલમાં પ્રાણીઓની પ્રતિકૃતિ પર કઠપૂતળી કળા પર આધારિત છે. આજકાલ ભારતમાં શેડોનો ઉપયોગ કરીને આ કળાનો ઉપયોગ કમર્શિયલ એડમાં પણ જોવા મળે છે.

કઠપૂતળીના ખેલ વિષે એવું પણ માનવામાં આવે છે કે ગ્રીસથી કઠપૂતળી કળા વિકાસ પામી હતી. ઇજિપ્તમાં આ કળા પૌરાણિક યુગથી વિકસી હતી. આપણે બંને ઇતિહાસ સાથે વાંધો નથી. આપણો વાંધો તો એ છે કે ભગવાન શિવે આપેલી આ કળાને બચાવવા પ્રયત્નો ઘણા ઓછા છે.

યુરોપિયન દાર્શનિક એરિસ્ટોટલ અને પ્લટોએ કઠપૂતળી વિશે લખ્યું છે. હોમરનાં પૌરાણિક નાટકો ઇલિયાડ અને ઓડીસી કઠપૂતળી દ્વારા રજૂ થયાં હતાં. કેટલાય દાયકાઓથી વિદેશોના અનેક સ્ટુડિયોમાં સ્વતંત્ર પપેટ ડિઝાઇન ડિપાર્ટમેન્ટ કામ કરતું હોય છે, જે પપેટની ડિઝાઇન, ડાયલોગ, ડ્રેસ, નામકરણ, એન્ટરટેઇનમેન્ટ, સ્ટોરીલાઇન, ડાયલોગ ડિલિવરી મેથડ જેવા વિષયો પર ડિટેઇલમાં કામ કરે છે. ક્લાસિક પપેટ એનિમેશન ફિલ્મો આમ જ થોડી બને...

ઇન્ડોનેશિયાના વાયાંગ કુલીટમાં એક જ કલાકાર આખી વાર્તા, અવાજ અને સંગીતનું નિર્દેશન કરે છે. જાપાનના બુનરાકુમાં તો પપેટની કળાએ મનોરંજનનું ઉચ્ચતમ શિખર પ્રાપ્ત કર્યું છે. દરેક કઠપૂતળીને ત્રણ કલાકાર ચલાવતા હોય છે. જેમાં એક કલાકાર માથું, બીજો હાથ અને ત્રીજો પગને ચલાવતા સમન્વય એટલો સરસ કરે છે કે કઠપૂતળીનું હલનચલન અદ્દલ માનવ જેવું લાગે છે.

આધુનિક યુગમાં શેડો પપેટ્સમાં પડદા પાછળ પ્રકાશનો ઉપયોગ કરીને વાર્તાઓનું રહસ્યમય ચિત્રણ થાય છે, જે દર્શકોને એક અલગ દુનિયામાં લઈ જાય છે. ઇન્ડોનેશિયાની લોકપ્રિય પપેટ આર્ટ વાયાંગ કુલીટમાં શેડો પપેટ પરંપરામાં રામાયણ અને મહાભારતની કથાઓ કહેવામાં આવે છે. ચીનની શેડો પપેટ આર્ટમાં સ્થાનિક જર્ની ટુ ધ વેસ્ટ નામની વાર્તાઓ અત્યંત લોકપ્રિય છે, જેમાં મંકી કિંગની જાદુઈ લડાઈઓ બતાવવામાં આવે છે. બ્રિટનમાં લોકપ્રિય એવા પંચ એન્ડ જૂડીના પપેટ શોમાં પંચ અને જૂડીના ઝગડાઓને હાસ્ય સાથે પંચનો વિચિત્ર અવાજ સ્વાઝલ નામના સાધનથી બનાવવામાં આવે છે. જયારે માણસજાત પાસે લખવાની કળા વિષે માહિતી હતી નહીં એ સમયે પપેટ શો મનોરંજન સાથે સામાજિક મેસેજ આપતા હતા.

કઠપૂતળી એ માત્ર એક કળા નથી, પરંતુ એવું માધ્યમ છે જે વાર્તાઓ, સંસ્કૃતિ અને લાગણીઓને જીવંત કરે છે. ભારતના ગામડાઓથી લઈને જાપાનના થિયેટરો સુધી આ કળા વિશ્વભરમાં પોતાનો જાદુ ફેલાવીને ચાહકો ઊભા કર્યા છે. ભારત સહિત વિશ્વમાં અનેક સ્થળો પર પપેટ મ્યુઝિયમ બન્યા છે. આ પપેટ આપણે વણલખ્યો ઇતિહાસ છે.

આપણા દેશની વાત કરીએ તો સ્થાનિક લોકકથાઓને જીવંત રાખવા માટે કઠપૂતળીઓના ખેલ અને કલાકારોનો આભાર માનવો જોઈએ. અમરસિંહ રાઠોડ, પૃથ્વીરાજ ચૌહાણ, લૈલા મજનુ, શીરી ફરહાદ કે હીર રાંઝા જેવા કથાનકો સાથે અનેક સામાયિક વિષયોની વાતો કહીને સમાજના ઉત્થાન માટે મોટો ફાળો આપ્યો છે. કઠપૂતળીનાં વસ્ત્રો, રંગો, ચિત્રો અને ગીતો પરથી જે તે સ્થળની સંસ્કૃતિનો અભ્યાસ કરવા મદદ મળે છે. જો કે સમયની માંગ મુજબ આધુનિક વાર્તાઓ આવશે તો નવી જનરેશન આકર્ષાશે, બાકી હેરિટેજ થઈને રહી જશે. આપણે ગુજરાતીઓએ રાજસ્થાની કઠપૂતળીના ખેલ વધારે જોયા છે, કપડાની કઠપૂતળીને દોરા વડે બાંધી આંગળીઓથી નચાવતા બજાણિયા જોયા છે. આ શૈલીની વિશેષતા એ છે કે કઠપૂતળીના પહેરવેશ પરથી ખબર પડી જાય કે કોણ રાજા છે અને કોણ પ્રજા...

ઓરિસ્સામાં કુંદેઈ, મહારાષ્ટ્રમાં માલાસૂત્રી કે તમિળનાડુમાં બોમલટ્ટમ શૈલી જાણિતી છે. કેરાલામાં કઠપૂતળી નચાવતા નચાવતા પ્રેક્ષકોને પણ નચાવવામાં આવે છે. દક્ષિણ ભારતમાં કઠપૂતળી જાનવરોના ચામડામાંથી બને છે પણ બંગાળમાં ડંડા સાથે કઠપૂતળી બાંધી નાચ નચાવવામાં આવે છે. પ્રાચીન કાળમાં કઠપૂતળીઓ દેવતાઓના પ્રતીક તરીકે વપરાતી હતી અને જાદુઈ વિધિઓમાં ભૂમિકા ભજવતી હતી.

પપેટ આર્ટ એક એવી કળા છે જે સદીઓથી લોકોના હૃદયને જીતતી આવી છે. લાકડું, કપડું કે ચામડાંના બનેલાં નાનકડાં પાત્રો દોરીઓ, હાથ કે લાકડીઓની મદદથી જીવંત થાય છે. વાર્તાઓ કહેવાની શૈલી એટલી સરસ છે કે દર્શકો મંત્રમુગ્ધ થઈ જાય છે. આ કળા માત્ર મનોરંજન નથી, પરંતુ સંસ્કૃતિ, ઇતિહાસ અને શિક્ષણનું સશક્ત માધ્યમ બન્યું છે.

નવી શિક્ષણનીતિની વાતમાં કળાઓને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. આપણે એનિમેશન ફિલ્મ થકી બાળકોને વિજ્ઞાન અને ગણિત જેવા અઘરા વિષયો ભણાવી શકીએ છીએ. કઠપૂતળી પ્રકારના મનોરંજક કળાના માધ્યમથી બાળકોમાં શિક્ષણ સાથે સાહસ, શૌર્ય, સહકાર, સમાનતા, સદવિચાર જેવા આઉટડેટેડ સબ્જેક્ટ શીખવી શકાય?

**ધ એન્ડ :**

*‘बाबुमोशाय,जिन्दगी और मौत उपरवाले के हाथ है जहाँपनाह उससे न तो आप बदल सकते है न मै, हम सब तो रंगमंच की कठपुतलियाँ है जिनकी डोर उपरवाले की उंगलियों में बंधी है...कब, कौन, कैसे उठेगा यह कोई नहीं बता सकता है!’*

(ફિલ્મ ‘આનંદ’નો યાદગાર સંવાદ)■

## તસવીરની આરપાર

___ભાટી એન.
feedback@bombaysamachar.com

# શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કેવી રીતે થાય છે?



**ભારતમાં** આમતો અસંખ્ય શિવાલય આવેલા છે, દેવાધિદેવ શંકર ભોળાનાથની લીલા જ જુદી છે બધાની મૂર્તિ પૂજાય પણ ભોળાનાથ મહાદેવની લિંગ પૂજાય છે. તેમની સાથે ગણેશ, હનુમાન પણ હોય છે, આમ તો ગામડામાં કે શહેરમાં અસંખ્ય મહાદેવ મંદિર દીઠા હોય. અરે બાર જ્યોતિલિંગ પણ આપણે જોયા હશે, પણ મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કેમ થાય તેમાં કેવો યજ્ઞ થાય તેની આછેરી ઝલક આપું છું. વાંકાનેરમાં દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજની આજ્ઞાથી મહાયજ્ઞના શાસ્ત્રી ધર્મેશભાઈ પુરોહિત અને તજજ્ઞ ભૂદેવની ટીમ રુદ્રેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થવાની છે તે અગાઉ આવી પંડાલમાં ભદ્ર મંડળને નીહાળ્યો, જે ૨૦ ફૂટ લાંબો, ચાર ફૂટ ઊંચો છે. આ ભદ્ર મંડળમાં ૧૭૬૪ દેવતાઓનો વાસ યુક્ત અને તેમાં કલરફુલ ચોખાથી જે દેવતાની કલાકૃતિ કે તેનું પ્રતિક એક્સ્ટ્રાઓર્ડીનરી બનાવેલી મનમોહક ચોખાની ચિત્રકલા જોઈ હું તો અચરજ પામી ગયો.! આ ભદ્ર મંડળમાં (૧) ગણેશ મંડળ તેમાં ગણેશજીનો ફોટો ત્યાં નીચે ચોખાથી તેની કૃતિ (૨)માતૃકા મંડળ (૩)યોગિની મંડળ (૪)દીપસ્થાન (૫) પ્રધાન દેવતા મંડળ જે મુખ્ય વચ્ચે અને મોટું તેમાં દેવતાની છબી તેને અનુરૂપ કૃતિ અને વચ્ચે કળશ, ડમરું અને ઘણી વસ્તુઓ (૬)ગુરુસ્થાન મંડળ (૭)વર્ધીની મંડળ (૮) લક્ષ્મી નારાયણ મંડળ (૯) ગ્રહ મંડળ ત્યાં બધે ફળ ફળાદી, સુકો મેવો, શાલ પુષ્પો અને શણગાર ભદ્ર મંડળમાં અભિવૃદ્ધિ કરતી હતી. સામે યજ્ઞ કુંડ પણ દૈદિપ્યમાન હતો.

આ રુદ્રેશ્વર મહાદેવ મંદિરમાં શિવલિંગ સામાન્ય રીતે લંબ ગોળાકાર હોય પણ આ શિવલિંગ લંબ ચોરસ ટાઈપનું છે, પણ આ શિવલિંગ ઓમકારેશ્વર પાસે નર્મદા કિનારે આવેલ બકાવા ગામે મા નર્મદા ખળ ખળ વહે છે ત્યાં બાણાસુર રોજે શિવલિંગની સ્થાપના કરે, પૂજા કરે અને નર્મદા નદીમાં પધરાવી દે આમ કરતા ત્યાં નદીમાં ઘસાતા પથ્થર ઘસાતા ઘસાતા નેચરલ લિંગ બની જાય અને ત્યાં આપણે ગયા હોઈએ ત્યારે શોધીને નર્મદા નદીમાંથી લિંગ કાઢી આપે. આમ આ શિવલિંગ કુદરતી રીતે બનેલું છે, જેનું વજન ૨૫ કિલો જેવું હશે ચોકલેટ ડાર્ક શિવલિંગ દેખાવમાંજ સુરેખ લાગે જેની કિંમત પણ ઘણી હશે.! શિવ મંદિરમાં શેની જરૂર પડે. શિવલિંગ, લીંગનું થાળું, પંચ ધાતુનો લિંગ ફરતે નાગદેવતા, ચાંદીનું છતર, ગળતી, શિખરનું કળશ, ધજા દંડ, નંદી (પોઠીયો), કાચબો, ઘંટ, ઝાલર, ત્રિશુલ, ગણેશ, હનુમાન, ધૂપેલિયું, રુદ્રાક્ષની માળા, ડમરું, આટલી સામાન્ય વસ્તુઓ જોઈએ.

રુદ્રેશ્વર મહાદેવ મંદિરનાં શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવા દ્વારકા જગતગુરુ શંકરાચાર્યજી મહારાજનાં શિષ્ય બ્રહ્મચારી નારાયણનંદજી સ્વામીનાં વરદ હસ્તે તેમ જ ભૂદેવોનાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હર હર મહાદેવનાં ગુંજારવ સાથે પ્રાણ પ્રતિષ્ઠા થઈ પણ તેમાં દૂધાભિષેક, દહીંભિષેક, મધભિષેક, ચંદનભિષેક, જલાભિષેક, જેવા અભિષેક બાદ શિવલિંગની સફાઈ કરી ઉપવસ્ત્રમાં સફેદ ધોતી વીંટી ફૂલનો શણગાર, બીલીપત્ર, ચઢાવી અદ્ભુત દર્શન લાગતા હતા. વાંકાનેરમાં શિવાલયની પ્રાણ પ્રતિષ્ઠા થઈ તેની ખાસ વિશેષતાએ હતી કે મોસ્ટ ઓફ શિવલિંગને શિખર પરથી નીચે લાવવામાં આવે છે, પણ અહીં શિવલિંગને દરવાજામાંથી લાવી પ્રાણ પ્રતિષ્ઠા કરેલ આમ ખાસ શિવાલયની પ્રાણ પ્રતિષ્ઠા જોઈ તેનું આલેખન કરી આપને અવગત કરું છું. ■

## પ્રકરણ-૨૬

‘સર... ભાગવતીને કાર નીચે કચડનારા યુવાન પાસેથી કામની કોઈ માહિતી મળી નથી. આપણા કેસ સાથે તેને કશી લેવાદેવા નથી.’ સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરે માહિતી આપી.

ગોરેગામના સ્ટેશન રોડ પર મંજરીની માતા ભાગવતીનું કારની અડફેટે મૃત્યુ થયું હતું. અકસ્માત પછી ડ્રાઈવર કાર સાથે અંધેરીની દિશામાં ફરાર થઈ ગયો હતો. વનરાઈ પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની મદદથી કારને શોધી કાઢી હતી અને અકસ્માત સમયે કાર ચલાવનારા યુવાનને પકડી પાડી લૉકઅપભેગો કર્યો હતો.

આ વાતની જાણ થતાં બંડગરને આરોપી યુવાનની પૂછપરછ કરવા અને વધુ વિગતો મેળવવા વનરાઈ પોલીસ સ્ટેશને મોકલવામાં આવ્યો હતો. બંડગર પાછો ફર્યો ત્યારે ડીસીપીની મીટિંગ ચાલુ હતી એટલે તે ગાયકવાડની બાજુની કૅબિનમાં કૉન્સ્ટેબલ નામદેવ દળવી સાથે બેઠો હતો. ડીસીપીના ગયા પછી તે તરત ગોહિલને મળવા ગાયકવાડની કૅબિનમાં પ્રવેશ્યો.

‘ઘટના સમયે વિલે પાર્લેનો યુવાન કાર ચલાવતો હતો, જેને વનરાઈ પોલીસે તેના ઘરેથી તાબામાં લીધો. રાતે કામ પતાવીને યુવાન મિત્રો સાથે બારમાં દારૂ પીવા બેઠો હતો.’ બંડગરે કહ્યું.

‘દારૂના નશામાં કાર ચલાવીને ભાગવતીને અડફેટે લીધી હતી. તે સમયે કારમાં બે મિત્ર પણ હતા.’

‘ભાગવતીને હૉસ્પિટલ પહોંચાડવાને બદલે કાર ભગાવી શા માટે?’ ગાયકવાડે પૂછ્યું.

એ જ સમયે કદમના મોબાઈલની રિંગ વાગી. હેલિકૉપ્ટર રાઈડ કરાવનારી કંપનીમાંથી કૉલ હતો એટલે વાત કરવા કદમ કૅબિન બહાર ગયો.

‘સર... યુવાનનું કહેવું છે કે અકસ્માતના સ્થળે એકઠા થયેલા લોકો ફટકારશે, એ બીકે તે ત્યાંથી કાર ભગાવી ગયા હતા!’

‘...તો ભાગવતીને એ યુવાન કે તેના મિત્રો ઓળખતા નહોતા?’ હવે ગોહિલે પૂછ્યું.

‘ના... સર. તેમણે તો ભાગવતીનું નામ પણ સાંભળ્યું નથી!’

‘તને ખાતરી છેને?’

‘સર... મેં આપણી સ્ટાઈલમાં... આડેહાથ લઈ પૂછપરછ કરી, પણ આપણા કેસ સાથે તેમને કોઈ નિસ્બત હોવાનું લાગતું નથી.’ બંડગરે દૃઢતાથી કહ્યું.

‘ઠીક છે... તો આ માત્ર અકસ્માત હશે. વિરોધી પક્ષ નેતા બાપટ નકામા બરાડા પાડતા હતા કે કાવતરું ઘડીને ભાગવતીને મારી નાખવામાં આવી છે... તેમના આક્ષેપોને કારણે મને પણ શંકા ગઈ હતી કે કદાચ ભાગવતીને યોજનાબદ્ધ રીતે કાર નીચે કચડવામાં આવી હશે!’ ગોહિલે કહ્યું.

ચર્ચા પતી તે સમયે જ કદમ કૅબિનમાં પાછો ફર્યો એટલે ગોહિલ અને ગાયકવાડ તેની સામે જોવા લાગ્યા. કોઈ પ્રશ્ન વિના જ કદમે કહેવા માંડ્યું.

‘હેલિકૉપ્ટર રાઈડ કરાવતી કંપનીના અધિકારીનો ફોન હતો. બ્લૅક બૉક્સની તપાસમાં કોઈ નક્કર જાણકારી મળી નથી.’

કદમે ઉમેર્યુંઃ ‘એન્જિનમાં ખામીને કારણે હેલિકૉપ્ટર તૂટી પડ્યું હોવાનું અત્યાર સુધીની તપાસમાં જણાયું છે. રાઈડ પહેલાં હેલિકૉપ્ટરની બરાબર તપાસ કરવામાં આવે છે તેમ છતાં આવું કેમ બન્યું તેની તપાસ ચાલુ છે, એવું અધિકારીનું કહેવું છે.’

‘એટલે કે તેમણે હાથ ખંખેરી નાખ્યા... બરાબરને?’ ગાયકવાડે ટોણો માર્યો.

‘અધિકારી કહે છે, વિગતવાર તપાસમાં ઘણો સમય નીકળી જશે એટલે અત્યારે કૉલ કર્યો હતો.’ કદમે વાત પૂરી કરી.

‘પત્યું... જવા દે. ત્યાંથી પણ કોઈ મદદ મળે એમ નથી. હવે આપણી તપાસમાં આગળ વધીએ.’ કહીને ગોહિલ ખુરશીમાંથી ઊભો થયો.

‘ડૉક્ટર મંદિરાની પૂછપરછ માટે આરે હૉસ્પિટલ જાય છે?’

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

ગાયકવાડે પૂછ્યું.

‘ના... એની પાસે તો પૂરી તૈયારી સાથે જવું પડશે. પહેલાં શિંદે ગયો હતો ટીમ લઈને, પણ ડૉક્ટરો પાસેથી કેવો સહકાર મળ્યો તે જોયું છે આપણે.’

ગોહિલે કહ્યુંઃ ‘હવે સામા સવાલ કરવાનો ડૉક્ટરોને મોકો નથી આપવો. શક્ય તેટલા પુરાવા સાથે તેમને આંટીમાં ભેરવવા છે!’

ગાયકવાડે સ્માઈલ કર્યુંઃ ‘જોશની સાથે સમજદારી રાખવી જરૂરી છે, ગોહિલ!’

‘એટલે જ તો પહેલાં અંધેરીની હૉસ્પિટલમાંથી મેટલ પ્લૅટવાળી બૉડીની વિગતો અને કૂપર હૉસ્પિટલમાંથી શબ સંબંધી માહિતી મેળવી લેવી છે. પછી આગળની વ્યૂહરચના વિચારીએ. અત્યારે કૂપરના ડૉક્ટર માજીવડેને તો મળી લઉં!’ વાત પતાવીને ગોહિલ ટીમ સાથે કૅબિન બહાર નીકળ્યો...

×××

‘આ કેવાં નામ છે, ડૉક્ટરસાહેબ!’

‘કેમ? તમને ન ગમ્યાં? તમારે ક્યાં શબને ઘરમાં રાખીને પાળવાનાં છે!’

‘...પણ આજના જમાના અનુરૂપ નામ રાખવાં જોઈએને?’

આરેના જંગલમાં દટાયેલાં શબ શોધવાની કામગીરી અટકાવી દેવામાં આવ્યા પછી ડીસીપી સુનીલ જોશીએ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ડીસીપીએ અમુક સૂચનો કરતાં પોલીસે તપાસની ગતિ વધારી હતી. આરે હૉસ્પિટલની ડૉ. મંદિરા અજવાનીની પૂછપરછ પહેલાં ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલ ટીમના અધિકારીઓ સાથે કૂપર હૉસ્પિટલ આવ્યો હતો.

જમીનમાંથી મળેલી એક લાશની તપાસમાં પોલીસ આરે હૉસ્પિટલનાં ડૉ. મંદિરા અજવાની સુધી પહોંચી હતી. તે પહેલાં હેલિકૉપ્ટર દુર્ઘટના સ્થળેથી મળેલા મંજરી નવલેના શબની તપાસમાં પણ આરે હૉસ્પિટલના ડૉ. મૃત્યુંજય હિરેમઠનું નામ સામે આવ્યું હતું. ડૉ. હિરેમઠના નિવેદનથી કોઈ ખાસ માહિતી મળી નહોતી એટલે આ વખતે ગોહિલ ઉતાવળ કરવા માગતો નહોતો. સબળ માહિતી એકઠી કરીને ડૉ. મંદિરાની પૂછપરછ કરવાનું તેણે નક્કી કર્યું હતું. એટલે જ તે પહેલાં કૂપર હૉસ્પિટલના ડૉ. ભાવિક માજીવડેને મળવા આવ્યો હતો.

‘જુઓ... આ બધાં શબ-અવશેષ જંગલમાંથી મળ્યાં છે... એટલે ફૂલો પરથી મેં તેમનાં નામ રાખ્યાં છે અને... શબને ફૂલ-હાર જ અર્પણ કરાય છેને!’ ડૉ. માજીવડેએ હસતાં હસતાં કહ્યું.

ડૉ. માજીવડેએ મૃતદેહોનાં નામ સ્ત્રી-પુરુષ અનુસાર ગુલાબ, ચમેલી, લીલી, કમળ, પરાગ અને રાતરાણી રાખ્યાં હતાં. આ નામો ગોહિલને વિચિત્ર લાગ્યાં. તે મૉડર્ન નામોની અપેક્ષા રાખતો હતો.

‘કોઈ લેડી ડૉક્ટરને કહ્યું હોત તો મજાનાં નામ શોધી કાઢ્યાં હોત!’ મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલ બોલી પડી.

‘એટલે કે મહિલાઓ લેટેસ્ટ નામ રાખવામાં માહેર હોય છે!’

**સલ્લુના શરીર પર અને આંતરિક ઈજાનાં કોઈ નિશાન નથી. તેને ઈન્જેક્શનથી દવાનો ઑવરડોઝ આપીને મારવામાં આવ્યો છે...**

પાટીલે સ્પષ્ટતા કરી.

‘તો તમે કહો... એ નામ રાખીએ!’ ડૉ. માજીવડેએ મલકાતાં કહ્યું.

‘ડૉક્ટરસાહેબ... છોડોને આ બધી મગજમારી. તમને ગમ્યાં એ જ નામ બરાબર છે. અમને દરેક શબની વિગતો એક વાર આપી દો... પછી અમે બધું સમજી લઈશું. વારંવાર નામના રટણની જરૂર નહીં પડે!’ ગોહિલે ચર્ચાનો અંત આણ્યો.

‘તમારા કામની વાતો તો ઘણી છે અને મને લાગે છે... ફોરેન્સિકની તપાસમાં વધુ રહસ્યો છતાં થઈ શકે!’

ડૉ. માજીવડે ખુરશી પર બેઠાં બેઠાં થોડા સરક્યા અને ટેબલ પર પડેલી ડાયરી ખોલી.

‘જેના પગમાંથી મેટલ પ્લૅટ મળી એનું નામ શું કહ્યું તમે... હા, સલ્લુ... એનું અમે ગુલાબ નામ પાડ્યું હતું, પણ હવે તેને સલ્લુ તરીકે જ ઓળખીએ તો તે અંદાજે પિસ્તાલીસથી પચાસ વર્ષનો હશે.’

ડૉ. માજીવડે વારંવાર ડાયરીમાં જોઈને બોલતા હતાઃ ‘તેના મૃત્યુનો ચોક્કસ સમય તો ફોરેન્સિકવાળા જ કહી શકશે, પણ અમારા અનુમાન પ્રમાણે તેના મૃત્યુને લગભગ મહિનો થયો હશે. તેનું શબ ઘણું કોહવાયેલું છે... એ તો સારું થયું, તેના પગમાંથી મેટલ પ્લૅટ મળી.’

‘પગના હાડકામાં ક્રેક પડવાને કારણે પ્લૅટ બેસાડવામાં આવી હતી. મને લાગે છે કે તેને કોઈ અકસ્માત નડ્યો હશે.’ વાત પૂરી કરતા હોય તેમ ડૉ. માજીવડેએ ડાયરીમાંથી નજર ઊંચી કરી.

‘આ ચિત્રગુપ્તનો ચોપડો છે?’ એપીઆઈ પ્રણય શિંદેને ટીખળ સૂઝ્યું.

બધાએ શિંદે તરફ જોયું એટલે કસમયે ટિપ્પણી કર્યાનું તેને ભાન થયું. વાત વાળી લેતાં તેણે કહ્યુંઃ ‘એટલે કે મૃત્યુ પામેલી દરેક વ્યક્તિઓની નોંધ અને વિગતો આ ડાયરીમાં છે?’

‘ના... આરે જેવી ગંભીર અને સંવેદનશીલ ઘટનાઓનો ભોગ બનેલી વ્યક્તિઓની નોંધ હું કરી રાખું છું.’ ડૉ. માજીવડેએ કહ્યું.

‘...પણ આ સલ્લુનું મોત કઈ રીતે થયું હશે?’ ઈન્સ્પેક્ટર રવિ કદમ મુદ્દા પર આવ્યો.

‘એ તો ઘણી ચોંકાવનારી વાત છે. સલ્લુના શરીર પર અને આંતરિક ઇજાનાં કોઈ નિશાન નથી. તેને ઈન્જેક્શનથી કોઈ દવાનો ઑવરડોઝ આપીને મારવામાં આવ્યો છે.’

‘એટલે?’

‘એટલે કે તેને કોઈ સામાન્ય ગુંડાએ માર્યો નહીં હોય... આ તો ડૉક્ટર, કમ્પાઉન્ડર કે નર્સનું કામ હશે?’ ડૉ. માજીવડેએ હવે ડાયરી બંધ કરી.

‘સલ્લુનું કોઈ અંગ કાઢવામાં નથી આવ્યું, પણ તેના શરીરમાંથી ડ્રગ્સના અંશ મળ્યા છે... મારું માનવું છે કે આ સલ્લુ તમારા ડ્રગ્સ કેસ સાથે સંકળાયેલો હશે!’ ડૉ. માજીવડેએ માહિતી પૂરી કરી.

‘એને માર્યો શા માટે હશે?’ કદમે અમસ્તો પ્રશ્ન કર્યો.

‘એ તો તમારે શોધવાનું છે!’ ડૉક્ટરે કહ્યું.

‘...તો બાકીનાં શબની શું કહાની છે?’ ગોહિલે પૂછ્યું.

‘એની તપાસ ચાલી રહી છે... એકના તો માત્ર અવશેષ મળ્યા છે એટલે તેના વિશે ફોરેન્સિકમાંથી જ જાણી શકાશે, પણ...’

ડૉ. માજીવડેએ કહ્યુંઃ ‘મારા નૉલેજને આધારે હું એમ કહી શકું કે એ લોકોનાં અંગો ઇરાદાપૂર્વક કાઢવામાં આવ્યાં હશે અને કદાચ એટલે તેમનાં મોત થયાં હશે!’

‘તમારી માહિતી કામની તો છે, પણ ગૂંચવણમાં નાખનારીય છે!’ શિંદેએ માથું ખંજવાળતાં કહ્યું.

‘અત્યારથી માથું ખંજવાળવા લાગ્યા... હજી તો ઘણા આટાપાટાનો ખેલ જોવાનો છે!’ ડૉ. માજીવડેએ બધાને ચોંકાવ્યા.

‘તમે કહેવા શું માગો છો, ડૉક્ટરસાહેબ?’ ગાહિલે આશ્ચર્યથી પૂછ્યું.

‘ઑફિસર, આ યુવતી... જેને અમે ચમેલી નામ આપ્યું છે તે ત્રેવીસથી પચીસ વર્ષની હશે અને તેનું મૃત્યુ શબ મળ્યાના પાંચેક દિવસ અગાઉ જ થયું હશે. લાશ વધુ કોહવાયેલી ન હોવાથી તે તપાસમાં વધુ મદદરૂપ થશે, એવું ફોરેન્સિક નિષ્ણાતનું અનુમાન સાચું છે.’

‘હા... ચહેરો હજુ સાબૂત હોવાથી તેની ઓળખ મેળવવાના પ્રયત્ન ચાલુ છે. એક વાર યુવતીની ઓળખ થાય તો તે કોના સંપર્કમાં હતી અને છેલ્લે તેની સાથે શું થયું... જેવી વિગતો મળી જશે!’ કદમે ઉતાવળે કહ્યું.

‘આંચકાજનક વાત એ છે, ઑફિસર કે તેના શરીરમાંથી એક નહીં, ઘણાં અંગ ગુમ છે અને તેના શરીરમાંથી પણ ડ્રગ્સના અંશ મળ્યા છે!’

બધા પોલીસ અધિકારી ફાટી આંખે ડૉક્ટરને જોઈ રહ્યા.

‘આ કેસની તપાસનો માર્ગ ઘનઘોર જંગલથી ઘેરાયેલો છે. કેસ ઉકેલવા તમારે આ વનરાજીમાં સાવચેતીથી આગળ વધી ઊંડા ઊતરવું પડશે.’

‘આટલાં વર્ષોની પ્રેક્ટિસ દરમિયાન મારી પાસે ક્યારેય આવો વિચિત્ર કેસ આવ્યો નથી, જેમાં માનવશરીરનાં અંગો ગુમ હોય અને તેને નશીલા પદાર્થ સાથે સંબંધ હોય!’

થોડું વિચારી ડૉ. માજીવડેએ કહ્યુંઃ ‘આ કોઈ સામાન્ય ઘટના નથી અને આલિયામાલિયાનું કામ નથી... આ તો કોઈ ભેજાબાજની મેલી રમત છે!’ (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| DICE | ઉંદર |
| GUISE | જૂ |
| LICE | પાસા |
| MICE | વ્યસન |
| VICE | વેશ |

### ઓળખાણ

અમદાવાદની વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ટેસ્ટમાં સેન્ચુરી ફટકારનાર ભારતીય ટીમના વિકેટકીપર - બેટ્સમેનની ઓળખાણ પડી?



અ) રિષભ પંત બ) ધ્રુવ જુરેલ ક) કે એલ રાહુલ ડ) રિદ્ધિમાન સહા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ડ | ૨ બે | સ | ૩ લા | ક | | ૪ સુ | દ | ૫ ઢ |
| મ | | ર | | સ્ય | | ૬ સ્થ | ળ | | બુ |
| ણે | | ૭ ખો | ૮ ટ | | ૯ ખ | ળાં | | ૧૦ સ | |
| ૧૧ રી | ૧૨ સ | | પ | | ૧૩ મા | ત | | ૧૪ મા | ડી |
| | ૧૫ પ્ર | ૧૬ જ્વ | લી | ૧૭ ત | | ૧૮ રિ | ૧૯ વા | જ | |
| ૨૦ ખુ | મા | ર | | ૨૧ વા | ૨૨ ર | ત | હે | વા | ૨૩ ર |
| ૨૪ જ | ણ | | ૨૫ તા | રી | ખ | | | ૨૬ દ | મ |
| લી | | ૨૭ સા | | ૨૮ ખ | ડ | ૨૯ ખ | ૩૦ ડ | | ણી |
| | ૩૧ ખ | ર | ૩૨ વા | | | ૩૩ ન | મ | ૩૪ ની | ય |
| ૩૫ સ | ત્તા | પ | રિ | વ | ર્ત | ન | | ૩૬ મ | તા |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | | ૪ | ૫ | ૬ |
| | | ૭ | | | | ૮ | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | | |
| | ૧૩ | | ૧૪ | | | | | ૧૫ | |
| ૧૬ | | | | | ૧૭ | | ૧૮ | | |
| | | ૧૯ | | ૨૦ | | ૨૦-અ | | | ૨૧ |
| ૨૨ | ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | | |
| ૨૯ | | | ૩૦ | | | | | ૩૧ | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

#### આડી ચાવી

૧. વ્યવસ્થા કરનાર (૬)
૪. દાબ, રૂઆબ (૩)
૭. મજલો, મેડી (૨)
૯. ગુણી (૨) (જો. છૂ.)
૧૦. ગુજરાતની એક નદી (૨)
૧૨. નડતર (૪)
૧૩. ભૂખ (૪)
૧૫. શઠ, ધૂર્ત (૨)
૧૬. દીર્ઘ (૨)
૧૭. ભારતનું ઉત્તર-પૂર્વનું રાજ્ય (૪)
૨૦અ. પ્રકાર- તરેહ, રૂઢિ (૨)
૨૨. એક અર્થાલંકાર (૩)
૨૪. બાતલ (૨)
૨૫. ખ્રિસ્તીઓનું પ્રાર્થનાલય (૩)
૨૬. શરણે આવેલો (૫)
૨૮. પતિ થયો એ --- ગયો ગુ. નાટક (૨)
૨૯. ઓળખાણ (૨)
૩૦. મલમલ જેવું મુલાયમ (૪)
૩૨. ખેંચ, ટેન્શન (૩)
૩૩. એક પુરાણું શસ્ત્ર (૪)

#### ઊભી ચાવી

૧. છેવટે (૩)
૨. એકઠું થયેલું (૨)
૩. --- ભરાવા એટલે આંતરડામાં સોજો થવો (૨)
૫. રેલગાડીનો ભાગ (૨)
૬. ચોમેરથી લાગતું બળ (૪)
૮. કામધંધો ના હોવો તે (૫)
૧૧. કિફાયતી (૩)
૧૨. આગ (૨)
૧૪. જાડું દોરડું (૨)
૧૫. ભાગ (૨)
૧૬. કામ કઢાવવા આપો (૨,૪)
૧૮. લેવડદેવડ (૪) (જો. છૂ.)
૧૯. મખ્ખીચૂસ (૩)
૨૦. ધ્યાન આપવા યોગ્ય (૫) (હિં)
૨૧. કાદવ (૩)
૨૩. તાલુકા (૪)
૨૭. ગુંદર (૨)
૨૮. ભૂત ગયું ને --- આવ્યું (૩)
૩૧. મરીઝને આપો (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘બાળકો આક્રંદ કરી રહ્યા હતા’ કહેવતમાં ‘આક્રંદ’ શબ્દનો અર્થ જણાવો.

અ) તોફાન બ) કૂદાકૂદ ક) કિલ્લોલ ડ) વિલાપ

### માતૃભાષાની મહેક

વેપાર થતો હોય, લક્ષ્મી ઘરમાં આવતી હોય અને આર્થિક લાભ થઈ રહ્યો હોય ત્યારે વેપારી માણસ થોડીક બાંધછોડ કરતા અચકાતો નથી. આ વાત રાત છે અંધારી ને તલ છે કાળા, પાછલે બારણેથી લાવું છું, લે ભાઈ વાણિયા. વાણિયા સાથે કાળી રાતે પણ સોદો કરી લેવાય એના પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

### સુડોકુ-૯૧૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૩ | | ૮ | | | ૫ |
| | | ૭ | ૫ | | ૧ | ૬ | | |
| ૧ | | | | ૨ | | | | ૪ |
| ૭ | ૯ | | | | | | ૪ | ૩ |
| | | ૧ | | | | ૨ | | |
| ૫ | ૮ | | | | | | ૬ | ૯ |
| ૪ | | | | ૩ | | | | ૮ |
| | | ૮ | ૭ | | ૪ | ૩ | | |
| ૯ | | | ૮ | | ૬ | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧ | ૮ | ૬ | ૪ | ૨ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ |
| ૬ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ | ૯ | ૪ | ૫ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૭ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૯ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ |

### ગુજરાત મોરી મોરી રે

વિરોધાભાસી ગુણ પ્રદર્શિત કરતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

લાડવામાં હોય ન એલચીનો ઝેરના સ્વાદ

### ઈર્શાદ

મારી વિચાર જ્યોત મને માર્ગ આપશે,
છું એકલવ્ય હું જ અને હું જ દ્રોણ છું.

- મનહરલાલ ચોકસી

### માઈન્ડ ગેમ

ટેનિસની રમતમાં ૧૯૮૦ના દાયકામાં લાગલગાટ પાંચ વખત વિમ્બલ્ડન ચેમ્પિયન બનેલા ખેલાડીની ઓળખાણ પડે છે?

અ) ઈવાન લેન્ડલ બ) જહોન મેકેનરો ક) બ્યોન બોર્ગ ડ) જિમી કોનોર્સ

### ગયા બુધવારના જવાબ

ગરબાની કડીની જોડી જમાવો

| A | B |
|---|---|
| સોમે શણગાર શોભે શક્તિને | રાગ મલ્હાર ગાયો સમે |
| મંગળવારે માડી ઉમંગમાં | ગરબે રમે તે માત સૌને ગમે |
| બુધવારે મા બેઠાં બિરાજે | શ્રીફળ ચૂંદડી માતને ગમે |
| ગુરુવારે મા ગોખમાં બિરાજે | ભક્તજન આવી ચરણે નમે |
| શુક્રરે સલખનપુરી આવ્યાં | થાળ કરું મારી અંબા જમે |

ઓળખાણ પડી?
આંધ્ર પ્રદેશ

માઈન્ડ ગેમ
પ્રફુલ દવે

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ચૂડલો

ગુજરાત મોરી મોરી રે
પંચમહાલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ભારતી બુચ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) પુષ્પા પટેલ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) હર્ષા મહેતા (૧૬) વિપીન શાહ (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પ્રવીણ વોરા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) મહેશ દોશી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) નયના મિસ્ત્રી (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) અંજુ ટોલિયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) નિતિન જયંતિલાલ બજરિયા (૩૬) શિલ્પા શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) હિનાબેન દલાલ (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) મહેશ સંઘવી

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## રસોડાની રાજમાતા, રક્ષાની રાણી





*‘સચ હુએ સપને મેરે, ઝૂમ લે ઓ મન મેરે’*, શૈલેન્દ્ર લિખિત આશાના આકાશમાં તેજના લિસોટા જેવી આ પંક્તિનો સાક્ષાત્કાર રાજસ્થાનની મહિલા અંજુ યાદવને થઈ રહ્યો છે. જે હાથ રસોડામાં વેલણ ચલાવી પરિવારની ભૂખ મિટાવી રહ્યાં હતાં એ જ હાથ હવે દંડૂકો ચલાવી સમાજની સુરક્ષા કરવામાં વ્યસ્ત છે. ડીએસપી કોને કહેવાય એની કોઈ કલ્પના ન હોવા છતાં રસોડાની રાજમાતા રક્ષાની રાણી બની ગઈ છે. ખુદ અંજુ યાદવે સોશ્યલ મીડિયા પર ઊંડા અંધારેથી પરમ તેજ તરફની પોતાની સફરનું સુંદર બયાન કર્યું છે. એના શબ્દો કોઈને પણ માટે પ્રેરણાનું પંચામૃત સાબિત થવાની ક્ષમતા ધરાવે છે. અંજુજીએ બે તસવીર મૂકી છે. એકમાં સાવ સામાન્ય વસ્ત્રોમાં મોટાભાગનો સમય ઘરની ચાર દીવાલોમાં પસાર કરતી સામાન્ય ગૃહિણી દેખાય છે, જ્યારે બીજીમાં રુઆબદાર પોલીસ ઓફિસર - ડીએસપી વર્દીમાં નજરે પડે છે. ૨૧ વર્ષની ઉંમરે લગ્ન, ૨૪ વર્ષની વયમાં માતૃત્વ અને ૨૫ વર્ષની ઉંમરે વાંકગુના વિના પિયર મોકલી દેવામાં આવી હતી અંજુ યાદવને. ભાંગી પડવાને બદલે પોતાના માતા પિતાને બાળકને ઉછેરવાની જવાબદારી સોંપી શિક્ષણ મેળવ્યું. રાજસ્થાન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સરકારી શાળામાં શિક્ષિકાની નોકરી મેળવી. આત્મવિશ્વાસ વધ્યા પછી આ વર્ષે આરપીએસ - રાજસ્થાન પોલીસ સર્વિસમાં ઝળકી ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ - ડીએસપી બની ‘કોશિશ કરને વાલોં કી કભી હાર નહીં હોતી’ પંક્તિની ભાવનાને ચરિતાર્થ કરી છે.

## મારી બિલાડીને તારો શ્વાન કનડે, તું તારા રસ્તે ને હું મારા રસ્તે, ઓકે!



કોઈ કામકાજ ફટાફટ પતી જાય એના માટે ‘ચટ મંગની, પટ બ્યાહ’ રૂઢિપ્રયોગ વપરાય છે. જોકે, આજકાલ આપણે ત્યાં અને વિશેષ કરીને મહાનગરોમાં આ રૂઢિપ્રયોગનો વિસ્તાર થઈ ‘ચટ મંગની, પટ બ્યાહ, તટ તલાક’ પરિસ્થિતિ જોવા મળી રહી છે.

લગ્નના વર્ષ - બે વર્ષમાં છૂટાછેડાની અરજીની હવે કોઈ નવાઈ નથી રહી. નવાઈ બચી છે ડિવોર્સ માટેનાં કારણોમાં. કલ્પનામાં પણ ન આવે એવાં કારણ સામે આવી રહ્યા છે. પહેલી વેડિંગ એનિવર્સરીની ઉજવણીને ત્રણેક મહિના બાકી છે ત્યાં મધ્યપ્રદેશના ભોપાલ શહેરની ફેમિલી કોર્ટમાં પતિનો શ્વાન પત્નીની બિલાડીને કનડગત કરે છે એ કારણસર સાત ફેરા ઉલ્ટા ફરવા માટે બંને પક્ષ તરફથી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. ટૂંકમાં વાત પતિ - પત્નીના પ્રેમમાં પડેલી તિરાડની નથી, કિસ્સો એમના પાળેલાં પ્રાણીઓ વચ્ચેના અણબનાવનો છે. પત્નીએ ફરિયાદ કરી છે કે પતિનો પાળેલો ડોગી એની પાળેલી બિલાડીને હેરાન કરે છે અને વારંવાર હાથ પણ, સોરી પગ પણ ઉપાડે છે. એટલે ‘ડોમેસ્ટિક વાયોલન્સનો કેસ બને છે’ એવું કહેવાનું જ બાકી રાખ્યું છે. બીજી તરફ હસબન્ડનું કહેવું છે કે વાઈફે પોતાના પેટ્સ(પાળેલાં પ્રાણી) સાસરે લાવવા નહીં એવું મેરેજ પહેલા પત્નીને ગાઈ બજાવીને કહેવામાં આવ્યું હતું. મેડમની બિલાડી ઘરમાં ઉધામા મચાવે છે એવી ફરિયાદ પણ સાહેબે કરી છે. મામલો થાળે પાડવા કપલનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું, પણ એ વખતે પતિ - પત્ની એકબીજાના પેટ્સના દોષ કાઢતા રહ્યા. સામાજિક એકલતાના વાતવરણમાં પાળેલાં પ્રાણીઓ માટે વધી રહેલા મમત્વને પગલે આવી સમસ્યા આવી રહી હોવાનું ફેમિલી કોર્ટે જણાવ્યું છે.

## કમાણી કરોડપતિની, કામકાજ રોડપતિનું...





કોઈ કામ તુચ્છ નથી હોતું. બધા મનના અને વ્યવસ્થાના ખેલ છે. સામાજિક ઢાંચો જ એવો હોય છે કે કેટલાક કામ કરવાની શારીરિક ક્ષમતા કે માનસિક દાનત બધા પાસે નથી હોતી. જોકે, જાપાન જેવા દેશમાં કામને હલકું ગણવાના અભિપ્રાયની બાદબાકી થઈ ગઈ હોય છે. આ દેશ મોડર્ન ટેક્નોલોજી તેમ જ વર્ક કલ્ચર - કામકાજ પ્રત્યેનો દ્રષ્ટિકોણ બાબતે નોખો તરી આવે છે. અદ્રશ્ય કરોડપતિનું લેબલ મેળવનારા ૫૬ વર્ષના કોઈચી મત્સુબારા ઘરના ભાડા પેટે આર્થિક રોકાણને કારણે વર્ષે દહાડે ૩ કરોડ યેન (આશરે ૧ કરોડ ૮૦ લાખ રૂપિયા)ની કમાણી કરે છે, પણ તેમ છતાં અંકલ ટોક્યોની એક સોસાયટીમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ચાર કલાકની શિફ્ટમાં ચોકીદારની નોકરી કરે છે. આ કામ માટે તેમને દર મહિને એક લાખ યેન (આશરે ૬૦ હજાર રૂપિયા) પગાર મળે છે. સામાજિક અને આર્થિક વિષમતાના વાતાવરણમાં ઉછરેલા મિસ્ટર મત્સુબારા સંકડામણનો ભૂતકાળ નથી ભૂલ્યા અને મૂળસોતા ઊખડી ન જવાય એ માટે સાદગીભર્યું જીવન જીવે છે. કરોડપતિ હોવા છતાં રોડપતિની જેમ સસ્તા ભાડાના ઘરમાં રહે છે અને દસેક વર્ષથી પોતાના માટે નવા કપડાં નથી ખરીદ્યા. મૂળભૂત જરૂરિયાત સંતોષે એવો સાદો સ્માર્ટફોન વાપરે છે અને મોટાભાગની આવનજાવન બે પૈડાંની સાઈકલ પર કરે છે. ચોકીદારીનું કામ પૈસા કમાવા માટે નહીં, પણ શરીર સ્ફૂર્તિલું રહે એ આશયથી કરી રહ્યા છે. સંપત્તિના વરવા પ્રદર્શન વિના લાઈફ મજાની હોઈ શકે એનું કોઈચી મત્સુબારા પ્રભાવી ઉદાહરણ છે.

## જણનારીમાં જોર હોય તો સુયાણીની મહેનત લેખે લાગે




કેન્યાનું અર્થતંત્ર છેલ્લાં ૧૫ વર્ષથી ગતિ પકડી રહ્યું છે અને આજની તારીખમાં ઈસ્ટ આફ્રિકાના ૧૯ દેશમાંથી સૌથી સમૃદ્ધ દેશ કેન્યા છે. કેન્યા - તાન્ઝાનિયા સીમા પર આવેલું મસાઈમારા અભયારણ્ય જગવિખ્યાત છે. જોકે, લાંબા અંતરની દોડ (લોન્ગ ડિસ્ટન્સ રનિંગ)માં કેન્યાના દોડવીરો - વારાંગનાઓનો વાવટો છેક ૧૯૬૮થી બુલંદીથી લહેરાયો છે. સફળતાનાં શિખરો સર કરવામાં પુરુષ સાથે મહિલાઓ પણ ખભે ખભા મિલાવી દોડી છે.

તાજેતરમાં જાપાનના ‘લવ ઈન ટોક્યો’માં થયેલી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં કેન્યાના એથ્લિટોએ ૧૧ મેડલ અંકે કરી સપાટો બોલાવ્યો. આઠ મેડલ સન્નારીઓએ મેળવ્યા છે જેમાં એક નામ છે લિલિયન ઓડીરાનું. ૮૦૦ મીટરની આ રેસ કેન્યાની જ ૨૪ વર્ષની વર્લ્ડ ચેમ્પિયન મેરી મોરાઆ ફરી જીતી જશે એવું લાગતું હતું, પણ એક પાંચ વર્ષનો અને બીજો ત્રણ વર્ષનો એમ બે બાળકોની માતા લિલિયન છેલ્લાં ૨૦ મીટરની દોડ બાકી હતી ત્યારે વાયુ વેગે આગળ વધી અને કોઈને કશું સમજાય એ પહેલા ૧ મિનિટ અને ૫૪.૬૨ સેકંડના નવા વિશ્વવિક્રમ સાથે ગોલ્ડ મેડલ મેળવી લીધો. બીજા અને ત્રીજા નંબરે બ્રિટિશ એથ્લિટ હતી. બીજા નંબરે રહેલી હન્ટર બેલ પણ પરિણીત છે. ૮૦૦ મીટરની દોડમાં પહેલી વાર પ્રથમ ત્રણ વિનરે રેસ ૧ મિનિટ અને ૫૫ સેકન્ડથી ઓછા સમયમાં પૂર્ણ કરી છે. રસપ્રદ વાત એ છે કે આ ત્રણેય એથ્લિટની કોચ મહિલા છે. નારી સશક્તીકરણનો સાચો અર્થ અહીં સમજાય છે.

## લ્યો કરો વાત!

*લાંબા કેશ સન્નારીનું આભૂષણ એ વિચારે હવે ૩૬૦ ડિગ્રીનો ચકરાવો લઈ લીધો છે. હેરકટ અને સ્ટ્રેટનિંગ કરેલા હેર આજની યંગ જનરેશનની ફેશન અને જરૂરિયાત બની ગઈ છે. જોકે, આ કેશ કથાએ રશિયામાં એક એવો વળાંક લીધો છે જે જાણી બધા આઘાત નહીં અનુભવે, પણ આશ્ચર્ય તો અનેક લોકોને થયા વિના નહીં રહે. રશિયન મીડિયાની બાતમી અનુસાર સન્નારીઓ વિગ ખરીદવા બજારમાં દોડાદોડ કરી રહી છે. એમની સાથે સજ્જનો પણ છે. કારણ એવું છે કે નર - નારીને ૧૯૯૦ના દાયકાના કેશ સજાવટના લુકની લગની લાગી છે, પણ એવા દેખાવા માટે વાળ વધારી લાંબા રાખવા પડે અને એ જ વાત બંને પક્ષને મંજૂર નથી. ‘યે રેશમી ઝુલ્ફેં’ લુક માટે અનેકોએ મુંડન કરાવી લીધું છે, પણ નવેસરથી વાળ ઉગાડવાની કડાકૂટ નથી જોઈતી એટલે વિગ નામનો શોર્ટકટ અપનાવાઈ રહ્યો છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ઉપાધિના પોટલાં હોય તો બેગ શેની?**
* મહા મુસીબતની...

**સાસરિયા એટલે?**
* વર માટે સોનાની ખાણ અને કન્યા માટે દુઃખનો દરિયો.

**સોનાના ભાવ વધી રહ્યા છે. શું કરું?**
* જૂની લગડી વેચીને લખપતિ બનો...

**ગુજરાતમાંથી લોટરી ટિકિટ કેમ ગાયબ થઈ?**
* કોઈને ઈનામ લાગતું નહોતું...!

**વગ ક્યાં લગાડાય?**
* લાગ મળે ત્યાં...

**માણસનો જીવ ક્યારે બળે?**
* જીવ મળે નહીં ત્યાં સુધી બળે!

**ઊઠવા બેસવા પછી શું?. ભાજી અને પાંઉ વચ્ચે કેવો સંબંધ?**
* ઓહિયા ન થઈ જાય ત્યાં સુધીનો!

**નાસભાગમાં પહેલાં શું કરવું?**
* પહેલાં તન કહે એ...!

**એક છોકરી અમને છ મિત્રને ગમે છે, પણ કોઈનો મેળ પડતો નથી.**
* તમે મૂંઝાયા કરો ને પેલી મજા લેતી હશે...

**દુઃખમાં દોસ્તો યાદ આવે અને સુખમાં?**
* સાસરિયા....

**બિલાડી આડી ઊતરે તો અપશુકન...ને ઊભી ઊતરે તો?**
* એને અપશુકન!

**કુંવારાપણું ક્યારે આશીર્વાદ લાગે?**
* લગ્નપણું ભારરૂપ લાગવા માંડે ત્યારે...!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# સાધુતા ને સંતત્વને કેવા શણગાર?

ઘણા સૌંદર્યથી છલકાતાં હોય તો ઘણાં એવાં પણ હોય છે જે સોળ શણગાર સજેલાં પણ ન શોભતાં હોય. ઘણાની સાદગીમાં જ સૌંદર્ય છલકાતું હોય, તેમને સૌંદર્યની તમન્ના જ ન હોય! તેમને શણગાર સજવા સાથે કોઈ મતલબ જ નથી હોતો! તેમાં સમાજના ઘણા લોકો આવી જતા હોય અને જેમના ચહેરા પર ભક્તિની આભા જોવા મળતી હોય તેવા સંસારી સાધુ અને સંસારથી મુક્ત સાધુઓનો પણ સમાવેશ થતો હોય છે. એટલે જ ચોવક કહે છેઃ **‘સાધુયેં કે કેડી શોભા?’** અહીં પહેલા બે શબ્દ એક કરીએં ‘સાધુયેં કે’ એટલે સાધુઓને અને ‘કેડી’ એટલે કેવી. શબ્દાર્થ અને ભાવાર્થ વચ્ચે ખાસ અંતર નથી. અર્થ છેઃ શણગાર સજવા સાથે સંબંધ જ ન હોવો! સાધુતા અને સંતત્વને શણગાર કેવા?

ધોરી ધરાર આપણે જાણતા હોઈએ કે, કોઈ વ્યક્તિ ધરાર ખોટું જ બોલે છે, પણ તે એ રીતે બોલતા હોય છે કે, જાણે એ જે બોલે છે તેજ સાચું છે! આવી ઘણી વ્યક્તિઓ આપણી આસપાસ આપણા સમાજમાં જોવા મળતી હોય છે. એવી વ્યક્તિઓ માટે કટાક્ષ સભર ચોવક પ્રચલિત છેઃ **‘સચી જી ચોંધલ ભાકી મિડે મરી ખુટા, તૂં હિકડો રેં’**. ‘સચી’ એટલે સત્ય. ‘જી’ એટલે ની, ના, નું... વગેરે. ‘ચોંધલ’નો અર્થ થાય છે, બોલનાર. ‘ભાકી’ એટલે બાકી. ‘મિડે’નો અર્થ થાય છે, બધા. ‘મરી ખુટા’ એટલે મરી પરવાર્યા. ‘તૂ હિકડો રેં’ આ ત્રણ શબ્દોના સમૂહનો અર્થ છેઃ તું એક જ રહ્યો છો. શબ્દોના અર્થ જાણ્યા પછી ચોવકનો અર્થ સ્પષ્ટ થાય છે કે, સત્ય બોલનારા બધા જ મરી પરવાર્યા, હવે તું એક જ રહ્યો છે! અદ્‌ભુત કટાક્ષ ચોવકમાં જોવા મળે છે, પરંતુ ચોવકને કહેવું એટલું જ છે કે, ‘સાચા બોલા હોવાનો દાવો કરનાર (વ્યક્તિ)!

એક બહુ સુંદર ચોવક છે. **‘વિંગે ચંધર કે સૌ કો નમેં’**. અહીં પ્રયોજાયેલા ‘વિંગે’ શબ્દનો અર્થ થાય છેઃ વાંકો. ‘ચંધર’ એટલે ચંદ્ર. ‘કે’ એટલે ને અને ‘સૌ કો નમેં’ એ ત્રણ શબ્દનો અર્થ થાય છેઃ સૌ કોઈ નમે (નમેઃ હાથ જોડે, પગે લાગે). શબ્દાર્થ છેઃ વાંકા ચંદ્રને સૌ કોઈ હાથ જોડીને પગે લાગે. અહીં મોટા ભાગે ‘બીજના ચંદ્ર’ની વિભાવના સમાયેલી હોય તેવું જણાય છે. બીજના ચંદ્રનું આધ્યાત્મિક મહત્ત્વ દેખાય છે. પરંતુ ચોવક એવો ભાવાર્થ ધરાવે છે કેઃ (કોઈથી) ડર લાગવો. ડરમાં હાથ જોડી દૂરથી નમસ્કાર કરવા. એ કોઈ વ્યક્તિ, સમૂહ, બાબત કે ઘટના કાંઈ પણ હોઈ શકે છે!

**‘વિજોં હરેં ત અચે ખરેં’** ગુજરાતીમાં તેવી અર્થધારી કહેવત છેઃ જેવું વાવો તેવું લણો! તમે જોયું હશે કે, ખેડૂત જ્યારે પોખ કરતો હોય ત્યારે અનાજના દાણા ધીરે ધીરે ચાસમાં નાખતો હોય છે, દાણા તેના અંતર અને પ્રમાણના ભાન સાથે નખાતા હોય છે. ચોવક એજ કહેવા માગે છે કે, યોગ્ય સમજ અને સભાનતા સાથે કરણી કરવી જોઈએ. કોઈ પ્રયાસનાં ફળ મેળવવાં હોય તો કરણીનું પ્રમાણભાન જાળવવું પડે છે. શબ્દોના અર્થ જોઈએઃ ‘વિજોં’ એટલે નાખવું (પોખવું), ‘હરેં’ એટલે ધીરેથી (પ્રમાણભાન જાળવવું) ‘ત’ એટલે તો. ‘અચે’નો અર્થ થાય છેઃ ‘આવે, અને ‘ખરેં’ એટલે ખરવાડ. જો પ્રમાણભાન સાથે પોંખણાં કર્યાં હોય તો, તે પ્રમાણે જ અનાજ પાકીને ખરવાડમાં આવે!

અવળા રસ્તે ચઢી જનારા માટે એક ચોવક છેઃ **‘વાંણ કડે ચડી વ્યો’** ‘વાંણ’ એટલે વહાણ ‘કડે’ એટલે ખોટા માર્ગે અને ‘ચડી વ્યો’ એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ ચડી જવું. શબ્દો પ્રમાણે અર્થ થાય છેઃ ‘વહાણ ખોટા માર્ગે ચઢી ગયું, પરંતુ ભાવાર્થ જીવનરૂપી વહાણ સાથ સંબંધ ધરાવે છે. જીવન માર્ગમાં અવળે માર્ગે ચઢી ગયા પછીની સમજ કે પસ્તાવો ચોવક દર્શાવે છે. કોઈ અવળા માર્ગે ચઢી ગયું હોય ત્યારે સમાજના લોકો પણ તેની સ્થિતિ દર્શાવતાં કહે છેઃ **‘વાંણ કડે ચડી વ્યો.’** ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સ્ટ્રેસ ને ડિપ્રેશન ઘટાડવામાં હેપ્પી હોર્મોન્સ અહમ રોલ ભજવે છે

**માનવ** જીવનમાં ખુશી, શાંતિ અને સંતોષ એ સૌથી અગત્યના તત્ત્વ છે. દરેક વ્યક્તિ જીવનમાં આનંદ મેળવવા માટે અનેક માર્ગો અપનાવે છે, પરંતુ આ આનંદનો મુખ્ય આધાર આપણા શરીરમાં થતા હોર્મોન્સ પર છે. વિજ્ઞાન અનુસાર, શરીરમાં કેટલાક એવા ખાસ રસાયણિક પદાર્થો (હોર્મોન્સ) ઉત્પન્ન થાય છે, જે આપણા મનને પ્રફુલ્લિત કરે છે, ઊર્જાવાન બનાવે છે અને તણાવથી મુક્ત કરે છે. આવા હોર્મોન્સને સામાન્ય રીતે ‘હેપ્પી હોર્મોન્સ’ તરીકે ઓળખવામાં આવે છે.

આ હોર્મોન્સ આપણા ભાવનાત્મક જીવન, સંબંધો, માનસિક સ્વાસ્થ્ય અને દૈનિક જીવનની ગુણવત્તા પર ઊંડો પ્રભાવ પાડે છે.

**હેપ્પી હોર્મોન્સનાં મુખ્ય પ્રકારઃ**

• **૧) ડોપામાઈન (Dopamine):**

ડોપામાઈનને ‘રિવોર્ડ હોર્મોન’ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે આપણે કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરીએ, નવી સિદ્ધિ મેળવીએ કે આપણને ગમતી પ્રવૃત્તિ કરીએ ત્યારે આ હોર્મોન સક્રિય થાય છે. તે આપણામાં આત્મવિશ્વાસ, પ્રેરણા અને સંતોષની લાગણી પેદા કરે છે.

**૨) સેરોટોનિન (Serotonin):**

સેરોટોનિનને ‘મૂડ સ્ટેબિલાઈઝર’ કહેવામાં આવે છે. આ હોર્મોન આપણાં મનને શાંત અને સ્થિર રાખે છે. પ્રકૃતિમાં સમય પસાર કરવો, સૂર્યપ્રકાશ મેળવવો, કસરત કરવી વગેરે પ્રવૃત્તિઓ સેરોટોનિનનું સ્તર વધારવામાં મદદરૂપ છે.

**૩) ઓક્સિટોસિન (Oxytocin):**

આને સામાન્ય રીતે ‘લવ હોર્મોન’ અથવા ‘બોન્ડિંગ હોર્મોન’ કહેવામાં આવે છે. આ હોર્મોન ખાસ કરીને માતા અને બાળકના સંબંધમાં, પ્રેમી-પ્રેમિકાના સંબંધમાં કે મિત્રો વચ્ચેની નજીકતામાં મહત્ત્વપૂર્ણ છે. તે વિશ્વાસ, સહકાર અને સ્નેહની લાગણી મજબૂત બનાવે છે.

**૪) એન્ડોરફિન (Endorphins):**

એન્ડોરફિનને ‘નેચરલ પેઈનકિલર’ કહેવાય છે. તે તણાવ અને દુખાવાને ઘટાડે છે અને આનંદની અનુભૂતિ કરાવે છે. હસવું, સંગીત સાંભળવું, નૃત્ય કરવું, કસરત કરવી કે સકારાત્મક વિચાર કરવાથી એન્ડોરફિનનું સ્તર વધે છે.



**હેપ્પી હોર્મોન્સનું મહત્ત્વઃ**

* માનસિક સ્વાસ્થ્ય માટેઃ ડિપ્રેશન, ચિંતાનો વિકાર, તણાવ જેવી સમસ્યાઓ હેપ્પી હોર્મોન્સની અછતને કારણે વધી શકે છે.

* શારીરિક સ્વાસ્થ્ય માટેઃ તણાવ ઓછો થવાથી હૃદયરોગ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી બીમારીઓનો ખતરો ઘટે છે.

* સંબંધોમાં સુમેળ માટેઃ પ્રેમ, વિશ્વાસ અને લાગણીસભર સંબંધો મજબૂત થાય છે.

* પ્રેરણા અને સફળતા માટેઃ નવાં લક્ષ્યો હાંસલ કરવા અને જીવનમાં સકારાત્મકતા જાળવવામાં મદદરૂપ બને છે.

**આ હોર્મોન્સ કઈ રીતે વધે ?**

• **શારીરિક કસરત અને યોગઃ** નિયમિત કસરત એન્ડોરફિન વધારવામાં સહાયક છે. યોગ અને પ્રાણાયામ મનને શાંત કરી સેરોટોનિનનું સ્તર વધારે છે.

૨) **સંગીત, નૃત્ય અને હાસ્યઃ** સંગીત સાંભળવાથી અને નૃત્ય કરવાથી આનંદ મળે છે. હસવાથી એન્ડોરફિન તરત જ વધે છે.

૩) **સૂર્યપ્રકાશ અને પ્રકૃતિઃ** સવારનો સૂર્યપ્રકાશ સેરોટોનિન વધારવામાં અસરકારક છે. પ્રકૃતિમાં સમય પસાર કરવાથી મન પ્રસન્ન રહે છે.

૪) **પ્રેમ અને અન્ય સંબંધઃ** પરિવાર, મિત્રો કે પ્રિયજન સાથે સમય વિતાવવાથી ઓક્સિટોસિનનું સ્તર વધે છે. નાનકડા સ્નેહસભર સ્પર્શ કે આલિંગન પણ ખૂબ અસરકારક છે.

૫) **ધ્યાન અને સકારાત્મક વિચારધારાઃ** નિયમિત ધ્યાન (મેડિટેશન) મનને શાંત રાખે છે. સકારાત્મક વિચારો ડોપામાઈન અને સેરોટોનિનને પ્રોત્સાહિત કરે છે.

૬) **લક્ષ્ય નક્કી કરવું અને સફળતા મેળવોઃ** નાનાં લક્ષ્યો પૂર્ણ કરવાથી ડોપામાઈનનું સ્તર વધે છે, જે વધુ પ્રેરણા આપે છે.

૭) **સારો આહારઃ** ચોકલેટ, કેળા, નટ્સ, દૂધ-દહીં, માછલી, અનાજ વગેરે ખોરાક હેપ્પી હોર્મોન્સ ઉત્પન્ન કરવામાં મદદરૂપ છે.

**આજના સમયમાં હેપ્પી હોર્મોન્સની જરૂરિયાતઃ**

આધુનિક યુગમાં માનવ જીવન ખૂબ જ તણાવપૂર્ણ બની ગયું છે. સ્પર્ધા, ટેક્નોલોજી, વ્યસ્ત જીવનશૈલી અને સંબંધોમાં ઘટાડો થવાથી લોકોમાં ડિપ્રેશન અને ચિંતા વધી રહી છે. આવા સમયમાં હેપ્પી હોર્મોન્સની ભૂમિકા વધુ અગત્યની બની જાય છે. જો આપણે યોગ્ય જીવનશૈલી અપનાવીએ, કસરત, ધ્યાન, સારો આહાર, હસવું-મળવું, સંગીત સાંભળવું, કુદરતનો આનંદ માણવો જેવી બાબતો નિયમિત કરીએ તો હેપ્પી હોર્મોન્સ કુદરતી રીતે વધશે અને જીવનમાં આનંદ વધશે. ■

**ટૂંકમાં....**

*હેપ્પી હોર્મોન્સ માત્ર શારીરિક ક્રિયાઓ જ નથી, પરંતુ તે આપણા જીવનને સંતુલિત, આનંદમય અને આરોગ્યપ્રદ બનાવવાના અદ્‌ભુત સાધન છે. મનુષ્ય જો પોતાના દૈનિક જીવનમાં સકારાત્મક પ્રવૃત્તિઓ કરે, સ્વસ્થ જીવનશૈલી અપનાવે અને સ્નેહપૂર્ણ સંબંધો જાળવે તો આ હોર્મોન્સનું સ્તર કુદરતી રીતે વધારી શકાય છે. આજે માનવજાતને સૌથી વધારે જરૂર છે ખુશી, પ્રેમ અને શાંતિની. હેપ્પી હોર્મોન્સ એ જ ખુશીને ઊંડાણપૂર્વક અનુભવવાનો વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક માર્ગ છે.*

# રોહિત પછી હવે સૂર્યા પાસેથી પણ કૅપ્ટન્સી છીનવાઈ શકે છેઃ મૉન્ટી પનેસર

લંડનઃ ઇંગ્લૅન્ડના ભારતીય મૂળના ભૂતપૂર્વ સ્પિનર મૉન્ટી પનેસરે શુભમન ગિલને ભારતની ટેસ્ટ ટીમ પછી હવે વન-ડે ટીમની પણ કૅપ્ટન્સી સોંપવામાં આવી એ નિર્ણયને માસ્ટરસ્ટ્રોક ગણાવ્યો છે, પરંતુ તેણે એવી ધારણા પણ વ્યક્ત કરી છે કે રોહિત શર્મા પછી હવે સૂર્યકુમાર યાદવ પાસેથી પણ કૅપ્ટન્સી છીનવાઈ શકે છે.

ચીફ સિલેક્ટર અજિત આગરકર અને તેમના સાથી પસંદગીકારોની સિલેક્શન કમિટીએ તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ ૩૮ વર્ષના રોહિત શર્મા પાસેથી વન-ડેના નેતૃત્વની જવાબદારી આંચકી લઈને ૨૬ વર્ષીય શુભમન ગિલને સોંપાઈ છે. ૧૯મી ઑક્ટોબરે ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં ભારતીય ટીમનું સુકાન ગિલ સંભાળશે.

જોકે પનેસરનું એવું માનવું છે કે ગિલ જવાબદારી વચ્ચે બૅટિંગમાં વધુ સારું પર્ફોર્મ કરનારો ખેલાડી છે.

ઘણા ખેલાડીઓએ રોહિત પાસેથી વન-ડે ટીમનું સુકાન આંચકી લેવાના પગલાં બદલ સિલેક્ટરોની ટીકા કરી છે, જ્યારે પનેસરે આ નિર્ણયને આવકાર્યો છે. પનેસર માને છે કે આ નેતૃત્વની ભૂમિકા ગિલના કરીઅરમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બહાર લાવી શકે છે.

પનેસરે એએનઆઇને કહ્યું, 'મને લાગે છે કે આ બહુ સારો નિર્ણય છે, કારણકે તેણે (ગિલે) અત્યાર સુધીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. રોહિત શર્માની હાજરીમાં ગિલને કૅપ્ટન બનાવવો એ સમજદારીભર્યું પગલું છે, કારણકે તે (રોહિત) તેને માર્ગદર્શન આપી શકશે. ઇંગ્લૅન્ડમાં અમે તાજેતરમાં જ જોયું કે ગિલ નૅચરલ લીડર છે. મને ખાતરી છે કે વન-ડેનો કૅપ્ટન બન્યા પછી ગિલ આગામી સિરીઝમાં સારું પર્ફોર્મ કરશે. ભવિષ્યમાં (સૂર્યકુમાર યાદવના સ્થાને) ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી પણ ગિલને સોંપાશે તો મને નવાઈ નહીં લાગે, કારણકે ગિલ જવાબદારી મળ્યા પછી વધુ ખીલીને રમે છે.' ઉલ્લેખનીય છે કે શુભમન ગિલે તાજેતરમાં કહ્યું, 'મારું ધ્યાન હવે પૂર્ણપણે ભવિષ્ય તરફ અને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ પર છે.' ભારત એ વિશ્વ કપ પહેલાં લગભગ ૨૦ વન-ડે રમશે.

# બાંગ્લાદેશ સામે જીતતાં ઇંગ્લૅન્ડના નાકે દમ આવી ગયો!

ગુવાહાટીઃ મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડે (૬/૧૮૨) બાંગ્લાદેશ (૧૦/૧૭૮)ની ટીમ સામે ૨૩ બૉલ બાકી રાખીને ચાર વિકેટે વિજય મેળવ્યો હતો. જોકે મહિલા વન-ડેના રૅન્કિંગમાં સાતમો ક્રમ ધરાવતી બાંગ્લાદેશની ટીમ સામે બીજા નંબરની ઇંગ્લૅન્ડની ટીમના નાકે દમ આવી ગયો હતો. બાંગ્લાદેશની ટીમ ૧૭૮ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી, પરંતુ એક તબક્કે ઇંગ્લૅન્ડે માત્ર ૭૮ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. હીધર નાઇટે ૧૭૪ મિનિટ સુધી ક્રીઝમાં રહીને અણનમ ૭૯ રનની ઇનિંગ્સથી ઇંગ્લૅન્ડની આબરૂ સાચવી લીધી હતી. આઠમા નંબરની શાર્લી ડીન ૨૭ રન બનાવીને તેની સાથે અણનમ રહી હતી. બાંગ્લાદેશની આઠ બોલર પણ બ્રિટિશ ટીમને વિજય મેળવતાં રોકી ન શકી. એ પહેલાં, બાંગ્લાદેશની ઇનિંગ્સમાં શોભના મૉસ્ટેરીના ૬૦ રન હાઇએસ્ટ હતા. મહિલા વન-ડેની વર્લ્ડ નંબર-વન બોલર ઇંગ્લૅન્ડની સૉફી એકલ્સ્ટને સૌથી વધુ ત્રણ વિકેટ તથા લિન્સે સ્મિથ, શાર્લી ડીન અને ઍલીસ કેપ્સીએ બે-બે વિકેટ લીધી હતી.

# પૃથ્વી શૉ અને મુશીર ખાન રમતાં-રમતાં ઝઘડી પડ્યા

મુંબઈઃ ઓપનિંગ બૅટ્સમૅન પૃથ્વી શૉ મુંબઈની ટીમ છોડીને હવે મહારાષ્ટ્રની ટીમમાં જોડાઈ ગયો છે અને રણજી ટ્રોફીની નવી સીઝન પહેલાં મુંબઈ-મહારાષ્ટ્ર વચ્ચેની ત્રણ દિવસની પ્રૅક્ટિસ-મૅચમાં પૃથ્વી શૉનો તેની ભૂતપૂર્વ ટીમ મુંબઈના જ ખેલાડીઓ સાથે ઝઘડો થયો જેમાં ખાસ કરીને મુંબઈના ખેલાડી મુશીર ખાન સાથે તેની ખૂબ બોલાચાલી થઈ હતી.

રણજી ટ્રોફીની નવી સીઝન ૧૫મી ઑક્ટોબરે શરૂ થશે. એ પહેલાંની આ પ્રૅક્ટિસ-મૅચમાં પૃથ્વીએ સેન્ચુરી ફટકારી હતી. તેણે ૨૨૦ બૉલમાં ત્રણ સિક્સર અને ૨૧ ફોરની મદદથી ૧૮૧ રન કર્યા હતા. ભારત વતી ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં રમી ચૂકેલા પૃથ્વીએ ટેસ્ટ-ડેબ્યૂમાં જ સેન્ચુરી ફટકારી હતી. જોકે ઘણા સમયથી ભારતીય ટીમમાં ફરી સ્થાન નથી મળતું. તે છેલ્લા થોડા વર્ષોમાં ઘણી વાર વિવાદમાં ફસાઈ ચૂક્યો છે. થોડાં વર્ષ પહેલાં એક યુટ્યૂબર સાથે તેનો વિવાદ થયો હતો. એના વીડિયોમાં જોવા મળ્યું હતું કે રસ્તાની વચ્ચે પૃથ્વીની તેની સાથે ઝપાઝપી થઈ હતી. એ કિસ્સામાં તેની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ થઈ હતી. મહારાષ્ટ્ર સાથેની મુંબઈની પ્રૅક્ટિસ-મૅચ દરમ્યાન પૃથ્વીની મુંબઈના ખેલાડીઓ સાથેનો મામલો એટલો બધો આગળ વધી ગયો હતો કે અમ્પાયરે વચ્ચે પડીને બધાને છોડાવવા પડ્યા હતા.

ભારતીય ખેલાડી સરફરાઝ ખાનના નાના ભાઈ મુશીર ખાને આ પ્રૅક્ટિસ-મૅચમાં પૃથ્વીને ૧૮૧ રન પર આઉટ કર્યો હતો. તેના એક બૉલમાં બિગ શૉટ મારવાની લાલચમાં પૃથ્વી કૅચ આપી બેઠો હતો. ત્યાર બાદ પૃથ્વી-મુશીર વચ્ચે કોઈક વાતે બોલાચાલી થઈ હતી. મુંબઈના ખેલાડીઓએ પૃથ્વીને ઘેરી લીધો હતો. અમ્પાયરે દોડી આવીને પૃથ્વી-મુશીરને અલગ પાડ્યા હતા. ત્યાર બાદ પૃથ્વી જ્યારે ડ્રેસિંગ-રૂમ તરફ આવી રહ્યો હતો ત્યારે મુંબઈના સિદ્ધેશ લાડ સાથે પણ તેની બોલાચાલી થઈ હતી. ત્યારે પણ અમ્પાયરે વચ્ચે પડીને બન્નેને છોડાવ્યા હતા.

# આજથી ચેસના બે મહારથી આનંદ-કાસ્પારોવ વચ્ચે મુકાબલો

## ત્રણ દાયકા બાદ ફરી બન્ને દિગ્ગજનો જંગઃ વિજેતાને મળશે ૬૨ લાખ રૂપિયા અને હારી જનારને ૪૪ લાખ રૂપિયા

સેન્ટ લુઇસ (અમેરિકા)ઃ બે ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન અને વીતેલાં વર્ષોમાં લાંબા સમય સુધી ચેસ જગત પર રાજ કરી ચૂકેલા ખેલાડીઓ વચ્ચે બુધવાર, આઠમી ઑક્ટોબરે અહીં અનોખી ટૂર્નામેન્ટ શરૂ થશે જેમાં ચૅમ્પિયન થનાર પ્લેયરને ૭૦,૦૦૦ ડૉલર (અંદાજે ૬૨ લાખ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે, જ્યારે પરાજિત ખેલાડીને ૫૦,૦૦૦ ડૉલર (૪૪ લાખ રૂપિયા) મળશે.

ભારતના પંચાવન વર્ષીય વિશ્વનાથન આનંદ અને રશિયાના ૬૨ વર્ષીય ગૅરી કાસ્પારોવે એકમેકને વારંવાર ટક્કર આપવાની સાથે ચેસ જગત પર શાસન ચલાવ્યું હતું. કાસ્પારોવ ૧૯૮૫થી ૨૦૦૦ની સાલ સુધી વર્લ્ડ ચૅમ્પિયન હતા અને ત્યાર પછી આનંદનું શાસન શરૂ થયું હતું અને ૨૦૧૩માં નોર્વેના મૅગ્નસ કાર્લસનનું ચેસ વિશ્વમાં ધમાકેદાર આગમન થયું ત્યાં સુધી આનંદે ચેસ વિશ્વ પર રાજ કર્યું હતું.

૩૦ વર્ષે ફરી આમનેસામનેઃ હવે આ જ બે દિગ્ગજો, આનંદ અને કાસ્પારોવ વચ્ચેની ચેસ બોર્ડ પરની હરીફાઈ ૩૦ વર્ષ પછી ફરી જોવા મળશે. તેઓ ક્લચ ચેસઃ ધ લેજન્ડ્સ નામની ટૂર્નામેન્ટમાં આમનેસામને આવશે. કુલ ૧૨ ગેમની આ ટૂર્નામેન્ટમાં કુલ ૧,૪૪,૦૦૦ ડૉલરના ઇનામ અપાશે અને આ સ્પર્ધાની તમામ ગેમ સેન્ટ લુઇસ ચેસ ક્લબમાં રમાશે. ત્રણ દિવસની આ સ્પર્ધામાં પ્રતિદિન ચાર ગેમ રમાશે. જો બન્ને ખેલાડીનો સ્કોર ૧૨ ગેમને અંતે સમાન રહેશે તો બન્નેને ૫૩-૫૩ લાખ રૂપિયાનું ઇનામ મળશે.

આનંદ હજી પૂર્ણપણે નિવૃત્ત નથીઃ ૧૯૯૫ના વર્ષની ડબ્લ્યૂટીસીની એ ગેમમાં કાસ્પારોવે પ્રભુત્વ જમાવ્યું હતું અને તેઓ ૨૦ ગેમની સ્પર્ધા ૧૦.૫-૭.૫થી જીત્યા હતા. ત્યાર પછી કાસ્પારોવ ૨૦૦૪માં સંપૂર્ણપણે રિટાયર થઈ ગયા હતા, જ્યારે આનંદ આંશિક રીતે નિવૃત્ત થયા છે અને તેઓ અમુક ઉચ્ચ-સ્તરિય સ્પર્ધાઓમાં રમે છે.

## છેલ્લે ૧૦૭મા માળે રમ્યા હતા



વિશ્વનાથન આનંદ અને ગૅરી કાસ્પારોવ છેલ્લે ૧૯૯૫માં ન્યૂ યૉર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ૧૦૭મા માળે રમ્યા હતા.

વિશ્વનાથન આનંદ અને ગૅરી કાસ્પારોવ છેલ્લે ૧૯૯૫માં ન્યૂ યૉર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર (ડબ્લ્યૂટીસી)ના ૧૦૭મા માળે આયોજિત ક્લાસિકલ વર્લ્ડ ચૅમ્પિયનશિપની મૅચમાં રમ્યા હતા. હવે તેઓ રૅપિડ તથા બ્લિટ્ઝ ફૉર્મેટમાં રમશે. આ ફૉર્મેટ ફ્રીસ્ટાઇલ ચેસ તરીકે ઓળખાય છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૧ની સાલમાં ૧૧૦ માળના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વીન ટાવર પર આતંકવાદી હુમલો થયો હતો. ૨૦૦૧ની ૧૧મી સપ્ટેમ્બરે (૯/૧૧) સૌથી પહેલાં ટેરરિસ્ટનું એક આત્મઘાતી વિમાન નૉર્થ ટાવરના ૯૩થી ૯૯ વચ્ચેના માળ સાથે ટકરાવવામાં આવ્યું હતું અને ત્યાર બાદ બીજા હુમલામાં વિમાન સાઉથ ટાવરના ૭૭-૮૫ વચ્ચેના માળ સાથે અથડાવવામાં આવ્યું હતું.

# હેડ-કોચ ગૌતમ પર મનોજ તિવારીના ગંભીર આરોપો

## ભૂતપૂર્વ ક્રિકેટર કહે છે કે 'અશ્વિનની સંપૂર્ણ નિવૃત્તિ બાદ વિરાટ-રોહિતે ગંભીરને કારણે ટેસ્ટમાંથી વહેલું રિટાયરમેન્ટ લઈ લેવું પડ્યું'

નવી દિલ્હીઃ હેડ-કોચ ગૌતમ ગંભીરને ગયા વર્ષે રાહુલ દ્રવિડ બાદ ટીમ ઇન્ડિયાની જવાબદારી સોંપવામાં આવી ત્યાર બાદ વિવાદો વધી ગયા છે અને ખાસ કરીને ટીમમાંથી વિરાટ કોહલી તથા રોહિત શર્મા બહાર થઈ જાય એવો માહોલ બનાવવામાં આવ્યો હોવાના આક્ષેપો ભૂતપૂર્વ ભારતીય ખેલાડી મનોજ તિવારીએ કર્યા છે.

બંગાળનો મનોજ તિવારી ૩૯ વર્ષનો છે. તે ૨૦૦૮થી ૨૦૧૫ દરમ્યાન ભારત વતી ૧૨ વન-ડે અને ત્રણ ટી-૨૦ રમ્યો હતો. તે ૩૮ વર્ષના વિરાટ અને ૩૬ વર્ષના રોહિત, બન્ને સાથે ભારત વતી રમી ચૂક્યો છે. મનોજે એક વેબસાઇટ સાથેની વાતચીતમાં કહ્યું છે કે 'ટીમમાં જો અશ્વિન, રોહિત કે વિરાટ જેવા સિનિયર ખેલાડી હોત તો તેમણે પોતાના અનુભવના જોરે સવાલ ઉઠાવ્યા હોત. કદાચ એ કારણસર જ તેઓ ટીમમાં રહે જ નહીં એવો માહોલ ગંભીરે ઊભો કર્યો હતો.'

### વહેલો સંન્યાસ લઈ લેવો પડે એવો માહોલ

મનોજ તિવારીનું એવું કહેવું હતું કે ગૌતમ ગંભીરે ટીમમાં એવો માહોલ બનાવ્યો હતો કે જેમાં અશ્વિન, રોહિત અને વિરાટ જેવા મહારથીઓએ વહેલો સંન્યાસ લઈ લેવો પડ્યો.'

અશ્વિને ઑસ્ટ્રેલિયા પ્રવાસ દરમ્યાન જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી, જ્યારે ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ બાદ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ લેનાર રોહિત-વિરાટે તાજેતરમાં ઇંગ્લૅન્ડ ખાતેના પ્રવાસ પહેલાં જ ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. રોહિત-વિરાટ હવે માત્ર વન-ડે રમવાના છે.

### 'સિનિયરોના પ્રભાવથી ગંભીર બચવા માગે છે'

મનોજ તિવારીનો આક્ષેપ છે કે 'હેડ-કોચ ગંભીરે એવો માહોલ ઊભો કર્યો કે જેમાં અશ્વિન, રોહિત અને વિરાટ જેવા ખેલાડી રહે જ નહીં. ગંભીર કોચ બન્યો ત્યાર બાદ એક પછી એક વિવાદ બહાર આવ્યો છે. તે કોચ બન્યા પછી ઘણું બધું બદલાઈ ગયું. અનેક વિવાદો થયા. મને લાગે છે કે જે કંઈ થઈ રહ્યું છે એ ભારતીય ક્રિકેટ માટે સારો સંકેત નથી. ગંભીર કોચ બન્યા પછી ટીમ સિલેક્શન અને એને લગતા નિર્ણયોને લઈને સતતપણે અસ્થિરતા જોવા મળી છે. ક્યારેક અચાનક કોઈક ખેલાડીને સ્ક્વૉડમાં સમાવવામાં આવે છે અને તત્કાળ પ્લેઇંગ-ઇલેવનમાં મોકો આપવામાં આવે છે. ગંભીર સિનિયર ખેલાડીઓના પ્રભાવથી બચવા માગે છે કે જેથી તેમના મુદ્દે તેમણે કોઈ પડકારનો સામનો ન કરવો પડે.'

### વિરાટ-રોહિતે ભારતને નવા શિખર અપાવ્યા

મનોજ તિવારીએ વિરાટ કોહલી અને રોહિત શર્માની ઉપલબ્ધિઓને યાદ કરીને જણાવ્યું છે કે 'વિરાટ અને રોહિતે ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈઓ અપાવી છે. આ બન્ને ખેલાડી હંમેશાં દિલથી રમ્યા છે, પરંતુ માહોલ એવો બનાવવામાં આવ્યો જેમાં તેમને લાગ્યું કે ટીમમાં હવે તેમની જરૂર જ નથી. એવું માનીને આ બે દિગ્ગજો પોતે જ બે ફૉર્મેટમાં ટીમથી દૂર થઈ ગયા છે.' મનોજ તિવારીએ કહ્યું છે કે 'જો ગૌતમ ગંભીર ૨૦૨૭ના આગામી વન-ડે વર્લ્ડ કપ માટે વિરાટ-રોહિતને પોતાની યોજનાઓમાં સામેલ નહીં કરે તો એ તેની બહુ મોટી ભૂલ કહેવાશે. ગંભીર જો વિરાટ-રોહિતને વર્લ્ડ કપ માટેની યોજનામાંથી બહાર રાખશે તો ભારતીય ક્રિકેટ માટે એ ખોટું પગલું પણ કહેવાશે. વાઇટ-બૉલ ક્રિકેટમાં આ બે દિગ્ગજોનો કોઈ વિકલ્પ નથી.'

# પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ માટે ભારતના આ ત્રણ મૅચ-વિનર થયા નૉમિનેટ

દુબઈઃ મેન્સ ક્રિકેટમાં હાલમાં આક્રમક ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા અને વિકેટ-ટેકિંગ લેફ્ટ-આર્મ સ્પિનર કુલદીપ યાદવ તેમ જ મહિલા ક્રિકેટમાં ભરોસાપાત્ર ઓપનર સ્મૃતિ મંધાના હાલમાં તેમના સુપર-ડુપર પર્ફોર્મન્સને કારણે ખૂબ ચર્ચામાં છે અને આ ત્રણેય ખેલાડી સપ્ટેમ્બરના ' આઇસીસી પ્લેયર ઑફ ધ મન્થ' પુરસ્કાર માટે નૉમિનેટ થયાં છે.

લેફ્ટ-હૅન્ડ ઓપનર અભિષેક સર્વશ્રેષ્ઠ ફૉર્મમાં છે. તે ટી-૨૦ના બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન છે. તેણે તાજેતરમાં હાઇએસ્ટ ૯૩૧ રેટિંગ પૉઇન્ટ મેળવ્યા હતા. તાજેતરમાં એશિયા કપમાં તેણે ત્રણ હાફ સેન્ચુરીની મદદથી બનાવેલા ૩૧૪ રન તમામ બૅટ્સમેનોમાં હાઇએસ્ટ હતા અને તેણે પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતી લીધો હતો જેમાં તેને કારની ભેટ મળી હતી. અભિષેકે ખાસ કરીને પાકિસ્તાન સામે ત્રણમાંથી પહેલી બે મૅચ જીતવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

એશિયા કપમાં પાકિસ્તાનને ઉપરાઉપરી ત્રણ પછડાટ ખવડાવવામાં પણ ચાઇનામૅન સ્પિનર કુલદીપનું મોટું યોગદાન હતું. તેની ૧૭ વિકેટ એશિયા કપના તમામ બોલર્સમાં હાઇએસ્ટ હતી. તેણે યુએઇ સામેની પ્રથમ મૅચમાં સાત રનમાં ચાર વિકેટ લીધી હતી અને છેલ્લે પાકિસ્તાન સામેની ફાઇનલમાં ૩૦ રનમાં ચાર વિકેટ મેળવી હતી.

મેન્સ ક્રિકેટમાં આઇસીસીના અવૉર્ડ માટે નૉમિનેટ થયેલો ત્રીજો ખેલાડી છે, ઝિમ્બાબ્વેનો બ્રાયન બેનેટ જેણે નવ ટી-૨૦ મૅચમાં ૧૬૫.૬૬ના સ્ટ્રાઇક-રેટ અને ૫૫.૨૨ની સરેરાશ સાથે કુલ ૪૯૭ રન બનાવ્યા હતા.

તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝમાં પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર જીતનાર સ્મૃતિ મંધાનાએ સપ્ટેમ્બરમાં ચાર વન-ડેમાં ૩૦૮ રન કર્યાં હતાં જેમાં ૧૩૫.૬૮ તેનો સ્ટ્રાઇક-રેટ હતો અને ૭૭.૦૦ તેની બૅટિંગ-સરેરાશ હતી. તેણે વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા સામેની ત્રણ વન-ડેમાં અનુક્રમે ૫૮, ૧૧૭ અને ૧૨૫ રન કર્યા હતા. તેણે ભારતને સિરીઝ ૧-૧થી લેવલ કરાવી આપી હતી, પરંતુ ત્રીજી વન-ડેમાં ભારત હારી જતાં ઑસ્ટ્રેલિયન પ્લેયર્સ શ્રેણી ૨-૧થી જીતી ગઈ હતી. મંધાના ઉપરાંત પાકિસ્તાનની સિદ્રા અમીન અને સાઉથ આફ્રિકાની તૅઝમિન બ્રિટ્સ પણ અવૉર્ડ માટે દાવેદાર છે.

# બ્રાયન લારાએ વેસ્ટ ઇન્ડિઝના ખેલાડીઓ માટે કહ્યું, 'તમે બધા દિલથી રમો છો ખરા?'

મુંબઈઃ વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ હાલમાં અત્યંત ખરાબ હાલતમાં છે, કારણકે નેપાળ જેવા ટચૂકડા દેશ સામે વેસ્ટ ઇન્ડિઝનો તાજેતરની ટી-૨૦ સિરીઝમાં ૧-૨થી પરાજય થયો હતો અને શનિવારે અમદાવાદમાં ત્રીજા જ દિવસે કૅરિબિયન ટીમનો ભારત સામેની પ્રથમ ટેસ્ટમાં એક દાવ અને ૧૪૦ રનથી ઘોર પરાજય થયો એને પગલે વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ વિશે ભૂતપૂર્વ ખેલાડીઓ વધુ ચિંતાતુર થયા છે અને એવામાં બ્રાયન લારાએ વર્તમાન ટીમ માટે જોરદાર ટકોર કરી છે. લારાએ અહીં સીઍટ ક્રિકેટ રૅટિંગ અવૉર્ડ્સના સમારંભમાં રૉસ્ટન ચેઝના સુકાનમાં ભારત સામે રમી રહેલી ટેસ્ટ ટીમ વિશે જણાવ્યું હતું કે ' તમે બધા ક્રિકેટને દિલથી ચાહો છો ખરા? હું રૉસ્ટન ચેઝ અને તેની ટીમને કહેવા માગું છું કે શું ક્રિકેટ ખરેખર તમારા દિલમાં વસે છે ખરી? શું તમે બધા ખરા અર્થમાં વેસ્ટ ઇન્ડિઝ વતી રમવા માગો છો? આ બે બાબત ખૂબ મહત્ત્વની છે, કારણકે એવું થશે તો જ તમે પર્ફોર્મન્સ સુધારી શકશો અને વિજયના પથ પર આવી શકશો.' કૅરિબિયન-લેજન્ડ લારાએ એવું પણ કહ્યું હતું કે '૩૦-૪૦ વર્ષ પહેલાં અમને અત્યાર જેવી સગવડો નહોતી મળતી. વિવ રિચર્ડ્સે કંઈ ચડિયાતી પિચો પર પ્રૅક્ટિસ નહોતી કરી. અમને પણ એવો લાભ નહોતો મળતો, પરંતુ અમારામાં રમવાની એક પ્રકારની પૅશન હતી. વેસ્ટ ઇન્ડિઝ વતી રમવાની અમારામાં જે પૅશન હતી એ સૌથી મહત્ત્વનું હતું. હું યુવાન પેઢીના ખેલાડીઓને વિનંતી કરું છું કે હાલમાં તમને બહુ સારી તક મળી છે જેનો ફાયદો ઉઠાવો.'

# ત્રીજી બેગમ સના જાવેદથી ડિવોર્સ નથી લેવાનો શોએબ મલિક

## સના જાવેદ સાથે સંબંધો બગડ્યા હોવાનું વાત ઊડી હતી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાની ક્રિકેટર અને ભારતનો ભૂતપૂર્વ જમાઈ શોએબ મલિક ફરી ચર્ચામા આવ્યો છે અને તે પણ ત્રીજી પત્ની સના જાવેદ સાથેના સંબંધોને લીધે.

ભારતીય ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝા સાથે બીજા લગ્ન કર્યા બાદ બન્ને અલગ થયા અને શોએબે પાકિસ્તાની અભિનેત્રી સના મિર્ઝા સાથે ત્રીજા લગ્ન કર્યા. હવે આ બન્ને પણ છુટ્ટા પડવાના છે તેવી અફવાઓએ જોર પકડ્યું હતું ત્યારે મલિકે ક્રિએટીવલી આ અફવાઓને રદિયો આપ્યો છે.

સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા એક વીડિયો બાદ બન્નેના અલગ થવાની અફવા ઊડી હતી. એક જાહેર કાર્યક્રમમાં કપલ સોફામાં દૂર દૂર બેઠા હતા અને એકબીજાની સામે જોવાની પણ તસ્દી લેતા ન હતા. તેમના બન્નેના હાવભાવ અને અલગ બેસવાનો વીડિયો જોઈને તેઓ વચ્ચે ખટરાગ છે અને તેઓ અલગ થવાના છે, તેવી અફવાએ જોર પકડ્યું હતું.

શોએબના અગાઉ પણ બે સંબંધો તૂટી ગયા છે, આથી આ બાબતને ધ્યાનમાં રાખી નેટીઝન્સ ત્રીજા લગ્ન પણ નિષ્ફળ ગયાની કમેન્ટ્સ કરી રહ્યા છે.

હવે શોએબે એક ઈન્સ્ટાપોસ્ટ દ્વારા નેટિઝન્સને જવાબ આપ્યો છે. ક્રિકેટરે પત્ની સના સાથેના વેકેશનના ફોટો અને એક મ્યુઝિક વીડિયો પોસ્ટ કરી બધુ સમુસૂતરું હોવાનું જણાવ્યું છે.

તેણે કરોસેલ પિક્સ પોસ્ટ કર્યા છે અને સાથે વીડિયો પણ પોસ્ટ કર્યો છે, જેમાં હોલિવૂડ સ્ટુડિયો અને કેલિફોર્નિયાની વિવિધ જગ્યાઓના પિક્સ પોસ્ટ કર્યા છે. સાથે પોસ્ટ પણ લખી છે કે પત્ની સાથે ફરવું હંમેશાં સારા દિવસની નિશાની છે. સાતે સનાએ પણ પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર આ પોસ્ટ મૂકી છે.

સાનિયા સાથે જુદા થયા બાદ ૨૦૨૪માં શોએબે સના સાથે લગ્ન કર્યા હતા.

સંબધો તૂટ્યા બાદ સાનિયા ઘણી અપસેટ રહી હતી અને તેણે દીકરા ઈઝહાન સાથે દુબઈ રહેવાનું પસંદ કર્યું હતું, પરંતુ તે મુંબઈમાં પણ દેખાતી હોય છે.

# સ્મૃતિના સૂચન પછી વિશાખાપટનમમાં એક સ્ટૅન્ડને અપાશે મિતાલીનું નામ



વિશાખાપટનમઃ ભારતની બૅટિંગ-લેજન્ડ અને મહિલા વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં સૌથી વધુ ૭,૮૦૫ રન કરનાર મિતાલી રાજનું નામ વિશાખાપટનમના ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં એક સ્ટૅન્ડને આપવામાં આવશે.

આ સ્થળે આગામી ૧૨મી ઑક્ટોબરે ભારતની ઑસ્ટ્રેલિયા સામે વર્લ્ડ કપની જે મૅચ છે એ પ્રસંગે સ્ટૅન્ડ પરના મિતાલી રાજના નામની તકતીનું અનાવરણ કરવામાં આવશે.

તાજેતરમાં ભારતની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ એક ચૅટ-શૉ દરમ્યાન આંધ્ર પ્રદેશના આઇ. ટી. (ઇન્ફર્મેશન ટેક્નોલૉજી) પ્રધાન એન. લોકેશને સૂચન કર્યું એને પગલે મિતાલી રાજનું નામ એક સ્ટૅન્ડને આપવાનો આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારત વતી સાત વન-ડે રમનાર આંધ્રનો જ વિકેટકીપર-બૅટર રવિ કલ્પનાનું નામ પણ એક અન્ય સ્ટૅન્ડને અપાશે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ પાવર વર્ક**

Sr. DEE/P/BCT, મુંબઈ સેન્ટ્રલ, ટેન્ડર નોટીસ નં.: EL-૮૧-૨-૬૬૮-WA-૪૯, તા. ૦૩.૧૦.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ ચર્ચગેટ - ૪થો અને ૫મો માળ ખાતે કોન્ફરન્સ ટોઈલેટ અને ચેમ્બર્સની રિનોવેશન સાથે સંબંધિત ઈલેક્ટ્રિકલ (પાવર) વર્ક. કામની અંદા. કિંમતઃ ₹ ૧૪,૭૯,૧૬૬/-. બારડીઃ ₹ ૨૯,૬૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૨૮.૧૦.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૨૮.૧૦.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0679

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)**

નં. E.E. મિકે./E.I./૪૩૫૭/મેઈન્ટ. તા. ૭.૧૦.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બીડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_MCGM_૧૨૨૫૯૯૭_૧ | મ્યુનિસિપલ આય હોસ્પિટલ ખાતે ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન સિસ્ટમનું SITC. |
| ૨. | ૨૦૨૫_MCGM_૧૨૨૫૭૧૮_૧ | G/નોર્થ વોર્ડમાં પ્રમોદ મહાજન કલા પાર્ક ખાતે સલગ્ન કામ સાથે જૂના આઉટલાઈવ ઈલેક્ટ્રિકલ ડિસ્ટ્રિબ્યુશન પેનલનું નવીનીકરણ. |
| ૩. | ૨૦૨૫_MCGM_૧૨૨૫૯૯૮_૧ | G/નોર્થ વોર્ડમાં વોર્ડ ઓફિસ બિલ્ડિંગ ખાતે વિવિધ ઉપયોગિતાઓની ફેરબદલી. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
E.E. મિકે. (EI) મેઈન્ટ.

PRO/1829/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, P/સાઉથ**

**હિતની અભિવ્યક્તિ (E.O.I.)**

આસી. કમિશનર P/સાઉથ વોર્ડ દ્વારા ૦૫ મહિનાની મુદત માટે તા. ૦૨જી નવેમ્બર ૨૦૨૫થી તા. ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધીની મુદત માટે 'મોટર લોડર યોજના'ના કામ માટે લેકર સીલબંધ હિતની અભિવ્યક્તિ (E.O.I.) મંગાવાય છે. P/સાઉથ વોર્ડની વહીવટી મર્યાદામાં નોંધાયેલ રસ ધરાવતી NGO સંસ્થા પાસેથી અરજીઓ મંગાવાય છે જે યોગ્ય સંસ્થાની યાદી તૈયાર કરવા માટે છે અને લોટરી સિસ્ટમ દ્વારા પસંદગી કરવા માટે છે. જો તા. ૧૩મી ઑક્ટોબર, ૨૦૨૫ સુધીમાં P/સાઉથ વોર્ડની વહીવટી મર્યાદામાં નોંધાયેલ સંસ્થા તરફથી પૂરતી સંખ્યામાં અરજીઓ પ્રાપ્ત ન થાય તો અન્ય વહીવટી વોર્ડ એટલે કે K/પશ્ચિમ અને P/નોર્થ વોર્ડમાં નોંધાયેલ સંસ્થા તરફથી અરજીઓ તા. ૧૪મી ઑક્ટોબર ૨૦૨૫ની વચ્ચે સ્વીકારવામાં આવશે.

રસ ધરાવતી NGO સંસ્થાઓ MCGM પોર્ટલ સાઈટ http://portal.mcgm.gov.in પર હિતની અભિવ્યક્તિ (E.O.I.) 'મોટર લોડર યોજના' વિશેની વિગતો ઉપલબ્ધ છે અથવા A.E. (SWM) P/સાઉથ વોર્ડની ઓફિસનો સંપર્ક કરી શકે છે.

તા. ૦૮મી ઑક્ટોબર ૨૦૨૫ થી તા. ૧૫મી ઑક્ટોબર, ૨૦૨૫ દરમિયાન સ. ૧૧.૦૦ ક.થી સાં. ૪.૦૦ સુધી A.E. (SWM) P/સાઉથની ઓફિસમાં નિયમો અને શરતની વિગતો સાથે હિતની અભિવ્યક્તિ (E.O.I.) નકલ મફતમાં ઉપલબ્ધ છે અને EOI અરજી સુપ્રત કરતી વખતે રૂા. ૩૬૩૦/- +૧૮% GSTની રકમની સ્ક્રુટીની ફી રસીદની નકલ જોડવાની રહેશે. આ કેસમાં આસી. કમિશનર P/સાઉથના નિર્ણય આખરી રહેશે અને બંધનકર્તા રહેશે.

ટેન્ડરો સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૬મી ઑક્ટોબર, ૨૦૨૫ બ. ૨.૦૦ કલાક સુધીની છે.

સહી/-
આસી. એન્જિ. (SWM) P/સાઉથ

PRO/1827/ADV./2025-26

**વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.**


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.




# એપ ટેક્સી ડ્રાઈવરોનો યુગ પૂરો થયો?

## ફક્ત બે દિવસમાં નવા નિયમો લાગુઃ મુસાફરો અને ડ્રાઈવરો માટે રાહત, નફો કમાવનારી કંપનીઓ માટે આંચકો!

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ સરકાર હવે રાજ્યમાં એપ-આધારિત ટેક્સી, રિક્ષા અને ઇ-બાઇક કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવા જઈ રહી છે. સરકારે એવી કંપનીઓને લગામ લાદવા માટે મોટી તૈયારીઓ કરી છે જે મોટો નફો રળવા માટે મુસાફરો અને ડ્રાઇવરોનું શોષણ કરી રહી છે. 'મુસાફરો અને ડ્રાઇવરો આ ક્ષેત્રનું કેન્દ્રબિંદુ હોવા જોઈએ,' એમ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

મંત્રાલયમાં આયોજિત ઇન્ડિયન ફેડરેશન ઓફ એપ-બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સ યુનિયન (આઈએફએટી)ની બેઠકમાં બોલતા, સરનાઇકે કહ્યું કે એપ-આધારિત ટેક્સીઓ, રિક્ષા અને ઇ-બાઇક

(જુઓ પાનું ૪) ▶▶

# પૂરગ્રસ્ત ખેડૂતો માટે મહારાષ્ટ્ર સરકારનું ₹ ૩૧,૬૨૮ કરોડનું વળતર પેકેજ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે તાજેતરના વરસાદ અને પૂરને કારણે ભારે નુકસાન સહન કરનારા ખેડૂતો માટે રૂ. ૩૧,૬૨૮ કરોડનું વળતર પેકેજ જાહેર કર્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, પૂરથી નુકસાન પામેલી ખેતીની જમીનના દરેક હેક્ટર દીઠ સરકાર રૂ. ૪૭,૦૦૦ રોકડ અને રોજગાર ગેરંટી યોજના હેઠળ રૂ. ૩ લાખ સહાય સ્વરૂપે આપશે.

પશુધનના નુકસાન બાબતે ખેડૂતોને પ્રતિ પશુ ૩૨,૦૦૦ રૂપિયા મળશે, એમ તેમણે સાપ્તાહિક કેબિનેટની બેઠક બાદ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

ચોમાસાની શરૂઆતમાં કુલ ૧.૪૩ લાખ હેક્ટરમાં વાવણી થઈ હતી, પરંતુ ૬૮ લાખ હેક્ટરથી વધુ જમીનમાં પાકને નુકસાન થયું હતું, એમ ફડણવીસે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે માટીનું ઉપરનું સ્તર ધોવાઈ જવાથી ૬૦,૦૦૦ હેક્ટર જેટલી કૃષિલાયક જમીનને નુકસાન થયું

(જુઓ પાનું ૪) ▶▶

| | |
|---|---|
| પૂરગ્રસ્ત ખેડૂતોને કુલ પેકેજ | ૩૧,૬૨૮ કરોડ |
| પાક વીમા હેઠળ | હેક્ટરદીઠ ૧૭,૦૦૦ |
| બધા ખેડૂતોને એકસમાન | હેક્ટરદીઠ ૧૦,૦૦૦ |
| નુકસાનપામેલી જમીન માટે | હેક્ટરદીઠ ૪૭,૦૦૦ |
| નુકસાન પામેલા કુવા માટે | ૩૦,૦૦૦ |
| રોજગાર ગેરેન્ટી યોજના હેઠળ | ૩,૦૦,૦૦૦ |
| પાકને નુકસાન થયું | ૬૮ લાખ હેક્ટર પર |
| જમીનનું ધોવાણ થયું | ૬૦,૦૦૦ હેક્ટર |

## મહારાષ્ટ્ર સરકારનું પૂર રાહત પેકેજ ખેડૂતોની 'મજાક': વિપક્ષ

મુંબઈઃ પૂરગ્રસ્ત ખેડૂતો માટે ૩૧,૬૨૮ કરોડ રૂપિયાના રાહત પેકેજ પર વિપક્ષોએ મંગળવારે મહારાષ્ટ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા, તેને 'ખોખલું' અને તેમના જીવનને ફરીથી ઊભા કરવા માટે 'ખૂબ જ નજીવું' ગણાવ્યું હતું અને વધુ 'મજબૂત' સહાય તેમજ નક્કર પુનર્વસન યોજનાની માગણી કરી હતી. કોંગ્રેસે કહ્યું હતું કે પૂર રાહતની રકમ ખેડૂતોની વેદનાની મજાક સિવાય બીજું કંઈ નથી, જ્યારે શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી)એ તેને 'છેતરપિંડીનો

(જુઓ પાનું ૪) ▶▶

# હિમાચલ પ્રદેશમાં નડેલા અકસ્માતમાં ઘાટકોપરની કચ્છી મહિલાએ જીવ ગુમાવ્યો


રચના સોનાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હિમાચલ પ્રદેશમાં બાઈક રાઈડ વખતે નડેલા અકસ્માતમાં ઘાટકોપરમાં રહેતી કચ્છી મહિલા રચના સોનાની (વોરા)એ જીવ ગુમાવ્યો હતો. ઓવરટેકના પ્રયાસમાં ટૅન્કર સાથે બાઈક ટકરાતાં રચના ટૅન્કરના ટાયર નીચે આવી ગઈ હતી, જ્યારે બાઈક ચલાવનારો રચનાનો માસિયાઈ ભાઈ ચિરાગ કેનિયા જખમી થયો હતો. કોલ્હાપુરમાં રહેતા રચનાના મામા હસમુખભાઈ ગાલાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અકસ્માતની ઘટના સોમવારની સવારે ૧૧ વાગ્યે હિમાચલ પ્રદેશમાં શિમલાથી આગળ રામપુર નજીક બની હતી. મંગળવારની સવારે રચનાનો મૃતદેહ ઘાટકોપર લાવવામાં આવ્યો હતો અને બપોરે અંતિમસંસ્કાર કરાયા હતા. ઘાટકોપર પૂર્વમાં પંતનગરની રાજશ્રી સ્ટેટ્સ ઈમારતમાં રચના (૪૪) પિતા જવાહરભાઈ અને માતા ભાવનાબહેન સાથે રહેતી હતી. તેની મોટી બહેન સેજલ લગ્ન

(જુઓ પાનું ૪) ▶▶

# નિર્માણાધીન ઈમારત પરથી બે કૉલેજ સ્ટુડન્ટે ઝંપલાવ્યું

મુંબઈઃ નાલાસોપારામાં રહેતા કૉલેજના બે વિદ્યાર્થીએ વિરારમાં નિર્માણાધીન ઈમારતના ૧૨મા માળેથી ઝંપલાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ઘટનાસ્થળેથી મોબાઈલ ફોન મળ્યા નહોતા, પરંતુ બાઈકની તપાસમાં બન્ને યુવકની ઓળખ થઈ હતી.

અર્નાળા સાગરી પોલીસના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ

(જુઓ પાનું ૪) ▶▶

શ્રીલંકા દિ.૭,ઉ.જાન્યુ.
દુબઈ-અબુધાબી દિ.૬/૮, ઉ.ઓક્ટો.થી માર્ચ
આસામ-મેઘાલય-અરૂણાચલ-ઉ.૨ ન્વે.,દિ.૧૨
વિયેતનામ,સાપા 11-Days, Nov-Mar
ગંગાસાગર ચંપારણ્ય,પુરી દિ.૧૦/ઉ.ડિસે.
તિરૂપતી, રામેશ્વર,શ્રીરંગમ દિ.૧૦,ઉ.નવે.
કચ્છ રણોત્સવ,ટેન્ટ,દિ.૭,ઉ.જાન્યુ./ફેબ્રુ
અયોધ્યા,પ્રયાગરાજ,બનારસ
કુર્ગ,રામેશ્વર,ઉટી,કોડાઇ,ઉ.ઓક્ટો.
Vibha K Sanghavi
Since 1987 તન્વી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ 9892542448 9167970448
અમારી અન્ય કોઈ શાખા નથી

# ₹ ૬૦ કરોડની છેતરપિંડીઃ શિલ્પા શેટ્ટીની ચાર કલાક પૂછપરછ

મુંબઈઃ વેપારી સાથે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં મુંબઈ પોલીસ દ્વારા ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીની ચાર કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં તેણે પતિ રાજ કુન્દ્રા સાથે સ્થાપેલી કંપનીની બાબતોમાં પોતાની ભૂમિકા નકારી હતી.

આર્થિક ગુના શાખાની એક ટીમે ૪ ઑક્ટોબરે શિલ્પા શેટ્ટીની તેના નિવાસસ્થાને પૂછપરછ કરી હતી અને તેનું નિવેદન નોંધ્યું હતું. અભિનેત્રીએ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે ફડચામાં ગયેલી કંપની બેસ્ટ ડીલ ટીવી પ્રાઇવેટ લિમિટેડની બાબતોમાં પોતે જોતી નથી. શિલ્પા શેટ્ટી અને

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

